( પંડિત શ્રી મોહનવિજયજી કૃત રાસ ઉપરથી )
જમાનાને અનુસરતી પદ્ધતિથી લખાયેલ

# સતી નર્મદા ચરિત્ર.

(પુરૂષો તેમજ સ્ત્રીઓ ઉભયને વાંચવા લાયક.)


લખનાર,
શા. ભીખાભાઈ છગનલાલ.
માંડલ.



પ્રકાશક,
શ્રી જૈન મિત્રમંડળ સભા તરફથી
લાલચંદ નાગજીભાઈ શાહ.
માંડલ (તા. વીરમગામ.)

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૬૯. ઈ. સ. ૧૯૧૩.

મૂલ્ય માત્ર ચાર આના.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સર્વ હક્ક સ્વાધીન.

અમદાવાદ.
ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પુસ્તકને રખડતું મૂકી કોઇએ જ્ઞાનની આશાતના કરવી નહિ.

દ્રવ્યથી પણ જ્ઞાનનો વધુ આદર કરો કારણ કે જ્ઞાન તેજ પ્રધાન દ્રવ્ય છે.

કિંમત જાણ્યા વગરના કાઞ્ચનની જેમ મનન વગરનું વાંચન નિરર્થક છે.

મનન તથા હિત–પ્રવર્તન એજ વાંચનનો હેતુ છે.

વાંચે પણ નહિ કરે વિચાર,  
તે સમજે નહિ સઘળો સાર.

કવિ દલપતરામ.

દોષ દ્રષ્ટિનો ત્યાગ કરી ઉજ્જવલ ગુણ દ્રષ્ટિથી વાંચવું એજ હિતભણી છે.

" સુજ્ઞેસુ કિં બહુના."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# અર્પણ–પત્રિકા.

શ્રીયુત્ શેઠ પુરૂષોત્તમદાસ પોપટભાઇ.

શ્રી સ્તંભતીર્થ (ખંભાત.)

અચળ ધર્માનુરાગ માટે ચોતરફ એક્કી અવાજે વિશિષ્ટ શેઠ અમરચંદ પ્રેમચંદના સકળ ધર્મપ્રિય કુટુંબની પ્રશંસા માટે કાંઈ પણ લખવું તે માત્ર રવિ–પ્રકાશને ઓપવા જેવું છે. સમકિતસદન તે શેઠના પ્રતાપી પુત્ર શેઠ પોપટભાઈના આપ વડીલ પુત્ર છો. ઉત્તમ હીરાની ખાણમાં ઉત્તમ હીરાઓજ પ્રગટે છે તેમજ આપશ્રીના પણ આ મંડળે કરેલા પ્રથમ પરિચયમાં અનુભવ સિદ્ધ થયું છે. આપના આશ્રયથીજ આ મંડળે આ પુસ્તક છપાવવાનો પ્રયાસ કર્યો છે; માટેજ આ મંડળ અંતઃકરણથી આભાર માનવાપૂર્વક આ પુસ્તક આપની જ્ઞાન–વાંચનવૃદ્ધિ નિમિત્તે કરેલી સહાયથી આપનેજ અર્પણ કરી કૃતાર્થ થાય છે.

અમો છીએ,

શ્રી જન મિત્રમંડળ યુવક વર્ગ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# આભાર.

કાંઇ પણ બદલાની આશા વિના મંડળપ્રત્યેના પૂર્ણ રાગ અને અભિવૃદ્ધી ઇચ્છી આ સતિ શીરોમણી નર્મદા સુંદરીનું અલંકારીક અને વાકયરચના પૂર્ણ વાંચતાં હાથમાંથી મૂકવાનું મન ન થાય તેવી ઢબથી પુસ્તક લખી આપનાર "શા. ભીખાભાઇ છગનલાલ" જેઓ લઘુવયથીજ જૈન ધર્મ પ્રત્યે સુદ્રઢરાગી છે. તેઓનો પૂર્ણ આભાર માનવાની આ ઉત્તમ તક પ્રાપ્ત થતાં અમે અત્યાનંદ થઇએ છીએ–ઇચ્છીએ છે કેઃ ભવિષ્યમાં પણ સારૂં પુસ્તક લખી આપવાની તેઓ મહેરબાની કરશે.

તા. ક. તેઓએ પોતાનું નામ પ્રસિદ્ધીમાં લાવવાની મુદ્દલ ઇચ્છા ન હોવાથી અમને ખાસ ના પાડેલી છે છતાં અમે તેઓનો જાહેર આભાર માનવાની તક ગુમાવવી યોગ્ય ધારતા નથી.

લી. જૈન મિત્રમંડળ.

## પુસ્તકો મળવાનું ઠેકાણું.

૧ શ્રી જૈન મિત્રમંડળ સભા. ... માંડલ (વીરમગામ).

૨ મેસર્સ અમરચંદ બેચરદાસ જૈન બુકસેલર... પાલીતાણા.

૩ મેસર્સ મેઘજી હીરજીની કુંપની, જૈન બુકસેલર
એન્ડ પબ્લીશર્સ. નં. ૫૬૬–પાયધુની નં. ૩. મુંબઇ.

૪ જૈન ધર્મપ્રસારક સભા... ... ... ભાવનગર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રસ્તાવના.

પ્રસ્તાવના કહો કે પુસ્તકના વિષયની સારરેખા કહો, ઉભય એકજ છે. વાંચનના વિસ્તીર્ણ પ્રદેશમાં વિચરતાં વાંચકવૃંદને ધૈર્ય ભંગ થવાનો પ્રસંગ ન આવવા માટેજ સંક્ષિપ્ત વર્ણનથી જ્ઞાત કરવારૂપ પ્રસ્તાવના કાયમ પ્રથારૂપે હાલ પ્રચલિત છે. પ્રથમના ગ્રંથકર્ત્તાઓ જ્યારે આરંભમાંજ તે કાર્ય કરતા હતા ત્યારે હાલ તે કાર્ય ગ્રંથથી ભિન્નરૂપે (જુદુંજ) કરવામાં આવે છે.

આધુનિક સમયમાં જનવૃંદની વૃત્તિ નવલકથાઓ તરફ વિશેષ છે, પછી ભલે તે સાચી હોય કે કેવળ કલ્પનાઓની ઈમારતરૂપ (જૂઠી) હોય એ તો નિઃસંશય છે કે સરસમાં સરસ પણ કલ્પિત કથા કરતાં ભલે નિરસ હોય તોપણ સાચી નવલકથાજ સચોટ અસરકારક છે.

સત્પુરૂષો તથા સતી સન્નારીઓનાં ચરિત્રો કહો કે સાચી નવલકથાઓ કહો, ઉભય એકજ છે. માત્ર લખાણની પદ્ધતિજ ફરકવાળી છે. બાળજીવોને જીવન–સુધારક દિવ્યૌષધરૂપ આવાં પવિત્ર સચ્ચરિત્રોજ છે કે ઉત્તમ જીવનનો નિષ્કંટક માર્ગ બતાવે છે.

આ મહા સતી નર્મદાની નવલકથા લેખકે પંડિત મોહનવિજયજી કૃત રાસ ઉપરથી કરી છે. અત્ર કાલક્ષેપના ભયથી વધુ વિવેચન નહિ કરતાં એટલુંજ સૂચન કરીએ છીએ કે ગ્રાહકને અથવા શોધકને આમાંથી જરૂર હિતકર વસ્તુઓ ઘણી મળશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રાધાન્યથી શ્રેષ્ઠ શીયળ–ધર્મ–પ્રસંશક આ પુસ્તકમાં સમ્યક્ ધર્મની સંવાદરૂપે ઓળખાણ, પતિવ્રતા સ્ત્રીઓના નિત્ય નિયમો, ધૂર્તજનોની છળયુક્ત સબળ કુશળતા, કર્મવશાત્ વારંવાર આવી પડતા અસહ્ય સંકટોમાં પણ આ મહા સતીનું અપૂર્વ ધૈર્ય, શીયળ રક્ષણનો અદ્ભુત પ્રયત્ન, શીયળનો જાગતો પ્રભાવ, તથા પંચપરમેષ્ઠિ મંત્રાધિરાજ શ્રી નમસ્કાર મહામંત્રનું મહાત્મ્ય તદુપરાંત પોતાને છેહ દેનાર પતિનું પણ આ મહાસતીએ મન, વચન, કાયાથી કેવી રીતે હિત કર્યું છે ઈત્યાદિ ઈત્યાદિ ખાસ વિચારણીય વિષયો છે.

પ્રવૃત્તિ માત્રમાં ભૂલનો સંભવ તો હોયજ પણ તેની ઉપેક્ષા કરી માત્ર ગુણદ્રષ્ટિથી વાંચનાર સુજ્ઞ વાંચકોની બલીહારી છે.

શુદ્ધિપત્રક કરેલું છે તે પ્રમાણે પ્રથમ પુસ્તક સુધારી પછી વાંચવું એ સુગમ છે, તે શિવાય રહી ગયેલી ભૂલો માટે ક્ષમા યાચના છે.

આ મંડળ આજ પાંચ વર્ષથી આવાં પુસ્તકો છપાવી સસ્તી કીંમતે પ્રસાર કરવાનો બાળ–પ્રયાસ કરે છે. આ મંડળને ખાસ કરીને સ્થાપનાર તથા આજ પર્યંત નિર્વાહનાર શ્રીમન્ મુનિ માણેક મુનિ છે કે જેમનો આ મંડળના સભાસદો ભક્તિપૂર્વક આભાર માને છે.

માઘ શુકલ પંચમી.
વીરસંવત ૨૪૩૯.

**શ્રી જૈન મિત્રમંડળ.**

**માંડલ.** (તાલુકે વીરમગામ.)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ॐ श्री अर्हताय नमः

# સતી નર્મદા ચરિત્ર.

## મંગલાચરણ-દોહરો.

સ્તવી દેવ અરિહંતને, જે કાંઇ કરીએ કામ;
સ્વતઃ સિદ્ધ તે થાય છે, નહિ વિઘ્નનું નામ.

## શાસન-પતિ સ્તુતિ.

નાથ નિરંજન, ભવ-ભય-ભંજન, વીર વિભુને નમુ.
લળી લળી પ્રણમુ, વારંવાર પ્રણમુ. નાથ.
ભવની ભીડ ભાગનાર, છો પ્રભુજી તારનાર;
સ્વ-પર તત્ત્વ જાણનાર, સ્વયમેવ બોધિત. નાથ.
કેવળ-જ્ઞાન દીપક પ્રભુ, દોષો વિદારીને વિભુ;
સીધું મોક્ષસ્થાન લીધું, સ્વયમેવ શોધિત. નાથ.

## દેવી સરસ્વતિ સ્તુતિ.

દેવી શારદા, સુખદાઇ માઇ શારદા;
વંદન છે ચરણ-કમલે. દેવી.
હું મંદ મતિથી, નથી જતી કથી, સ્તુતિ તારી શારદા.
માતાજી, જ્ઞાતા છો, મ્હેર કરો; અજ્ઞાન તિમિર હરો;
સુખ થાશે જાશે આપદા, પ્રભુ વાણી દેવી શારદા,
વંદન છે ચરણ કમલે. દેવી શારદા.

## શીયળ (શીલ) પ્રભાવ-દોહરા.

આ સંસાર સમુદ્રથી, ધર્મજ તારક નાવ;
તેના ચાર પ્રકાર છે, દાન, શીયળ, તપ, ભાવ. ૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પુષ્પ શીયળ [1]પરિમલ રૂડો, પ્રસર્યો જગ વિસ્તાર;
મેલ અનાદિ–કાલનો, ગાઢ કર્મ [2]નિસ્તાર. ૨
શીયળ સ્મૃદ્ધિ વિણ દામની, તોય અતીવ અમૂલ્ય;
જગમાં એકજ એજ છે, જે માટે સૌ ફૂલ. ૩
ત્રણ્ય–લોકનું રાજ્યને, પ્રાણાર્પણ વિશેષ;
શ્રેષ્ઠ શીયળના લાભનો, ઉક્ત લાભ નહિ લેશ. ૪
શીયળ થકી સૌ સાંપડે, ઇચ્છિત ઇચ્છિત ભોગ;
ટાળે શ્રેણી કષ્ટની, ચમત્કાર સંયોગ. ૫
જલ સ્થલ, સ્થલ જલ, પાલટે, સર્પ પુષ્પની માલ;
અગ્નિને શીતળ કરે, કરે વડેરા બાલ. ૬
મન, વચ, કાય, ત્રિયોગથી, ધન્ય જે પાળે શીલ;
નમે ઇંદ્ર પણ તેહને, અહો સુજશ સુશીલ. ૭
શીલવાન નરનારીના, ચરણે નામું શીશ;
કોટીશઃ ભિક્ષુક હું, શુભ આશીષ લહિશ. ૮

## ઉદ્દેશ–હરીગિત છંદ.

જાણી શીયલના માહાત્મ્યને વખાણવા પ્રયાસ છે,
જાણી સતિ પુરૂષાર્થ તેવા વર્તને અભિલાષ છે;
મહામતિ સતિ નર્મદા–આખ્યાન તેના માહાત્મ્યથી,
અલ્પમતિ–ધર વર્ણવું, ભિક્ષુક હું ઉત્સાહથી.

## વિજ્ઞપ્તિ–ગીતિ.

દોષ સુધારી વાંચે, સજ્જન જનની રાજહંસ રીતિ;
સતિ–ચરિત્ર–પ્રતાપે, છતે છતાં ના નડશે ખલ ભીતિ. ૧

---

૧ સુવાસ. ૨ નાશ કરનાર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૧ લું

### વર્દ્ધમાન-પુર.

લવણ-સમુદ્રાદર્શમાં[૧] પરિપૂર્ણપણે પ્રકાશતા પોતાના પ્રતિબિંબથી લક્ષ યોજન પ્રમાણનો નિર્ણય કરાવતો શ્રી પવિત્ર જંબુદ્વીપ અઢી-દ્વીપ-યંત્રના મધ્ય-બિંદુ તુલ્ય શોભે છે, કે જે શ્રીસીમંધર ભગવાનના પરમ પવિત્ર પગલાંથી અહર્નિશ આહ્‌લાદિત શ્રી મહાવિદેહ ક્ષેત્રને પણ પોતાના મધ્યબિંદુ તુલ્ય શોભાવે છે. તે વિદેહ-ક્ષેત્રની બત્રીશ વિજયોની મધ્યમાં, દેવાધિપતિ ઇંદ્રોના સમૂહે ઉત્કૃષ્ટ ભક્તિ-વડે, જળમાં રહેલી સ્વાભાવિક શીતલતાની જેમ ગર્ભમાંથીજ ત્રણ જ્ઞાનના સ્વામિ શ્રી જીનેશ્વર ભગવંતોને કરેલાં સ્નાન, સેવા અને સ્તુતિ વિગેરેથીજ પ્રૌઢત્વને પામેલો, સુવર્ણગિરિ-સુવર્ણ મેરૂ પર્વત દેવોના સમૂહને પણ લોભાવે છે. તેની દક્ષિણે, લવણ-સાગરને સ્પર્શીનેજ તે [૨]રત્નાકરની ઉત્તરે, ચંદ્ર અને સૂર્ય રાત્રિ અને દિવસરૂપ જેની આરાત્રિકા (આ-રતી) ઉતાર્યાજ કરે છે તે શ્રી ભરતક્ષેત્ર છે. પ્રથમ ધર્મચક્રી ઋષભદેવ ભગવાનના વિશ્વ-વલ્લભ પુત્ર, પ્રથમ ચક્રવર્તી શ્રી ભરત મહારાજે ભોગવેલા આ ભરતક્ષેત્રની, [૩]લવણોદધિનો અસ્ખલિત ગંભીર તેમજ મધુર [૪]ધ્વનિ, જાણે [૫]મુક્તકંઠે

---

૧ સમુદ્રરૂપ દર્પણમાં. ૨ સાગર. ૩ લવણ-સાગર. ૪ અવાજ. ૫ સંકોચ રહિત.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રસંશાજ હોયની તેમ જણાય છે. અને ભરત–ક્ષેત્રની વનરાજી (વનશ્રેણી) ની શ્રેષ્ઠ હરીયાળીનો વૈભવ તે જાણે સાગરે કરેલી પ્રસંશાથી ઉદ્ભવેલું સ્મિત તથા પ્રૌઢ હાસ્યજ હોયની તેવો ભાસ થાય છે. વૃક્ષોની ગીચ શ્રેણીઓમાં છૂપાયેલી અદ્ભૂત જડીબુટ્ટીઓના ભંડારરૂપ અનેક [1]મહીધરોથી માનીતા આ ભરતક્ષેત્રમાં તેના સૌંદર્યમાં વધારો કરનારી, તૃષિત [2]પથિકોને આશ્રયરૂપ અનેક સરિતાઓ (નદીઓ) પણ છે. વનરાજીનું ઉપર કહેલું હાસ્ય સ્મિત સાર્થક કરવાજ હોયની તેમ તેની મધ્ય મધ્ય નાનાં મોટાં અનેક નગરો પણ નાગરિક જનોથી વસેલાં છે. તે નગરોમાંનું, આ ભારતભૂમિરૂપ વનિતાના નગર–સમૂહ રૂપ વિશાળ–ભાલમાં તિલક સમાન આ વર્દ્ધમાનપુર પણ એક છે.

મધુકરની માફક પીડા રહિત [3]ગોચરીથી દેહ નિર્વાહ કરી અષ્ટ પ્રવચન માતાના પાલન સહિત જ્ઞાન ધ્યાનમાં તલ્લીન અહીંના મુનિ મંડળમાં ત્યાગ ધર્મની, રામની ઉપમા પામેલા સંપ્રતિ નામક રાજાના આ વિશાલ રાજ્યના દરેક કાર્યક્રમમાં ન્યાયની, જેઓનું કલમ (લેખિણિ) રૂપ કિરણ રવિથી પણ વધુ તીક્ષ્ણ છે તેવા કવિઓમાં કાવ્ય–કૌશલ્યની જનસમાજને અનેક ઉપયોગી પદાર્થો પૂરા પાડનાર તથા રાજા મહારાજાઓની કૃપાના સ્થાનરૂપ હુન્નરીઓમાં હુન્નરની, નવું મેળવવામાં તથા મેળવેલાને જાળવવામાં અને તેનો યોગ્ય

---

૧ પર્વતો. ૨ મુસાફરો. ૩ આહાર–ભિક્ષા. ૪ સાધુઓએ પાળવા યોગ્ય પાંચ સમીતિ તથા ત્રણ ગુપ્તિ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વ્યય કરવામાં જેઓનાં નીતિ, ન્યાય, તથા વિવેક ઉચ્ચ કોટિના છે તેવા શ્રીમાન્ શ્રેષ્ઠીઓમાં [૧]ધનૈશ્વર્યની, અચિંત્યને પણ સ્હેજે શકય કરનાર કેવળ દેવી સ્વરૂપ મહાસતિઓમાં શીયલ રક્ષા [૨]કાંક્ષાની, "મા-બા-છે" અને "ભૂ-પા-ભા" ભણનારા બાળકોમાં શિક્ષકો પ્રત્યે વિનયની તથા વિદ્યા-પ્રાપ્તિની જીજ્ઞાસાની, માત્ર શ્રૃંગાર-વિલાસીઓમાં પણ નીતિની, પારસમણિ તુલ્ય સત્સમાગમમાં રહેનારા મહાપુરૂષોમાં વૈરાગ્યની, આકાશ પર્યંત ઉન્નત તથા પોતાની સ્વચ્છ શ્વેતતાથી બરફના પ્હાડને પણ વિસરાવે તેવા વળી સ્વર્ગભુવનના દીવ્ય વિમાનોની ભ્રાંતિ કરાવતા અને પોતાની પવનથી ફરફર રમતી ધ્વજાવડે સૂર્યને તેની તીક્ષ્ણતા માટેજ હોયની તેમ તર્જના કરતા શ્રી જીનાલયોમાં જીનભક્તોના ભક્તિના ઉત્સાહની તેમજ મહોત્સવોની અને સુગંધી ધૂપઘટા વિગેરેની, એટલુંજ નહિ પણ શ્રીજીનશાસનનો જયકાર દર્શાવનાર ઘંટનાદ વગાડનાર બાળકોની જીનવરદેવ પાસે નૃત્ય કરવાની કળામાં નિપુણતાની, દિનપ્રતિદિન શ્રી જીનાલયોની પણ, પારમાર્થિક ખાતાં જેવાં કે સદાવ્રતાલય, અનાથાલય, વિદ્યાલય, ઔષધાલય, શિવાલય વિગેરે આલયોની, અને ટુંકામાં રાજા પ્રજાની ધાર્મિક, નૈતિક, અને સામાજીક વિગેરે સર્વ પ્રકારે આબાદીની, અહર્નિશ થતી વૃદ્ધિને લઇને આ નગરનું વર્દ્ધમાનપુર નામ સંપૂર્ણ સાર્થક છે.

પરદારા ( પરસ્ત્રી ) નિરીક્ષણનું પથ્ય પાળનારા તથા પરધન હરવામાં પાંગળા અહીંના નગરવાસીઓમાં ધોળા દહાડે

---

૧ ધન-વૈભવ. ૨ ઇચ્છા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ પારકા ગુણુની ચોરી કરવાની પ્રથાજ (રીત) પડેલી છે. ક્ષીર સમુદ્ર જેવા છીલ્લર એવા તેમની વાણી સાકર જેવી કડવી તથા હરિશ્ચંદ્ર નૃપની વાણી જેવી અસત્ય છે. ઈર્ષારહિત હૃદયવાળા તેઓ પરદોષ શ્રવણે બધિર (બહેરા) છે. શશિકિરણ સરખા ઉષ્ણ એવા તેઓ નીર ખીર (જલ અને દૂધ) ની માફક નિઃસ્નેહી છે. કમલ–નાલિકા જેવા વાંકા, ધનદ જેવા નિર્ધન, દોગુંદક દેવ જેવા દુઃખી તથા કામદેવ જેવા [1]કદરૂપા છે.

સ્વર્ગની રંભાદિક અપ્સરાઓને પણ લજ્જાવનારી, શ્રેણી બંધ અટારીઓને શોભાવનારી તથા રગે રગે પતિ–ભક્તિના પાકા રંગથી રંગાયલી અહિંની નારીઓ, શું પોતેજ ઉર્વશી જેવાનું આ લોકમાંથી ખસી સ્વર્ગમાં વસવાટ કરવાનું તથા નાગ કન્યાઓના પાતાલ–પ્રવેશનું કારણ તો ન હોય એમ વારંવાર ભલભલા કવિઓને પણ શંકાના સાગરમાં ઝોલાં ખવરાવે છે.

અકથનીય પ્રસંશાપાત્ર આ નગરનો સંપ્રતિ નામે નરપતિ અપર[2] અવનીપતિઓ (રાજાઓ) નો પણ પતિ છે. ધર્મ અને ન્યાય એ બે જેના બાહુ છે, પ્રજા (રૈયત) ઉપર પોતાની પ્રજા (સંતતિ) તુલ્ય અચલ પ્રેમ એ જેના મસ્તકનો મુકુટ છે તથા દયાની બહુલતા (ઘણી દયા) એ જેના હૃદ-

---

૧ આ બધાં વાક્યો વિરૂદ્ધ ઘટનાથી શુભાશય બતાવે છે. જેમકે ધનદ જેવા નિર્ધન એટલે અતિ ધનવાન કેમકે ધનદ નિર્ધન હોયજ નહિ. ૨ બીજા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યની વિશાલતા છે એવો આ ભૂપતિ શત્રુઓ રૂપ મૃગોને વિષે મૃગપતિ ( શાર્દુલ-સિંહ ) તુલ્ય છે. દંડ, ભય અને બંધનાદિકના ચોરી, જુગાર, વ્યભિચાર વિગેરે કારણો જેના રાજ્યમાંથી નાશ થયા છે તેવા ગંગા તરંગ સમાન ઉજ્જવલ યશવાળા આ રાજાને સાક્ષાત્ રતિરૂપ રતિસુંદરી નામે રાણી છે. તેણીની રૂપસંપત્તિમાં છૂપાયેલું લાવણ્ય સુવર્ણ-કટોરામાં ભરેલું અમૃત છે. શીયલાલંકારે શોભતી મહીપતિની આ મહારાણીનો નગરના નારી વર્ગમાં જ્ઞાન પ્રસારવાનો સતત્ (કાયમ) ઉદ્યમ એજ આ નગરની સ્ત્રીઓની ઉચ્ચ સ્થિતિના નિર્વાહનું સબળ કારણ છે.

રાજાને તથા આખા નગરને માનનીય એવો આ નગરમાં, ધનમાં કુબેર તથા દાતારમાં કર્ણ જેવો, જલવટ અને થલવટ એ બન્ને પ્રકારના વ્યાપાર કરનારો અને સુદ્રઢ સમ્યકત્વ રંગી વૃષભસેન નામે શ્રેષ્ઠી ( શેઠ ) છે જેને શીલ ધર્મની ક્ષેત્ર ભૂમિરૂપ વીરમતી નામની ભાર્યા છે. તેની કુક્ષિથી જન્મેલા દિનકર ( સૂર્ય ) તથા હિમકર ( ચંદ્ર ) તુલ્ય વીરસેન અને સહદેવ નામના બે પુત્રો, તથા ચંદ્રિકા સદૃશ ઋષિદત્તા નામની એક પુત્રી, એમ ત્રણ સંતાન તે શેઠને છે. બે ભાઇઓની સાથે સંપથી રમતી ઋષિદત્તા બે મુક્તાફલ ( મોતી ) ની વચ્ચે રાતી ચુનીની જેમ શોભે છે. અધ્યાપકને માત્ર નિમિત્ત રૂપ કરી, પૂર્વના સંસ્કાર-બલે કેવળ લઘુ શ્રમથી ઋષિદત્તાએ જૈન ધર્મના તત્ત્વોનો સારો અભ્યાસ કર્યો છે જેના પ્રતાપે તેના હૃદયમાં સમ્યકત્વ-સ્નેહે સારો વાસ કર્યો છે. ફૂલની સંગતિથી તેલ પણ ફૂલેલ થાય છે તો પછી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કેવળ ધર્મનિષ્ઠ કુટુંબની આ બાલિકા સત્ય, શીલ અને વિનયાદિ સદ્ગુણોના પ્રબલ પ્રવાહની પ્રનાલિકા થાય તેમાં શું આશ્ચર્ય ?

સદ્ગુણોનો નિર્વાહ કરવાનો ખરી કસોટીનો સમય યૌવન છે. કામીજનોને યથેચ્છપણે રમાડનાર તથા પરિણામે તેમને વૃદ્ધાવસ્થા પમાડનાર યૌવન છે. છએ ઋતુઓના વિધવિધ ભોગોપભોગ્ય વિષયોનું મુખ્ય ગ્રાહક યૌવન છે. વિકારોનું વાહક યૌવન છે. લોભનું વાસસ્થાન જેમ ધન, સર્પનું જેમ ચંદન, વ્યાધિનું જેમ તન, વિકલ્પોનું જેમ મન અને વૃક્ષોનું જેમ વન છે, તેમજ અસહ્ય વિકારોનું ચિરસ્થાયી વાસસ્થાન યૌવન છે. ઋષિદત્તા પણ એ યૌવનાવસ્થાને પામી છે. માતા પિતાની તીવ્ર ચિંતાનું કારણ તે માત્ર યૌવનથીજ થઇ છે. બીજા કામીજનોને મોહ ઉત્પન્ન કરનાર તથા કુટુંબને ચિંતા ઉત્પન્ન કરનાર તેના યૌવને તેને લેશ પણ ગર્વિત કરી ન હતી એ સારી કેળવણીનોજ પ્રતાપ, નહિ તો કહ્યું છે કે, **अङ्गानां विस्तारयितृणा यौवनेन नार्योऽवलिप्ता भवन्ति** (અવયવોનો વિસ્તાર કરનારી જુવાનીથી નારીઓ મગરૂર થાય છે.)

પુત્રી યૌવનવતી થતાં માબાપને ચિંતા થાય એમાં જરા પણ આશ્ચર્ય નથી, કારણ કે પુત્રી પોતેજ સાક્ષાત્ ચિંતાનો અવતાર છે. પુત્રીનો જન્મ એજ ચિંતાનું બીજ છે. તેના જન્મથીજ માંડીને સદૈવ માબાપ ચિંતાતુર હોય છે. કારણ કે **अर्थो हि कन्या परकीय एव** કન્યા એ પારકુંજ ધન છે. પુત્રીની જીંદગીના બંધારણ રૂપ લગ્નની મોટામાં મોટી જોખમ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દારી તેમના શીરે રહેલી છે. "દીકરી અને ગાય-દોરે ત્યાં જાય" એ નાનકડું અને સાદું વાકય પણ માબાપની સત્તામાં સમાયેલી જોખમદારીનું ભાન કરાવે છે. પુત્રીને માત્ર પરણાવીને દૂર રહેવાથી તેના માબાપ ચિંતામુક્ત થઇ શકતાં નથી. લગ્ન કરીને સાસરે મોકલ્યા પછી પણ તેને ત્યાં સર્વથી બનાવ રહે છે કે નહિ, તે પતિને પ્રિય છે કે નહિ, એ ચિંતાથી હમેશાં શોષાવું પડે છે. તેમાં પણ જો કદાચ તે કલંકિત નીવડે અગર વિધવા થાય તો જાણે આંગણે અંગારનુંજ વૃક્ષ ઉગ્યું! કહ્યું છે કે **कन्या नाम महद् दुःखं धिगहो महतामपि ॥** અહો! મોટાઓને પણ કન્યા એ ખરેખર મોટું દુઃખ છે. લૌકિક વાત છે કે સુભદ્રાના લગ્ન વખતે ધર્મરાજા વિગેરે વેવાઇઓને કૃષ્ણે ઇચ્છિત માગવાનું કહેતાં ભીમસેને માગ્યું હતું કે પોતાના કુટુંબમાં કન્યા ન થાય. વળી પણ કહ્યું છે કેઃ—

દીનાનાથ દે દીકરો, દીકરી દુઃખ દાતાર;
ટાઢો ડહામ ઘટે નહિ, દેવો હે કિરતાર.

ધર્મનિષ્ઠા ઋષિદત્તાનાં માબાપ પણ હવે તેને પરણાવવાની ચિંતામાં મગ્ન છે. દંપતી વચ્ચે જો ધર્મ-માન્યતાની ભિન્નતા હોય તો પરિણામે તેઓનો પ્રેમ પણ છિન્નભિન્ન થઇ જાય છે અને તેથીજ ઋષિદત્તા હજી કુમારિકા રહી છે. વૃષભસેન શેઠનું કુટુંબ પરંપરાથીજ સમ્યક્ત્વી હોવાથી તેઓ પોતાની પુત્રી મિથ્યાત્વીઓને (અન્ય દર્શનીઓને) વરાવતા નથી. ઘણા ધનવાન, સ્વરૂપવાન તથા કુળવાન એવા પણ મિથ્યાત્વીઓની માગણી નામંજુર થઇ છે. આ વાત જાણી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રહેલા અન્યધર્મીઓ તો માગણી કરતાજ નથી. માટીનું ભાજન લેતી વખતે જેટલો વિચાર કરવામાં આવે છે તેટલો પણ પોતાના સંતાનના લગ્ન વખતે વિચાર નહિ કરતાં લાકડે માંકડું વળગાડનારા તથા પાછળથી શ્રાપ ખાનારા હાલના મનુષ્યોએ આ વાત ખાસ લક્ષ્યમાં લેવી ઘટે છે.

ઉક્ત કારણજ રૂદ્રદત્ત વ્યવહારીને પ્રતિબંધ રૂપ છે. તે કારણનું નિવારણ કરી ઋષિદત્તાને પરણવાનો સુદ્રઢ પણ અસંભાવ્ય વિચાર પૂર્ણ કરનાર આ રૂદ્રદત્ત કોણ વારૂ?

## પ્રકરણ ૨ જું.

### રૂદ્ર અને કુબેર.

#### શાર્દુલવિક્રીડિત છંદ.

"એ કન્યા મતિહારીણિ રૂપવતી, સૌંદર્યશાળી અતિ
રંભા, ઉર્વશી, કિન્નરી, મદભરી, સાક્ષાત્ જાણે રતિ.
પાતાલે વસતી અહિધર[1] સુતા, કિંવા પધારી પ્રીતિ;
આહા! પ્રેમ-પ્રનાલિકા પદ [2]રવે, લોભાવી ચાલી જતી."

"આહા! શું સૌંદર્ય! બસ, સૌંદર્યનીજ સરિતા! ધન્ય છે વિધાત્રી ધન્ય છે તને! તારી સર્વ કારીગરી (કસબ-કૌશલ્ય) ની આ એકજ કૃતિ છે. પ્રકૃતિની વિકૃતિ કરનાર આ મલપતી ચાલી જતી મદવતી એકજ આકૃતિ છે. આ [3]કમનીય કાન્તાનો કાન્ત કયો ભાગ્યશાળી

૧ નાગકન્યા. ૨ અવાજે. ૩ મોહક.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થશે !” ઉક્ત કાવ્યની સાથે આ વિભ્રમ-સંકલના, એક પછી એક, એક તરૂણ યુવકના મુખમાંથી નીકળતી હતી.

“સૌંદર્ય-સૌંદર્યની સરિતા, કમનીય કાન્તા-મદવતી, કાન્ત, આ બધું શું ? મિત્ર ! મિત્ર ! આ શી ઘેલછા !” તે સુંદર દિવાનખાનામાં પ્રવેશ કરતાં બીજો યુવક બોલ્યો.

“ ઘેલછા-હા-હેં-ના-કોણ-કુબેર-” કુબેરદત્તને જોઈ કાંઇક શુદ્ધિ લાવી પ્રથમનો યુવક સંકોચાતો સંકોચાતો થડકી થડકીને બોલ્યો.

“ કુબેર-હા-હેં-ના-હું-કુબેર-હા-હા-પ્રથમના યુવકના બોલવાની ઢબની કેવળ નકલ રૂપે કુબેરે ઉપહાસ્ય ( મશ્કરી ) કર્યું.

“ મિત્ર ! આમ કેમ બોલે છે ? શું ઝોલાંમાં ડોલે છે કે ?” ભાનમાં આવતાં રૂદ્રદત્ત ઉલટો ગળે પડયો.

“ હા ! હા ! હું નહીં તો મારો મિત્ર ! હું તો માત્ર તેનો પાઠ ભજવું છું.” કુબેરદત્તે જવાબ વાળ્યો.

“ ભાઈ ! એ પાઠ બાઠનો ઠાઠ જવા દે. આજે કાંઇ ચેનજ પડતું નથી.” રૂદ્રે નિઃશ્વાસ મૂકયો અને પાછું ગવાક્ષમાંથી (ગોખ) બહાર જોવા માંડયું.

“ રૂદ્ર ! આમ આવ્ય, આમ આવ્ય, કાંઇક ભાન લાવ્ય, ગોખ બોખનો મોખ પડતો મેલી આમ આવ્ય અને તારી વ્યાકુળતાનું કારણ દર્શાવ્ય.”

“મિત્ર કુબેર ! હમણાંજ આ ગવાક્ષ પાસેથી પસાર થયેલ યુવતિ-વૃંદની મધ્યમાં રહેલી ચંદ્રિકા-અરે સાક્ષાત્

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પૂર્ણિમાની ચંદ્રિકા સદૃશ તે મુગ્ધાજ—મારી વિહ્વલતાનું કારણ છે. કહે! કૃપા કરી કહે કે તે કોણ છે? તેનું પ્રેમાધિપત્ય કોને અર્પાયું છે?"

"ગાંડા રૂદ્ર! અદ્યાપિ પર્યંત તે અવિવાહિતાજ છે. તે વૃષભસેન શેઠની લાડકી તનયા (દીકરી) છે. શેઠ પોતે અને તેમનું કુટુંબ સમસ્ત પરંપરાથી ચુસ્ત જૈનધર્મી છે. તેઓ પોતાની કન્યા કોઇ પણ મિથ્યાત્વીને આપતા નથી. અન્ય ધર્મીઓને તેઓ મિથ્યાત્વી માને છે. અને તેથી જ અહીંના ભલભલા શ્રેષ્ઠી પુત્રોની આંખની અણીઓમાં કણી સમાન ખૂંચી રહેલી હોવા છતાં પણ તે કન્યાનું હજી સગપણ પણ થયું નથી. વયપૂર્ણ થયા છતાં પણ તે હજી કુમારિકા જ છે. તેના માટેની તારી આ લાલસા વ્યર્થ છે." કુબેરે યથાર્થ કહ્યું.

"અન્ય ધર્મવાળાને કન્યા દેવામાં બાધ શું?" રૂદ્રે સ્વાર્થ સૂચક પ્રશ્ન કર્યો.

"કથીરની જોડે મણી જડવા જેટલોજ બાધ તેઓ માને છે. દંપતી વચ્ચે ધર્મની ભિન્નતા પણ પરિણામે પ્રેમને ભેદતી નથી શું?"

"પોતપોતાનો ધર્મ પાળવાનું પતિ પત્નીથી ન બની શકે કે?"

"ના, પતિની પરાધિનતામાં પ્રમદાને પ્રેરાવું જ પડે. અને આવી એક ધર્મ—પરાયણ કુટુંબમાં ઉછરેલી આ બાલિકાને તે પરાધિનતામાં તણાતાં ધર્મનો ફેરફાર બહુજ નડે. તેમજ પતિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આજ્ઞાનું ઉલ્લંઘન પણ ધર્મથી વિરૂદ્ધ જ ગણાય. અને તેથી એ સ્થિતિ સુડી વચ્ચે સોપારી જેવી થાય એ સહજ સમજાય તેમ છે. તારો સ્વાર્થ જો તને એમ ન સમજવા દે તો લાચાર.” કુબેરે ખરી રીતે સમજાવ્યું.

“ત્યારે શું મારી અભિલાષા.......”

“નિરાશામાં....” રૂદ્રને અટકાવી કુબેર વચ્ચેજ બોલી ઉઠયો અને તેને પણ વચ્ચેજ અટકાવી રૂદ્રદતે પોતાની જીજ્ઞાસા ન રોકી શકવાથી પૂછયું કે,

“શું ?”

“ડૂબી જશે. પલટાઇ જશે.” કુબેરે છેવટનો જવાબ વાળ્યો.

“નહિ, નહિ, કદી નહિ, જ્યારે એ બાળા કુમારિકાજ છે ત્યારે હું મારૂં ધાર્યું નક્કી કરીશ. ભાઇ ! મને સહાય કર. નિરાશ ન કર.”

“પણ એ આકાશ–પુષ્પની પ્રાપ્તિનો કાંઇ ઉપાય !”

“હા ! યુક્તિ” રૂદ્ર મક્કમપણે બોલ્યો.

“યુક્તિ ? કઇ વારૂ ?” કુબેરે પૂછયું.

“હું શ્રાવકોના આચારવિચારથી જ્ઞાત થઇ શુદ્ધ શ્રાવકનો ડોળ ધારણ કરી મારા પ્રત્યે તેમને લલચાવરાવું.”

“અરે ! એ તો પ્રપંચ–” કુબેર તો આભોજ બની ગયો.

“તેમ તો તેમ. યુક્તિ કહો કે પ્રપંચ કહો. બધું એકજ છે ની ! બસ. ગમે તેમ પણ હું મારૂં ધાર્યું તો કરવાનોજ.” એટલું બોલી રૂદ્રદત્ત પોતાના મક્કમ વિચારની ધૂનમાં ચાલી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નીકળ્યો અને કુબેર સ્હેજ હસીને પોતાને કામે લાગ્યો.

પ્રિય વાંચક ! રૂદ્રદત્ત ચંદ્રપુર નગરનો એક વ્યવહારી વણિક પુત્ર છે. વળી તે અન્યધર્મી છે. આ નગરમાં કેટલુંક કરીઆણું લઇ તે વેચવા આવ્યો છે. વ્યાપારની સારી કુનેહ (આવડત) થી તેણે સારો લાભ મેળવ્યો છે. આ નગરના વ્યાપારી વર્ગમાં તેની પ્રતિષ્ઠા સારી છે. કુબેરદત્તથી તેને નવી મૈત્રી થઇ છે. અને તે નવા મિત્રના આગ્રહથી હાલ તે તેને ત્યાંજ રહે છે. કુબેરદત્ત પણ તેનો સમાનધર્મી છે.

ન્હાઇ ધોઇ પરવારીને આજે રૂદ્રદત્ત પોતાના મિત્રની રાહ જોતો ગોખે બેઠો હતો અને તેવામાંજ ઋષિદત્તા, સમાન વયની સુરૂપા સાહેલીઓ સાથે શ્રી જિનેશ્વર ભગવંતની પૂજા માટે પોતાની વાડીમાંથી પુષ્પ વીણી–તે પુષ્પોની ચાંદીની છાબડી હાથમાં કટીના ઉપર ભાગે રાખી, પુષ્પો લાવવાની વિધિ જાળવતી અને સખીઓ સાથે માત્ર પ્રભુપૂજન સંબંધીજ વાત ચર્ચતી તે ગોખ પાસે થઇને મંદ સમીરની પેઠે મંદ ગતિથી પસાર થઇ હતી. રૂદ્રદત્તના ચક્ષુ–વિષયોમાં આ બાલિકા એક અદ્વિતીય વિષયરૂપ થઇ પડી હતી. રૂદ્રના હૃદયની વ્યાકુળતાનું ખાસ કારણ પણ એજ હતું.

કોઇ પણ રીતે ઋષિદત્તાને પ્રાપ્ત કરવી એ રૂદ્રનો હવે નિશ્ચય હતો. અને તેટલા માટે દંભ કરવાનો ક્ષુદ્ર વિચાર પણ તેણે કર્યો હતો. કહ્યું છે કે, દંભ એ ધૂર્તોનું કલ્પવૃક્ષ છે. દંભી પુરૂષો તો ધર્મ દંભ કરવાને પણ ચુકતા નથી. કારણ કે તેમનો મહામંત્રજ એ છે. કહ્યું છે કે,—

**ध्वंसते यश्चकष्टानि, वाञ्छितानि ददाति च**
**दंभः खलु महामंत्रो, धूर्तै रेवं हि मन्यते ॥**

અર્થ:—જે કષ્ટોને કાપે છે તથા વાંછિત પદાર્થોને આપે છે તે દંભ નક્કી મહાન્ મંત્ર છે એ પ્રકારે ધૂર્તજનોની માન્યતા છે.

ઇચ્છિત કાર્ય સાંગોપાંગ સિદ્ધ કરવાની છળકુશળ પુરૂષોની સભેદ માટેજ સબળ રીતિ આગળ વાંચવાથી જણાશે.

## પ્રકરણ ૩ જું.

### દંભ-પ્રયત્ન-પાસા પોબાર.

વિના પ્રયત્ને યત્ન ફળે ના, માનો વીસવસા;
પુરૂષ પ્રયત્નને દૈવ કૃપા તો, ખીલે ભાગ્યદશા.

વિજય-કમળા નાટક.

**उद्यमेन हि सिध्यन्ति कार्याणि न मनोरथैः**

કાર્યો ઉદ્યમથીજ સિદ્ધ થાય છે પણ મનોરથથી નહિ.

"પારકી આશા સદા નિરાશ." આપ સમાન બળ નહિ અને મેઘ સમાન જળ નહિ." "આપ મુઆ વિના સ્વર્ગે ન જવાય." એવી રીતે પોતાની ઇચ્છાને લગતી જુદી જુદી કહેવતોને આલંબી રૂદ્રદત્તે હવે પોતાના મિત્ર કુબેરદત્તને વધારે કહ્યું નહિ. તેમજ તેનાથી નવી મૈત્રી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હોવાથી વધારે કહેવું તેને ઉચિત પણ લાગ્યું નહિ. હાથીના દાંતની પેઠે મારો વિચાર ફરવાનો નથી એમ વિચારી હવે તેણે નક્કી કર્યું કે કોઇ પણ રીતે એ મૃત્યુ લોકની મધુરીને મેળવવીજ. જળમાં પડેલી કામળી વિલંબ કરવાથી ભીંજાવાથી જેમ ભારી થાય છે તેમજ આ કામ પણ વિલંબ કરવાથી ભારે થવાનું અને તેટલા માટેજ साहसात् सिद्ध કરવી ઘટે છે.

"એના જિનદેવની વાણી પાળનારી એ શ્રાવક કુલની બાલિકા છે અને જો મારે તેને વરવુંજ છે તો મારે પણ તે ધર્મની માહીતિ તેમના ધર્મગુરૂઓ–સાધુઓ પાસેથી મેળવીને તેમના આચારવિચારો જરૂર શીખવા જોઇએ. એ શીખીને વર્તનમાં પણ ધારણ કરવા જોઇએ. હવે માત્ર આ એકજ ઉપાય એ સુંદરીને સંપાદન કરવાનો છે. જો કે તે મુશ્કેલી ભર્યો છે છતાં સચોટ કાર્ય સાધક છે." એવા વિચારથી પ્રબળ વાયુથી પણ વિશેષ વેગવાન મનના વિકાર વશ થયેલો રૂદ્રદત્ત હવે પૂછતો પૂછતો જૈન મુનિના ઉપાશ્રયે ગયો. વિવાદ રહિત નિષ્કલંક જ્ઞાની, વિકલ્પ રહિત નિષ્કલંક ધ્યાની અને ઉપશમ સૌંદર્યથી શોભતા તપ મૂર્તિ મુનિશ્રીની દ્રષ્ટિ સહજ તેના (રૂદ્રના) ઉપર જતાં તેમણે તેને પૂછ્યું કે–"મહાનુભાવ !

કવણ દેશથી આવીયા, કવણ દેશમાં વાસ;
હેતુ શું આગમનનો, કવણ ધર્મ અભ્યાસ."

રૂદ્રે હસી સ્હેજ નીચો નમી જવાબ વાળ્યો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"ચંદ્રપુર નગરે રહું, રૂદ્રદત [1]અભિધાન;
[2]વણજ હેતુએ આવીયો, નહિ ધર્મનું જ્ઞાન.
ધર્મ મર્મ જાણું નહિ, તોપણ છે અભિલાષ;
ભલો યોગ આજે મળ્યો, માટે આવ્યો ખાસ.
ઘો સ્વામી ઉપદેશ જો, હશે કાંઇ સદ્‌ભાગ્ય;
તો તો તરવાનું થશે, નહિ તો મમ દુર્ભાગ્ય.

તે ગુપ્ત કપટીને બહારથી શુભ વૃત્તિવાળો જાણીને કૃપાળુ મુનિરાજે તેની યોગ્યતા વિચારી પ્રારંભમાં ઉપદેશ આપ્યો કે—

(નદી યમુનાકે તીર—એ રાગ) રાસમાંથી ઉતારો.

એ સંસાર અસારમાં, કોઈ કોઇનું નહિ;
સાચો એક શ્રી જિનધર્મ, સખાઈ છે સહિ.
જીવ કરે છે પાપ, કુટુંબને પોષવા;
પણ ભોગવતાં કોઇ, ન આવે સંતોષવા.
[3]તરલા [4]તોય તરંગ, તિસ્યો ધન [5]ગારવો;
બાજીગરના ખેલ સમો, ભવ ધારવો.
એ ધન ધરણી ધામ, ન કોઇ લઇ ગયો;
જિહાં જઇ ઉપન્યો ત્યાંહિ, તિહાં તેહનો થયો.
મૃગ તૃષ્ણાને કાજ, ફરે મૃગ રીવડો;
ત્યમ ધન તૃષ્ણા માટે, [6]અટે એ જીવડો.
જેણે જિમણે હાથે કરી, ધન વાપર્યું;
તેણે સુરગતિદ્વાર, સહિ કરી આચર્યું.

---

૧ નામ. ૨ વેપાર. ૩ ચપળ. ૪ જલ. ૫ અભિમાન. ૬ ભટકે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દાન થકીજ ગૃહસ્થ, કરે [1]શુચિ આતમા;
દુષ્કર તપ તપી શુદ્ધ, હુયે મહાતમા.
સમકિત રત્ન અમૂલ, તણો ખપ કીજીયે;
વળી [2]ઉપશમ રસ સ્વાદ, કરીને પીજીયે.

વાક્યાર્થની અસરને અનુસરતી અંગચેષ્ટા કરતો અને જાણે પોતાને કાંઇક કાંઇક સમજાવાથી અધિક પ્રમોદ પ્રાપ્ત થયો હોય તેમ બતાવતો પાખંડી રૂદ્રદત્ત નીચી [3]ગ્રીવાએ આ બધું સાંભળીને "દગલબાજ દૂના નમે" એ કહેવતને અનુસરતો હતો.

માત્ર "હા"કારનો પાઠ ભજવતો તે રૂદ્ર હવે હરનિશ ગુરૂ પાસે આવતો અને રોજને રોજ નવું નવું સાંભળતો. થોડા દિવસ પછી તેણે કાંઇક શાસ્ત્રાભ્યાસ પણ શરૂ કર્યો. ગુરૂ પાસે કાંઇકિ કાંઇકિ વ્રત પચ્ચખ્ખાણ પણ તે લેવા લાગ્યો. એદનું કારણ એટલુંજ કે તે શાસ્ત્રાભ્યાસ, વ્રતાદિકમાં પ્રવૃત્તિ અને ગુરૂ મહારાજનો વિનય વૈયાવૃત્યાદિક તે જે કાંઇ કરતો તે તત્વ–પ્રાપ્તિને માટે નહોતું, કિન્તુ એક તુચ્છ વિષયની લાલસા સિદ્ધ કરવા માટે આ બધું શ્રાવકોને બહારથી બતાવવા માટે હતું. ઉંદર પકડવાને ડુંગર ખોદવા જેવું તે હતું. અફ્શોસ !

જે ઇચ્છા સ્ત્રી પુત્રમાં, ધન ને વિષયે પેખ;
તેનો લેશજ ધર્મમાં, મોક્ષ હથેલી દેખ.

ધીમે ધીમે હવે તે શ્રાવક ધર્મની સર્વ ક્રિયાઓ શીખ્યો.

---

૧ પવિત્ર. ૨ ક્ષમા, શાંતિ. ૩ ડોક.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માંસ-પેશીને વિષે કાગડાની જેમ વિષયાધીન રૂદ્રદત્તે હવે પોતાના કપટ-પ્રબન્ધનું શુભ પરિણામ પ્રાપ્ત કરવા વૃષભસેન શેઠને ત્યાં જવું યોગ્ય વિચાર્યું.

આહા! તુચ્છ સ્વેચ્છિતને પ્રાપ્ત કરવા ધર્મનેજ સાધન કરવું એ કેટલું ખેદ ભર્યું છે. પરન્તુ કામાન્ધ શું શું ન કરે વારૂ? અખિલ વિશ્વને વ્યામોહ પમાડી કદર્થનાર કામ-દેવને તથા કદર્થનાના પાત્રોને ધિક્કારતાં રાજર્ષિ ભર્તૃહરી કહે છે કેઃ—

વસંતતિલકા.

यां चिन्तयामि सततं मयि सा विरक्ता
साप्यन्यमिच्छति जनं स जनोऽन्य सक्तः।
अस्मत्कृते च परितुष्यति काचिदन्या
धिक् तांच तंच मदनं च इमांच मांच ॥

અર્થઃ—જે સ્ત્રીનું હું હરનિશ ચિંતન કરૂં છું તે મારાથી વિરક્ત છે. (સ્નેહ રહિત). તે કોઈ બીજા પુરૂષને ઇચ્છે છે. તે પુરૂષ વળી કોઇ ત્રીજીને ઇચ્છે છે. તે ત્રીજી વળી મારા માટે સંતોષી છે. અહો! તે મારી સ્ત્રીને, તેના યારને, મને ચાહતી આ સ્ત્રીને, મને અને કામદેવને ધિક્કાર હો!

વળી પણ—"રતિ પતિ ગતિ અતિ અટપટી ખટપટી, યતિ સતિ મતિ હઠી જતી જાણો!!"

જુઓ કે ભીલડી પાસે શંકરનું નૃત્ય એ કામદેવનોજ પ્રભાવ! બ્રહ્માનું પોતાની પુત્રી સરસ્વતી ઉપર મોહિત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થવું એ મદનનોજ મહિમા ! ગોપિકા વલ્લભ નારાયણે અનેક કન્યાઓનું હરણ કર્યું એ અનંગનીજ પ્રેરણા !

માલીનિ.

किमुकुवलयनेत्राः संतिनो नाकनार्ये ।
त्रिदशपति रहल्यां, तापसीं यत्सिषेवे ॥
हृदयतृणकुटी रे, दीप्यमाने स्मराग्ना ।
वुचितमनुचितं वा, वेत्ति कः पंडितोऽपि ॥

અર્થ—“ શું કમળ સમાન નેત્રવાળી દેવાંગનાઓ તેને નહોતી કે જેથી ત્રિદશપતિએ (ઇંદ્રે) અહલ્યા તાપસીને સેવી, પરંતુ હૃદય રૂપી ઝુંપડીમાં કામાગ્નિ પ્રજ્વલિત થયે સતે પંડિત પણ ઉચિત કે અનુચિત જાણી શકતો નથી.”

શૂરાઓ પરશસ્ત્રાસ્ત્રોને છેદી શકે છે, પંડિતો પરશાસ્ત્રોના તત્વોને તોડી શકે છે, પંચાનન સિંહો તથા ભયંકર ભુજંગોને પણ ભુજાબળવાળાઓ તથા મંત્રવાદીઓ વશ કરી શકે છે, હુશીઆર તારૂ પોતાની કળાથી પાણીના પ્રબળ મોજાંઓને પણ હઠાવી શકે છે, યોદ્ધાઓ વિફરેલા હાથીની સામે ટક્કર ઝીલીને પણ શત્રુને હરાવી શકે છે, ધન્વંતરિ ભયંકર વ્યાધિનો વિનાશ કરી શકે છે પરન્તુ તે બધાઓ અને અન્ય પણ અનેક વિદ્યા મંત્રાદિક શક્તિવાળા પુરૂષો પણ, વામા (સ્ત્રી) ના વદન–ગવાક્ષમાં રહી વક્ર ભ્રકૂટી–ધનુષ્યમાંથી નયન–કટાક્ષો રૂપ બાણોને છોડનાર (ફેંકનાર) કામદેવને કળી (જાણી) પણ શક્તા નથી તો તેની શક્તિને સ્તંભાવવાની તો વાતજ શી કરવી !

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રૂદ્રદત્ત પણ હાલ આ સ્થિતિને કેવળ આધીન છે.

પ્રપંચ-જાળને પ્રતારનાર આ રૂદ્ર તે મહાત્મા મુનિશ્રીના સંગને તજી શેઠ વૃષભસેનના ઘેર આવ્યો. શેઠે તેને આદરપૂર્વક આસન આપી બેસાડયો તથા તેનું નામ-ગામ તથા આવવાનું પ્રયોજન વિગેરે પૂછયું, જેના જવાબમાં તે કપટી આડંબરાભ્યાસીએ જયણાનો ડોળ દાખવવા મુખ આગળ ઉત્તરાંબર (ખેસ)નો છેડો રાખી જવાબ દીધો.

ગીતિ.

લખ ચોરાશી યોનિ, આગાર યુક્ત સંસાર નગર વાસી;
શેઠજી હું અજ્ઞાની, સંતકૃપાએ પ્રકટી પુણ્ય રાશી.
અનુક્રમે મેં જોયું, જૈન નગર ચારિત્ર ધર્મ રાજન્;
સદ્બોધ મંત્રી સલાહે, દીધું મુજને દ્વાદશ વ્રતદાન.
યતી ધર્મની શિક્ષા, એ દશ-બાલિકા વરાવવા રાજી;
શેઠજી મેં અસમર્થૈ, ના કહી સમકિત દ્રષ્ટિને યાચી.

તેના આવા પ્રત્યુત્તરથી શેઠ તો સાશ્ચર્ય હર્ષ પામ્યા. તે વિચારવા લાગ્યા "અહો! આ કોઇ મહાભાગ્ય પુરૂષ છે. તેને પરિણમેલો વૈરાગ્ય તેની વાણીમાં કેવો વિકસિત છે." પછી ફરીને અતિ આદરથી શેઠે તેને પૂછયું કે-"અહો! મહાભાગ્ય! ધન્ય છે તમારી આ વાણીને! મન, વચન અને કાયા એ ત્રિકરણ યોગે મહાપુરૂષોની રમણતા અધ્યાત્મમાંજ હોય છે. અમારાં પુણ્યથીજ આપ જેવા સત્ પુરૂષના પવિત્ર પગલાં અત્રે થયાં છે. આપના દર્શનથી અમે કૃતાર્થ થયા છીયે. મહાશય! કૃપા કરી જેમ આપે આ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અંતર–દ્રષ્ટિથી ( જ્ઞાનભાવથી ) સંતોષકારક ઉત્તર આપ્યો તેમજ દ્રવ્યથી આપના નામ ગામ વિગેરેની પીછાણ કરાવશો.” રૂદ્રદત્ત હવે પોતાનું નામ ગામ અને પોતાનું શ્રાવક કુલ દર્શાવી વ્યાપારાર્થે પોતાના આગમનનો હેતુ જણાવી બોલ્યો. “શેઠજી! આપની સાધર્મીની સગાઇ જાણી હું મળવા આવ્યો છું કારણ કે અમને મિથ્યાત્વીનો સંગ લેશ પણ રૂચતો નથી.”

સરલ સ્વભાવી શેઠે ધોળું એટલું દુધ જાણ્યું. તે પાખંડીનું કપટ રાઇ માત્ર પણ જાણવામાં ન આવ્યું. શેઠે ભક્તિવડે તેને પોતાને ત્યાંજ રહેવા આગ્રહ કર્યો. અતિ દંભના પ્રભાવે ફાવી ગયેલ રૂદ્ર શેઠના અત્યાગ્રહથી તેમનોજ મ્હેમાન થઇ રહ્યો હતો. “આળસુને ઘેર ગંગા અને ઘેર બેઠે લક્ષ્મી આવી” એવા વિચારથી શેઠ તેની અતિ અતિ મ્હેમાનગીરી કરતા હતા અને તેથી આ ભાઇસાહેબને તો માલમલીદાનીજ નવીન ઋતુ પ્રાપ્ત થઇ હતી. આશ્ચર્ય થશે કે છળ–પ્રબંધ–રક્ત આ રૂદ્રને શેઠજી કેવળ ભગવંતનો ધર્માનુરાગી કેમ માનતા હશે? પરંતુ ઘટાટોપ કરી ક્ષણ વારમાં વિખરાઇ જનાર મેઘાડંબરથી ચિત્રવિચિત્ર પ્રકૃતિવાળું આ વિશ્વ પણ શું નથી છેતરાતું? અર્થાત્ છેતરાય છેજ. તો પછી જુદા જુદા સમયે જુદી જુદી રીતે વર્તનાર, વેશ ભાષા અવાજ વિગેરે બદલાવવાની દંભની તમામ યુક્તિઓ જાણનાર આ પાખંડીથી ભદ્રક સ્વભાવી શેઠજી છેતરાય તેમાં શું આશ્ચર્ય!

શેઠજીએ તેને પોતાની પુત્રી વરાવવાનું યોગ્ય વિચારી તે પાખંડીને પોતાનો અભિપ્રાય દર્શાવી તેમ મંજુર કરવા પ્રા-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ર્થના કરી. "ભાવતું હતું અને વૈદે કહ્યું" એ કથનાનુસાર રૂદ્રે પોતાની પ્રાપંચીક પદ્ધતિ પ્રમાણે કેટલીક આનાકાની કર્યા પછી તે પ્રાર્થના મંજુર કરી. શેઠ અતિ હર્ષિત થયા. વિદ્વાન્ જોષીઓને બોલાવી તેમની પાસે લગ્ન-દિવસનો નિર્ધાર કર્યો. લગ્ન લીધાં. સંપૂર્ણ ઠાઠથી ઋષિદત્તાનું મહેશ્વર સાથે પાણી ગ્રહણ કર્યું. લગ્ન સમયે દીનજનોને સંતુષ્ટ કર્યા. કન્યાદાનમાં ઘણો સારો દાયજો આપ્યો. પાખંડીના પાસા પોબાર પડયા. રૂદ્રે પોતાના નવા મિત્ર કુબેરને આ વાતથી જ્ઞાત કરી વિસ્મિત કર્યો.

અનુક્રમે તેણે શેઠ પાસે પોતાના વતન ભણી જવાની રજા માગી. અનિચ્છાએ પણ શેઠે સમ્મતી આપી, કેમકે પુત્રી એ ઉછીતું ધન છે. હવે તે દંપતી નારાયણ અને રૂક્મિણીની પેઠે રથમાં બેસી પોતાના વતન તરફ ચાલ્યાં. ચંદ્રપુરે તેઓ આવી પહોંચ્યાં. રૂદ્રનું કુટુંબ તેને સ્ત્રી સહિત નિહાળી પ્રસન્ન થયું. ઋષિદત્તાએ સાસુ સસરાને નમન કરી આશીર્વાદ ધન મેળવ્યું. હવે તે દંપતી રૂદ્ર (શંકર) અને રૂદ્રાણી (પાર્વતી) ની પેઠે તથા મદન અને રતિની પેઠે દિવસો નિર્ગમવા લાગ્યાં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૪ થું.

### કર્મ-પ્રભાવ અને પુત્ર-પ્રસવ.

ટાળ્યાં નહિ રે ટળે, લખ્યા જે લલાટે લેખ;
વાવ્યાં બીજ તે ફળે, કરમે લખ્યું તે મળે.

ઉદય-ભાણ-નાટક.

જમે કરાવ્યા હશે કાંકરા, મણી નથી મળનાર;
જમે મણી તો વિશ્વ ધણીથી, ટાળ્યા નહિ ટળનાર.

નવલ-કુસુમ-નાટક.

**મનુષ્ય ઇચ્છે છે કાંઇ, બનાવ બને છે કાંઇ.**

"હા! દૈવ! આ શું થયું. ભર્તારે જરૂર મને તથા મારા માતાપિતા વિગેરેને ભૂલભૂમણીમાં ભૂલવાડયાં. શું મારા પિતાએ આવું જાણ્યું હતું? પતિએ મને સમ્યકત્વાશ્રયથી ભ્રષ્ટ કરી મિથ્યાત્વની ભેખડોમાં લાવી મૂકી. આ ગૃહના તમામ મિથ્યાત્વી આચારેજ મને આ ભાન કરાવ્યું. પાપોદયે સુવર્ણ સમજાયેલું પીત્તળમાં પલટાયું. કલ્પવૃક્ષ કલ્પાયેલું કમનશીએ કૌવચ કર્યું. અરે હું ભૂલી. દૈવે મને ભોળવી. પીત્તળમાં સુવર્ણની તથા કૌવચમાં કલ્પવૃક્ષની ભ્રાંતિ વિધિએ મને કરાવી. ઝાકળ નીરના ઝળકતા બિંદુને હું ભોળી મોતી માની બેઠી. અરેરે! હવે હું ભગવાન અર્હતનો ધર્મ શી રીતે આરાધી શકીશ. અરે વિધિ! મેં તારૂં શું બગાડયું હતું કે તેં ભૂંડી શોકયનું કામ સાર્યું. એક મ્યાનમાં બે તલવાર કેમ રાખી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શકાય ? એક કુટુંબમાં બે ધર્મ કેમ નિર્વાહી શકાય ? તે નજ બને. અને જો ન બને તો જેનો પ્રબળ પક્ષ હોય તેજ મત માન્ય કરવો પડે. ધિક્કાર છે પરતંત્રતા બક્ષનાર ઇંદ્રિય-વિષયોને કે જેને લીધે આ દશા પ્રાપ્ત થઇ. પીયર પણ વેગળું રહ્યું. અરે હાય ! હું કોને મારૂં દુઃખ નિવેદન કરૂં. અથવા મુંગા મુંગા વેદનજ કરૂં. કેમકે પૂર્વ સંચિત કર્મ પ્રાણીઓને જરૂર ભોગવવાંજ પડે છે. કહ્યું છે કે-"કર્મ ન છૂટેરે પ્રાણીઆ." પ્રતિકુલ સંયોગો પણ કર્મવશાત્ પ્રાપ્ત થાય છે." ઋષિદત્તા આ પ્રમાણે પશ્ચાતાપ કરતી હતી.

"હૃદયેશ્વરી ! આ શું કરો છો ! માત્ર ચાર દિવસની મુદતના યૌવન લટકાને કાં લય પમાડો છો ? ધર્મના ધત્તિંગે તમારા પ્રમુદિત મનને વ્યર્થ ચકડોળે કાં ભમાડો છો ? માનવાવતાર પામી સૃષ્ટિને વિષે એકજ છત્ર ધારી ઇંદ્રિય-વિષયોનું ખાનપાન અને શ્રવણ પ્રેક્ષણાદિ પ્રત્યક્ષ સુખને છાંડી ધર્મના પરોક્ષ સુખની આશામાં જીવને ફોકટ કાં રમાડો છો ? કહ્યું છે કેઃ—

ध्रुवं वस्तु पारित्यज्य, योऽध्रुवं वस्तु सेवते ।
ध्रुवाध्रुवे उभे तस्य, विनश्येतां न संशयः ॥

અર્થઃ—પ્રાપ્ત વસ્તુને છાંડી જે અપ્રાપ્ત વસ્તુ ઇચ્છે છે તેની તે ઉભય વસ્તુઓ નિઃસંશય નાશ પામે છે.

ઋષિદત્તાને સમજાવતાં રૂદ્રદત્તે પોતાનું પોત પ્રકાશ્યું.

"નાથ ! નાથ ! આ શું બોલો છો. સારા કથનનો અસ્થાને કેમ ઉપયોગ કરો છો. કોઇ લોભી મનુષ્યની તૃષ્ણાને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રોકવા માટે એ શ્લોકનું કથન છે. વળી ધ્રુવનો અર્થ નિત્ય વસ્તુ છે કે જેની હજી આપણે પ્રાપ્તિ કરી શકયા નથી અર્થાત્ સમજી શકયા નથી. ઇંદ્રિય વિષયોનું સુખજ અધ્રુવ એટલે અનિત્ય છે. આજે અચાનક તમારામાં આ શો ફેરફાર?"

"વ્હાલી! ફેરફાર ખરો પણ તે ખરોજ છે. જે ભોગવ્યું તેજ પોતાનું–કહ્યું છે કેઃ—

રળી કમાઇ મેળવ્યું, કહો શું કામનું;
જે ભોગવ્યુંજ તે ખરૂં, બીજું નકામનું.

ભોજકુમાર નાટક.

"ન બોલશો! ન બોલશો! કેવળ અસમત્ત વાકય ન ઉચ્ચરશો."

"પ્રિયે! ખરૂં છે. વાકય અસમત્ત પણ યૌવનાવસ્થાને માટે નહિ. વિલાસનો સમયજ યૌવન છે. ધર્મનો સમય તો વૃદ્ધાવસ્થા છે."

"વ્હાલા! ધર્મથીજ પ્રાપ્ત થયેલી યૌવનાવસ્થામાં શું ધર્મને વિસરાય?"

"નહિ, કદી નહિ, મારૂં કથન માત્ર તારા આ વ્યર્થ શોક શમનાર્થે છે. અમારા કુટુંબમાં પણ કયાં ધર્મ નથી?"

"સમ્યક્ ધર્મનેજ ધર્મ કહેવાય. મિથ્યા ધર્મને ધર્મ ન કહેવાય. અધર્મમાં ધર્મની બુદ્ધિ તે મિથ્યા ભાવ છે."

"ભલે, તને રૂચે તે ધર્મ તું પાળ્ય, તેમાં કોઇનો પ્રતિબંધ નથી."

પતિના તે ઉત્તરથી પ્રમદા આશ્વાસિત થઇ પરંતુ ધીમે ધીમે સંગમાહાત્મ્યથી તેણી પણ હવે સમ્યકત્વ–રત્ન હારી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બેઠી. આચાર વિચારોમાં પટંતર થયું. તેના આચારોનું ઉપ-હાસ્ય થવાથી તથા વારંવાર ટોકણી થવાથી તે ત્યજાતા અને આજ્ઞાના અંકુશથી કુલાચારો ગ્રહણ કરાતા. તેનું પરિ-ણામ એ આવ્યું કે ધીમે ધીમે તેનો તે વાતનો ઉપયોગ (લક્ષ્ય) પણ રહ્યો નહિ. હવે ઋષિદત્તા શ્રાવિકા પલટાઇ ગઇ. ધીમે ધીમે અતિ સહવાસે તે કેવળ મિથ્યાત્વાનુસારિણીજ બની ગઇ. કહો કે જેને માટે પ્રથમ પશ્ચાતાપ કરતી હતી તે સમ્યકત્વને વિસરીજ ગઇ. સુદેવ, સુગુરૂ, સુધર્મની તેની હૃદય–દ્રષ્ટિમાં ઝાંખી માત્ર રહી. સહજ ખટાશથી દૂધ પણ શું દહીં નથી થતું! આંબાનું તથા લિંબડાના વૃક્ષનું એમ બે જાતના મૂળ જો એકઠાં થાય તો તેમાં આંબાનું મૂળ વંઠીને લિંબડાના ગુણને (કટુતા) પામે છે. શબને સ્પર્શેલો વાયુ દુર્ગંધતાનેજ પામે છે. વળી કહ્યું છે કેઃ—

કદાપિ કાળીઆ કનેજ ધોરી ધોળીઓ વસે,
વળે ન વાન તોય સાન સંગ જેવી શીખશે;
સફેદ વસ્ત્ર શ્યામ થાય શ્યામ રંગ સંગમાં,
કુસંગીનો પ્રસંગ દે કુસંગ રંગ અંગમાં.

( કવિ દલપત્તરામ )

વળી–લગાર ઝેર દૂધ બાર શેરમાં સમાય તો,
વિકાર તેજ વાર થઇ પીનાર પ્રાણ જાય તો.

( કવિ દલપત્તરામ )

ઋષિદત્તા પણ મિથ્યાત્વ વિષના ધીમે ધીમે વધેલા વિકારથી સમ્યકત્વ શુદ્ધિને ખોઇ બેઠી છે. ખરેખર! સંગ–પ્રભાવ તેવોજ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હવે તે પતિ–પત્ની નિરાબાધપણે વિષય સુખમાં દિવસો ઘટિકાસમયની જેમ નિર્ગમન કરતાં હતાં. અનુક્રમે તે ઋષિદત્તાને એક પુત્રનો પ્રસવ થયો. પિતાએ ઘણા યાચકોને તે સમયે દાન દીધાં, જ્ઞાતિ બાંધવાને સંતોષ્યા, અને નવા નવા ઉત્સવો કરાવ્યા. ખરેખર પુત્ર પ્રસવનો હર્ષ માબાપને હર્ષઘેલાં કરે છે. પુત્ર માટે તો માબાપ પત્થર માત્રને દેવ કરી ચુકે છે. ઉત્તમ મુહુર્તે તેનું મહેશ્વરદત્ત નામ સ્થાપવામાં આવ્યું. યોગ્ય વયે તેને અધ્યાપનાર્થે (વિદ્યાભ્યાસ માટે) નિશાળમાં દાખલ કર્યો. પુત્રને ભણાવવા તે માબાપોનું ખાસ કર્તવ્ય છે. કહ્યું છે કેઃ—

**माता शत्रुः पिता वैरी येन बालो न पाठितः ।**
**न शोभते सभामध्ये हंसमध्ये बको यथाः ॥ १**
**रूप यौवन संपन्ना विशालकुल संभवाः ।**
**विद्याहीना न शोभन्ते निर्गन्धा इव किंशुकाः ॥ २**

અર્થ—જે પોતાના બાળકને ભણાવતા નથી તે માતા શત્રુ તથા પિતા વૈરી જાણવા કેમકે તે પુત્ર હંસમાં જેમ બગ શોભતો નથી તેમ સભામાં શોભતો નથી. ૧ સારા કુળમાં ઉત્પન્ન થયેલ હોય તથા રૂપ અને યૌવન સહિત હોય છતાં પણ વિદ્યાહીન (વિદ્યા વગરના) પુરૂષો ગંધ વગરવા કેસુડાના ફૂલોની જેમ શોભતા નથી. ૨.

અધ્યાપકના લઘુ શ્રમથીજ મહેશ્વરે દરેક વિદ્યાને સારી રીતે સંપાદન કરી. તેના ઉત્તમ વિવેકને લીધે તમામ નગરજનો તેના એકી અવાજે વખાણ કરતા હતા. અનુક્રમે તે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મહેશ્વર યુવાન કામીનીઓને કામણ રૂપ યૌવન વયને પ્રાપ્ત થયો. ધૂર્ત પિતાના આ પુત્રને પણ શું કન્યા મેળવવાને તેવીજ ધૂર્તતા આદરવી પડશે કે !

વાંચકોને જણાવવું જોઇએ કે વૃષભસેન શેઠને રૂદ્રદત્તના કપટની પાછળથી ખબર પડવાથી ઘણો ખેદ થયો હતો પણ **यद्भावि तद्भवति** (જે થવાનું તે થાય છે) એમ વીચારી ખેદનું સાન્ત્વન કર્યું હતું. વળી કન્યા એ કાંઇ કરીઆણું નથી કે જેનો સોદો +રદ કરી શકાય. પાણી પીને ઘર પૂછવું, હજામત કરાવી વાર પૂછવો અને કન્યા દઇને કૂલ પૂછવું એ ત્રણે નકામું છે માટે અસ્તુ ! થયું તે ખરૂં ! પણ શેઠે એમ ન જાણ્યું હતું કે ઋષિદત્તાની ધાર્મિક સ્થિતિ તદન પલટાઇ જશે. પરંતુ જ્યારે તેમણે પોતાની પુત્રીની તેવી સ્થિતિ જાણી ત્યારે તેમને અતીવ ખેદ થયો. ઋષિદત્તાના મિથ્યાત્વી આચારાદિક કાયમ રહેવાથી શેઠ વિવાહ તથા સંતાન પ્રસવાદિક ઉત્સવને વિષે તેને તેડતા ન હતા.

+ દ્રવ્યની લાલચે હાલ કેટલાક દુષ્ટ માબાપો તેમ કરે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૫ મું.

## દોહદ-તૃપ્તિ અને નર્મદાપુરની ઉત્પત્તિ.

### શાર્દુલવિક્રીડિત છંદ.

જેવો ગર્ભ હશે કુખે [1]જનુનીના, તેવા થશે દોહદો,
જ્ઞાતાનંદન માત ચિંતન કરે, પ્રાણી સહુકો તરો;
ગાંધારી તણી [2]વાસના કુર જુઓ, મારૂં કરૂં કેદ શું,
માટે ખેદિત ગર્ભિણી પ્રતિ પતિ, બોલે-" કરે ખેદ શું."

સુંદરી ગર્ભવતી છે. ગર્ભ મનોહર હારના સ્વપ્નથી સૂચિત છે. ગર્ભજન્ય સૌંદર્ય (ગર્ભ કારણથી પ્રકટેલું) પ્રથમના સૌંદર્યની સ્પર્ધા નહિ કિન્તુ વૃદ્ધિ કરે છે. સાગરજન્ય વૃષ્ટિ જળ શું સાગર જળની વૃદ્ધિ નથી કરતું ? મૌક્તિક છુપાવેલ છીપની જેમ સુંદરીનું ઉદર શોભે છે. તેની મંદગતિ પણ વધારે મંદપણાને પામી છે. અમંદતા તેની મતિમાં દેખાય છે. લેશ પણ શ્રમ તેને પ્રસ્વેદિત કરે છે. તેના હૃદયની ઉદારતા અને ભાવનાની ઉચ્ચતા તેના ગર્ભની ઉત્તમતા સૂચવે છે. જીનેશ્વરની પૂજા કરવી, આંગી રચવી, શાસ્ત્રશ્રવણ, ગુરૂનો વિનય વૈયાવૃત્યાદિક, ધર્મનું મહાત્મ્ય વધારવું, શાસન પ્રભાવના કેમ થાય, દીનજનોનું દારિદ્ર દૂર કરવું વિગેરે વિગેરે ઉત્તમ દોહદો (ઇચ્છાઓ) તેને થતા હતા. ગર્ભિણી સ્ત્રીએ પાળવાના નિયમો વૈદકશા-

---

૧ માતાના. ૨ ઇચ્છા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અનુસાર તે બરોબર જાણતી હોવાથી ગર્ભજતનાર્થે જાળવે છે. અતિ હસતી નથી, અતિ સૂતી નથી, અતિ ચપલ ચાલતી નથી, અતિ તાડુકી બોલતી નથી, દિવસે નિદ્રા લેતી નથી, અતિ નયનાંજન કરતી નથી, શ્રમ કરતી નથી, ભય ધરતી નથી, રૂદન કરતી નથી, અભક્ષ્ય ભક્ષણ તેમજ અપેય પાન કરતી નથી. આ તથા બીજા પણ જે નિયમો તે જાળવતી તે માત્ર ગર્ભમાં રહેલા સંતાનનેજ માટે. કેમકે—

"[1]વાયુકારક પદાર્થ જમવાથી બાળક કુબ્જ કે અંધ થાય છે. કફઘ્ન તથા પિત્તઘ્ન ભોજનથી પણ બાળકને કફ તથા પિત્તજન્ય દરદો લાગુ પડે છે. અતિ ખારા ભોજનથી સંતાનના ચક્ષુઓ નિસ્તેજ થાય છે. અતિ શીતલ ભોજનથી વાત–વ્યાધિ થાય છે. ઉનું ભોજન વીર્યને હરે છે. વિશેષ રતિ–સેવનથી ગર્ભ હણાય છે માટે ગર્ભવતીએ બ્રહ્મચર્ય તો અવશ્ય પાળવું. દિવસે સુવાથી બાળક નિદ્રાળુ થાય છે. નયનાંજનથી બાળક ચીપડો થાય છે. રૂદન કરવાથી બાળક ગળતી આંખોવાળો થાય છે. સ્નાનલેપનાદિકથી બાળક દુઃશીલ થાય છે. અને તૈલાભ્યંગથી કુષ્ટ રોગી થાય છે. હસવાથી બાળકના દંત, હોઠ, જીભ, તાળવું વિગેરે શ્યામ થાય છે. શુષ્ક આહારથી બાળક મૂઢ થાય છે. પ્રલાપ કરવાથી બાળક બકબકાટ કરનાર થાય છે. વળી જેના ઉદરમાં અપુત્રીઓ

---

૧. આ નિયમો રાસમાંથી લખ્યા છે. વિશેષ જાણવાના જીજ્ઞાસુએ વૈદક ગ્રંથોમાં જોવું. વળી વૈદ્ય જટાશંકર લીલાધરકૃત "ધાત્રી શિક્ષા" તથા "સારી સંતતિ" એ પુસ્તકો વાંચવાં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગર્ભ હોય (જેનો નિર્વંશ થવાનો હોય) તેની માતા માટી-ઠીકરા વિગેરેનો આહાર કરે છે.”

અહો! માતાનું વાત્સલ્ય કેવું અપ્રતિમ છે. ભર્તૃહરીએ આપેલા ઉપાલંભ સમયે વિક્રમે હજી પણ સત્યનું અસ્તિત્વ છે એવું પ્રતિપાદન કરતાં પુરાવાના કેટલાક દ્રષ્ટાંતોમાં આ-પણ કહ્યું છે કેઃ—

અગ્નિની શીખા હજી અધોગઇ નથી,
માતનું વાત્સલ્ય હજી સુધી ગયું નથી.

ભર્તૃહરી નાટક.

જગતમાં માતૃવાત્સલ્યનો જોટો માત્ર માતૃવાત્સલ્યજ છે. ગર્ભમાંથીજ સંતાનનું જતન ગમે તેટલા પોતાના સ્વાદના ભોગે પણ માતા કરે છે. જન્મ્યા પછી પણ સંતાનને મળ-મૂત્રથી સ્વચ્છ માતાજ રાખે છે. રખે કાંઇ તેને થાય એવી માતાને હરઘડી ચિંતા રહ્યાજ કરે છે. સંતાનના મૂત્રથી ભીના થયેલ બીછાનામાંથી સંતાનને સૂકામાં સુવાડનાર તથા પોતે ભીને પોઢનાર માતા પોતેજ છે. બાલક રૂદન કરતાં માતાનો જીવ ઉડી જાય છે. બાલકના છતા દોષ કોઇ કહે તો માતા સહન કરી શકતી નથી. સંતાન ભલે ગાંડું હોય, દુરાચારી હોય, કેવળ વ્યાધિ પૂર્ણ હોય તોપણ માતા તેને ગમે તે અવસ્થામાં પણ પોતાના ખરા અને પૂરા પ્રેમથીજ ચાહે છે. પોતાનું કપૂત સંતાન રખે પોતાને, તેના હિતાર્થ કાંઇ કહેવા જતાં, ઠપકો આપશે અગર મારશે એવા ભયની શંકા છતાંયે આખરે તે ભલી માતા પૂરતો પ્રયત્ન ખોળા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાથરી પાથરી કરે છે. નિઃસ્વાર્થ વાત્સલ્યવાળી માતા તે માતાજ છે. કહ્યું છે કેઃ—

અડસઠ તીરથ ફરી વળે, જપ તપ કરે અપાર
માત તાતની ભક્તિ વિના, લિંપણ ઉપર ગાર

રામવિયોગ નાટક.

સ્ત્રીઓમાં આંધળા થઇ, નવમાસ પોતાને ધારણ કરી રાખનાર તથા ઉછેરનાર માતાનો અને સર્વ ઇચ્છા પૂર્ણ કરનાર તથા કેળવણી આપનાર પિતાનો આભાર ભૂલી જઇ જે વિષયાધીન ઉદ્ધત કપૂતો માબાપની સામા થઇ તેમને દુઃખ દે છે તે હેવાનોને સહસ્ર વાર ધિક્કાર છે.

વાંચક! આ સુંદરી નામની ગર્ભવતી સુંદરી શ્રીદત્ત શેઠની પુત્રી, તથા વૃષભસેન શેઠના પુત્ર અને ઋષિદત્તાના ભાઇ સહદેવની [1]અર્દ્ધાંગના છે. લજ્જાએ તેનામાં સારો વાસ કર્યો છે. **त्रपाङ्गनायाः परमं विभूषणम्** લજ્જા એ નારીઓનું પરમભૂષણ (અલંકાર છે). વિવેક વિના લજ્જા હોય નહિ. તે સુંદરી પતિપરાયણા અને ધર્મનિષ્ઠાવાળી છે. હાલની કામણ ટુમણ કરનારી શંખણીઓની જેમ નહિ પરન્તુ વિનય રૂપ વશીકરણથી તેણે પતિની પ્રસન્નતા સારી પ્રાપ્ત કરી છે. પતિને વશ થવું એજ પતિ પ્રત્યે વશીકરણ છે. પતિની આજ્ઞાને અનુસરવું તેજ પતિની પ્રસન્નતા પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન છે. તુચ્છ અલંકારાદિક માટે પતિથી વિગ્રહ કરનારી, વાત વાતમાં નાથથી તોછડાઇથી વર્તનારી અને પોતાના તેવા વર્તનથી પતિને અપ્રિય થઇ પછી વશ કરવાના તુચ્છ વિચા-

---

૧. સ્ત્રી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રથી કામણ ટુમણાદિ પ્રયોગો માટે બાવા વિગેરે અનેક ધૂતારાઓની જાળમાં ફસાનારી હાલની નારીઓને ભાર્યા પદ કેમ ઘટે વારૂ? ભાર્યા પદ તો આ સુંદરી જેવી સ્ત્રીઓનેજ ઘટે અને પતિની પ્રસન્નતા પણ સહજતાથી તેવીજ વનિતાઓ સંપાદન કરી શકે છે. કહ્યું છે કેઃ—

**सा भार्या या गृहे दक्षा सा भार्या या प्रजावती ।**
**सा भार्या या पतिप्राणा सा भार्या या पतिव्रता ॥**
**न सा भार्येति वक्तव्या यस्याभर्ता न तुष्यति ।**
**तुष्टे भर्त्तारि नारीणां संतुष्टाः सर्वदेवताः ॥**

અર્થ—ગૃહકાર્યને વિષે દક્ષ (ઉદ્યોગી તથા નિપુણ) હોય, સારી સંતતિની માતા હોય, પતિને પ્રાણતુલ્ય પ્રિય હોય અને શુદ્ધ પતિવ્રતા હોય તેજ ભાર્યા કહેવાય, જેના ઉપર ભર્ત્તારની પ્રસન્નતા નથી તે ભાર્યા કહેવાય નહિ. અને જે સ્ત્રીઓ ઉપર પતિ સંતુષ્ટ છે તેને સર્વ દેવતાઓ પણ પ્રસન્ન જાણવા.

વળી,

કરે કામીની[૧] શું સંસારે, વારે વારે પતિને સંભારે;
પતિ રામનું નામ ઉચ્ચારે, બધી આળપંપાળ વિસારે.
ખાન પતિનું ને પાન પતિનું, ગાન પતિ ગુલતાન;
એક મૂકે નહિ ટેક પરોવે, છેક શુળી સુલતાન.

(વીણાવેલી નાટક.)

---

૧. સ્ત્રી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વળી કર્મવશાત્ અપ્રીતિથી રીસાયેલા પતિ પ્રત્યે એક સતી કહે છે કેઃ—

વૈભવમાં મુજ મરજી નથી, મ્હોલ માળાની ગરજી નથી;
ઝાંઝર ઝુમણાની અરજી નથી, માગું ન નાણું રસિકવરજી;
માગું છું બોલ વ્હાલા.

(વીણાવેલી નાટક.)

પતિ પ્રતિ આવી અચળ પ્રીતિથી વર્તનાર પ્રમદા રત્નોમાંનું આ સુંદરી પણ એક છે. હાલ તે ગર્ભવતી છે. ગર્ભ-પ્રભાવે હાલ તેને વિવિધ પ્રકારના દોહદો (મનોરથો) થયા કરે છે. જેવો ગર્ભ તેવાજ દોહદો થાય છે, તેમ જણાવનાર કાવ્ય આ પ્રકરણના અગ્રે મુક્યું છે. તેના સર્વ દોહદોને તેનો સ્વામી સહદેવ સ્નેહપૂર્વક પૂરવામાં (પૂર્ણ કરવામાં) જરા પણ ન્યૂનતા રાખતો નથી. ખરેખર! સુજ્ઞ કંથનું એ કર્તવ્ય છે.

દોહદો પુરા ન થવાથી ગર્ભિણી ખેદિત થાય છે. દોહદ અતિ વેગવાન હોય એટલે કે પ્રબળ હોય તો ખેદ પણ ઘણોજ થાય છે અને તેથી ગર્ભને નુકસાન થાય છે, માટે સારા દોહદો તો અવશ્ય પતિએ પૂર્ણ કરવા. માતાની શુભાશુભ વૃત્તિ તથા કૃતિઓ (કાર્યો) ગર્ભમાં રહેલા શુભાશુભ કર્મવાળા જીવને આલંબીનેજ થાય છે. અન્યદા આ સ્વામી આજ્ઞાનુસારિણી સતિ સુંદરી સુંદરીને એવો દોહદ થયો કે શિરછત્ર નયનવલ્લભ નાથ સાથે ભ્રમરગણના ગુંજારવ સ્થાનરૂપ મદઝર હાથી ઉપર બેસી ઇચ્છિત દાન વડે દીનજનોના દારિદ્રને ફેડતી પોતાના ખળખળ કરતા તરંગોથી ચોતરફના પ્રદેશને ગજાવી મૂકતી નર્મદા નદીએ જઇ સાહેલીઓ સહિત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેના સ્વચ્છ જળને વિષે યથેચ્છ ક્રીડા કરૂં. સ્વામી આ દોહદ પૂરશે કે નહિ એ શંકા તો તેને હતીજ નહિ. તોપણ અધીરાઇથી નહિ કિન્તુ હંસણીની જેમ મંદગતિએ સ્વામીની પાસે જઇ સ્વસ્થ ચિત્તથીજ વચનથી માધુર્ય પીરસતી હોયની તેમ તેણે પોતાનો મનોરથ સ્પષ્ટતાથી જણાવ્યો. સહદેવે તેની તે ઇચ્છા તૃપ્ત કરવા ઘણાજ હર્ષથી સ્વિકાર્યું, તદુપરાંત બીજી પણ કોઇ ઇચ્છા ઉદ્ભવે તો પોતાને વિના સંકોચે કહેવા દર્શાવ્યું. ધન્ય છે આ પુણ્યવાન પ્રેમદા સુંદરીને અને ધન્ય છે તેના સ્વામી સહદેવને! ધન્ય છે તે દંપતીના શુદ્ધ સ્નેહને!

સહદેવે તરતજ હિમગિરિના બાંધવ સરખો એક હાથી શ્રેષ્ઠ સામગ્રીઓથી શણગાર્યો. ઇંદ્રના ઐરાવણ ગજનો ભ્રમ કરાવતા તે હાથી ઉપર સુંદરી પોતાના સ્વામી સહિત વિરાજીત થઇ ઇંદ્ર સહિત ઇંદ્રાણીના જેવી શોભતી હતી. પદ્મદ્રહના નકશારૂપ તે હસ્તિના કપોલ સ્થળમાંથી ઝરતા સુગંધી મદના સુગંધી પરમાણુઓથી મિશ્રિત વાયુવડે પ્રેરાઇને ભ્રમરાઓ, યાચકો દાનશાળામાં જેમ એકઠા થાય તથા બ્રાહ્મણો જેમ ભોજનશાળામાં ભેળા થાય તેમ ગણગણ કરતા એકઠા થતા હતા. સ્ત્રીઓના કેશ જેવા શ્યામવર્ણના તથા પીળા વર્ણના તે ભ્રમરાઓને પોતાની સૂંઢ તણા કર્ણ વડે વારંવાર ઉડાડતો, જાણે સત્પુરૂષોને માટેજ હોયની તેમ ભૂમિને પ્લાવિત કરતો, ઈર્યાસમીતિ પાળતા યોગીની જેમ સુંદરીની ઇચ્છાપૂર્વક ધીમે ધીમે પગલાં ભરતો તે હાથી માર્ગને વિષે કંઠે બાંધેલી ઘંટાવલીના મધુર ટણકાર–રવ (અવાજ) થી જનસમૂહની કર્ણેંદ્રિયોમાં તૃપ્તિ રસ રેડી આશ્ચર્ય છે કે ચક્ષુ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઓને વિષે અતૃપ્તિ ઉત્પન્ન કરતો હતો. અર્થાત્ તે સર્વથી જોવાતો હતો. સુંદરીના દાનથી સંતુષ્ટ થયેલા યાચકોના આ-શીર્વાદને તે હાથીજ પોતાની નીચી ગ્રીવાથી સ્વિકારતો હતો. ભાટ ચારણોની સુંદરીની પ્રસંશાના કવિતોમાં તે હાથીની પ્ર-સંશાને પણ સ્થાન મળ્યું હતું. અનુક્રમે નર્મદા નદીને તીરે તેઓ આવી પહોંચ્યાં. માની (ગર્વિત) પુરૂષના તાડુકાની જેવા તે સરિતાના ખળખળતા તરંગો સાંભળીને વિફરેલા ગજરાજને અંકુશથી યુક્તિપૂર્વક વશ કરી ભૂમિપર ઉતરી ભૂતલને પણ ખળભળાવતી લાંબી સાંકળ વડે એક વિશાળ છાયાવાળા વૃક્ષ સાથે બાંધી તે દંપતી ક્રીડા કરવાને અમંદ ઉત્સાહથી અમંદ છતાંયે મંદગતિએ સરિતા તટે પાણીની લગભગ નજીક આવી ઉભાં રહ્યાં.

ચોતરફ અતિ સુંદર હરીયાળીની ઓઢણી ઓઢેલી સલીલ (જળ) સંપૂર્ણ સરિતા, પોતાના ઉપજતા અને વિણસતા (ફૂટી જતા) પરપોટાઓથી સૂર્યને અર્ઘ્યો આપતી હતી. તેના મધ્ય-પ્રદેશની રમ્ય જળ-ભમરી ( ઘૂમરી ) તેની ગંભીર નાભિના ભાસ રૂપ દેખાતી હતી. જગતમાં રાજા રાણાઓ, અમીર ઉમરાવો અને શ્રીમાનો રાંક જનોને હેરાન કરે છે તે ન્યાય મોટાં મત્સ્યો ( માછલાંઓ ) નાનાં મત્સ્યોને ગળી જઇ દે-ખાડતા હતા. તે મત્સ્યોએ પોતાના પૂછડાઓ વડે ઉડાડેલા જળ બિંદુઓથી તે સરિતા, રમતી વખત હર્ષના ઠેકડાઓથી ઉછળેલા હારવાળી યુવતીના જેવી શોભતી હતી. તેમાં વિક-સ્વર પદ્મોની શ્રેણી સ્નાનાર્થે પ્રવિષ્ટ પદ્મિનીઓના નેત્ર પદ્મોની પ્રતિસ્પર્ધાર્થે શોભતી હતી. તરંગ નુપુરનો ખણખણાટ કરતી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વહન રમત રમતી તે નદીના ઉછળેલા જળબિંદુઓ ક્રીડા કરતી કમનીય કામીનીઓના ઉછળેલા હારને ઓળખવા ન દેતાં હોવાથી તેમના હારના ત્રૂટવાની શંકા તટે ઉભેલા સ્વામીઓને થતી હતી. તરવાના પરિશ્રમથી છૂટા થયેલા અંબોડામાંથી હવાને લીધે ઉડતા કેશોમાં રહેલા જળ બિંદુઓ ટાંકેલા મોતીની શોભા સારતા હતા. નીચી ગ્રીવાથી હંસનું ચરવું, મયૂરનું ટીહૂક ટીહૂક કરવું, બગપક્ષીઓનું ઠગ ભક્તોની પેઠે મિથ્યા–ધ્યાન ધરવું તથા કિનારે રહેલ વિશ્રામાલયના શિખર ઉપરની ધ્વજાનું ફરફરવું, આ સર્વ પ્રેક્ષકોના દ્રષ્ટિ–વિષયમાં વિશેષ પૂર્તિ કરતું હતું. આનંદીઓને આરામ રૂપ તથા પાન્થજનો ( મુસાફરો ) ને વિશ્રામરૂપ આ નર્મદા નદીનો નીચ પુરૂષની માફક અધોમાર્ગે જળ–વહનનો દોષ ઉવેખીને ( અવગણીને ) તે ક્રીડાતુર સુંદરીએ ઝીલવા માટે ( ક્રીડા કરવા ) યતિના મનની જેવા નિર્મળ તેના જળમાં પ્રવેશ કર્યો. સાહેલીઓ પણ તેને અનુસરી.

સમાનવયની ક્રીડાતુર સુંદરીઓની જળક્રીડા શરૂ થઇ, કોઈ કુશળતાથી તરતી તો કોઈ જરા જરા ડરતી હતી, કોઇ અરસપરસ અથડાતી તો કોઇ સ્હેજ પાણીના ઘસારાથી લથડાતી પડતી હતી. અન્યોન્ય છંટાતી જલાંજલિઓ ક્રીડાજન્ય હર્ષોર્મિઓને પ્રકટ કરતી હતી. અર્થાત્ તે અંજલિઓજ જાણે હર્ષોર્મિઓ હોયની તેમ ભાસતું હતું. મોગરાની પુષ્પ કળીઓને લજાવનારી સ્મિત–હાસ્ય યુક્ત દંતશ્રેણી પ્રેક્ષકોની ચક્ષુ શ્રેણીને સ્તંભાવવાને મંત્ર વગરના સ્તંભનરૂપ હતી. ક્રીડાશ્રમથી રક્ત (રાતાં) થયેલાં નેત્રો ક્રીડાનુરક્તતાનું અતીવ પ્રમાણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દર્શાવતા તથા બળતરા રૂપ પ્રેરણાથી હવે બહાર નીકળવાની આજ્ઞા કરતાં હતાં. બહાર નીકળેલી જળાર્દ્ર યુવતીઓ શીઆળાની ટાઢની માફક લજ્જાને લીધે સંકોચ પામતી વસ્રોને શોધતી હતી. અનુક્રમે પોતપોતાના પરિધાન (વસ્ત્ર)થી વિભૂષિત તે કામિનીઓની ક્રીડા પૂરી થઇ કિન્તુ સુન્દરીનો વૃદ્ધિ પામતો દોહદ પરિતૃપ્ત થયો નહિ. જો કે ઉદ્‌ભવેલો આ દોહદ તો તૃપ્ત થયો પરંતુ વૃદ્ધિ પામતો એટલે કે નૂતનોત્પન્ન ( બીજો નવો ઉદ્‌ભવેલો ) હૃદય ગોચર થયો. અને તેથી ફરીને પોતાના ઉમંગી પતિને તેણે વિજ્ઞપ્તિ કરી કેઃ—

### શાર્દૂલવિક્રીડિત છંદ.

સ્વામી ! નેત્ર કુમુદ ચંદ્ર ! ચરણે, મસ્તિષ્કને નામીને,
પ્રાર્થું દોહદ અન્ય વલ્લભ પુરો, રાખો નહિ ખામીને;
આજ્ઞા હોય કરૂં પ્રદર્શિત પ્રભુ, કોને કહું અન્યને,
સહદેવ—
રે ! રે ! સુંદરી ! બોલ બોલ ડર મા, દર્શાવી દે પ્રાર્થ્યને.

### દોહરો.

પૈસો ખરચે જે થશે, હશે પ્રયત્ને સાધ્ય;
સુંદરી તે નિશ્ચય કરૂં......................
સુંદરી— ......................ધન્ય ધન્ય મહાભાગ્ય.

### સ્રગ્ધરા છંદ.

સ્વામી સ્નેહે વસાવો, નગર વગર દારિદ્ર, ઐશ્વર્ય યુક્ત,
આંહિ તીરે અતીશે, રમણીક દીસશે, લેશું આનંદ નિત્ય;
રત્નો જેમાં વસંતા, વીર ધીર પુરૂષો, શૌર્ય ને ધર્મયુક્ત,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સહદેવ—

નક્કી નક્કી વસાવું, ત્વરિત પ્રિયતમે...........

સુંદરી— .......................સ્વામી હું ધન્યભાગ્ય.

ઊંચાં દેવાલયો જ્યાં, જિનવર પ્રભુના, નાથ ત્રૈલોકયના જે,
ભક્તિ શક્તિ પ્રમાણે, પ્રિયતમ કરશું, શ્રેષ્ઠ સમ્યકત્વ છાજે;
વાંદી આચાર્ય કેરા, ચીર પરિચયથી, પામીશું તત્ત્વ નિત્ય,

સહદેવ—

નક્કી નક્કી વસાવું, ત્વરિત પ્રિયતમે,..................

સુંદરી— .......................સ્વામી હું ધન્યભાગ્ય.

## શિખરીણી છંદ.

સહદેવ—

અહોહો હો વ્હાલી ! હૃદય તવ આ શ્રેષ્ઠ નિરખી,
રૂડા જીવે વાસો, કીધ ગરભમાં લીધ પરખી;

સુંદરી—પતિના સત્કારે, ધન ધન જગે સુંદરી અહો,

સહદેવ–વિના સદ્‌ગુણોએ, નહિ પ્રિય જરી આદર થતો.

## નારાચ છંદ.

સુંદરી—ભલે ફળો સુવાકય આપ દંપતી સુખી થશું,
રમાડશું જમાડશું ભણાવીને ગણાવશું;
વિવિધ હોંશ પૂરશું, ન રાખશું મણા કશી,

સહદેવ—પ્રિયા ! હશે સુદૈવજો, ન મોટી વાત એ કશી.

અહા ! કેવો વિશુદ્ધ પ્રેમ–વિનોદ ! પત્નીનો કેટલો સત્કાર ! પતિ પ્રત્યે કેવો અપ્રતિમ પ્રેમ ! કેવો ઉચ્ચ દોહદ ! તે સર્વ અનૂપ–અનૂપ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દ્વિતીય દોહદ પ્રદર્શિત થયો અને તેનો સત્કાર પણ થયો. સત્કાર કાર્યમાં મૂકાયો. સ્વર્ગ વિમાનોની સાથે વાતો કરતાં અને હિમગિરિ તુલ્ય શ્વેત જીનાલયોથી સુશોભિત, હવેલીઓ અને મહાલયોથી વિરાજીત, અનેક બાગબગીચાઓથી મંડિત એક નગર સહદેવે ત્યાં ઘણી ત્વરાથી રચાવ્યું. અનેક શ્રીમાનો, ધીમાનો (બુદ્ધિવાનો), વિદ્વાનો, કારીગરો, તથા ધર્મનિષ્ઠ પુરૂષો આમંત્રણપૂર્વક ત્યાં આવીને વસ્યા. સુંદરી સહિત સહદેવે પણ ત્યાંજ નિવાસ રાખ્યો. સમ્યકત્વરૂપી દેહ પોષણાર્થે પોતાના પુણ્યપિંડ તુલ્ય અનેક જિન દેવાલયો ત્યાં આવીને વસેલા વ્યાપારીઓએ પણ બંધાવ્યા, નર્મદા નદીને તીરે વસેલા આ નગરનું નામ નર્મદાપુર સ્થાપવામાં આવ્યું. હવે તે દંપતીને ઇચ્છાપૂર્વક ક્રીડા કરવાનું સુગમ હતું. જીન ભક્તિ, વિરતિ જનોનો આદર અને જ્ઞાનાધ્યયન તત્વચિંતનાદિક પણ તેઓ સજોડેજ કરતાં હતાં. સુંદરીનો દોહદ તેના કર્તવ્યશીલ સ્વામી સહદેવે આ રીતે પૂર્ણ કર્યો. ધન્ય છે એવા મહાશય વિશાળ-( ઉદાર )-હૃદયવાળા પતિને અને સ્વામીની એવી અતીવ સત્કૃપા સંપાદન કરવાના કારણ રૂપ પતિભક્તિની એક નિષ્ઠાએ ઉપાસક તે સતીસુંદરીને! ધન્ય છે દોગુંદક દેવ જેવા સુખી તે દંપતીને! સહસ્રવાર ધન્ય છે તેમને તથા તેમના શુદ્ધ-વિશુદ્ધ સ્નેહને!

સ્વામીની સત્કૃપા એજ સુંદરીઓનું પરમ ધન છે અને સ્વામીની ભક્તિ એજ તેની સાક્ષાત્ સત્ કૃપાનું તન (શરીર) છે. ભક્તિથીજ તે પ્રાપ્ત થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૬ ઠું.

### નર્મદા.

ધર્મની સ્ત્રી જેમ ધીરજ અને તપની સ્ત્રી જેમ ક્ષમા તેમ સહદેવની સ્ત્રી સુંદરીએ વિવિધ દોહદોની પરિતૃપ્તિ પામી સુખમાં દિવસો નિર્ગમન કરતાં અનુક્રમે ગર્ભસ્થિતિ પરિપકવ થતાં રત્ન ગુફા જેમ પ્રભાને, વૃક્ષઘટા જેમ હરીયાળીને તથા વૈડૂર્યમણીની ભૂમિ જેમ વૈડૂર્યમણીને ઉત્પન્ન કરે તેમ શુભ દિવસે એક પુત્રીને જન્મ આપ્યો. પ્રસવની વધાઇ સહદેવને આપનાર દાસીને મણી માણેકના પારિતોષિક ( ઇનામ ) થી સંતુષ્ટ કરવામાં આવી. કેટલાક ઇનામોથી સંતોષિત અને કેટલાક આશાવાળા ભાટચારણો વારંવાર ગાવા લાગ્યા કેઃ—

છપ્પય.

ભલે સુલક્ષ્મી આઇ, ભલે શુભ અવસર આવ્યો;
ભલે ભલે સહદેવ, સુદાતા મનને ભાવ્યો.
ભલે [1]જાઇ તું માઈ, થઈ ઝાંખી શશિ લેખા;
નહિ વર્ણવે કોઈ, કવિજન એની રેખા.
ધન સુતા સહદેવની, દારિદ્ર દીનનું ગયું;
વર્ણવા ગુણ તાહરા મન હરનિશ રમતું રહ્યું.

કુટુંબીઓ, સ્નેહિઓ તથા અન્ય પ્રજાજનો વિવિધ પ્રકારના નજરાણા મોકલવા લાગ્યા. મિષ્ટ પકવાન, મેવા, ફળ,

૧ જન્મી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શ્વેતહીરવાણી વસ્ત્ર અને મોતીઓથી ભરેલા નજરાણાના થાળોને કુંકુમાક્ષતથી વધાવવામાં આવ્યા. સુહાસણ સ્ત્રીઓ મધુર ધ્વનિવડે મંગળીક ગીતો ગાવા લાગી. સહદેવે પણ સારો ઉત્સવ કરી કુટુંબીઓને, સ્નેહિઓને તથા અન્ય પ્રજાજનોને ભોજન વસ્ત્રાદિક વિનયથી સારી રીતે સંતોષ્યા. એટલુંજ નહિ પણ દીન–જનોના હૃદયમાં કેદી થઇને પણ તેઓને પ્રાતઃસ્મરણીય થયો. અર્થાત્ દીન જનોને સારૂં દાન આપ્યું. અનુક્રમે તે સુંદર બાલિકાનું અભિધાન ( નામ ) દોહદાનુસાર નર્મદા રાખવામાં આવ્યું.

શુકલ પક્ષની દ્વિતીયાની ચંદ્રકળાની પેઠે દિવસે દિવસે નર્મદા વૃદ્ધિ પામવા લાગી. જુદી જુદી ધાવમાતાઓથી ઉછેરાતી, જુદા જુદા મૂલ્યવાન રમકડાંઓથી રમાડાતી, તથા સહદેવ અને સુંદરીના ચિત્રવિચિત્ર લાડથી લડાતી તે મોટી થવા લાગી. કવચિત તે રડતી તો માતાને પણ સાથે રડાવતી હતી તો પછી હસતી વખત માતાને હસાવે તેમાં શું નવાઇ! પારણામાં સુતી સુતી પણ તે એવું તો રમતી હતી કે સર્વ સ્વજનોને એકી ટસે પોતાની સામું જોવરાવતી હતી. મીંચાયેલા નેત્રો તરફ પણ તેની માતા વારંવાર એકી ટસે જોતી અને જાણે તેજ કારણથી હોય તેમ તે જાગી ઉઠતી. જ્યારે તે ધીમે ધીમે બોલતાં શીખી ત્યારે તો તેના કાલા કાલા અને ત્રુટક પણ મધુરા શબ્દો સાંભળવાને ઘણા લોકો ભેળા થતા એટલુંજ નહિ પરંતુ કેટલાક તો એવું બાળક પોતાને થવાને દૈવને માનતાપૂર્વક વિનવતા હતા. તેની દરેક ચેષ્ટા રમ્ય હતી. પડતાં આખડતાં પણ તેનું ચાલવું જોનારને અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેને ચાલતાં શીખવનારને મ્હલાવતું હતું. તેના સ્વરૂપ-દર્પણમાં તેના વસ્ત્રાલંકારો પ્રતિબિંબિત થતા હતા. વય થતાં તેને વિદ્યાભ્યાસ કરાવવા નિશાળે દાખલ કરી. રૂપાંતરપણે જાણે સરસ્વતી સાક્ષાત્જ હોયની તેમ અધ્યાપકના નિમિત્ત માત્રથી નર્મદા જેમ પ્રવીણ નાવિક નાવના નિમિત્ત માત્રથી પોતાની કળાવડે સમુદ્રને તરી જાય છે તેમ સર્વ વિદ્યાઓને વિષે પારઙ્ગત થઇ. અર્થાત્ અધ્યયનના પારને પામી. ગુરૂપ્રતિનો તેનો વિનય એ તો તેની સ્વ-સંપન્ન કળા હતી. જીનેશ્વર ભગવાનના સિદ્ધાંતોને તેણે અતિ અતિ મનનપૂર્વક વિચક્ષણતાથી અવલોકન કર્યાં હતાં અને તેથી તેની સમ્યકત્વશ્રદ્ધાને વજ્રદેહી કહેવામાં લેશ પણ અતિશયોક્તિ નથી. કેવળ જડ જેવા કદાગ્રહી મિથ્યાત્વીઓને પણ નિરૂત્તર કરવામાં સમર્થ હતી.

ઉચ્ચ વિચારોની સાથે ઉચ્ચ આચારોએ પણ તેનામાં બાલ્ય વયથીજ વાસ કર્યો હતો. વિધિપૂર્વક જિનપૂજન, શાસ્ત્ર શ્રવણ, વડીલોનો વિનય, દીનજનોને યથાશક્તિ દાન, જ્ઞાનાધ્યયન તથા જ્ઞાનનો પ્રસાર કરવો, નાના પ્રકારના વ્રતોને ધારણ કરવાં, સતીઓના તથા સત્ત્વવાન પુરૂષોના ચરિત્રોનું ચિંતવન તથા સત્ધર્મની અનુમોદના, મૈત્રી-પ્રમોદ કરૂણા અને માધ્યસ્થ એ ભાવના ચતુષ્યનો નિરંતર પાઠ વિગેરે અનેક આચારોથી તે સુદ્રઢ સંસ્કારવાળી બાલિકા પોતાની નિર્દોષ વયને નિરર્થક નહિ કિન્તુ સફળ વ્યતીત કરતી હતી. નિર્વિકાર નયન યુગલવાળી તે વિષયને હળાહળ વિષથી પણ ભયંકર માની લેશ પણ તેવા પ્રકારની વિકથા કરતી નહિ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હૃદયમાં જિન–પ્રવચન–શ્રદ્ધાની જેમ તેના જીંહાગ્રે સાધુ સ્તવનામૃત ભર્યું હતું.

અનુક્રમે તે યૌવન પામી. યૌવને જો કે તેના સૌંદર્યપર છાપો માર્યો ( તેના અવયવો ખીલ્યા ) છતાં તેના હૃદયથી તો તે પણ પરાભવ્યું. અહો ! ધન્ય છે તે શ્રી જિનસિદ્ધાંતને કે જેના અભ્યાસથી અજીત શત્રુ યૌવન પણ નિષ્ફળતા પ્રાપ્ત કરે છે. એટલુંજ નહિ પણ જેમ ઝેર અમૃતમાં પલટાય તેમ તે શત્રુ મિત્રનું કામ સારે છે. તેના લાવણ્યથી લજ્જાયેલી દેવીઓનું અત્ર આગમન બંધ થવાથી દેવતાઓને ભોગવવા પડતા વિરહનો નાશ થયો છે. તેના કેશપાશથી મણીધર નાગરાજોએ પાતાલમાં પ્રવેશ કર્યો છે. તેના લોચનોએ હરિણીઓને અરણ્યવાસી કરી છે. મતિમાનોને પણ મંદમતિ કરનાર તેની મંદગતિએ હંસીઓને સરોવર તટેજ સ્થિર કરી છે. સ્કંધયુક્ત તેના બે બાહુઓ જાણે મન્મથના બે ભાલા જોઇ લ્યો. તેની કદલી સમાન જંઘા, દાડીમના દાણા જેવા દાંતો, બીલીફળ જેવા ઓષ્ઠ, અષ્ટમી ચંદ્ર જેવું લલાટ, આકર્ષક નાસિકા, રક્ત કપોલ, સુંદર સ્તનો અને એકંદર તિલોત્તમા તુલ્ય દેહ–લાવણ્યથી ઉર્વશી પણ કવિઓના ઉપમાસ્થાનમાંથી ખસી ગઇ હતી. ભાલ–પ્રદેશ રૂપ આકાશને વિષે ઇંદુ તુલ્ય તિલક બિંદુ કંઈક છુપા સ્રાવને સ્રવતું હતું. આટલું છતાં પણ અહો ધન્ય ધન્ય કે તે કેવળ નિર્વિકાર હતી. લજ્જા રૂપ કંચુકીથી સંકુચિત, વિનય રૂપ વસ્ત્રથી વેષ્ટિત, અને શીયળની નવ વાડોરૂપ અલંકારોથી ઓપતી તે બાલિકા નિર્વિકાર હોય તેમાં નવાઇ શું ! જિનશાસનના અ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભ્યાસનો તેવોજ પ્રતાપ છે. જેના રોમે રોમ શીયળ–સામ્રાજ્ય દ્રશ્યમાન થાય છે, જેનું રૂધીર પણ શીયળ વાસનારૂપ ગતિથી વહન થાય છે, જેના હૃદય–કમળમાં સતીઓના પવિત્ર ચરિત્રોનું ચિંતવન રૂપ પરિમળ મ્હેકે છે. તે નિર્વિકાર હોય તેમાં આશ્ચર્ય શું ? અમૃત પૂર્ણ કુંભમાં વિષની શંકા પણ કેમ હોય !

જળને વિષે પડેલું તેલનું બિંદુ તથા બુદ્ધિમાનને કંઠે આરોપાયલી વિદ્યા જેમ વિસ્તારને પામે છે તેમજ આ નર્મદાના યૌવનની કીર્તિ દેશ વિદેશે વિસ્તરી ઘણા લોકો તેની માગણી કરતા પણ વ્યર્થ જતી. એક તો આવું અનુપમ કન્યા–રત્ન અને તે પણ એબ વગરના રત્નની જેમ શુદ્ધ સમ્યકત્વ પ્રકાશથી શોભીતું સામાન્ય પુરૂષોને કેમ સાંપડે વારૂ! કાગ કંઠે મોતીની માળા કયાંથી હોય! મિથ્યાત્વીઓના ભાગ્યમાં સમકીત કુલનું કન્યા–રત્ન કયાંથી હોય !

સહદેવ તથા સુંદરી પોતાની કન્યા યોગ્ય કોઈ સમ્યકત્વકુલના વરની ( શ્રાવક–પુત્રની ) ચિંતાયુક્ત છે.

કયો ભાગ્યશાળી તેમને ચિંતામુક્ત કરશે ?

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૭ મું.

## ઋષિદત્તાનો પશ્ચાતાપ.

या बुद्धिर्भवति पश्चात्, भवेत् सा प्रथमं यदि ।
सहन्तेयानिदुःखान्य शक्या ज्ञातुमपि जनाः ॥

અર્થ—જે બુદ્ધિ પાછળ થાય છે તે બુદ્ધિ જો પ્રથમથી હોય તો લોકો જે દુઃખો ભોગવે છે તે દુઃખોને જાણતા પણ નથી.

त्यक्त्वा भो जीव सम्यत्तवं, कथंत्वं भद्रामिच्छासि ।
वरं कल्पद्रुमं त्यत्तवा, वाञ्छितं केन लभ्यते ॥

અર્થઃ—શ્રેષ્ઠ એવા કલ્પદ્રુમને છાંડીને શું કોઇ ઇચ્છિત મેળવી શકે છે અર્થાત્ નહિજ તેમ હે જીવ ! તું સમ્યકત્વનો ત્યાગ કરીને કલ્યાણ કેમ ઇચ્છે છે ? અર્થાત્ તે કલ્યાણ તને પ્રાપ્ત નહિ થાય.

"**આહા** ! આ સંસારમાં દશ દ્રષ્ટાંતે દુર્લભ એવો મનુષ્ય-ભવ તેમાં પણ આર્યદેશ, આર્યકુળ, આરોગ્યતા, આયુષ્ય, અનુકૂળ સંયોગો, દુર્ગતિથી બચાવનાર એકજ એવો દયામય શ્રી જિનધર્મ, અને તે કુળ રીત્યા પ્રાપ્ત શ્રી જિનધર્મમાં પણ શુદ્ધ દેવ ગુરૂ ધર્મનું શ્રદ્ધાન્ ( સમ્યકત્વ ) એ સર્વ ઉત્તરોત્તર અધિક અધિક દુર્લભ પદાર્થો પામીને પણ મેં મૂર્ખીએ તેમાંનું કાંઈ સાર્થક ન

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કર્યું. મોક્ષના જામીનરૂપ શ્રી સમ્યકત્વનો મેં ત્યાગ કર્યો. જાણીને ત્યાગ કર્યો. જેના પ્રતાપથી આ આત્મા અનાદિકાલથી ચતુર્ગતિરૂપ સંસારમાં જન્મ, જરા, મરણના ભયંકર સંકટો ભોગવતો પરિભ્રમણ કરી રહ્યો છે તે મિથ્યાત્વને વિષ–તુલ્ય જાણવા છતાં પણ મેં મૂઢમતિએ તેનું સેવન કર્યું. આહા ! દીપક હાથમાં છતાં હું કૂવામાં પડી. હવે મારૂં શું થશે ! દૈવે મને કેવી ભ્રષ્ટ કરી. રાગદ્વેષથી વિરક્ત શ્રી જિનેશ્વર ભગવંતની ભકિતનો મેં ત્યાગ કર્યો અને કંચન કામીનીના ભોગી દેવોને દેવ માન્યા. જિન ભગવાનની આજ્ઞાઓનું ઉલ્લંઘન કર્યું. સમ્યકત્વ અને મિથ્યાત્વ વચ્ચે આસમાન પાતાલ જેટલું અંતર છે તે તો હું ભૂલીજ ગઈ. સમ્યકત્વ દીનકર પાસે મિથ્યાત્વ ખજુઓ છે, સમ્યકત્વ અમૃત પાસે મિથ્યાત્વ મહામદોત્પાદક ઝેર છે, સમ્યકત્વ જલનિધિ પાસે મિથ્યાત્વ તુચ્છ ખાબોચીઉં છે, સમ્યકત્વ ચક્રી પાસે મિથ્યાત્વ એક રાંક ભિક્ષુક છે, સમ્યકત્વ કુંજર પાસે મિથ્યાત્વ કીડી છે, સમ્યકત્વ દિવસ પાસે મિથ્યાત્વ રાત્રિ છે, સમ્યકત્વ હંસ પાસે મિથ્યાત્વ કુટીલ કાગ છે, સમ્યકત્વ આત્માનું અનંત સ્વભાવિક સુખ પ્રાપ્ત કરે છે, મિથ્યાત્વ આરંભમાં ક્ષણિક પૌદ્દગલિક રસ ચખાડી ચારે ગતિમાં ધકકે ચડાવી ઉંચે નીચે ઉછાળી પછાડે છે." એકાંતમાં ઋષિદત્તા પોતાની સ્થિતિનો આ પ્રમાણે પશ્ચાતાપ કરે છે.

વાંચનારને પ્રશ્ન થશે કે આવો વિચાર કરવાનું તેને કારણ શું મળ્યું. જણાવવું જોઇએ કે તે સમ્યકત્વની વાસના વાળી તો હતીજ પણ સંગ પ્રબળતાથી તેનામાં પટંતર થયું હતું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કોઈ કોઈ વખત તેને સ્મરણ થતું પણ ઉપેક્ષા કરતી હતી. પોતાના ભાઇ સહદેવની પુત્રી નર્મદાના સ્વરૂપની કીર્તિ તેણે સાંભળી છે અને તે કન્યા પોતાના પુત્ર મહેશ્વરને પ્રાપ્ત થાય તો ઠીક એમ તેને વિચાર થયો છે પરંતુ મિથ્યાત્વ કૂળ અને તેમાં પણ મારી શ્રદ્ધા ફરી જવાથી જેઓએ મને તમામ વ્યવહારથી દૂર કરી છે તેઓ મારા પુત્રને તે કન્યા કેમ આપે એ વિચારે તેને આજે આ શુદ્ધિ પ્રાપ્ત થઈ છે. વળી પણ આગળ તે વિચારે છે કેઃ—

“ આહા ! માનસરોવરને છાંડી મેં છીલ્લર જળમાં ક્રીડા કરી, મોતીના હારને સાટે મેં ગુંજમાળા ધારણ કરી, હાથ આવેલા નિધાનને જેમ કોઇ ગમાર ત્યજી દે તેમ સજ્જન પુરૂષોએ સ્તવેલું સમ્યકત્વ રત્ન હાથ ચડેલું હું સ્થિર રાખી શકી નહિ. સમ્યકત્વથીજ શોભતા મારા પિતાના કૂળની કીર્તિ–ધ્વજાની ધવળતાનો મેં મિથ્યાત્વ રૂપ મસીનો કૂચડો ફેરવી ધ્વંશ ( નાશ ) કર્યો. અહો ! ઇતિ ખેદે મને સડેલા પગની જેમ પિતૃ પક્ષવાળાઓએ વ્યવહારથી દૂર કરી. ખરેખર ! ધર્મને જાણીને ધર્મથી અલગી થનારી મારા જેવી કૂળ વિષવેલીને તે સમ્યકત્વ પ્રિય સગાંઓ કેમ વળગી રહે ! અફસોસ.

## દ્રુતવિલંબિત છંદ.

અહહ કંથ કુટીલ કુસંગથી,<br>
પરમ મોહ તણા કુપ્રસંગથી;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નયન દીવ્ય છતાંય ભૂલી ભમી,
[1]અશન ખીર કરેલ હતી વમી ! ૧
ઉદય કર્મ કયા ભવના થયા,
જસ પ્રતાપ પતિ વિપરીત આ;
અશુભ યોગ થતાં પરિણામ આ,
અશુભ દીઠ હવે પ્રભુ શી દશા ! ૨

અરેરે.......અંતરના સત્ય અને ઉંડા નિઃશ્વાસો તે વારંવાર નાખવા લાગી. ખરેખર ! પુણ્યવાન પ્રાણીઓ કર્મ-વશાત્ કરેલી ભૂલથી લાગેલા દોષ મળને શુદ્ધ પશ્ચાતાપ રૂપ નિઝરણાથી ધોઈ નાખે છે. શુદ્ધ પશ્ચાતાપ એજ પરમ પ્રાય-શ્ચિત છે. કલાપિ કથે છે કેઃ—

મંદાક્રાન્તા.

હા ! પસ્તાવો, વિપુલ ઝરણું, સ્વર્ગથી ઉતર્યું છે,
પાપી તેમાં ડૂબકી દઈને, પુણ્યશાળી બને છે.

ભૂલથી કુમાર્ગે ભમતાં માઠાં પરિણામરૂપ ભેખડોથી ભટ-કાવાથી થયેલ ભાનરૂપ પસ્તાવો શેકાઇને થયેલ દુધના માવા જેવો છે. દૂધમાં રહેલું માવાનું સંપૂર્ણ તત્વ શેકાવાથીજ પ્રકટ થાય છે તેમજ પ્રાણીઓમાં રહેલું સત્વ, ભૂલરૂપ ચૂલમાં રહેલી ભેખડ રૂપ અગ્નિની સ્પર્શ રૂપ તીવ્ર આંચથી શેકાવા રૂપ પસ્તાવાથી પ્રગટે છે. માવામાં સાકર મળવાથી તે અધિક મિષ્ટતાને પામે છે તેમજ શુદ્ધ પશ્ચાતાપ પ્રસંગે સત્સમા-ગમ ખાસ ઇષ્ટ પ્રાપ્તિનો હેતુ છે. મિષ્ટ માવાનો ભોક્તા

---

૧ ભોજન.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(જમનાર) હોય તો તે બગડવા પામતો નથી, તેમજ સત્‌સમાગમ યુક્ત પશ્ચાતાપનો અનુભવનાર હોય તો તે પણ શુદ્ધજ રહે છે. અર્થાત્ ભૂલ કરનાર પ્રાણી હરનિશ પશ્ચાતાપનો અનુભવ કરતો રહે તો ફરીને થયેલી ભૂલ તો થતીજ નથી કિન્તુ અન્ય ભૂલ થવા પણ પ્રાયઃ સંભવ નથી.

પશ્ચાતાપના પ્રબળ પ્રવાહથી, નિઃશ્વાસરૂપ સ્વચ્છ કિન્તુ ઉંડા જળમાં નિમગ્ન એવી રગે રગે સ્નાનાર્દ્ર ઋષિદત્તા, પોતાના મ્લાન મુખચંદ્ર ઉપર હથેળી રાખી પશ્ચાતાપની પ્રતિતી આપતા નેત્રોમાંથી લાગલાગટ એક પછી એક ત્રુટેલી માળામાંથી ખરતા મોતીઓની જેમ અશ્રુબિંદુઓથી પોતાના બાહ્ય હૃદયને ધોતી હતી. અંતર–હૃદય તો ધોવાયલુંજ જણાય છે.

વાતવાતમાં માતા, મેલડી, પીર, સીકોતરા વિગેરેની માનતાઓથી પોતાનો ઇસ્કોતરો તર રાખનાર હાલના કેટલાક ભૂલ કરનાર શ્રાવક બાંધવોએ ખાસ વિચાર કરવો ઘટે છે.

તે વખતે ત્યાં આવેલા રૂદ્રદત્તે ભૂતળને ભીનું કરતી પોતાની ભાર્યાની આ સ્થિતિ જોઇ તે બોલ્યો.

"પ્રિયા ! પ્રિયા ! ઉંચું તો જુઓ ! નારીની દ્રષ્ટિ નીચી હોય એ નીતિયુક્ત છે તોપણ સ્વામી સમાગમે તે ઉચિત નથી. મધુરવદની, મધુરવચની, દીર્ઘલોચની, નિરંતર હસ્તું તમારૂં આ વદન કમળ દિવસે ઉગેલા દોષાકર (ચંદ્ર) ની જેમ નિસ્તેજ (કરમાયલું) કેમ છે? તમારી નિત્યની આનંદી પ્રકૃતિ આજે અચાનક આવી વિકૃતિને કેમ પામી છે? કહો! કહો!

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## હરીગત છંદ.

અપમાન શું કોઇએ કર્યું, કઇ વ્યાધિએ રૂપ અપહર્યું,
કે દોષ કંઇ મારો થયો, તમ ચિત્ત શાથી છે ફર્યું;
અપમાનનો સંભવ નથી, કંઇ વ્યાધિનું છે ચિન્હ ના,
મમ દોષ પોતાનો કદી, જો હોય તો દેખાય ના. ૧

ઋષિદત્તા—

અપમાન કે વ્યાધિ નહિ, ના દોષ સ્વામી આપનો,
હા ! દૈવ, કર્મ, વિધિ કહો, પૂર્વે કરેલા પાપનો;
જે પાપના પરતાપથી, સંતાપકારક યોગનો,
થઇ ભોગ હું સમ્યક્ત્વથી, ચૂકી પતિ ! મિથ્યાત્વનો. ૨

ઘણે લાંબે કાળે આ વાત ઉદ્‌ભવેલી જોઇ રૂદ્રદત્ત વિસ્મય પામ્યો અને તેને સાન્ત્વન કરવાના હેતુથી તે બોલ્યો.

"હે તત્વેચ્છુ પ્રિયા ! ભાવીને કોણ ફેરવી શકે છે ! તે ભવિતવ્યતા પાસે કોનો નિશ્ચય ટકે છે. તમારે હવે વિલાપ કરવો તે ઉચિત નથી. તમારે માટે કશો પણ ધર્મનો પ્રતિબંધ નથી. ખરૂં છે કે સંગતિના પ્રભાવે આચારમાં ફેરફાર થાય. આચાર સંસ્કારે વિચાર ફરે અને પરિણામે પટંતર થાય. પરંતુ તારો આ શુદ્ધ પશ્ચાતાપ જો મારૂં પણ મન ફેરવવાને સમર્થ છે તો તારા સરખી સુશીલ સુંદરીને તે પ્રાયશ્ચિત રૂપ કેમ ન હોય ! અને તે પસ્તાવો તમને તમારી મૂળસ્થિતિ ઉપર કાયમ કેમ ન કરે વારૂ !

ઋષિદત્તા આ પ્રત્યુત્તરથી સંતોષિત થઇ બોલી. "ધન્ય છે નાથ ધન્ય છે તમને ! ધૂર્તતાથી ભરેલા તમારા હૃદયમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવા ન્યાયનું અસ્તિત્વ જોઇ મને અતીવ આનંદ થાય છે. હે વલ્લભ! મોતીનું ઉતરી ગયેલું પાણી ફરીને કદી પણ પ્રાપ્ત થતું નથી તોપણ “ જાગ્યા ત્યાંથી સવાર ” ગણીને પતિત પ્રાણીઓ જરૂર પોતાનો ઉદ્ધાર કરી શકે છે.”

રૂદ્રદત્તઃ—ખરૂં છે પણ સંકોચ વગર કહો કે આજે આ વાત ઉદ્ભવવાનું નિમિત્ત કારણ શું બન્યું છે વારૂ!

ઋષિદત્તા—“ નાથ ! મારા ભાઇ સહદેવની તનયા નર્મદા અતિ સ્વરૂપવાન તથા સકળ સદ્ગુણ સંયુક્ત છે. તે યૌવન વયને પામી છે. લક્ષ્મી અને સરસ્વતી એ બન્નેનો ભેગો એ એકજ અવતાર હોય તેવી તે નર્મદા આપણા મહેશ્વરને યોગ્ય છે. આ વિચાર આવતાં આ સર્વ પરિણામ આવ્યું છે. હવે તે કન્યા મહેશ્વરને કેમ મળે તે જ મારે મોટી ચિંતા છે.”

રૂદ્રદત્ત—**गतं न शोचयेत्** ગઇ તીથી બ્રાહ્મણો પણ વાંચતા નથી. વળી વિધિના લેખ કોણે જાણ્યા છે. જો તે નર્મદાથી મહેશ્વરની સંબંધ-સંકલના હશે તો જરૂર અણ-ચિંતવ્યું પણ તેમનું પાણિ-ગ્રહણ થશે. કહ્યું છે કેઃ—

**स्त्रीयश्चरित्रं पुरुषस्य भाग्यं देवो न जानाति कुतो मनुष्यः।**

અર્થઃ—સ્રીનું ચરિત્ર અને પુરૂષનું ભાગ્યદેવ પણ જાણી શકતા નથી તો પુરૂષ તો કયાંથી જાણી શકે ?

અને નર્મદા નહિ પ્રાપ્ત થાય તેથી શું મહેશ્વર કુંવારો રહેશે કે ?

ઋષિદત્તા—“ સ્વામી ! દાંત હોય તો ચાવણું મળે છેજ. પણ ક્ષીરની આશા કોણ નથી રાખતું ? અને ભાવીનું દ્રષ્ટાંત તો તમારા તથા મારા સંબંધથી પ્રત્યક્ષજ છે. ”

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દંપતી કાંઈક હસ્યાં.

તે વખતે મહેશ્વર ત્યા આવી પહોંચ્યો. મુખાકૃતિ ઉપરથી માતાની ઉદાસી જાણી પિતા તરફ હાથ જોડી નમન કરી તેણે પૂછયું. "પુણ્યતીર્થ પિતાશ્રી ! કયા વિચારને આપે અવકાશ આપ્યો છે. મારી માતાને ઉદાસ થવાનું આપે કયું કારણ આપ્યું છે. કહો ! કહો ! કેમ બોલતા નથી."

પુત્રની તે વિનીત વાણીથી પ્રસન્ન થયેલા રૂદ્રદત્તે કહ્યું. "વત્સ ! તારી માતા તને તારા સહદેવ મામાની રતી સ્વરૂપ પુત્રી નર્મદા સાથે પરણાવવા ઇચ્છે છે પરંતુ તેઓ મિથ્યાત્વ–માર્ગીને કન્યા આપતા નથી. આપણને તેઓ મિથ્યામાર્ગી માને છે. તારી માતાને પણ ત્યાં જઇ શ્રાવકપણાનો ડોળ કરી કપટ પ્રબન્ધ વડે પરણી તેઓને મેં છેતર્યા છે અને તેથી હવે હું ત્યાં જઇ શકું તેમ નથી. હવે તે કન્યા કેમ પ્રાપ્ત થાય એ વિચારજ તારી માતાની ઉદાસીનું કારણ છે."

મહેશ્વર તરતજ બોલી ઉઠ્યો. "અહો ! અહો ! એમાં શું મોટી વાત છે ! પ્રપંચ વ્યાપારવાળાને ખમચાવાની શું જરૂર છે ? પ્રપંચ એ તો આપણી કૂળવટ રીતિ છે. હે માતા ! ઉદાસી જવા દે. કોઈ પણ પ્રકારે જરૂર હું એ બાલિકા મેળવી તારી જીજ્ઞાસા તૃપ્ત કરીશ. મને સત્વર મંગળ આશીર્વાદ આપ. તાત ! મને સત્વર જવાની આજ્ઞા કરો."

પુત્રની આ હિંમત ભરી વાણીથી માતા પિતા અતિ પ્રસન્ન થયા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૮ મું.

### ધૂર્ત પિતાનો ધૂર્ત પુત્ર.

"જીજ્ઞાસુ વાંચક ! આજે આપણે વૃષભસેન શેઠના પુત્ર સહદેવને ઘેર જવાનું છે. કેમકે તેનો ભાણેજ મહેશ્વરદત્ત ત્યાં આવી પહોંચ્યો છે. ગયા પ્રકરણથી અત્રે આવવાનું કારણ તો તું જાણે છે. માતાપિતાની આશીષપૂર્વક આજ્ઞા લઇ તે ઘણા કરીયાણાઓથી (વસાણા) શકટો (ગાડાંઓ) ભરી ચાલતાં ચાલતાં અનુક્રમે મામાના નગરે આવી પહોંચ્યો છે. પોતાના આવવાની મામાને ખબર આપી છે. અને મામો સહદેવ તેને સ્નેહપૂર્વક ઘેર તેડી લાવેલ છે. પૂર્ણ પ્રીતિ ન હોય તોપણ લોક વ્યવહાર જરૂર કરવા યોગ્ય છે. ઉચિતાચાર ભગવાન પણ નિષેધ કરતા નથી. કહ્યું છે કેઃ—

**यद्यपिशुद्धं लोकाविरुद्धं नाकरणीयं नाचरणीयं ॥**

જો કે શુદ્ધ હોય છતાં લોક વિરૂદ્ધ કાર્ય આચરવા જેવું નથી. કરવા જેવું નથી.

મહેશ્વરદત્ત મામાને તથા મામાના સકળ કુટુંબને અતિ વિનયભાવથી નમી નમીને મળ્યો. અરસપરસ કુશલ પૂછવાનું ઔચિત્ય થયું. સ્વાગતાદર સારો થયો. હરનિશ પ્રભાતમાં બદામ, કેસર, ઇલાયચી, જાયફળ, તથા સાકર વિગેરેથી મિશ્રિત કઢેલા દૂધનું પાન, કોઇ દિવસ ક્ષીર તો કોઇ દિ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વસ શીખંડ, વળી બાસુદી, મોતીચૂર, મોહનથાળ, કેસરી મોદક, ઘેબર, ખાજાં, મ્હેસુર, પેંડા, બરફી, જાંબુ, ચંદ્રકલા, કોપરાપાક, મોતીઆ, કણસાઇ, બુંદીના મોદક, બરફીચરમું, હલવો, વિગેરે ફરતા ફરતા મિષ્ટ પકવાન, સુંદર સુંવાળું શયન, ઋતુને અનુસરતા મૂલ્યવાન વસ્ત્રો, અને તેની તમામ પ્રકારની પ્રકૃતિની જાળવણી, આ સર્વથી કાણા ( મલીન ) હૃદયના ભાણાભાઇની સારી મ્હેમાનગીરી થતી હતી.

એક દિવસ ભોજન કરીને મામો ભાણેજ એકાંતમાં મુખવાસ ચાવતા બેઠેલા છે. તે પ્રસંગે મામાએ ભાણેજને હસ્તાં હસ્તાં તેના અચાનક આગમનનો હેતુ શું છે તે જાણવા આ પ્રમાણે પૂછ્યું.

"ભાઇ મહેશ્વર! તારા આવવાનું શું પ્રયોજન છે. કપટકળાથી સંપૂર્ણ કેળવાયલા તારા પિતા રૂદ્રદત્ત એક વખત અહીં આવીને પોતાનું પરાક્રમ દાખવી ગયા છે. પોતાનો ભાવ ભજવી ગયા છે. તે હજી અમે વિસરી ગયા નથી. તેમનો તથા હમારો વ્યવહાર બંધ છે અર્થાત્ અરસપરસ એક બીજાને ત્યાં આવવું જવું થતું નથી. વ્યાપારના બહાને તારૂં જે આગમન થયું છે તે પણ રખે વળી કોઇ પ્રકારના તેવા પ્રરાક્રમ માટે તો નથી? સાચુંજ બોલજે."

હાસ્યપૂર્વક હજી પણ મામાએ આગળ ચલાવ્યું. "તમે જાણો છો કે અગ્નિ ઉપર કાષ્ઠની હાંડલી એકજવાર ચડે છે. તારાના પ્રતિબિંબને મોતી માની લોભાયેલો હંસ ચરવાને એકજવાર ભરમાય છે. શું તમે નથી જાણતા કે દૂધથી દાઝેલો છાશ પણ ફૂંકીને પીયે છે. હે ભાણાભાઇ! અજગરથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભય પામેલો દોરડીથી પણ ડરે છે. વાઘના સપાટામાંથી બચેલો બીલાડીના ચિત્રથી પણ ચીસ પાડે છે. વળી લોકમાં પણ ઊખાણો છે કે 'જાણ્યો ગ્રહ નડતો નથી.' તોપણ ધૂર્ત પુરૂષોનું ઇંદ્રજાલ–કૌશલ્ય વિચિત્ર છે. ભદ્રિક પુરૂષો વારંવાર તે બહુરૂપીના ભોગ થઇ પડે છે. એક વખત લૂંટાયલો બીજી વખત સહજમાં લૂંટાય છે. અને તેથીજ અમને પણ શંકા થાય છે કે રખે તમે પણ પિતાની ગાદી જાળવવા–છતું રાખવા તેવા પરાક્રમ માટે નીકળ્યા છો કે શું? જો તેમ હોય તો અમારા ઉપર તો કૃપા કરજો. એક ઘર તો ચૂડેલ પણ મૂકે છે. તો હે ભાણાભાઇ! આપણે તો સંબંધ છે. ચક્રવર્તી પણ સંબંધી ઉપર ચક્ર મૂકતા નથી. પશુઓ પણ પોતાનું તથા પારકું પીછાણે છે. માટે અમને તો પોતાના જાણી તમારા અપવાદમાં ગણજો. સાચું કહો કે તમે જે નગરમાં વસો છો ત્યાંના સર્વ લોકો શું પ્રપંચ પાઠના જાણ (ઠગ) છે કે માત્ર તમારૂં ઘરજ એવું છે."

આ બધું નીચે મુખે સાંભળતો મહેશ્વર જરા ઉંચું જોઇ મામા તરફ સ્હેજ હસીને વિનયપૂર્વક બોલ્યો. "વાહ મામા વાહ! તમે પણ ખૂબ કરી હો!"

મામાને છાપરે ચડાવી તે સમજાવવા લાગ્યો. "વાદી તો શું કિન્તુ વાચસ્પતિને પણ હરાવવાને સમર્થ વાચાલતામાં તમે નિપુણતા સારી પ્રાપ્ત કરી છે. પરન્તુ તમારા આ ઉપાલંભને યોગ્ય મને ગણશો નહિ. એકનો દોષ અનેકમાં આરોપવો તે ઉચિત નથી. એકને લઇને કાંઇ અનેક ભૂંડા હોતા નથી. પ્રત્યક્ષ જુઓ કે હાથની પાંચે આંગળીઓ સરખી નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કોઇ નાની તો કોઇ મોટી. કોઇ દેવપૂજનાદિક કાર્યોમાં વપરાય છે તો કોઈ ક્લેશવૃદ્ધિના કારણમાં વપરાય છે. એટલુંજ નહિ પણ એકજ આંગળી જુદા જુદા પ્રસંગે મિત્ર તેમજ શત્રુને ઓળખાવવામાં કામ આવે છે. આકાશમાં જુઓ કે વાદળાં સર્વ સરખાં નથી. કેટલાંક વાદળાં પૃથ્વીને પાણીથી તરબોળ કરે છે ત્યારે કેટલાંક કૃપણ ( કંજુસ ) પુરૂષોની જેમ ચાતક પક્ષીઓને તલસાવ્યાજ કરે છે. વળી પિતાના દોષ પુત્રમાં આરોપવા તે પણ યુક્ત નથી. કેમકે એવો કાંઈ નિયમ નથી કે પિતા સરખોજ પુત્ર થાય. જુઓ કે સાગર ખારો છે પણ તેનો પુત્ર ચંદ્ર અમૃતથી ભરેલો છે. કહે છે કે વાયુ રાવણને ત્યાં વાસીદું વાળતો હતો પણ તેજ રાવણની લંકા વાયુપુત્ર હનુમાને લીધી. કંસના કારાગૃહમાંથી વસુદેવને છોડવનાર તેમના પુત્ર વાસુદેવ શ્રી કૃષ્ણમુકુંદે તેજ કંસનો ધ્વંસ કર્યો. જો બધા મનુષ્યો પ્રપંચી હોય તો પછી સૂર્ય ઉગેજ નહિ, વૃક્ષો ફળેજ નહિ તથા નદીઓ વહેજ નહિ. વળી સજ્જન પુરૂષો પોતાની જાંગ કદી પણ ઉઘાડી કરતા નથી; માટે હે મામા સાહેબ ! એ બધું હવે વિસ્મૃત કરો. તેમજ હજી આપ મારા પિતાનો ઇતિહાસ જાણતા નથી ત્યાં સુધીજ આપનો આ રોષ કાયમ છે. અન્યથા ન હોય. ખરૂં છે કે મારા પિતાશ્રી મિથ્યાત્વમાર્ગી હતા ખરા પરંતુ તમારી બહેન (મારી માતા) ના પ્રસંગથી તેમનામાં ઘણું પલટન થયેલું છે. બીજા બધા ધંધા મૂકીને માત્ર હવે જૈનધર્માનુરાગી એવા તેઓ દેવગુરૂ ભક્તિમાં અને યથાશક્તિ વ્રતાદિક ધર્મમાંજ ઉદ્યુક્ત રહે છે. ગંગાજળના સ્પર્શથી પણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શું ખાબોચીઆનું ડહોળું જળ પવિત્રતા નથી પામતું કે ? ચિત્રાવેલી તુલ્ય મારી માતાના પ્રસંગથી મિથ્યાત્વ રૂપ દારિદ્ર રહે એવી શંકા પણ કેમ કરો છો ?"

સહદેવ મહેશ્વરની વિનીત અને ન્યાયયુક્ત વાણી સાંભળી અતિ પ્રસન્ન થયો. મહેશ્વર પણ ત્યાં જીનપૂજા વિગેરે શ્રાવકના તમામ આચારો સેવવા લાગ્યો. મામાએ મહેશ્વરના વસાણા વેચાવી આપી તેને સારા પૈસા પ્રાપ્ત કરાવી આપ્યા. મામાની મહેરબાનીનો મહેમાન મહેશ્વર સર્વથી મળતાવડા સ્વભાવવડે મોસાળમાં મોજ કરે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૯ મું.

### નર્મદાનું લગ્ન.

એક દિવસ સહદેવે પોતાના ભાણેજ મહેશ્વરને સપ્રેમ પૂછ્યું. “ ભાઇ ! તારૂં અત્ર પ્રથમ આવવું થયું છે અને તું અમારે એકજ ભાણેજ છો તો સુખેથી તને જે ઈષ્ટ હોય તે માગી લે, વગર ઇચ્છાનું ઘણું આપવું તે ઇચ્છાયુક્ત થોડાની બરોબરી કરતું નથી. હે મહેશ્વર ! લેશ પણ સંકોચ વગર ઇચ્છાનુસાર પદાર્થ માગી લે, તારી માગણી તે તારો હક્ક છે.”

ઇચ્છાનુસાર પ્રસંગ પ્રાપ્ત થતાંજ વિચક્ષણ મહેશ્વરદત્તે પ્રાર્થના કરી.

#### દોહરા.

આવ્યો પુણ્ય પસાયથી, ઉત્તમ માની કૂખ;
ત્યાં તે શી ખામી કહો, સઘળી વાતે સુખ.

શું પૂછો છો સ્વામી આ, રાખો રૂડી રીત;
આપ સરિખા સ્વજનની, જો પામ્યો હું પ્રીત.

નીર માગતાં ખીર જ્યાં, આવી હાજર થાય;
શી બાકી ત્યાં યાચના, આ તે શું કહેવાય.

હોય તોય આગ્રહ કદી, ઇચ્છું ના કંઈ અન્ય;
સંતોષો દઇ નર્મદા, જાસ સ્વરૂપ અનન્ય.

સહદેવ તેની આ પ્રાર્થના સાંભળી ગુંચવાયો અને બોલ્યોઃ—

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક વખત દીધો દગો, ભાણેજા તુજ તાત;
રાખ્યો તવ વિશ્વાસ પણ, જાત સરિખી ભાત.
ઉચિત યાચના આ નહિ, ક્યમ તું ચિત્ત ધરેજ;
સમકિત કૂળની બાલિકા, મિથ્યાત્વી ન વરેજ.
ભૂંડા તેં ભૂંડી કરી, હતો ન સ્વપ્ને ખ્યાલ;
બાલ તોય તું ધૂર્તનો, હંસી વરે મરાલ.[1]

મહેશ્વરે દમામપૂર્વક ચલાવ્યું.

મામા ! તમ બ્હેની તણું, કીધું મેં પયપાન;
ક્યમ લોપું સમ્યકત્વને, સમજો ચતુર સુજાણ.
ડાહ્યા થઈ શું ભૂલતા, ડૂલવતા નિજ બોલ;
બોલ પાળતા સજ્જનો, બોલ મનુષનો તોલ.
બોલે રાજ તજી ગયો, [2]વર ભૂપતિ હરિશ્ચંદ્ર;
નળ પાંડવ વનમાં ગયા, કરી ન વાણી મંદ.
તોય ન ઇચ્છા હોય જો, લેશ ન મારી તાણ;
આવે શું ગજરાજ કંઇ, ઝાલ્યાથી તસ કાન.
આ તો પૂછ્યું એટલે, કહી હતી જે આશ;
દૂધે દાઝેલા અહો, ફૂંકી પીયે છાશ.

સહદેવ તો આ સર્વ સાંભળી સ્તંભિતજ થઈ ગયો. પોતાના ભાણેજનું આવું ચાતુર્ય જોઈ તે અતિ હર્ષિત થયો અને કદાચ આ ભાણેજ સમ્યકત્વ–યુક્ત થાય એવી પણ તેને આશા ઉત્પન્ન થઈ. તરતજ સારો દિવસ જોવરાવી તે દંપતીનાં લગ્ન લીધાં. અનુક્રમે તે દિવસે સહદેવે પોતાની પુત્રી નર્મદાને

---

૧ હંસ, ૨ શ્રેષ્ઠ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મહેશ્વર વેરે પરણાવી. મહેશ્વરની ઇચ્છા પૂર્ણ થઈ; તેની સહીસાટ ફાવટ થઇ. કમળા અને કમળાપતિની જેમ કિંવા મહેશ્વર અને ભવાનીની જેમ મહેશ્વર તથા નર્મદા પતિ–પત્ની થયાં. સહદેવને આપેલા વિમાન સરખા મહેલમાં તેઓ સુખે કરીને દિવસ ગાળવા લાગ્યા. કેટલાક દિવસ ગયા બાદ મહેશ્વરે સહદેવની તથા તેમના સકળ કુટુંબની જવાને શીખ માગી. નર્મદાસહિત પ્રયાણ કર્યું. નર્મદાની માતા સુંદરીએ વોળાવતી વખતે અશ્રુભરી આંખ્યોથી ગદ્‌ગદિત સ્વરે પણ પોતાની બેટીને ઉત્તમ શિક્ષા પેટી આપી.

" પુત્રી નર્મદા ! તારૂં જીવન બદલાયેલું છે તે તું જાણે છે. પ્રથમ તું કન્યા હતી. હવે તું ગૃહિણી છે. તું જન્મથીજ પવિત્ર છે. તારા વિચારો પ્રથમથીજ ઉચ્ચ છે. તારા આચારો તો સાંસ્કારિકજ છે. તેં અનેક શાસ્ત્રોનું અવલોકન તથા નિદિધ્યાસન કર્યું છે એટલે તને કહેવું તે વિશેષ આવશ્યક નથી તોપણ હિતપુષ્ટિને માટે મારો સ્નેહ મને તને કહેવાને પ્રેરે છે. વળી પુત્રીને વોળાવતી વખતે શિક્ષા આપવી તે માતાનું આવશ્યક કર્તવ્ય છે. તું આજે છૂટી પડે છે તેના માટે શોક કરીશ નહિ. પુત્રી સાસરેજ શોભે છે. હે લાડલી ! લલનાનું લાવણ્ય લજ્જા છે. પ્રમદાનો પ્રભુ પતિ છે. કેમકે સ્ત્રીઓને સ્વાતંત્ર્ય કદી પણ હોતું નથી.

**पिता रक्षति कौमार्ये, भर्ता रक्षति यौवने ।**
**पुत्रो रक्षति वृद्धत्वे, न स्त्री स्वातंत्र्यमर्हति ॥**

અર્થઃ–કૌમાર્યપણામાં પિતાથી રક્ષાતી, યૌવનમાં **પતિથી**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રક્ષાતી, તથા વૃદ્ધાવસ્થામાં પુત્રથી રક્ષાતી સ્ત્રીને સ્વતંત્રપણું હોતું નથી.

શાણી, સુંદરીનો શ્રૃંગાર શીયલ છે, વિવિધવસ્ત્રોની જેમ વ્રતો વનિતાવૃંદને વ્હાલાં છે. વ્રતમાં શ્રેષ્ઠ બ્રહ્મચર્ય છે. તેના રક્ષણની નવ વાડો એ નારીઓનો નિત્ય પાઠ છે. પુરૂષોને પણ તે ઉપાસનીય છે. ઉભયને તે આચરણીય છે. ઔચિત્ય (જેના પ્રત્યે જે ઉચિત કર્તવ્ય હોય તે બજાવવું) નું ઉલ્લંઘન કરતી ના. વિનય તથા વિવેકને વિસરતી ના. દુઃખના દરોડાથી ડરતી ના. હૃદય મંદિરને સમ્યકત્વ–દીપકથી શૂન્ય કરીશ નહિ. દેવગુરૂની ભક્તિને ભૂલીશ નહિ. હૃદય સદા દયાર્દ્ર (દયાથી ભીનું) રાખજે. જેનાથી આ સઘળું તું પામી છે તે ધર્મને સદા દ્રષ્ટિ–સન્મુખજ રાખજે. સર્વથી મળતાવડી રહેજે. વિકારોને શાન્ત કરજે. ક્રોધાદિ કષાયોને ક્યારે પણ સ્થાન આપીશ નહિ. ક્ષમાવડે પ્રસન્ન મુદ્રાવાળી થઇ કુટુંબને પ્રિય થજે. ઉભય કૂળની ઉજ્વળતા કરવી એજ તારા હવેના જીવનનો હેતુ સમજજે. અલંકારોનું લૌલુપ્ય રાખીશ નહિ. સદ્ગુણો એજ શ્રેષ્ઠ અલંકારો છે. ધૈર્ય, ઔદાર્ય, ગાંભીર્ય વિગેરે ભામનીઓનાં ભૂષણો છે. મધુર વચન એ માનીનીઓનું માધૂર્ય છે. સહન કરવું એજ ચતુર સ્ત્રીઓનું ચાતુર્ય છે. સુખ અથવા દુઃખ, હર્ષ કિંવા શોક તથા સંપત્તિ કે વિપત્તિ તે સર્વ પ્રાણીને પૂર્વકૃત્ કર્માનુસાર પ્રાપ્ત થાય છે એમ જાણી તે વખતે હૃદયને મદ અથવા ખેદથી કદર્થીશ નહિ અર્થાત્ સમભાવે તે સઘળું સહન કરજે. તેના માટેજ આ નવાક્ષરી મંત્ર ગોખવા જેવો છે કેઃ—

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દોહરો.

દુઃખમાંહિ હિંમત રહે, સુખમાં મદ નવ થાય;
જપો મંત્ર નવાક્ષરી, " **आ-पण-दिन-वही-जाय.** "

વળી સંપ "ત્યાં જંપ" એ સાદી કહેવતનું ઉમદું ફળ મેળવવા સર્વ પરિવારથી સંપીને ચાલજે. સહન કરવાના આત્મ–પુરૂષાર્થનો હવેજ સમય છે. કોઇ કટુ વચન કહેશે, કોઇ વારંવાર ટોકશે તો કોઈ વળી સત્તાપણાથી દબાણ રાખવામાં મહત્તા સમજશે તોપણ તારે તે સર્વની ઉપેક્ષા કરવી. અર્થાત્ સહન કરવું. સર્વ વડીલની મરજી જાળવવી. અને સંકટ સમયે સંકટ નાશક શ્રીપંચપરમેષ્ઠિ નમસ્કાર મંત્રનું સ્મરણ કરવું. શાણી! તને વધારે શું કહેવું. પતિ એજ સતીઓની ગતિ (આશ્રય) છે માટે તેની આજ્ઞાનુસારજ વર્તવું."

પછી સુંદરી મહેશ્વરદત્ત ભણી ફરીને બોલી. "મહેશ્વરદત્ત! માત્ર લાડમાંજ ઉછરેલી અમારી આ લાડલી સુતાને દુઃખનો અનુભવ નથી. અરે પ્રતિકૂળતાને પણ તે જાણતી નથી. પોતાથી વિરૂદ્ધ વિચારની કોઈ પણ વ્યક્તિ (જન) સંસર્ગમાં તે આવી નથી માટે એને દૂભાવા દેશો નહિ. તેની વૃત્તિમાં કે ધર્મમાં પ્રતિબંધ કરશો નહિ. વધારે શું કહેવું. તમે સુજ્ઞ છો. તમારે પનારે પડેલી આ પાંખ વિનાની પંખીણી કેવળ પ્રેમથીજ પાળવા પોષવા યોગ્ય છો!

સહદેવે પોતાની પુત્રીને ભેટતાં કહ્યું, "પુત્રી! સતીઓનાં ચરિત્રો વિચારી તેવી દશા પ્રાપ્ત કરી તું પણ તેઓની પંક્તિમાં ગણાજે. "મિતાહાર (લૌલુપ્ય વગર ક્ષુધા પૂરતો આ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હાર કરવો તે), અલ્પ ઉંઘ, વિકથા–ત્યાગ, વડીલોનો વિનય, ધર્મ ઉપર રૂચી, અને પતિ આજ્ઞાનું સન્માન કરનારી સ્ત્રીઓને સંકટ સ્પર્શી પણ શકતું નથી. વિકથામાં પડવાથીજ મારણ, ઉચ્ચાટન, મોહન, વશીકરણાદિક અનર્થોના ભોગ નારીઓ થાય છે માટે અવકાશ પ્રસંગે ધર્મતત્વનું ચિંતન કરજે. સારાં ચરિત્રો વિચારજે અને પતિગુણ શ્રેણીને સ્મરજે. પતિને અનુકૂલ રહી તારો સ્ત્રી ધર્મ યથાર્થ જાળવજે એજ આશીષ છે.”

મહેશ્વરે સર્વને યથાયોગ્ય સાત્વન આપ્યું. સર્વ સગાંઓ ઘર તરફ પાછાં વળ્યાં. અને મહેશ્વર નર્મદા સહિત મજલ દર મજલ ચાલતાં પોતાના ગામ આવી પહોંચ્યો. ઘેર આવતાંજ માતા પિતાએ આશ્ચર્ય તથા હર્ષથી તે દંપતીને આશીષપૂર્વક વધાવ્યાં. નર્મદા સાસુ સસરાને નમી મંગલ–આશીર્વાદ પામી. રૂષિદત્તાએ સહદેવ વિગેરેનું કુશળ પૂછયું. નર્મદાએ સર્વ યથાર્થ કહ્યું. રૂદ્રદત્ત પોતાના પુત્રની આ પ્રયુક્તિથી પ્રમુદિત થયો.

ઋષિદત્તાને પણ સમ્યકત્વથી ભ્રષ્ટ થયાનો પશ્ચાતાપ થતો હતો તેથી તે તેવા શુભ સંસર્ગને ઇચ્છતી હતી. અને માટેજ જાણે પોતાને સમ્યક્ ધર્મમાં સ્થિત કરવાજ તે આવી હોયની એમ ઋષિદત્તા નર્મદાને જોવા લાગી. નર્મદાને પણ તે અનુકૂળ થયું. સંઘટ્ટ થયેલી અનુકૂળતાની અસર રૂદ્રદત્ત અને મહેશ્વરને પણ થવા લાગી. ખરેખર ! પુણ્યવાન પ્રાણીઓનાં પગલાં શ્રેયઃકારીજ હોય છે. નર્મદાને માટે તેના વિધમાર્ગમાં કશો પણ પ્રતિબંધ નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૧૦ મું.

### પ્રતિવ્રતા સ્ત્રીઓનો નિત્ય-પાઠ.

**कार्येषु मंत्री करणेषु दासी, भोज्येषु माता शयनेषु रंभा ।**
**धर्मानुकूलाक्षमयाधरित्री, षाड् गुण्यमेताद्धि पतिव्रतानाम् ॥**

કાર્યને વિષે મંત્રી સમાન, શુશ્રુષા સમયે દાસી સમાન, ભોજન સમયે માતા સમાન, શયનને વિષે રંભા અપ્સરા સમાન, ધર્મને વિષે અનુકૂલ તથા પૃથ્વીની જેમ સર્વ સહન કરનાર ક્ષમા ગુણવાળી હોય એ છ ગુણો પતિવ્રતા સ્ત્રીઓમાં અવશ્ય હોય છે.

આપત્તિના સમયે, કોઇ વ્યવહારીક ખટપટની ગુંચવણમાં કે દેવા (કરજ) ની ચિંતામાં પતિને પતિવ્રતા સ્ત્રી મંત્રીની માફક યોગ્ય સલાહ તેમજ સહાય આપે છે. પોતે અલંકારના મમત્વનો ત્યાગ કરે છે. ખપ હોય તો પોતાના અલંકાર સ્વામીને સ્વાધીન કરે છે. ટુંકામાં પતિને કંટાળો નહિ આપતાં ચિંતા મુક્ત કરી રાજાના મંત્રીનું કામ સારે છે.

વળી પતિ નરમ ગરમ હોય ત્યારે તેમજ દરેક ક્રિયામાં તેની આજ્ઞા ઉઠાવી તેને રંજન કરવામાં દાસીતુલ્ય સતી સ્ત્રી થઇ રહે છે. માતા જેમ પોતાના પુત્રને વ્હાલથી પથ્ય અને મિષ્ટ નવીન નવીન પદાર્થો કરી ખવરાવે છે તેમજ ભોજન સમયે નાથની બરદાસ નારીઓ કરે છે. ભોજન વખતે કોઇ પણ ખટપટની વાત કરી પતિને પ્રેમાળ પ્રત્નિ ઉદાસ કરતી નથી. શયન સમયમાં શયનગૃહ સારી રીતે શણગારી યોગ્ય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વસ્ત્રો ધારણ કરી પતિને તેની રૂચી અનુસાર તે પ્રેમપૂર્વક રંજીત કરે છે. ધર્મમાર્ગમાં પણ પતિને સુશીલ સ્ત્રી સ્હાય કરે છે. પરંતુ પતિ સંસારથી રખે વિરક્ત થઇ જાય તેવો વિચાર તે કરતી નથી કેમકે ધર્મ એજ સુખનો હેતુ છે.

પતિ સાચો કે ખોટો ઠપકો આપે, મતભેદના કારણથી ગુસ્સે થાય, કદાચ તેની પ્રકૃતિ તામસ હોય, કદાચ મૂર્ખ હોવાથી ગમે તેવી ચેષ્ટાથી સતાવે, અને કદાચ મારે તો પણ પૃથ્વી જેમ સર્વભારને સહન કરે છે તેમજ સતી સ્ત્રી તે સઘળું સહન કરે છે. આ છ ગુણો પતિવ્રતા સ્ત્રીઓએ અવશ્ય ધારણ કરવા.

તે છ ગુણોથી યુક્ત રહી અખંડ શીયલવ્રત પાળનાર મહાસતીઓને નમસ્કાર.

પતિ રોગી, ધનહીન, મતિહીન, નિર્બળ તથા ગમે તેવી સ્થિતિવાળો હોય હોય તો પણ સતી સ્ત્રીઓએ તેને દેવતુલ્ય ગણવો.

પતિ પોતાની ફરજમાં ભૂલ કરે તો પણ પતિવ્રતા પત્ની પોતાની ફરજ ચુકતી નથી.

પોતાના પતિના સુખરૂપ ક્ષીરને તજીને વ્યભિચારરૂપ ખારૂં નીર પીનાર કૂવડો કદિ પણ વિષય-તૃપ્ત થતી નથી. ગુણની કસોટી સંકટમાંજ છે. કદાચ શીયલ પરત્વે આફત આવે તોપણ પ્રાણત્યાગ થાઓ તે ભલે પરન્તુ સતી સ્ત્રીઓ લેશ માત્ર મનને પણ ચળાવતી નથી.

નવવાડો ( નવ નીયમો )નું નિરંતર શીયલવાન નરનારીઓ પાલન કરે છે.

શીયલભંગનો પ્રસંગ ન આવે તેવો ડર કાયમ હૃદયમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાખનારી મહા સતીઓ અતિ છૂટથી બોલતી નથી, લજ્જાનો ત્યાગ કરતી નથી, અતિ હાસ્ય કરતી નથી, પરપુરૂષ સાથે એકાંત અગર જાહેરમાં પણ વિનોદ વાર્તા કરતી નથી, હલકી વાતોમાં ભાગ લેતી નથી, પતિની અવજ્ઞા કરતી નથી, સ્વરૂપવાન અન્ય પુરૂષને ટીકી ટીકી નિરખતી તો નથીજ, પરન્તુ સામું પણ જોતી નથી, વેશ. વાણી, આચાર, શ્રૃંગાર વિગેરેમાં મર્યાદાનો ત્યાગ કરતી નથી. કોઇના ભોગ સંબંધી વાતો સાંભળતી કે સ્મરણ કરતી નથી, વિષયોત્પાદક વાતોથી વેગળી રહે છે, કામોત્પાદક ( માદક ) પદાર્થો કે ઔષધીઓનું સેવન કરતી નથી અને ટુંકામાં સર્વથા પતિમાંજ તન્મય બને છે. જગતમાં પોતાનું સર્વસ્વ પતિમાંજ માને છે. પતિ એજ પોતાનું જીવન છે એમ માને છે. વેળા કવેળા ઘર બહાર જતી નથી.

શીયલ રૂપ દેહ ધારણ કરનારી સતી સ્ત્રીઓનું શૌર્ય દેવતાઓને પણ પરાજીત કરે છે, સંકટોની શ્રેણીને સહજમાં નાશ કરે છે, અને ઇચ્છિત સુખોને ઇચ્છા કરતાંજ પ્રાપ્ત કરે છે.

મન, વચન, તથા કાયા એ ત્રિકરણ યોગની શુદ્ધિથી બ્રહ્મચર્ય પાળનારાઓના પાદારવિંદમાં ઇંદ્ર પણ પોતાનું માથું નમાવે છે તે બ્રહ્મચર્ય ધર્મને વારંવાર વંદન કરૂં છું.

તે પવિત્ર બ્રહ્મચર્ય મને તેમજ સર્વને પ્રાપ્ત થાઓ !

વોળાવતી વખતે માતાએ આપેલી નિત્ય–પાઠની ન્હાની પોથીને સતી નર્મદા રોજ સ્મરતી અને તથા વિધ યથાર્થ આદરતી હતી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૧૧ મું.

## ધર્મકથા.

"અમુક રાજા જૂલમી કે દુરાચારી છે, અમુક રાજાની આ રીતિ ધિક્કારવા યોગ્ય છે, અમુક રાજ્યમાં તો ભોગ વૈભવનાં આવાં આવાં ઉમદા સાધનો છે, અમુક રાજાએ અમુક શત્રુને યુદ્ધમાં જીત્યો છે વિગેરે વિવિધ પ્રકારની રાજકથા, અમુક દેશ નિર્માલ્ય છે, અમુક દેશ ફળદ્રુપ છે, અમુક દેશના માણસો વ્યભિચારી, ચોર કે જુગારી છે, અમુક દેશની ઇમારતો, બાગબગીચા, રાજ્ય મહાલયો વિગેરે જોવા લાયક છે ઇત્યાદિ પ્રકારની દેશકથા. અમુક સ્રી આવી છે, અમુક સ્રી તેવી છે, અમુક રૂપાળી અને અમુક કદરૂપી છે, અમુક સ્રીને ભર્તારથી બનતું નથી, અમુક સ્રી ધણીની માનિતી છે, અને અમુક સ્રીએ તો કામણ કરી ધણીને ઘેલો બનાવ્યો છે વિગેરે પ્રકારની સ્રી કથા ( સ્રીઓ માટે પુરૂષ કથા ), અમુક ભોજન તીખું છે, અમુક ભોજન તો કેવળ ખાટું થઇ બગડી ગયું છે, અને અમુક પકવાનની મિષ્ટતા વિષે તો પૂછવુંજ શું વિગેરે અનેક પ્રકારની ભોજન કથા, આ ચાર મુખ્ય વિકથા (માઠી કથા)ઓ કહેવાય છે. ધર્મીષ્ઠ રાજાઓની કે સતી સ્રીઓની પ્રસંશા તે વિકથા નથી. જે કથાથી આત્માનું હિત ન થાય કિંવા અહિત થાય અથવા આત્મા મલીન વૃત્તિવાળો થાય તે વિકથા કહેવાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવી વિકથાઓમાં લેશ પણ લાભ ન હોવા છતાં મનુષ્યો નાહક તે તાઢા પહોરના તડાકા અગર કૂથલીમાં પોતાની જીંદગીનો અમુલ્ય વખત વ્યતીત કરે છે. તેમાં પણ કેટલીક વખત વિવાદી પુરૂષો મમત્વમાં આવી જઈ સાચાનું જૂઠું અને જૂઠાનું સાચું ભરડી નાખે છે. તે પ્રસંગે અરસ-પરસ વાદ થતાં વાત વધી જઇ ઈર્ષા અને વૈરનું બીજ વવાય છે. આટલાજ માટે શાસ્ત્ર વારંવાર પોકારી પોકારીને વિકથા ત્યાગ કરવાને ફરમાવે છે. અનેક દુરાચારો પણ વિક-થાનેજ આભારી છે. કિંપાક તુલ્ય ઇંદ્રિયોના દારૂણ વિષ-યોને પણ વિકથાજ પુષ્ટિકારક છે. વિકથા અને તેના પરિણામ રૂપ દુરાચારોથી બાલજીવોને બચાવવા માટેજ સામાયિક, પૌષધાદિક સત્ ક્રિયાઓની યોજના અત્યુત્તમ છે. તે વ્રતોમાં માત્ર ધર્મકથાજ થાય છે. તે વ્રતના વિશેષ અભ્યા-સીઓ તો ધ્યાન પણ નિશ્ચલતાથી કરી શકે છે. ધર્મકથાથી ધર્મવસ્તુ સમજાય છે. યથાશક્તિ અધ્યયન કરવાથી કે વાંચવાથી અગર શ્રવણ કરવાથી ( શ્રદ્ધાપૂર્વક ) જીવા જીવા-દિક તત્ત્વોનું જ્ઞાન થાય છે. આત્મા અને પુદ્ગલના ભિન્ન સંબંધનું ભાન થાય છે, અને તેમ થવાથી પુદ્ગલ માટે કરાતાં પાપોમાં પ્રવૃત્તિ ઓછી થાય છે. કર્મરાજાની વ્યવસ્થા ( બંધારણ ) કેવી છે તે યથાર્થ સમજાય છે, તથા તે સમ-જાવાથી પાપભીરૂપણું પ્રાપ્ત થાય છે અને તેથી સહેજે સહેજે સાવધ રહી શકાય છે. સત્પુરૂષોના ચરિત્રો વાંચવાથી કે સાંભળવાથી આત્મ–વીર્યની સ્ફૂરણા થાય છે અને તેથી પરિણામે આત્માને અતીવ લાભ સાંપડે છે. સજ્જનોએ એક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માત્ર ધર્મકથાજ કરવા યોગ્ય છે. કર્મવશાત્ સામયિકાદિક ક્રિયાઓમાં ન જોડાઇ શકાય તો પણ અવકાશે વિકથાને ધર્મકથાવડેજ રોકવા યોગ્ય છે. અર્થાત્ વિકથા રોકી ધર્મ-કથાનો અભ્યાસ કરવો ઘટે છે. વિકથા હેય ( ત્યાજ્ય ) અને ધર્મકથા ઉપાદેય ( કર્તવ્ય ) છે. ધર્મકથા અને તેની વિચા-રણાથીજ જ્ઞેય, હેય અને ઉપાદેય પદાર્થો જાણી શકાય છે. જ્ઞેય બરાબર જાણવાથી શ્રદ્ધા ( સમ્યકત્વ ) સુદ્રઢ બને છે, હેય તજવાથી આશ્રવોને (કર્મ આવવાના માર્ગો–ઉપાયો) અટકાવી શકાય છે, અને ઉપાદેય આદરવાથી વ્રતાદિકની પ્રાપ્તિ થતાં અને છેવટે સમભાવ સ્થિતિ સંપ્રાપ્ત થતાં નિબીડ કર્મોની પણ નિર્જરા થાય છે. ધર્મકથા સદ્‌ગુરૂ પાસે સહજજ થાય છે કેમકે તેઓ વિકથા કરતાજ નથી. ધર્મકથા માટેજ તેમનું જીવન છે અને તેથીજ સત્ સમાગમ ઉત્કૃષ્ટ ફળ-દાયક કહેલ છે.

સત્ સંગત અતિ શ્રેષ્ઠ જગતમાં, લોઢું કંચન થાયે;
સતસંગથી નર પામર પશુ નારાયણ બની જાય.

સતી સીતા.

વળી પણ–त्यज दुर्जन संसर्गं भज साधु समागमम्
कुरु पुण्य महोरात्रं, स्मर सर्वेश्वरं सदा

અર્થ—દુર્જનનો સંગ ત્યાગી સાધુનો સમાગમ કર વળી અહોરાત્ર પુણ્ય કર અને સર્વ પ્રાણીમાત્રના ઈશ્વરનેજ સદા સ્મર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વળી.—जाड्यं धियोहरति सिञ्चति वाचि सत्यं
मानोन्नतिं दिशति पापमपाकरोति
चेतःप्रसादयति दिक्षु तनोति कीर्ति
सत्संगतिः कथय किं न करोति पुंसाम्

અર્થ—અહો ! કહો કે મનુષ્યોને સત્સંગતિથી શું શું લાભ નથી વારૂ ? જે બુદ્ધિની જડતા હરે છે, વાણીમાં સત્યતાને સીંચે છે, માનોન્નતિ દેખાડે છે, પાપ દૂર કરે છે, ચિત્તને પ્રસન્ન રાખે છે, અને દિશાઓને વિષે કિર્તી વિસ્તારે છે તે સત્સંગત અવશ્ય લાભકારકજ છે.

સદ્ગુરૂ મહારાજ પાસે તત્ત્વ જીજ્ઞાસુઓ હમેશાં શાસ્ત્ર શ્રવણ કરે છે. જે કાંઈ ન સમજાય તે પૂછી યથામતિ સમજે છે. ખરેખર ! તે અતિ પ્રશસ્ત છે, હમેશાં તેમ આદરવું જોઇએ. જેઓએ શાસ્ત્ર શ્રવણ કર્યું નથી તેઓ ખરેખરા બહેરા જાણવા. ગુરૂ સમજાવતાં છતાંપણ કોઈ સૂક્ષ્મ વાત ન સમજાય તો શંકાના ચકડોળે ચડી શાસ્ત્રનો દોષ દાખવવાનું દોઢડહાપણ નહિ કરતાં પોતાના જ્ઞાનાવરણીય કર્મની નિંદાગર્હા કરવી. પોતાના આખા કુટુંબને ભેળું કરી ગુરૂ મહારાજ પાસેથી જે કાંઈ સાંભળ્યું હોય તે ફરીને કહી જવું તથા વિચારી જવું એ વિશેષે કરીને સ્વ–પર કલ્યાણ કારી છે. એટલુંજ નહિ પણ શાસ્ત્ર શ્રવણ ન કરનારાઓને પણ ભાવ ઉત્પન્ન થવાનું કારણ છે.

વિકથા અને વિકલ્પોમાંથી બચવાનું શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર મંત્રનો જાપ એ પણ પરમ સાધન છે. અવકાશ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રસંગે આરાધક આત્માઓ તેનોજ જાપ કરે છે કે જે ચૌદ પૂર્વના સારરૂપ છે અને જેના નવ લાખ જાપ (ઉપયોગ પૂર્વક) થી નરકનું પણ નિવારણ થઈ શકે છે.

નવલાખ જપંતાં નરક નિવારે, પામે ભવનો પાર;

જે મહામંત્રના પ્રભાવથી અનેક આત્માઓ પોતાની અતી દુઃસ્થિતીમાંથી પણ પોતાનો ઉદ્ધાર કરી શકયા છે. અરે! કહોને કે તરનારા સર્વ પ્રાણીઓ એ મહામંત્રનાજ પ્રભાવથી તર્યા છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૧૨ મું.

## સકળ કુટુંબને સમ્યકત્વનો લાભ.

આપણી વાર્તાની નાયિકા મહાસતી નર્મદામાં ગત પ્રકરણમાં જણાવેલી ધર્મતત્વો કુટુંબને સમજાવવાની શૈલી હોય તેમાં શું આશ્ચર્ય? નર્મદા હમેશાં જીનેશ્વર ભગવંતની શેવા કરે છે. જૈનાચાર્યોની પાસે શાસ્ત્ર શ્રવણ કરવા જાય છે અને જ્ઞાનાધ્યયન તથા યથાશક્તિ વ્રતાદિકનું આરાધન આર્યશ્રી પાસે કરે છે. ઋષિદત્તા પણ હવે તેના સંસર્ગથી જાણે સ્પર્ધાવડે ન કરતી હોય તેમ તેને અનુસારે સર્વ કાંઇ કરે છે. આથી એક બીજાને વધારે અનુકળતા પ્રાપ્ત થઇ છે. તેમને કોઇનો પ્રતિબંધ છે નહિ અને હોય તોપણ નર્મદાની મધુર તથા વિનીત વાણી પાસે નભી પણ શકે નહિ, કેમકે વાણીનું માધુર્ય એજ કાર્ય સિદ્ધિનું ચાતુર્ય છે. રૂદ્રદત્ત તથા મહેશ્વર પણ કદાગ્રહી નથી, કિન્તુ સરળ છે. તેથી તેઓને પણ કાંઇ કાંઇ લાભ પ્રાપ્ત થાય છે. નર્મદા પ્રસંગે પ્રસંગે પોતાના સ્વામીને જૈન દર્શનની મહત્વતા જણાવે છે તથા સમ્યકત્વ અંગીકાર કરવાનું સૂચવે છે, તે વખતે મહેશ્વર માત્ર તત્વ પ્રાપ્ત કરવા માટેજ ( નહિ કે વિડંબના રૂપ વિવાદ માટે ) શંકાઓ કરે છે. પ્રિય વાંચક ! આજે આપણે તે પતિ–પત્નીનો ધર્મચર્ચાનો ઉત્તમ પ્રસંગ જોવાનો છે. જુઓ ! પેલી મહેશ્વરની ગાંભિર્ય યુક્ત જીજ્ઞાસુ મુદ્રા અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નર્મદાની વિનીત મૂર્તિ ! "રમે ! તમે વારંવાર સમ્યકત્વ ગ્રહણનો આગ્રહ કરો છો કિન્તુ શબ્દ માત્રથી હિતાહિત કાંઇ પણ નથી. સમ્યકત્વ એટલે શું ? સમ્યકત્વનું ફલ શું ? અને સમ્યકત્વને માટે આટલો વિશેષતાથી આગ્રહ કરવાનો હેતુ શું ? તેની સ્પષ્ટતા થાય તો તો ઠીક." મહેશ્વરે પૂછ્યું.

"પ્રભુ !" નર્મદાએ મધુરગિરાથી પ્રારંભ કર્યો. કોઈ પણ તત્વને યથાર્થપણે જાણવું, યથાર્થપણે માનવું (સદ્દહવું–શ્રદ્ધા રાખવી) અને તેને યથાર્થ વર્તનમાં મૂકવું, અર્થાત્ તજવા યોગ્યને તજવું, જાણવા યોગ્યને જાણવું અને આદરવા યોગ્યને આદરવું તેને સમ્યકત્વ કહે છે. સમ્યક્ એટલે યથાર્થ, તેથી વિરૂદ્ધ તે મિથ્યાત્વ. મિથ્યાત્વપણું તે મિથ્યાત્વ. ઉદાહરણઃ–જીવને અજીવ જાણવો કે માનવો અથવા અજીવને જીવ જાણવો કે માનવો તે મિથ્યાત્વ. અને જીવને જીવ તથા અજીવને અજીવ જાણવા, માનવા તે સમ્યકત્વ. દયાને ધર્મ તથા હિંસાને અધર્મ જાણવા, માનવા અને તદનુસાર દયા આદરવી તથા હિંસાનો ત્યાગ કરવો તે સમ્યકત્વ. પરંતુ તેથી વિપરીત દયાને અધર્મ તથા હિંસાને ધર્મ માની હિંસા આદરી દયાનો ત્યાગ કરવો તે મિથ્યાત્વ. યજ્ઞાદિકમાં ધર્મને નામે થતી હિંસામાં મિથ્યાત્વની અતીવ તીવ્રતા છે. જુઠું બોલનારને "તમે મિથ્યા બોલો છો !" એમ કહેવામાં આવે છે તે સાદી વાત તો સર્વ જાણે છે. ટુંકામાં સાચું તે સમ્યકત્વ અને જુઠું તે મિથ્યાત્વ. મિથ્યાત્વ એજ જન્મ–જરા મરણના ભયંકર દુઃખોથી વ્યાપ્ત ચતુર્ગતિરૂપ સંસાર–પરિભ્રમણનો હેતુ છે. અને તેટલા માટેજ મિથ્યાત્વનો ત્યાગ કરી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સમ્યકત્વનો અંગીકાર કરવો ઘટે છે. કારણ કે આત્માનું સ્વાભાવિક અનંત સુખ સમ્યકત્વથી સાંપડે છે. ”

મહેશ્વર—“ એ બધુંએ સત્ય, વ્યાખ્યા સરલ અને ન્યાય યુક્ત, પણ તમારા આગ્રહનો આશય–તમારૂં ઇચ્છિત વધારે સ્પષ્ટતાથી કહો કે અમારામાં મિથ્યાત્વ કયું છે કે જેનો ત્યાગ કરવા આ આગ્રહ છે. ”

નર્મદા—પ્રમાણ ! આજ્ઞાનોજ વિલંબ હતો. નાથ ! પ્રાણી માત્રની પ્રવૃત્તિ સુખના માટે છે. સુખ બે પ્રકારનું છે. વિનાશી તથા અવિનાશી. વિનાશી તે ક્ષણિક–પૌદ્ગલીક અને અવિનાશી તે અનંત–આત્મિક, વિનાશી સુખ જીવને અનેક વખત પ્રાપ્ત થયું છતાં તેની તૃષ્ણા મટી નહિ તો તે સુખ માટે મથવું તે મિથ્યાત્વ. અવિનાશી સુખના માટેજ પ્રયત્ન હોવો જોઇએ. અને તે અવિનાશી સુખની પ્રાપ્તિની આશાએ જુદા જુદા પ્રાણીઓ, જુદા જુદા દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરે છે કે ? ”

મહેશ્વર—“ હા. ”

નર્મદા—“ હવે વિચાર કરો કે જો સર્વનો હેતુ એકજ છે તો તેમની પ્રવૃત્તિમાં ફેરફાર શાથી ? જુદા જુદા દેવ ગુરૂધર્મને માનવાનું કારણ શું ? ”

મહેશ્વર—“ કારણ એજ કે જુદી જુદી માન્યતા. ”

નર્મદા—“ ખરૂં છે. હવે કહો કે પરસ્પર કેવળ વિરૂદ્ધતા ધરાવનારા સર્વ દેવ, સર્વ ગુરૂ અને સર્વ ધર્મ તો મુક્તિના હેતુ હોઇ શકે નહિ ? ”

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મહેશ્વર—"કદી નહિ, જો તેમ હોય તો અન્યોન્ય વિરૂદ્ધતા ન વર્તે."

નર્મદા—"વળી મુક્તિ માર્ગના જીજ્ઞાસુઓનો (મુમુક્ષુઓનો) દેવ, ગુરૂ અને ધર્મ એ ત્રણ ઉપરજ આધાર રહ્યો છે એ તો નિશ્ચય છે."

મહેશ્વર—"તે શી રીતે?"

નર્મદા—"સત્યાસત્યનું ભાન ધર્મથી થાય છે. ધર્મના જાણનારા સર્વ હોઇ શકતા નથી. માત્ર ધર્મને માટેજ જેણે જીવન અર્પણ કર્યું છે તે ગુરૂ મહારાજાથી ધર્મની માહિતી મળે છે. અને ગુરૂ પણ સ્વકપોલ-કલ્પિત ધર્મ કહેતા નથી. (તેમ કહેનારા ગુરૂ પણ નહિ.) કિન્તુ દેવ (સ્વર્ગવાસી દેવ નહિ કેમકે તેઓ સંસારમાં ભમતા છે પણ આતો સંસારનો જેણે નાશ કર્યો છે એવા, રાગદ્વેષને જેણે જીત્યા છે તથા મોહનો સર્વથા ધ્વંસ કર્યો છે જેણે એવા ત્રણ જગતના દેવ-ઈશ્વર-પરમાત્મા-ભગવાન્ વિગેરે) નો પ્રરૂપેલો દર્શાવે છે. માટે ધર્મના પ્રરૂપક દેવ અને ઉપદેશક ગુરૂ છે. માટે દેવ, ગુરૂ અને ધર્મ એ ત્રણની ખાસ જરૂર છે.

મહેશ્વર—"સબૂર, ગુરૂ, દેવનો દર્શાવેલો ધર્મ ઉપદેશે, પણ દેવ તો પોતાની ઇચ્છા મુજબજ ધર્મ કહેને?"

નર્મદા—અનાદિકાલથી ધર્મ એકજ પ્રકારનો હોય છે. ધર્મમાં ફેરફાર હોતોજ નથી. સત્ય એજ ધર્મ. સત્ય ન હોય ત્યાં ધર્મ ન હોય. અને દેવ અસત્ય કહે નહિ. અસત્ય સ્પૃહાવાન પુરૂષો બોલે છે. દેવ નિસ્પૃહી હોય છે અને તેથી તેમને અસત્ય બોલવાનું કારણ નથી. કર્મક્ષયથી પ્રગટેલા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કેવળજ્ઞાન અને કેવળદર્શનથી ભગવાન જે જાણે અને જે સાક્ષાત્ દેખે (તેના જાણવા કે દેખવા બહાર કશું ન હોય) તેજ તે કહે—સર્વ પદાર્થો યથાર્થપણે કહી યથાર્થ વર્તન ઉપદેશે તેજ ધર્મ તે સમ્યકત્વધર્મ. આવા જ્ઞાની દેવો જેટલા થયા છે તે સર્વનો ધર્મોપદેશ એકજ પ્રકારનો હોય છે."

મહેશ્વર—"વારૂ હવે જે કહેવું હોય તે કહી નાખોને?"

નર્મદા—નાથ, ક્ષમા કરો. હું અલ્પમતિમાન છું. ધીમે ધીમે કહું છું, ધન્ય છે તમારી તત્વ જાણવાની આ પ્રબળ જીજ્ઞાસાને! હવે જૂદાં જૂદાં આ ત્રણ તત્વો કે જેના ઉપર આત્મોન્નતિનો ખાસ આધાર છે તેમાંથી કયા ત્રણ તત્વો ગ્રાહ્ય છે? આરાધવા યોગ્ય છે? એ તો નિશ્ચય થયો છે કે સત્યગ્રાહ્ય છે. તો સત્‌દેવ, સત્‌ગુરૂ, અને સત્ ધર્મજ ગ્રાહ્ય છે. હે નાથ! જે વિચારવાનું છે તે એજ છે કે તે દેવગુરૂ ધર્મ કયા છે. અને તેજ અંગીકારવા યોગ્ય છે."

મહેશ્વર—" સબૂર, શાસ્ત્રમાં ભગવાન કહે છે કે.

**[1]श्रेयान् स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात्**
**स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥**

અર્થ—સ્વધર્મ કાંઇક ઓછે અંશે પાળવામાં આવે તો પણ તે, પૂર્ણ અંશે પાળેલા પરધર્મ કરતાં શ્રેષ્ઠ છે. સ્વધર્મ

૧ આ શ્લોકો ભગવદ્ ગીતામાં ત્રીજા તથા અઢારમા અધ્યાયમાં છે. ઉભય શ્લોકો અર્જુનની શમદમનાદિક બ્રહ્મ ધર્મની વૃત્તિ ફેરવી તેને યુદ્ધમાં પ્રેરવા માટે છે. જુઓ મણિશંકર ગોવિંદજી કૃત ભગવદ્ ગીતા વિવેચન.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાળતાં મરણ થાય તે સારૂં છે પરંતુ પરધર્મ તો અનિષ્ટ કરનાર છે.

વળી. **श्रेयान् स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात्**
**स्वभाव नियतं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ॥**

અર્થ—સારી ગોઠવણવાળા પરધર્મ કરતાં કાંઇ અનુચિત ગોઠવણવાળો જણાતો હોય તોપણ સ્વધર્મજ ઘણો સારો છે. સ્વભાવથી નીમાયેલું કર્મ કરતો પુરૂષ દોષને પ્રાપ્ત થતો નથી.

પ્રિયે ! આ શ્લોકો સૌને પોતપોતાના ધર્મમાં રહેવાની આજ્ઞા કરે છે. યુદ્ધ હિંસાયુક્ત છતાં પણ ક્ષત્રિયોને તે સ્વધર્મ હોઇ કર્તવ્ય છે. તેમજ બ્રાહ્મણોને યજ્ઞાદિક, વૈશ્યોને વ્યાપાર ઈત્યાદિક કર્તવ્ય છે. અને જો એમજ નિર્માણ છે તો પછી વિચારવાનું શું છે ? આટલા માટેજ હું તમને પણ પ્રતિબંધ કરતો નથી એ કયાં તમારા જાણવા બહાર છે ? ”

નર્મદા—“ નાથ ! એવો કદાગ્રહ તેજ મિથ્યાત્વ. એ તો એક સાદી વાત છે કે સજ્જનો કિંવા પંડિતો “ મારૂં તે સારૂં ” નથી માનતા પણ “ સારૂં તે મારૂં ” માને છે. પ્રાણી માત્રના હિતના અર્થે દર્શાવાયેલો ધર્મ સર્વને એક સરખી રીતેજ પાળવા યોગ્ય છે. જો કુળધર્મ એજ સ્વધર્મ હોય તો ચંડાળ કે જેનો જીવહિંસાનોજ કુળધર્મ છે તેને શું કેવળ નિર્દોષ માનવો ? નહિજ. યજ્ઞ માટે થતી હિંસાને ધર્મ કેમ મનાય ? હિંસામાં જો ધર્મ માનીએ તો તો પછી આ બધાં શાસ્ત્રોનું શું કામ છે ? હિંસાથી ધર્મ માનનારાઓ અગ્નિથી કમળવનની ઉત્પત્તિ ઇચ્છે છે. ક્ષત્રીઓને માટે શૌર્ય શું આ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મૃગલાં મારવા માટે છે? નહિ! નહિ! નિર્દોષ પ્રાણીઓનો મૃગયાથી વધ કરનાર ક્ષત્રિયો તો નર્કનાજ અધિકારી થાય છે. વળી તેમના શૌર્યની અવધિ શું આ પ્રતિપક્ષી રાજાઓ રૂપ બાહ્યશત્રુઓને જીતવા પુરતીજ છે? નહિ, નહિ, તે શત્રુઓ ઉપરના દ્વેષને ઉપશાંત કરી, તે દ્વેષનું કારણ રાજ્ય તેને રજ તુલ્ય ગણી ઇંદ્રિય વિષયોને (જેને માટે યુદ્ધાદિક થાય છે) જીતવા એજ પરમ પુરૂષાર્થ છે. ટુંકામાં માનેલો ધર્મ તે ધર્મ ન કહેવાય પણ સત્ય ધર્મ તેજ ધર્મ. વિષ્ટામાં જેમ સુગંધ ન હોય તેમ હિંસામાં ધર્મ નજ હોય. તે ધર્મ, તે ધર્મના ઉપદેશક, ગુરૂ અને દેવને માનવા તેજ મિથ્યાત્વના પ્રકારોમાંનો એક છે."

મહેશ્વર—જેને તમે મિથ્યાત્વ કહો છો તેના શું વિશેષ પ્રકારો છે કે? હોય તો તે પણ ભેગાંજ જણાવો."

નર્મદા—સ્વામી! તે સાંભળો,

૧. આભિગ્રહિક મિથ્યાત્વ–કલ્પિત શાસ્ત્ર ઉપર મમત્વ રાખવો તે. કુદેવ, કુગુરૂ તથા કુધર્મના મમત્વને લઇ પરપક્ષ-પર કદાગ્રહ કરવો તે.

૨. અનાભિગ્રહિક મિથ્યાત્વ—સર્વ દેવ, સર્વ ગુરૂ અને સર્વ ધર્મ વાંદવા યોગ્ય છે એમ વર્તવું તે. આમાં સોનું અને પિત્તળ, તથા હીરો અને કાચ સરખા ગણવાની જેમ સત્ય તથા અસત્ય સમાન ગણાય તેજ મિથ્યાભાવ છે. લૂણો લાગેલી ભિંતના જેવા હિંસાયુક્ત ધર્મ તથા જગતના પ્રાણી માત્રને હિ-તકારક દયા ધર્મ એ ઉભયને સમાન ગણવા તે મિથ્યાભાવ છે. વળી સત્ય હોય ત્યાંજ ધર્મ હોય કેમકે સત્યના આધારે જે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લવણુસાગર મર્યાદા મૂકતો નથી, ચંદ્ર સૂર્ય હમેશ ઉગે છે, સરોવર તથા સરિતાઓ વહન કરે છે, તરૂવરો ફળે છે, વાયુ ઉર્ધ્વ નથી વાતો અને અગ્નિની અધોગતી નથી થતી. પરસ્પર વિરૂદ્ધ એવા ઉભય ધર્મમાં (સર્વ ધર્મમાં) સત્યતા માનવી તે આ પ્રકારનું મિથ્યાત્વ [1]

૩ સાંશયિક મિથ્યાત્વ–શુદ્ધ દેવ, શુદ્ધ ગુરૂ અને શુદ્ધ ધર્મને માને ખરો પરંતુ તે સાચા હશે કે ખોટા એવી વારંવાર શંકા કરે. તપસ્યાદિક ક્રિયા કરતો છતો તેના ફલમાં શંકા રાખે. દેવલોક, મોક્ષ વિગેરે હશે કે નહિ? જીવાજીવાદિક તત્વોનું સ્વરૂપ શું આમ હશે ખરૂં? તીર્થંકરોના આવા આવા અતિશયો શું હોઇ શકે? વિગેરે વિગેરે શંકાઓ કરે તે. ન સમજાય તે વાત પૂછાય તો ખરી પરન્તુ કર્મયોગે સમજાવનારના અભાવે, અગર પોતાની સમજવાની શક્તિની ન્યૂનતાથી ન સમજાય તો શંકાને સુદૃઢ કરે તે. સૂક્ષ્મ અર્થનો સંશય તો સાધુને પણ થાય પરન્તુ સમજ ન પડતાં જ્ઞાનીનું વચન ખોટું ન કહે, કિન્તુ પોતાના જ્ઞાનાવરણીય કર્મનો પશ્ચાતાપ કરે અને જ્ઞાનીના અભાવે તત્ત્વજ્ઞાની ગમ્ય એવો છેવટનો નિર્ણય કરે પણ શંકા તો કરેજ નહિ. વધારે જ્ઞાનવાળાને પૂછવું એ તો ગુણવાનનું પરતંત્ર-

---

૧. હરિભદ્રસૂરિ કહે છે કે–"મને વીરનો પક્ષપાત નથી. કપીલાદિક તરફ દ્વેષ નથી. યુક્તિમાન (સત્ય) વચન આદરવું છે." સત્ય વચન નિઃસ્પૃહી જીનેશ્વર ભગવાન વિના અન્ય સ્પૃહાયુક્ત દેવ ગુરૂઓ કેમ કહી શકે!

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણું છે એમાં દોષ નથી કારણ કે સર્વ જીવોનો બુદ્ધિ વૈભવ સરખો હોતો નથી. લોઢાની દાબડીમાં પારસમણી છતાં તે સોનાની ન થાય તેનું કારણ માત્ર આડે રહેલો કાગળ છે તેમજ શુદ્ધ દેવગુરૂ ધર્મને માનતા છતાં પણ શંકા રાખનાર યથાર્થ ફળ મેળવી શકે નહિ.

૪. [૧]આભિનિવેશિક મિથ્યાત્વ—ધર્મનું પોતે યથાર્થ સ્વરૂપ સમજવા છતાં કોઇ પ્રકારના દુરાગ્રહથી પ્રરૂપણા (ઉપદેશ) વિપરીત કરે તે. અહંકારથી નવો મત સ્થાપવા કે ચલાવવા માટે, કિંવા વંદન નમસ્કારાદિ કરાવવાની અભિલાષાએ ઉલટો ઉપદેશ આપે તે. ગુરૂ ઓળવનારાઓને બહુધા આ પ્રસંગ પ્રાપ્ત થાય છે.

૫. અનાભોગિક મિથ્યાત્વ—વિચાર શૂન્ય એકેંદ્રિય જીવને સ્વભાવથીજ, તથા વિશેષ જ્ઞાનથી રહિત જીવોને થાય છે તે. ઉદાહરણ–જેમ મૂર્છિત પ્રાણીને કડવા તથા મીઠા સ્વાદની ભિન્નતા સમજાતી નથી તેમ.

સ્વામી! મિથ્યાત્વના મુખ્ય બે પ્રકાર. લૌકિક તથા લોકોત્તર. લૌકિક મિથ્યાત્વના ઉક્ત પાંચ પ્રકાર તથા લોકોત્તર મિથ્યાત્વ એટલે સુદેવ, સુગુરૂ, અને સુધર્મની ઉપાસના પૌદ્ગલિક સુખની આશાએ કરે. માંદગીથી બચવા માટે, ઇષ્ટ પ્રાપ્તિ અર્થે, દેવલોકના સુખની વાંછાએ, કે યશ કીર્તિ માટે સત્દેવની માનતા માને, કે એટલાજ માટે ગુરૂની વૈયાવૃત્ય કરે અને તેટલાજ માટે ધર્મક્રિયાઓ કરે. એ ઉભય

---

૧. ચોથો પ્રકાર તે ત્રીજા જાણવો અને ત્રીજો લખાયલો ચોથો જાણવો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મિથ્યાત્વ તજવા યોગ્ય છે. લોકોત્તર મિથ્યાત્વ સેવનાર પ્રાણી આત્મિક લાભ ( કે જેમાં પૌદ્ગલિક–અનાજના વાવેતરમાં ખડની જેમ–પ્રાપ્ત થાય છેજ ) ને પૌદ્ગલિક લાભ માટે હારે છે અર્થાત્ હીરાને સાટે કાચની ખરીદી કરે છે.

જ્યાં સુધી ભૂમિ શુદ્ધ ન હોય ત્યાં સુધી સર્વ સંસ્કારો વ્યર્થ છે. તેમજ મુમુક્ષોએ પ્રથમ આ સમ્યકત્વ ( મોક્ષ–માર્ગ–શુદ્ધિ ) ને પ્રાપ્ત કરવું જોઇએ છે. શંકા, કાંક્ષા ( અન્ય મતની આકાંક્ષા ), વિતિગિચ્છા ( ધર્મના ફળને વિષે સંદેહ ), કુમતિઓની પ્રસંશા અને તેમનો પરિચય. આ પાંચ સમ્યકત્વના દૂષણો છે."

મહેશ્વર—"બીજાઓની પ્રસંશા અને પરિચયને અટકાવવા એ કદાગ્રહ નહિ કે?"

નર્મદા—"**न गच्छेत् जैनमंदिरं**" એ કોનો કદાગ્રહ છે? પગ નીચે બળતું કોણ જુએ છે! કુસંગ પરિચયનો રોધ કરવો એને કોણ કદાગ્રહ કહેશે? કુમત કે કુમતિઓની પ્રસંશા ન થાય તેમાં શું અનુચિત વારૂ? લોકમાં પણ શું ચોરી અગર ચોરની પ્રસંશા કરનાર ગુન્હેગાર નથી? છેજ."

મહેશ્વર—"ઠીક, દરેક ધર્મ સ્થાપકોનો હેતુ જો એકજ છે તો તેના ઉપદેશમાં ફેર શાથી?"

નર્મદા—"અનાદિ કાલથી ધર્મ એક સરખોજ છે. સંપૂર્ણ કર્મ ક્ષયથી જેને સંસારનો સર્વથા નાશ થયો છે એવા ધર્મના જ્ઞાતા જ્ઞાનીઓ જે જે થયા છે તેઓની માન્યતામાં કે ઉપદેશમાં ફરક નથી. જ્ઞાનીઓ સ્પૃહારહિત હોય છે અને તેવા મહાત્માઓનો ઉપદેશ સત્યજ હોય છે. સ્પૃહાયુક્ત અજ્ઞાની-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઓના ઉપદેશમાં અસત્ય આવે છે. અર્થાત્ તેઓ પોતપોતાની સ્પૃહાતૃપ્તિ અર્થે તેવા પ્રકારનો ઉપદેશ આપે છે. નીચેના એક સામાન્ય ઉદાહરણથી તે વાત સ્પષ્ટ સમજાશે.

કથા રસિક જનમંડળમાં એક જણે એક કથાનો આ મુજબ આરંભ કર્યો. કોઇ નગરમાં એક કુમારિકા વણિક પુત્રી સારો પતિ મળવાની આશાએ દેવી પૂજન માટે પુષ્પો વીણવા નિરંતર કોઇ માળીની વાડીમાં જતી હતી. એકાંત અનર્થકારક છે. એકદા તેની અને માળીની અરસપરસ વૃત્તિ લલચાણી. માળીએ ભોગની પ્રાર્થના કરી. કુમારિકાવ્રત ભંગ થવાના ભયથી કુમારિકાએ પરણ્યા પછી પહેલો સંસર્ગ-તારાથી ( માળીથી ) કરવો એવી શરતે પતાવ્યું. થોડા દિવસ બાદ તે કુમારિકાના લગ્ન થયાં. સોળ શણગાર સજી જ્યારે તે શયનગૃહમાં પતિ પાસે ગઇ ત્યારે તેણે પતિને યથાર્થ વાત કહી માળીને ત્યાં જવાની રજા માગી. પતિએ વિચાર કર્યો કે જેણે કુમારિકાવ્રત જાળવ્યું છે તે પતિવ્રત પણ જાળવશે. વળી જો છૂપી રીતે ગઈ હોત તો હું કયાં જોવાનો હતો. તેણે રજા આપી. સારા અલંકારો પહેરી મીષ્ટ પકવાનનો થાળ હાથમાં લઇ તે માળીના ઘર તરફ ચાલી. રસ્તામાં ચોરો મળ્યા. આ સ્ત્રીએ તેમને કહ્યું. “ હું આશા ભરી જાઉંછું. વળતાં જરૂર અહીં આવીશ. ” આટલું કહી તમામ વાત કહી. જે વચન પાળવા માટે પરપુરૂષ પાસે જાય છે તે જરૂર અહીં આવશે એમ વિચારી ચોરોએ જવા દીધી. આગળ ચાલતાં એક ભૂખ્યો રાક્ષસ મળ્યો, તેને પણ ચોરોની માફક સમજાવવાથી તેણે પણ વિશ્વાસ આવવાથી જવા દીધી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તે માળીના ઘેર આવી પહોંચી. ઉંઘેલા માળીને જગાડી ઘર ઉઘડાવી તેમાં પ્રવેશ કર્યો. માળી પાસે ઉભી રહી યથાર્થ વાત કહી. માળી આશ્ચર્ય પામ્યો અને તેના ધણીના રજા આપવાના ધૈર્ય–સાહસને વખાણવા લાગ્યો, તથા પરનો હક્ક ડુબાવનાર પોતાના આત્માની નિંદા કરવા લાગ્યો. માળીએ તરતજ તેને ધર્મની બ્હેન કરી માઠી વિચારણાના અપરાધની ક્ષમા માગી, સારો સાસરવાસો કરી તરતજ પાછી મોકલી. રસ્તામાં રાક્ષસને યથાર્થ વાત કહી. રાક્ષસે પણ ખુશી થઇ તેને જવા દીધી અને એક અમૂલ્ય હાર આપ્યો. આગળ ચાલતાં ચોરો મળ્યા તેમને પણ બધી બીના જણાવતાં તેઓ પણ આશ્ચર્ય પામ્યા અને પોતાની લૂંટમાંથી કેટલુંક આપી તે બાઇને જવા દીધી. તે ઘેર આવી અને ધણીને ભેટી. પતિને સર્વ નિવેદન કરતાં પતિએ તેની પ્રસંશા કરી, અને ખુશી થયો.

આ કથા પુરી થતાં કથાકારે શ્રોતાઓ પાસે જુદા જુદા પાત્રો માટે અભિપ્રાય માગ્યો. મંડળમાં જુદી જુદી રુચીના મનુષ્યો હતા. તેમાં શુદ્ધ વૃત્તિવાળાઓએ તો યથાર્થ અભિપ્રાય આપી છેવટે કહ્યું કે જે થયું તે ઠીક જ થયું. અનાચારથી ડરવાપણું એ તેના સદ્ગુણે તે કુમારિકા ઠેઠ સુધી પવિત્ર રહી એમ કહી તેના તે ગુણની તેઓએ પ્રસંશા કરી; અને સર્વ પાત્રોની આ પ્રસંગે તો લાયકાતજ જળવાઈ છે એમ જણાવ્યું. માંસલોલુપીઓએ કહ્યું કે રાક્ષસ ખરેખરો ગમાર ! કેમકે મુખમાં આવેલું ભક્ષ માત્ર તેની પ્રતિજ્ઞારૂપ સ્ત્રીચારિત્રમાં ફસાઇ જવા દીધું. ચૌર્ય–કર્મની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રુચીવાળા બોલ્યા કે ચોર લોકોજ મૂઢ કે તે સ્ત્રીના અલંકાર લૂટવાને બદલે ઉલટું આપ્યું. વિષયાસક્ત પુરૂષોએ અભિપ્રાય આપ્યો કે પ્રથમ ગમાર તે સ્ત્રી કે જે આટલી બધી ભાંજગડમાં ઉતરી, બીજો ગમાર પતિ કે જેણે જાણીને પરનર પાસે જવા દીધી, અને માળી તો મહામૂઢ કે જેણે ઘેર બેઠાં આવેલી લક્ષ્મીને પાછી ઠેલી."

હે નાથ! જેમ આ પાત્રો માટે જુદી જુદી વૃત્તિવાળા પુરૂષોએ જુદા જુદા અભિપ્રાયો આપ્યા અને તેમના તે અભિપ્રાયોથી તેમના આચાર વિચારો સમજાઇ જાય છે. તેમજ એકજ હેતુવાળા કહેવાતા ધર્મના ફેરફારનું કારણ પણ તેવુંજ માનવું. પરંતુ સત્ય ધર્મ કે જેને બીજા શબ્દોમાં કહીએ તો આત્મ-ધર્મ તે તો સદાસર્વદા એક સરખોજ હોય છે.

વળી હાથીને અવલોકવા જુદા જુદા આંધળાઓ મંડી પડે, તેમાં જેના હાથમાં પગ આવે તે હાથીને થાંભલા જેવો કહે તેથી કાંઇ હાથી થાંભલા જેવો નથી; વળી બીજાના હાથમાં કાન આવવાથી તે સૂપડા જેવો કહે તેથી કાંઇ તે સૂપડા જેવો નથી, તેમજ જુદા જુદા અવયવોના સ્પર્શથી તેવા તેવા પ્રકારે તે અંધવર્ગ હાથીને વર્ણવે તેથી હાથી તેવો ગણાય નહિ પણ દેખનાર માણસ (ખુલ્લાં નેત્રવાળો) હાથીના તમામ અવયવો જોઇ હાથીને જે સ્વરૂપ કહે તેજ યથાર્થ ગણાય. તેમજ જ્ઞાનાવરણીયાદિક કર્મો જેના નષ્ટ થવાથી કેવળજ્ઞાન અને કેવળદર્શન જેને થયું છે તેજ નિસ્પૃહી પ્રભુનો કહેલો ધર્મ યથાર્થ ગણાય."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મહેશ્વરઃ—" કહો ત્યારે, તે ત્રણ તત્વોના સમૂહમાં કયાં ત્રણ તત્વો સત્ય છે. "

નર્મદાઃ—તે વિચારણા આ પ્રમાણે.

૧ સત્‌દેવતત્વ—

[૧]દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુગંછા, કામ, મિથ્યાત્વ, અજ્ઞાન, નિદ્રા, અવ્રત, રાગ તથા દ્વેષ આ અઢાર પ્રકારના દૂષણોથી સર્વથા રહિત, જન્મ–જરા–મરણના ત્રાસથી સર્વથા મુક્ત, દેવોના સ્વામી ઇંદ્રોનો સમૂહ જેમની શેવા સ્તવનાદિક કરે છે, જેમને ખાસ અતિશયો રૂપી આત્મ–ઋદ્ધિ પ્રગટ થઈ છે; સમવસરણમાં બેસી દેવ, મનુષ્ય તથા તિર્યંચ પર્ષદાને ધર્મ દર્શાવે છે, પોતે એકજ ભાષામાં બોલતા છતાં જેમના અતિશયથી સર્વને પોતપોતાની ભાષામાં સમજાય છે, સાધુ–સાધવી--શ્રાવક–શ્રાવિકા એ ચતુર્વિધ સંઘનું જે સ્થાપન કરે છે, જેમની પાસેના પ્રદેશમાં જન્મબદ્ધ જાતિ-વૈરવાળાં પ્રાણીઓ પણ વૈરરહિત થઈ જાય છે, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, મહામારી વિગેરે સાત ઉપદ્રવોનો જેમની આસ-પાસના સવાસો યોજનમાં નાશ થયેલો છે, અને ટુંકામાં જેઓ મોક્ષ પામ્યા પછી ફરીને અવતાર ધરતા નથી તેજ સત્‌દેવ, અંતરંગ અરિવર્ગને હણનાર, અરિહંત દેવ તેજ સત્ દેવ.

દેવની પરિક્ષા તેમના ચરિત્ર ઉપરથી તથા તેમની મૂર્તિ

---

૧. અન્યત્ર બીજી રીતે પણ અઢાર છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપરથી સહજમાં થઇ શકે છે. શસ્ત્રને રાખનારા દેવોને જરૂર કોઇનો ભય છે અથવા જરૂર તેઓમાં દ્વેષ–ક્રોધ છેજ. ભય, દ્વેષ, ક્રોધ વિગેરે યુક્ત હોય તે દેવ કેમ કહેવાય ? સ્ત્રીને રાખનારા દેવો રાગી છે. માળા રાખનાર જરૂર કોઈ બીજાનું ધ્યાન રાખે છે. પુસ્તક રાખનાર દેવોમાં હજી ન્યૂનતા છે. વળી અવતાર ધારણ કરનાર તે સંસારથી મુક્ત કેમ કહેવાય ? ગર્ભાવાસનું પરમ સંકટ વેઠનાર તે પરમાત્મા કેમ કહેવાય ? એક જણની પ્રસન્નતા અર્થે બીજાનો નાશ કરે તે દયાળુ ઈશ્વર કેમ કહેવાય ? ટુંકામાં જેના રાગ દ્વેષનો નાશ થયો નથી તે પરમાત્મા નજ કહેવાય; અને તેમનો દર્શાવેલો ધર્મ તે ધર્મજ એમ કેમ કહેવાય ?

જેના દરેક કલ્યાણક સમયે અતીવ દુઃખ ભોગવતા નારકીના જીવોને પણ શાતા ઉપજે છે, તે તથા રાગ દ્વેષનો નાશ કરી સદૈવ સ્વ–સ્વભાવ રમણતામાં રમતા અરિહંત ભગવાન તેજ સત્દેવ કે જેણે સદાનો મોક્ષ સંપાદન કર્યો છે.

૨. સત્ગુરૂ તત્વ.

તે ભગવાને મોક્ષના દર્શાવેલા બે માર્ગ છે. ૧ ત્યાગ માર્ગ. ૨ ગૃહસ્થ માર્ગ. ઉભય માર્ગનો હેતુ એકજ છે. ઉભય માર્ગમાં દયાનીજ પુષ્ટિ છે. ત્યાગ માર્ગ માટે અસમર્થ હોય તેને માટે પ્રથમ પગથીયે ગૃહસ્થમાર્ગ છે. ઉભય માર્ગમાં સમ્યકત્વ ( શ્રદ્ધા ) એ મૂળ સમાન છે.

હવે ત્યાગમાર્ગને પાળનાર છકાય[1] જીવોનું રક્ષણ કરે

---

[1] પૃથ્વીકાય. ૨ અપકાય. ૩ તેઉકાય. ૪ વાયુકાય. ૫ વનસ્પતિકાય. ૬ ત્રસકાય. ( મનુષ્ય–તીર્યંચ–નારકી–દેવતા ).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે, કરાવે છે અને કરતાને અનુમોદે છે; અને તે પણ મન, વચન અને કાયાથી; એ ત્રણે યોગથી, અર્થાત્ મનથી પણ તે જીવોનું અહિત ઈચ્છે નહિ, વચનથી અહિતકર કહે નહિ, અને કાયાનું વર્તન ( ક્રિયા ) ઉપયોગપૂર્વક અન્ય જીવોને કિલામણા સરખી પણ ન થાય તેવી રીતે રાખે. તેઓ સર્વથા પરિગ્રહ રહિત હોય. હિંસા, મૃષા, અદત્ત-ગ્રહણ, મૈથુન, અને પરિગ્રહ એ પાંચના ત્યાગરૂપ પંચમહાવ્રતના પાળનાર, રાત્રિ ભોજનના સદૈવ ત્યાગી, અષ્ટ પ્રવચન માતા ( ધર્મની માતા-ધર્મની યતના ) ના વારંવાર ઉપયોગી, મધુકરની માફક ૪૨ દોષરહિત ભિક્ષાવૃત્તિથી આહાર મેળવી દેહને ધર્માર્થેજ ( સમાધીરૂપ ) નિર્વાહનારા, યથાશક્તિ તપશ્ચર્યા પણ કરનારા, જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર તથા વીર્યાચાર એ પાંચે આચાર યથાતથ્ય પાળનાર તથા પળાવનારા, પરિષહોને સમભાવે સહન કરનારા, શત્રુ મિત્રને સમાન ગણનારા, કંચન કામિનીના ત્યાગી ( કારણ કે એ બેજ મૂળ ગુણનો સર્વથા નાશ કરનાર છે ), આત્મધર્મમાં રમતા, અને સ્વાધ્યાયાદિમાં તલ્લિન એવા નિઃસ્પૃહી તથા સત્યમાર્ગના ઉપદેશક તેજ શ્રી સ ગુરૂ મહારાજ. એક ક્ષણના પણ પ્રમાદ-સેવનને અનર્થ જાણી તેને ત્યાગનાર તેજ શ્રી સદગુરૂ મહારાજ. યુક્તિપૂર્વક તે પ્રમાદ-પંચકને[૧] દીન કરનાર તેજ શ્રી સદ્ગુરૂ મહારાજ.

૩. શ્રી સદધર્મ.

૧. મદ્ય, વિષય, કષાય, નિદ્રા, વિકથા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પંચમહાવ્રત રૂપ ત્યાગ ધર્મ અને બારવ્રત રૂપ ગૃહ-સ્થ ધર્મ એમ શ્રી અરિહંત ભગવાને બે પ્રકારે દર્શાવેલો કેવળ દયામય ધર્મ તેજ શ્રી ધર્મ. રાગદ્વેષાદિ શત્રુઓને જીત-નાર જીનેશ્વર ભગવાને તે દુ:ખદાઇ શત્રુઓને જીતવા માટે બતાવેલો ધર્મ (જૈન-ધર્મ) તેજશ્રી સત્‌ધર્મ, સ્વદયા અને પરદયા ઉપરજ જે ધર્મનું તમામ બંધારણ છે અને તે બં-ધારણ જયણા (અષ્ટ પ્રવચન માતારૂપ) થી વધુ સુદૃઢ છે તેજ શ્રી સત્‌ધર્મ. જુઓ કે બીજાઓ પણ શું કહે છે.

न हिंस्यात् सर्वाणि भूतानीत्येतं ।
विधिमक्षरशो जैना अनुसरन्ति ॥

સર્વ ભૂતો (પ્રાણીઓ) ને (કોઇને પણ) હણવા નહિ એ વિધિને અક્ષરશઃ જૈનો અનુસરે છે.

ખરૂંજ છે. જીવતત્વ જેટલી સૂક્ષ્મતાથી જૈન દર્શનમાં છે તેટલું અન્યત્ર દર્શાવેલું નથી. પંચેંદ્રિયથી માંડી એકેંદ્રિય તેમાં પણ પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય અને વનસ્પતિ કાય તથા આગળ વધીને નિગોદમાં રહેલા જીવો, એ તમામ જીવોપ્રત્યે મૈત્રીભાવ. તેમનું અહિત પણ ઈચ્છવું નહિ તો તેમને પીડા કરવાની તો વાતજ શી? બાલ જીવોને સમજ થવા સારૂ જુદી જુદી રીતે અનેક પ્રકારે ધર્મ બતાવ્યો છે તેમાં ચાર પ્રકારે પણ છે. દાન, શીયલ, તપ અને ભાવ. દાનમાં પણ પ્રથમ અભયદાન ગણ્યું છે. તે સૂક્ષ્મ જીવોનું ઉત્પત્તિ-સ્થાન રૂપ યોનિ-મર્દન (વિષય) થી અનેક જીવોનો સંહાર થાય છે માટેજ શીયળ એ પરમ ધર્મ છે. સ્વ-દારા સંતોષી નરનારીઓ પણ વિષયની હદ ઉલ્લંઘતા નથી. તેનો પર્વતિ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થિએ ત્યાગ કરે છે. ટુંકામાં મુક્તિના માર્ગરૂપ દયામય ધર્મ તેજ શ્રીસત્ધર્મ.

ધર્મને નામે નિર્દોષ પ્રાણીઓનો સંહાર થાય તે યજ્ઞાદિકને ધર્મ કેમ કહેવાય? યજ્ઞ કરવો તે ક્રોધાદિ કષાયોનો કરવો ઘટે છે. વળી જુઓ.

**श्रोत्रियायाभ्यागताय वत्सतरीं ।**
**महोक्षं महाजं वा निर्वपन्ति गृहमेधिनः ॥**

વેદ જાણનાર બ્રાહ્મણ—અતિથીને ગૃહસ્થો, વાછરડી, વૃષભ, કે બકરાનું બળીદાન આપે છે અર્થાત્ તે વડે તેમનું આતિથ્ય કરે છે.

કહો કે હિંસા ત્યાં ધર્મ કેમ હોય?

જ્યાં પૂરી દયા નથી, જ્યાં બ્રહ્મચર્યના નિયમો પણ લૂલા પાંગળા છે તથા જ્યાં પરિગ્રહનો સંકોચ નથી ત્યાં ધર્મ નથી.

હે નાથ! આવી રીતે દેવ ગુરૂધર્મ એ ત્રણ તત્વોની વિચારણા છે. અને તે સુદેવાદિકની આરાધના કરવી (અન્યની નહિ) તેનુંજ નામ સમ્યકત્વ ધર્મ કે જેના નીચે પ્રમાણે પાંચ ઉત્તમ લક્ષણો છે.

૧. ઉપશમ. ક્રોધ, માન, માયા, લોભ વિગેરે કષાય તથા હાસ્યાદિક સહાયક કષાય તેમજ ઇંદ્રિય વિષયો તથા તેના વિકારોને શમાવવું તે.
૨. સંવેગ. વૈરાગ્ય. જ્ઞાનપૂર્વક વૈરાગ્ય. સર્વ પૌદ્ગલિક પદાર્થોની આસક્તિનો ત્યાગ.
૩. નિર્વેદ. સંસારથી ઉદાસીનતા. કર્મવશાત્ સંસારમાં રહેવા છતાં પણ કારાગૃહ તુલ્ય ગૃહવાસને માનવો તે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૪. અનુકંપા. પ્રાણી માત્ર પ્રત્યે દયા. સમાન દયા. પાપી પુરૂષો પ્રત્યે પણ દયા રાખવી તે.

૫. આસ્તિક્ય. જીનેશ્વર ભગવાનના વચનમાં સુદ્રઢ શ્રદ્ધા રાખવી તે.

હે નાથ! મારી અલ્પમતિ અનુસાર મેં કહ્યું છે. ગુરૂ મહારાજ વધારે સ્પષ્ટતાથી સમજાવી શકે.

સરળ હૃદયનો મહેશ્વર અતીવ પ્રસન્ન થયો. તરતજ પોતે ત્યાં તે સમ્યકત્વનો અભિગ્રહ ધાર્યો. પછી ગુરૂ સમાગમ કરી વિશેષ જ્ઞાતા થઈ ગુરૂ સમક્ષ તેણે તે સમ્યકત્વનો પ્રતિજ્ઞાથી સ્વીકાર કર્યો. રૂદ્રદત્ત પણ તેને અનુસર્યો. ઋષિદત્તા તો દોરાયલીજ હતી. હવે સકળ કુટુંબ સમ્યકત્વ માર્ગી થયું. શ્રી જીનેશ્વર ભગવંતની પ્રતિમાજી ઘરમાં લાવવામાં આવ્યાં, અર્થાત્ ઘરદેરાસર પૂજા માટે રાખ્યું. નિરંતર મંગળીક એવી શ્રી જીનપૂજા તે સકળ કુટુંબ કરવા લાગ્યું. કહ્યું છે કે,

**पुत्रं प्रसूते कमलां करोति, राज्यं विधत्ते तनुते च रुपं ।**
**प्रमार्ष्टि दुःखं दुरितंचहन्ति, जिनेंद्रपूजा कुलकामधेनु ॥**

અર્થઃ—જિનેંદ્ર પૂજા કુળમાં કામધેનું (ઇચ્છિત આપનારી ગાય) જેવી છે, તે પુત્રને આપે છે, લક્ષ્મીવાન કરે છે, રાજ્ય દે છે, રૂપ પ્રસારે છે, દુઃખ દૂર કરે છે, અને દુરિતને હણે છે.

રૂદ્રદત્તનું આખું કુટુંબ સમ્યકત્વારાધન પૂર્વક આનંદથી દિવસો ગાળે છે. સ્વર્ગગંગાની પેઠે પોતાના સુકૃત જળવડે નર્મદાએ શ્વસુર ગૃહનો મિથ્યાત્વરૂપી કાદવ ધોઈ નાખ્યો.

ખરેખર! પુણ્યવાન નરનારીઓનો તેવોજ પ્રભાવ છે. મહેશ્વરાદિકે સ્વીકારેલું તે સમ્યકત્વ સર્વને પ્રાપ્ત થાઓ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૧૩ મું.

## અકસ્માત મુનિ–શ્રાપ.

એક દિવસ નર્મદા સર્વ શૃંગારોયુક્ત ગોખને વિષે બેઠી છે. તરતજ ભોજન કરેલું હોવાથી અતિ સુવાસિત દ્રવ્ય–યુક્ત [1]તંબોલ ચાવે છે. પાસે સખીઓ હાજર છે. હાથમાં દર્પણ લઇ તેમાં પોતાનું મુખારવિંદ જુએ છે. સૂર્ય આકાશના મધ્ય ભાગમાં આવી પોતાના તીવ્ર કિરણોથી યમની જેમ કોઇની પણ દાક્ષિણ્યતા રાખ્યા વગર સર્વને તપાવી રહ્યો છે; અર્થાત્ મધ્યાન્હ થયો છે. તે વખતે એક માસક્ષમણ ( જેણે એક માસના ઉપવાસ હોય તે ) મુનિપારણાર્થે ગોચરી ( આહાર–ભિક્ષા ) માટે કરે છે.

રેતી તપેલી છે, અને આ તપસ્વીના પગ ખુલ્લા છે. સૂર્ય પણ તીવ્ર તપેલો છે અને આ મહાત્માનું મસ્તક ખુલ્લું છે. આખું શરીર પ્રસ્વેદ–સ્રવનથી ધરતીને સીંચે છે. ભાગેલા શકટ ( ગાડું ) ની જેમ તેમનાં અસ્થિ ( હાડકાં ) ખડખડે છે છતાં પણ જેમનું હૃદય કિંચિત્ માત્ર ખેદિત નથી તેવા સમભાવિતાત્મા મહા મુનિશ્વરોના ચરણકમળમાં કોટીશઃ વંદના.

ગુણમણિ રોહણાચલ તુલ્ય આ તપસ્વી મહારાજ દુઃસહ તડકાથી જરાક શ્રમિત થયા અને તેથી નર્મદાના ગોખને છાંયડે ( જે ગોખે નર્મદા બેઠેલી છે તે ) ક્ષણવાર વિસામો

---

[1] પાન.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લેવા ઉભા રહ્યા. અફસોસ! નર્મદાને તે ખબર ન હતી. કાગનું બેસવું અને તાડનું પડવું એ ન્યાયે તેણે પાનની પીચકારી મારી ( થૂંકી ) કે જેણે મુનિના ભાલના (કપાલના) પ્રસ્વેદ ( પરશેવા ) ને પણ રક્ત ( રાતો ) કર્યો. મુનિશ્રી ચમકયા ને ઉંચું જોયું. નર્મદાને જોતાંજ વિધિવશાત્ તે મુનિના મુખમાંથી અકસ્માત વચન નીકળી ગયું કે,

" રે અધમે! આ તેં શું કર્યું? જરૂર તું તારા કંથને વધારે માનીતી લાગે છે અને તેથીજ તું મુનિની આશાતના કરતાં પણ ન ડરી. આ તારૂં કેવું અભિમાન. ખરે! તું તારા પતિથી વિરહ ( વિયોગ ) પામીશ."

આ સર્વ નર્મદાએ સાંભળ્યું. મુનિને જોતાં આશ્ચર્ય પામેલી અને મુનિની અશાતનાથી ખેદિત તેણે જ્યારે આ શ્રાપ સાંભળ્યો કે તરતજ તે નીચે આવી મુનિશ્રીને વંદના કરી બોલી.

" હે ક્ષમાશ્રમણ મહાભાગ્ય! હું શ્રાવિકા છું. મને મુનિજનો ઉપર ભક્તિ છે. આપ રોષવાન થઈ મને શ્રાપ કેમ આપો છો. મેં ભૂલથી આપની આશાતના કરી છે તેને ક્ષમા કરો! ક્ષમા કરો! **क्षमा रूपं तपास्विनाम्** તપસીઓનું સ્વરૂપ ક્ષમા છે. જેની વ્હાર તેની ધાડ ન હોય. વાડ પોતેજ ફળને ન ખાય. આ અસાર સંસારમાં જેનો આધાર તેજ સંતો જો અનિષ્ટ ઇચ્છશે તો પછી સૂર્ય ઉગશે જ કેમ? મેં અવિચારથી જે કર્યું તેવુંજ બદલામાં તમે કરો તો પછી મારામાં અને તમારામાં અંતર શું? હે સમતા સાગર! હું તો અભાગણી છું અને આપ તો સર્વ પ્રાણીનું હિત ઇચ્છ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નારા મહા સાધુ છો. આપની બલીહારી છે. બાંધવ વર્ગમાં મુંઝાય નહિ અને શત્રુઓ પ્રત્યે કોપે નહિ, ફૂલની માળા પહેરાવનાર ઉપર રાગી ન થાય તેમજ શારીરિક પીડા આપનારને પણ શ્રાપ આપે નહિ તેજ મુનિવર કહેવાય છે. હે વડભાગી ! ખંડન થતું ચંદન સુગંધજ આપે છે. શેલડી યંત્રમાં પીલાતાં છતાં મિષ્ટ રસજ આપે છે. તેમજ સાધુજનો અપકારીના પણ ઉપકારી છે. હે કરૂણાનિધિ ! મ્હારા અવગુણની ઉપેક્ષા કરી મને શ્રાપ ન આપો. "

મુનિશ્રી બોલ્યા-"હે વત્સે ! હે શુભાશયે ! ખરી વાત છે કે સાધુઓ શ્રાપ આપે નહિ. મને તારા ઉપર જરા પણ કોપ નથી. વિધિવશાત્ એ વચન અકસ્માતજ નીકળી ગયું છે તેમાં તારા પૂવકૃત દોષોજ સબળ કારણભૂત જણાય છે. તારી ભવિતવ્યતાએજ મારાથી એવું બોલાયું છે, નહિ તો મારા મુખમાંથી એવાં વચનો કેમ નીકળે ? પોતાના કરેલાં કર્મને ભોગવવા તું કેમ દિલગીર થાય છે ? વાવીએ તેવું લણીએ તે શું તું નથી જાણતી ? બનનાર વસ્તુ બને જાય છે માટે ધૈર્ય ધર ! ધૈર્ય ધર ! અને ધર્મને વિષે વધારે પ્રવર્તમાન થા. "

એટલું કહી મુનિશ્વર અન્યત્ર ચાલ્યા ગયા અને ખેદિત નર્મદાએ ઘરમાં પ્રવેશ કર્યો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૧૪ મું.

## ચિંતા.

चिंता चिता समानास्ति, विंदु मात्र विशेषतः ।
सजीवं दहते चिंता, निर्जीवं दहते चिता ॥

**અર્થઃ**—ચિંતા ચિતા તુલ્ય છે, માત્ર બિંદુ (અનુસ્વાર) વધારે છે તો ચિતા જ્યારે નિર્જીવને બાળે છે ત્યારે ચિંતા જીવયુક્ત મનુષ્યોને બાળે છે.

ચિંતાસે ચતુરાઈ ઘટે, ઘટે રૂપ ગુણ જ્ઞાન;
ચિંતા બડી અભાગણી, ચિંતા ચિતા સમાન.

"હા દૈવ! હવે મારૂં શું થશે? મેં એવું તે પૂર્વ ભવે શું કર્મ કર્યું હશે કે આજે ક્ષમાનાથ સાધુએ મને શ્રાપ આપ્યો. જરૂર મેં પૂર્વભવે અસત્ય તથા અપ્રિય વાક્યો ઉચ્ચાર્યાં હશે. કહ્યું છે કે, હસતાં બાંધેલાં કર્મ રોતાં રોતાં ભોગવવાં પડે છે. જરૂર મેં કોઇનો વિયોગ કરાવ્યો હશે નહિ તો મને નાથ-વિયોગનોજ શ્રાપ કેમ આપે! જરૂર મેં મિથ્યાત્વ સેવ્યું હશે કેમ કે તે કારણથીજ પ્રાણીઓ ભવાંતરે પણ સંકટની પરંપરાને પામે છે. મેં દયા-ધર્મ નહિ પાળ્યો હોય-મેં સાધુજનોને નિંધા હશે-પીડયા હશે-નહિ તો આમ કેમ બને!

અગ્નિને ઉપશમવતા, ગલથી પ્રકટયો દાહ;
કોપ્યા સંત-મુનિ અહો, ધરે ક્ષમા સંનાહ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાં બેઠી હું ગોખડે, કાં ચાવ્યાં તંબોલ;
થઇ મુનિવર અશાતના, સંકટ પાપ અતોલ.
અનુકૂળ પ્રાણી–માત્રને, જે મુનિવર મહાભાગ્ય;
તે પ્રતિકૂળ થયા મને, કીધો સમતા–ત્યાગ.
દોષ નહિ મુનિરાયનો, એ સઘળાં મુજ પાપ;
પ્રગટયાં તેહ પ્રતાપથી, હું પામી હા ! શ્રાપ.
ભાવી ભાવ થયા કરે, થશે લખેલ લલાટ;
જે જિન જાણે તે ખરૂં, ફોકટ હવે વિલાપ.

મુનિના શ્રાપથી નાથનો વિયોગ થશે એવી ચિંતા નર્મદાને દગ્ધ કરતી હતી. તે જાણતી હતી કે જૈન મુનિઓનાં વચન ખોટાં થતાં નથી અને તેથી વારંવાર તે શ્રાપને યાદ કરતી ચિંતાથી વ્યગ્ર થએલી નર્મદા આ પ્રમાણે ચિંતન કરતી કરતી વળી પણ સહજ જ બોલી ગઈ કેઃ—

" સખીઓ પણ હાજર હતી, કહ્યું ન કોઇએ લેશ;
કર્મતણા ઉત્પાતની ઉત્પત્તિ ઉદ્દેશ. "

આ સાંભળી સર્વ સખીઓ એક સાથેજ બોલી ઉઠી–" હે નર્મદા ! નાહક અમને ઉપાલંભ કેમ આપે છે ? જે તેં ન જાણ્યું તે અમે કેમ જાણીએ ? તારા અપરાધમાં નાહક અમને શા માટે ભેળાં તાણે છે. "

" બ્હેનો ! બોલતાં શું બાંધો છો ! છીંકતાં શું દંડો છો ! હું તો એમ કહું છું કે આ બધું મારા કર્મના ઉત્પાત (સંકટ) ની ઉત્પત્તિના ઉદ્દેશ (હેતુ)થીજ બન્યું છે. દાઝયા ઉપર ખાર અને મરેલાને માર શું મારો છો. આવો ! આવો !

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રીસાઓ નહિ ! સખીઓ ! બેસો ! બેસો ! બનનાર બને જાય છે, હું મારૂં ભોગવી લઇશ." સખીઓ પ્રત્યે આ પ્રમાણે નર્મદા નયન–યુગલમાંથી મેઘના જેવી આંસુધારા વર્ષાવતી બોલી.

સખીઓ નર્મદાને સાન્ત્વન આપે છે, પરન્તુ સર્વ ફોકટજ. જેમ જેમ ભવિષ્ય–સંકટની આગાહી રૂપ મુનિનું વચન સંભારે છે તેમ તેમ તે વધુ ને વધુ રૂદન કરે છે. આહા ! કર્મ સત્તા બલવાન છે ! મોહની ગતિ વિષમ છે ! સમજુ પ્રાણીઓને પણ તે મુઝાવે છે. સતાવે છે.

ગઝલ.

ઘડીકમાં જે હસાવે છે, રડાવીને ફસાવે છે;
મ્હલાવે છે, ઝુલાવે છે, ભુલાવીને ડુલાવે છે.
ઘડીકમાં જે નચાવે છે, પચાવીને નીચોવે છે;
રમાડે છે, જમાડે છે, ભમાડીને તપાડે છે.
લડાવી ચડભડાવે છે, ગદાવી ખડખડાવે છે;
ચડાવીને ઉંચે નીચે, ભયંકરતાથી પાડે છે.
કવચિત્ જે રાજ આપે છે, કવચિત્ કરવતથી કાપે છે;
કવચિત્ આશીષ આપે છે, કવચિત્ સંતાપ થાપે છે.
સજાવીને ભજાવે છે, લજાવીને મુઝાવે છે;
રીઝાવીને ખીજાવે છે, તજાવે છે, દઝાવે છે.
કવચિત્ જે લેશ ઠારે છે, કવચિત્ જે લેશ આલે છે;
મરેલાંને તે મારે છે, બળેલાંને તે બાળે છે.
ફકીરોને અમીરોને, શૂરાઓ ધીરવીરોને;
ગરીબોને ભીખારીને, દુઃખીને દર્દી દીનોને.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લૂટે છે જે, કૂટે છે જે, અતિક્રૂરતાથી પીટે છે;
ગહન તે મોહની ગતિ હા ! વિષમ છે કર્મની સત્તા.
જીતે જે મોહને તેણે, જગત જીત્યું છે નિશ્ચયથી;
નમે ભિક્ષુક કોટીશઃ ચરણકમળે શુભોદયથી.

બાળકને પતાસાની લાલચે નજીક બોલાવી તમાચો મારવા જેવી મોહની રીતિ ખરેખર અતિ વિષમ છે. નર્મદા અતિ આક્રંદ કરતી હતી તેવામાં મહેશ્વર આવી પહોંચ્યો. પ્રિયાને દુઃખિણી જોઈ પોતે પણ દુઃખી થયો. પ્રિયાને સાન્તવન આપતાં તેણે તેના દુઃખનું કારણ પૂછ્યું. પતિના આશ્વાસનથી સહજ સ્વસ્થ થઇ નર્મદાએ અથઇતિ સર્વ વૃત્તાન્ત કહ્યું. મહેશ્વરે તેને દિલાસો દીધો. શાંત કરી. તેણે પણ પતિનું માન રાખ્યું, અર્થાત્ બનનાર હશે તે બનશે માટે ખેદ કરવો વ્યર્થ છે એમ ધારી તેણે ધીમે ધીમે ચિંતાને વેગળી કરી; તોપણ મુનિ આશાતનાનો પશ્ચાતાપ તો તેણે હરનિશ કાયમજ રાખ્યો હતો. હવે તે દરેક કાર્યમાં રખે કાંઈ પણ દોષયુક્ત થાય એવી શંકાથી અતિ અતિ ઉપયોગ (લક્ષ્ય) રાખતી હતી. પુણ્યથી પાપનો નાશ થાય માટે તે પોતાનો તમામ વખત ધર્મક્રિયાઓમાંજ વ્યતીત કરતી હતી. વિધિપૂર્વક જિનપૂજન, આદરપૂર્વક સુપાત્રદાન અને શ્રદ્ધાપૂર્વક વ્રતાદિને આરાધતી તે જ્ઞાનાધ્યયનમાં પોતાના વ્યગ્ર ચિત્તને રોકતી હતી. કોઇ કોઇ વખત તે ચિંતાયુક્ત થતી તો તેનો પતિ મહેશ્વર તેને શાંત કરતો હતો.

એક દિવસ ધનપ્રાપ્તિ અર્થે પરદેશગમનના જીજ્ઞાસુ મ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હેશ્વરે નર્મદાને સ્નેહપૂર્વક કહ્યું–" પ્રિયા ! વણિગ્જનોએ અવશ્ય વિવિધ અનુભવના હેતુભૂત પરદેશગમન કરી દ્રવ્ય પ્રાપ્ત કરવું જોઇએ માટે તમે સ્નેહ તથા મંગળ આશીર્વાદપૂર્વક રજા આપો કે જેથી વિવિધ વસાણા ભરી પ્રવહણો (વ્હાણો) સજ્જ (તૈયાર) કરૂં. પુણ્યયોગ પ્રમાણે દ્રવ્ય કમાઈ બનતી ત્વરાથી પાછો આવીશ. પવિત્ર ધર્મમાં રક્ત એવી તું તારા મનમાં દુઃખ કે ઉદ્વેગ જરાપણ ધરતી ના."

પતિનાં આવાં વચનો સાંભળી નર્મદા ભયભીત થઈ, મુનિનો શ્રાપ યાદ કરી નિમ્ન (નીચે) મુખે બોલી. " હે સુવિશાલ મતિવાળા સુભાગી સ્વામી ! આપ આ શું બોલો છો ? આપ મને કોને ભળાવો છો ? શું આપ નથી જાણતા કે ચંદ્રના વિરહને ચંદ્રજ્યોત્સ્ના, વિષ્ણુ વિયોગને લક્ષ્મી, કાયાના વિયોગને છાયા, તથા જળના વિયોગને માછલી જેમ સહન કરી શકતી નથી તેમજ સતી સ્ત્રી પતિ–વિરહને સહન કરી શકતી નથી. જળ વિયોગી માછલી દૂધમાં પણ સુખ પામી શકતી નથી કિન્તુ તરફડેજ છે તેમજ પતિવિયોગિણી નારી બીજા ગમે તેવા સુખમાં પણ દુઃખીજ છે. હું આપની સાથેજ આવીશ. વાટને વિષે હું આપની ચાકરી કરીશ. વળી મુનિ–શ્રાપથી વારંવાર શંકાતી હું દેખી પેખીને વિરહ–વહ્નિ (અગ્નિ) ની આહુતિરૂપ કેમ થાઉં ! આપ કદાચ પરદેશે પગબંધન જાણી મને નહિ લઈ જાઓ તો મારા પ્રાણ આપના પહેલાજ પ્રયાણ કરવાના. અત્રે પ્રાણ વગરનું ખોખુંજ સમજવું."

તેના અતિ આગ્રહથી મહેશ્વરે તેને પણ સાથે લેવાનું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કર્યું. સતી અતિ ઉલ્લાસિત થઇ. પતિનો સંગ અંગનાનો ઉછરંગ છે. મહેશ્વરે હવે કરીયાણાં ભરી વ્હાણો તૈયાર કર્યાં. ગામના લોકો કે જેઓને સાથે આવવાની ઇચ્છા હોય તેઓને જણાવવાને ગામમાં મહેશ્વરે પટહ વગડાવ્યો. કેટલાક લોકો યવન દ્વીપે જવાને તૈયાર થયા. પ્રભાતે મહેશ્વરે જિનેશ્વર ભગવંતની વિધિપૂર્વક પૂજા કરી કહ્યું છે કે મહત્ પુરૂષો ગમે તેવા કાર્યમાં પણ વ્યગ્ર ન થતાં શાસ્ત્રનિર્દિષ્ટ અનુષ્ઠાન ચૂકતા નથી કહ્યું છે કે—

**विहितस्याननुष्ठानान्निन्दितस्य चसेवनात् ।**
**अनिग्रहीच्चेन्द्रियाणां नरः पतनमृच्छति ॥**

અર્થ—શાસ્ત્રમાં કહેલા અનુષ્ઠાન ન કરવાથી તથા નિન્દિત (વ્યસન) સેવવાથી અને ઇંદ્રિયોના અનિગ્રહથી મનુષ્ય પતન દશાને પામે છે.

ત્યારબાદ સુંદર ભોજન કરી માતપિતાની શીખ લઇ શુભ મુહુર્તે શુભશુકુને પ્રિયા સહિત સમુદ્ર તટે જ્યાં વ્હાણો છે ત્યાં આવ્યો. પુરજનોના માંગળીક આશીર્વાદ સહિત તે દંપતિ તથા અન્ય-પ્રવાસીઓ તે વ્હાણોમાં બેઠાં. વ્હાણો હંકારવામાં આવ્યાં. ધીમે ધીમે પણ તે વ્હાણ દૂર જતું ગયું અને જ્યારે તે દ્રષ્ટિ-માર્ગથી રહિત થયું અર્થાત્ દેખાતું બંધ થયું ત્યારે સ્વજનાદિક પુરજનો સમુદ્ર તરફ જોતા જોતા પાછા ફર્યા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૧૫ મું.

### છત્ર-ધારિણી હારિણી.

બબ્બરકૂલ નગરમાં મકરધ્વજ રાજાની કચેરી આજે સભાસદોની વિશેષ સંખ્યાથી શોભે છે. સભાને શોભાવનારા અનેક પદાર્થો છતાં પણ સર્વનું મન રાજાની છત્ર ધરનારી મદભરી નારી ઉપર લોભાય છે. તેનું નામ હારિણી છે. હારિણી તે ખરેખર જનમન હારિણીજ છે. સાક્ષાત મોહ-પ્રપંચની કારીણી જ છે. અનુપમ નયન ને મધુર વયણ (વચન) વાળી તે કપટ સારિણી ઉદ્યોતપૂર્ણ રમણી (રજની) તુલ્ય શોભે છે. કામીજનો તો તે ગાંઠાવાળી તુષ્ટ વિષય રસ યુક્ત શેલડીને અમૃતની નવેલડી વેલડી કહે છે. ભલી ભલી નૃત્ય કરનારી નારીઓને પણ હરાવનારી આ પ્રીતિ રોમાંચને વધારનારી તે ખરેખર સ્વરૂપ, લાવણ્ય અને સંગીતાદિ કળાથી અપ્સરાઓને પણ લજાવનારી છે. મકર-ધ્વજ પણ તેને કિરતારે ખાસ હાથેજ ઘડેલી માને છે. મોહ વશાત્ તે રાજાએ તેને પોતાની છત્રધારિણી કરી છે. સર્વ સભાસદોની દ્રષ્ટિ જેના ઉપર ઠરી છે તે તેજ પરી છે. અહો! તેણે સર્વની વૃત્તિ હરી છે. આજે રાજાએ તેને પ્રસન્ન કરવા માટેજ સભા ભરી છે કારણ કે તેના ઉપર રાજાની પ્રીતિ ખરેખરી છે.

નૃત્યાદિક થઈ રહ્યા પછી મકરધ્વજ રાજન્ એકદમ બોલી ઉઠયો. "હે મૃગનયની! હે મનહારિણી! હે મધુર

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

વદની–મધુર–વચની ! માગ્ય, માગ્ય, જે કાંઇ ઈચ્છા હોય તે આ પ્રસંગે માગી લે."

હારિણીએ તરતજ હાથ જોડી કહ્યું. "હે મહારાજ ! હે નરેશ્વર ! તમારી કરૂણા છતે મારે શી ઊણપ (ઓછાશ) હોય વારૂ ! તોપણ આપના કહેવાથી મારી એ અરજ છે કે આપના બંદરે આવનાર દરેક પરદેશી વ્યાપારી મારે મંદિર આવી ઇચ્છિત સુખને ભોગવી મને એક હજાર ને આઠ સુવર્ણ–દીનાર આપે, જ્યાં સુધી તે તે પ્રમાણે ન વર્ત્તે ત્યાં સુધી આપના કાયદાથી તે અહિંથી જઇ શકે નહિ."

મકરધ્વજ બોલ્યો–"ભોળી, તેં એ શું માગ્યું ? તને એ માગવું શું ઉચિત છે. તથાપિ જો તારી એવીજ ઇચ્છા છે તો ભલે મારે તે પ્રમાણ છે. જા તારી ઈચ્છાનુસાર મારી આજ્ઞા છે. કોઈ પણ વ્યાપારી તેમ વર્ત્યા શિવાય જઇ શકશે નહિ."

ખરેખર કામીજનોને વિવેક હોતો નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૧૬ મું.

### જલ-પર્યટન.

યોગીઓના મનની જેવા નિર્મલ અને અપાર જલ-વાળો અનેક રત્નોથી ભરેલો રત્નાકર (સમુદ્ર), દેવો મન્થન કરી મુખ્ય રત્નો લઈ ગયા તેથીજ હોયની તેમ, અદ્યાપિ પર્યંત ખલખલ કરતો ઘુઘવાટ કરે છે. વડવાનળથી અહર્નિશ શોષણનું સંકટ વેઠતાં છતાં પણ સ્વસ્થાનને ન પલટીને અર્થાત્ મર્યાદાને ન મૂકીને **'वैषम्यमपि प्राप्ता धैर्यधनाः साधव आत्मनः सच्चरणव्रतं गोपायन्ति'** (સંકટને પ્રાપ્ત થયા છતાં ધૈર્યધનયુક્ત સાધુ પુરૂષો પોતાના સચ્ચારિત્ર વ્રતનું પાલન કરે છે અર્થાત્ તેનો ત્યાગ કરતા નથી.) એ વાક્યને સિદ્ધ કરતો સાગર ( દરીઓ ) પોતાના ગર્જના કરતા ઉન્નત અને શ્વેત તરંગોથી મહાત્માઓના યશોગાન કરતો હોય તેમ અલંકૃત દૃશ્યમાન થાય છે. જળમય સૃષ્ટિરૂપ તે સમૂદ્રમાં અનેક જલચરો કુદાકુદ કરી રહ્યાં છે. કેટલાક તો પોતાનું અતિ લાંબુ અતિ પહોળું અને અતિ ભારે પુદ્ગલ હોવાથી પર્વતની જેમ પડયાજ રહ્યા છે. "બળીયાના બે ભાગ" એ ન્યાય હ્યાં દ્રષ્ટિગોચર થાય છે કેમકે મોટાં મત્સ્યો નાનાં મત્સ્યોને ગળી જાય છે. કેટલાક દુર્જનો જેમ સ્વાર્થ વગર પણ માઠી પ્રવૃત્તિથી પીડાય છે. તેમજ મોટાં મત્સ્યોની પાપણમાં રહેતો તંદુલીઓ પણ નર્કાયુ બાંધે છે. જલ-પ્રવાસીઓને આ જલચરો જોવાનું કૌતુક થવું સં-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભવિત છે કેમકે તેમાં પણ ચિત્ર-વિચિત્ર આકૃતિ પ્રકૃતિ-વાળાં જલચરો રહેલાં છે. માયાયુક્ત હૃદયરૂપ ચકડોળની વૃત્તિરૂપ ભમરી જેમ ભલા ભલા મનુષ્યોને ભૂલાવી ભમાવી ડુલાવે છે તેમજ જોતાંજ ફેર આવે તેવી ઉંડી સાગરની ભમરીઓ (ઘૂમરીઓ) ગમે તેવાં મોટાં વ્હાણોને ઝોલાં ખ-વરાવી ડૂબાડે છે. સજ્જનોના કાર્યોને વિખેરનાર દુર્જનોના જેવા મોટા ખરાબાઓ પણ તેમાં રહેલા છે કે જેની સાથે વ્હાણ ભટકાવાથી ત્રુટી કટકે કટકા થઈ જાય છે. તેવા ખ-રાબાઓ ઉપર ધ્વજા ચિહ્ના તથા રાત્રે લાંબે સુધી પ્રકાશ આપનારા દીપકો રાખવામાં આવે છે. સફર (મુસાફરી-દરી-આઇ)ની આવી અનેક અડચણોથી સાવધ રહેવાને માટે વ્હા-ણમાં અનુકૂળ માર્ગદર્શક માલમીઓ રાખવામાં આવે છે. નીચે જલ અને ઉંચે આકાશ માત્ર જણાવાથી જાણે સામ સામે બે સૃષ્ટિઓ સ્પર્ધા કરતી હોય તેમ લાગે છે. ચંદ્ર, સૂર્ય, આકાશ અને તારાથી પ્રતિબિંબિત:સાગર પોતાને બન્ને સૃષ્ટિનો સ્વામી માને છે, જ્યારે આકાશ પોતાનું સામ્રાજ્ય પ્રતિબિંબ રૂપ રૂપાંતરે પણ અપર સૃષ્ટિમાં પણ છે એમ વિચારે છે. ઉભયની આવી વિચારણા-દ્રષ્ટિથી તે ઉભય-સૃષ્ટિ પરસ્પર વિગ્રહ વગર સંધિયુક્ત રહે છે.

પોતાના પુત્ર ચંદ્રના દર્શનથી ઉલ્લસાયમાન થતા આ સાગરમાં વાયુથી પણ વધારે વેગવાન મનના જેવી ચંચળ અને તીવ્ર ગતિથી દોડનારા આકાશ પર્યંત ઉંચાં શ્વેત શ-ઢથી વિપુલ (ઘણી) સ્મૃદ્ધિવાળાં ( વૈભવવાળાં ) પ્રવહણો એક પછી એક ચાલ્યાં આવે છે. વ્હાણોથી અપાર સમુદ્રનો પણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાર પમાય છે પરંતુ એમાં આશ્ચર્ય શું ? દ્વેષરૂપ લવણુતા વાળા અને રાગ રૂપ તરંગ યુક્ત જન્મ-જરા મરણુના ભયંકર જલથી ભરેલા, ઇષ્ટ વિયોગ અને અનિષ્ટ સંયોગ રૂપ વડવાનલથી સદા પ્રજ્વલિત (બળતા), આધિ (શોક) વ્યાધિ (રોગ) અને ઉપાધિ (પ્રતિકૂલતા વિગેરે) તથા બીજા પણુ અનેક ખરાબાઓ જેમાં રહેલા છે, તથા વિષય-કષાયો રૂપ જલચરો જેમાં મસ્તી કરી રહ્યા છે, વિકથારૂપ ઘૂમરીઓ સદા જેમાં ફરતીજ છે, નિદ્રારૂપ જડતાયુક્ત, મદ્યાદિક તૃષ્ણુા રૂપ કલશાવાળો, હર્ષ અને તેને લગતા વિકારો રૂપ ભરતી તથા દૈન્યાદિ વિકારો રૂપ ઓટ જેમાં થયાજ કરે છે તેવો આ અપાર સંસાર સમુદ્ર પણુ શું શ્રી જિનેશ્વર ભગવાને કહેલા સમ્યકત્વ ધર્મરૂપ (સપ્તનયયુક્ત) પ્રવહણુથી અનેક મહા પુરૂષોથી નથી તરાયો ? અર્થાત્ તરાયો છે.

કોદંડથી છૂટેલા તીરના જેવી ગતિથી ચાલનારાં આ વ્હાણો આ વાર્તાના નાયક નાયિકા મહેશ્વર તથા નર્મદાનાં છે. પ્રિય વાંચક ! તું જાણે છે કે બીજા પણુ કેટલાક પુરૂષો તેમની સાથે છે. હાલ તો આપણે પણુ તેમની સાથેજ છીએ.

જુઓ, કેટલાક પુરૂષો જલચરોનાં કૌતુકો જુએ છે, કેટલાકો સેતરંજ વિગેરેની રમત રમી સમય વ્યતીત કરે છે, કેટલાકો ધર્મકથા કરે છે, કેટલાકો ટોલ ટપ્પા મારે છે, કેટલાકો વ્યપારમાં નફો કેમ થાય તેનું ચિંતવન કરે છે, કેટલાકો ફેર ચડવાની બીકે સૂતાજ પડયા છે, કેટલાક કાવ્યને જાણુનારાઓ સમુદ્રના જુદા જુદા દેખાવોને જોઈ કાવ્યો રચે છે, દિશાઓ જાણુવાનાં જીજ્ઞાસુઓ ધ્રુવકાંટાને જુએ છે એમ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જુદી જુદી રૂચિના મનુષ્યો જુદી જુદી રીતે પોતાનો કાલ-પ્રક્ષેપ કરે છે. મહેશ્વર તથા નર્મદા પણ અનેક રીતે કાવ્ય, સાહિત્ય, સંગીત, તત્વચિંતન. નય વિચારણા, નિક્ષેપાની ઘટના, ન્યાય તથા ધર્મચર્ચા વિગેરેથી આનંદ પામે છે. કહ્યું છે કે—

**गींत काव्य विनोदेन कालोगच्छातिधीमतां ।**
**व्यसनेनाहिमूर्खाणां निद्रया कलहेन च ॥**

અર્થ—જ્યારે બુદ્ધિવાન્ માણસો ગાયન તથા કાવ્યના વિનોદ વડે પોતાનો વખત કાઢે છે, ત્યારે મૂર્ખાઓ વ્યસન, નિદ્રા તથા કલહમાં પોતાનો કાળ ગુમાવે છે.

વળી વિદ્યા એ તો પ્રવાસીઓનો મિત્રજ છે.

**भार्या मित्रं गृहस्थानां, विद्यामित्रं प्रवासिनाम् ।**
**रोगिणा मौषधं मित्रं, धर्मो मित्रं शरीरिणाम् ॥**

અર્થ—ગૃહસ્થોનો મિત્ર ભાર્યા (સ્ત્રી) છે, પ્રવાસીઓનો મિત્ર વિદ્યા છે, રોગીઓનો મિત્ર ઔષધ છે અને મનુષ્યોનો (દેહ ધારીઓનો) મિત્ર ધર્મ છે.

ભાર્યા, વિદ્યા અને ધર્મ એ ત્રણે મિત્રોથી યુક્ત મહેશ્વર અનેક પ્રકારના વિનોદ વડે નર્મદાની સાથે આનંદ અનુભવે છે. પતિવલ્લભા નર્મદાને મુનિનો શ્રાપ હેડકીની જેમ વખતો વખત યાદ આવે છે પરંતુ કૃતકર્મ ભોગવ્યા શિવાય છૂટકો નથી એમ ધારી શાંત ચિત્તે તે કરતી હતી. પ્રાણી માત્રને જે ભોગવવું પડે છે તે પોતાના જ કરેલા કર્મનું ફળ છે. અપરાધ વગર સજા હોય જ નહિ એમ વિચારી તે શાંત થતી હતી. કહ્યું છે કે—

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**रोगशोकपरीताप बन्धन व्यसनानि च ।**
**आत्मापराधवृक्षाणां, फलान्येतानिदेहिनाम् ॥**

અર્થ—રોગ, શોક, પરીતાપ, બંધન તથા સંકટ એ મનુષ્યોના પોતાના જ અપરાધ રૂપ વૃક્ષોનાં ફળો છે.

આકાશ અને પાતાલના સ્થાનમાં કદી અરસપરસ પલટન થાય તથા ચંદ્ર સૂર્યની ઉદય દિશામાં વિપરીતતા થાય તોપણ જૈન મુનિઓનાં વચનો વ્યર્થ થતાં નથી એમ શ્રદ્ધા પૂર્વક માનનારી નર્મદાને ભાવિસંકટનો તો નિશ્ચયજ હતો અને તેથી તે ધર્મધ્યાનમાં વિશેષે રક્ત રહેતી હતી. કેમકે

**विधौ विध्याति सक्रोधे, वर्म धर्मः शरीरिणाम् ।**
**स एव केवलं तस्मादस्माकं जायतांगतिः ॥**

**અર્થઃ**—જ્યારે ક્રોધપૂર્વક વિધિ મનુષ્યોને વિંધે છે ત્યારે માત્ર તેઓને ધર્મ એજ કવચ (બખતર) છે માટે તેજ કેવળ અમારી ગતિ (આશ્રય) થાઓ.

મહેશ્વરના પણ દરેક પ્રયત્નો આ ખાસ ચિંતા દૂર કરવાજ છે. નર્મદાની પણ એ ખૂબી છે કે કવચિત્ હૃદયમાં તે ચિંતા પ્રકટી હોય તો પણ મુખમુદ્રા ઉપર લેશ પણ વિકાર થવા દેતી નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૧૭ મું.

## પ્રશ્નોત્તર-વિનોદ.

ભોજન કર્યા બાદ મુખવાસથી મ્હોં સુગંધિત કરી દુઃખમય સંસારમાં છતાં પૂર્વ-સંચિત પુણ્ય પ્રતાપે પુણ્યશાલી પુરૂષના સુખની જેમ, ખારા સમુદ્રમાં છતાં પણ પ્રથમથી સંગ્રહિત મીઠા જલ વડે મુખ શુદ્ધિ કરી દંપતી અવકાશે પોતાના ખાસ જુદા રચેલા ઓરડામાં બેઠેલાં છે. આ ઓરડો ખાસ સંગીત સાહિત્યાદિ આનંદ પ્રાપ્ત કરવાને જોઇતી સામગ્રીઓથી સજાયેલો છે. આજે પતિ-પત્ની વચ્ચે પ્રશ્નોત્તર (શમશ્યા)ને પાદપૂર્તિનો વિષય ચાલે છે. ખૂબી એ છે કે પરસ્પર તે દંપતિ ગર્વરહિત તથા વિનય સહિત વિનોદ-વાટિકામાં વિહરે છે.

પ્રથમ પ્રશ્ન પત્ની પ્રત્યે પતિ મહેશ્વરે કર્યો કે—

### દોહરો.

ત્રીજા પહેલા વર્ણથી, પ્રથમ ધર્મ[1] છે જાણ
ત્રીજા બીજા વર્ણથી, મુનિવરને ન પ્રમાણ.
પહેલા બીજા મધ્યમાં, અર્દ્ધ વર્ણ છે એક;
ગણતીમાં ગણવો નહિ, જેને કે'[2]છે રેફ
બીજે પહેલે અર્થ જે, મુનિ વશ કરતા તેહ.
ત્રણ્ય વર્ણ એ મળી અહો, દીપાવે મુજ ગેહ.

---

૧ દાન. ૨ કહે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નર્મદાએ લજ્જાયુક્ત સ્મિત હાસ્યથી પ્રત્યુત્તર આપ્યો.

તે ઉત્તર તો **નર્મદા**, દાસીનું શું હાસ્ય;
સ્વામી કહો ત્યારે હવે, જે સુણવા અભિલાષ.

મહેશ્વર–પૂછો ત્યારે ?

નર્મદા—શબ્દ સમાસે[1] જે બન્યો, ભવાનીને પણ ઈષ્ટ;
દ્રષ્ટિ સમક્ષ હું દેખતી, જેનો વિરહ અનિષ્ટ.

મહેશ્વર–(હાસ્યયુક્ત)
વાહ તમે પણ હદ કરી, થયાં ભવાની આપ;
ઉત્તરમાં પ્રત્યક્ષ હું, જેનો જપતા જાપ. (મહેશ્વર.)

નર્મદા હસીને બોલી "વલ્લભા ! હાસ્યને છાંડી ઈષ્ટમાં પ્રવેશાય તો ઠીક.

મહેશ્વર–કહો ત્યારે.

પ્રશ્ન. નાની સરખી માખીએ, ધરણી ધ્રૂજવી કેમ ?
સકળ દેશ ત્યાં ખળભળ્યાં, લેશ ન હાનિ કેમ ?

નર્મદા (ઉત્તર) દુનિયાના નકશા તણો, પાણીમાં પડછાય,
બેઠેલી માખી ઉડી, પાંખે મહી ડુલાય.

નર્મદા (પ્રશ્ન) ગૌરાંગી પતિ વલ્લભા, પુણ્યવાનને ઈષ્ટ;
પાપીને રૂચે નહિ, શોકય તજાઇ અનિષ્ટ.

મહેશ્વર (ઉત્તર) પૂર્ણિમા શશિ વલ્લભા, ચહે સુજન સુપ્રકાશ;
ચોર લૂટારા નવ ચહે, શોકય તજાઇ અમાસ.

મહેશ્વર (પ્રશ્ન) જગત પ્રકાશક સૂર્ય આ, કોને ના દેખાય;
દીવ્ય જસ સુપ્રકાશમાં, કઈ વસ્તુ ન જણાય.

---

૧ બે શબ્દોના મળવાથી એક શબ્દ જે રીતે થાય છે તે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નર્મદા (ઉત્તર) ઘૂવડ જોઇ શકે નહિ, સવિતા[1] સૃષ્ટિ પ્રકાશ;
અંધકાર દેખાય ના, તેના દીવ્ય પ્રકાશ.

નર્મદા (પ્રશ્ન) કોઇ લીલી કોઇ પીળી છે, વસ્તુ રંગ અનેક;
તે સૌનો કયાં દેખીએ, સ્વામી રંગજ એક.

મહેશ્વર (ઉત્તર) લીલું પીળું વાદળી, છો ને રંગ અનેક;
પડછાયામાં દેખીએ, રંગ બધાનો એક.

મહેશ્વર (પ્રશ્ન) ચતુર્થાંશનું નામ શું, ગીત શાથી વખણાય;
નાગલોક વસે કિહાં, એક પદે[2] કહેવાય.

નર્મદા-(ઉત્તર) **પા-તાલ** (ચતુર્થાંશને 'પા' કહે છે. ગીત
"તાલ" થી વખણાય છે. તથા નાગલોક
પાતાલમાં રહે છે.

નર્મદા-(પ્રશ્ન) કંઠ જનોઇ ન [3]વિપ્ર છે, નરને નચવે નાર;
ઘર ઘર તે નાટક જુઓ, જેવો આ સંસાર.

મહેશ્વર (ઉત્તર) નાર ફેરવે **રેંટીઓ**, સૂત્ર જનોઇ ન [4]દ્વિજ;
ઘર ઘર તે દેખાય છે, એજ જગતની રીત.

મહેશ્વર (પ્રશ્ન) ઝેરરહિત નાગો ફર્યા, દેવ કર્યા છે સ્તબ્ધ;
નિશ્ચેષ્ટિત સિંહો કર્યા, શિશુ ધરતા કરમધ્ય.

નર્મદા-(ઉત્તર) ચિત્રપટે જેણે કર્યો, આ સઘળો દેખાવ;
શિશુ વૃંદે કરમાં ધરી, ચિત્ર [5]લેખિની નામ.

નર્મદા-(પ્રશ્ન) "ન" કારવાચી વર્ણ શું, કાર્ય કર્યું છે ત્યાજ્ય;
બોલે ત્યમ ચાલે નહિ, કોણ મૂરખ એ નાથ.

---

૧. સૂર્ય. ૨. ઉત્તર એક પદમાંજ માગ્યાં છે. ૩ બ્રાહ્મણ. ૪ બ્રાહ્મણ. ૫ કલમ, લેખણ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મહેશ્વર–(ઉત્તર)**મા-સાહસ** ('મા' એટલે નહિ, સાહસ કાર્ય તજવા યોગ્ય છે, તથા બોલવા પ્રમાણે 'મા-સાહસ' પક્ષી ચાલતો નથી કેમકે તે વારંવાર મુખમાંથી 'માસાહસ' બોલ છે ખરો પરંતુ ઉંઘેલા વાઘના ખુલ્લા રહેલા મુખમાંથી દાઢ વચ્ચે રહેલું માંસ પોતાની ચાંચવડે લાવવાનું સાહસ તે કરે છે.)

મહેશ્વર–(પ્રશ્ન) ચરણાકુલ છંદ.

પ્રથમાક્ષર વિણ જગ જીવાડે, દ્વિતીય વગર જગ સકલને મારે;
કોઇ તણું દાક્ષીણ્ય ન રાખે, અંત્યાક્ષર વિણ કરવું સાખે.

નર્મદા (ઉત્તર)–નાથ! એ તો મારા નયનમાંજ છે. **का+ज+ल** ('કા' બાદ કરતાં જલ એટલે પાણી, જગત જીવનનું હેતુભૂત છે. 'જ' બાદ કરતાં કાલ એટલે યમ જગતને કોઇનું પણ દાક્ષીણ્ય રાખ્યા વગર એક સરખી રીતે હણે છે. 'લ' બાદ કરતાં કાજ એટલે કામ કોઇની પણ સાક્ષીએ કરવું યોગ્ય છે. ધર્મકાર્યો પણ દેવ ગુરૂની સાક્ષીએ થાય છે.)

નર્મદા–(પ્રશ્ન)

એક અલૌકિક ભમરો દીઠો. નિર્દયતાથી રસ બહુ પીધો;
તોય હજી નહિ તૃપ્ત થયો એ, નાથ! પ્રકાશો કોણ હશે એ.

મહેશ્વર–(ઉત્તર)

પૃથ્વી રૂપ કમલને જાણો, લોક રૂપ રસ કાં ન પ્રમાણો;
**કાળ** રૂપ ભમરો મહા પાપી, ચૂસે વ્યાધિ–નિર્દયતાથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(લૌકિક એટલે લોકમાં જે ભમરો ઓળખાય છે તે તો પુષ્પ રસ પુષ્પને પીડા કર્યા વગર ચૂસે છે પરંતુ કાળ તો પૃથ્વી રૂપ કમલના લોક રૂપ રસને વ્યાધિ રૂપ નિર્દયતાથી ચૂસે છે જે હજી તૃપ્ત થયો નથી માટે તેને અલૌકિક કહ્યો.)

મહેશ્વરનો-(પ્રશ્ન)

પ્રથમાક્ષર વિણુ ઉદધિએ ઢાંક્યું,
દ્વિતીય વગર વ્રત પરમ જે ભાંખ્યું;
તૃતીય વગર વસ્ત્રો ઓઢાડે,
સકળ પદે મન હર્ષ પમાડે;
તે-જિન નાથની વાણી રસાળી,
કુમતિઓની કુમતિ ટાળી.

નર્મદા-(ઉત્તર)

ધન્ય **શીતળ** તિર્થંકર એ તો,
પાય નમું દશમા જૈન એ તો.

'શી' બાદ કરતાં તળ એટલે તળીયું સમુદ્રે ઢાંકેલું છે. તે તેમાં દેખાતું નથી. 'ત' બાદ કરતાં શીયળવ્રત વ્રતોને વિષે મોટામાં મોટું જ્ઞાનીઓએ કહ્યું છે. 'ળ' બાદ કરતાં શીત એટલે તાઢ વસ્ત્રો ઓઢવાની ફરજ પાડે છે અને આખા પદે શીતળ એ શબ્દ હર્ષકારી છે તેમજ દશમા તીર્થંકર ભગવાનનું નામ શીતળનાથ છે તે પણ હર્ષકારી છે કે જે ભગવાનની રસયુક્ત વાણીએ વચલા કાળમાં પ્રબળ થયેલા મિથ્યાત્વીઓએ પ્રસારેલી મિથ્યા-મતિનો નાશ કર્યો છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નર્મદા—( પ્રશ્ન )

પ્રથમાક્ષર વિણ નૃપ શોભા છે,
દ્વિતીય વગર મુનિ લોચ કરે છે;
અંત્યાક્ષર વિણ કંઠ સુકાયે,
સકર પદે જળને વાહે છે.

મહેશ્વર—( ઉત્તર ) **वा+द+ळ**–વાદળ.

મહેશ્વર—( પ્રશ્ન ) કાવ્ય છંદ.

વધવા ના દે કોણ? કોણ લે પ્રાણ પલકમાં ?
રમણીને શું ઇષ્ટ? દેવતા દે શું હરખમાં ?
મોતીના ચરનાર, કહો કયાં વાસો વસતા ?
સૌ ઉત્તરપદ એક કહો બુદ્ધિને કસતાં.

નર્મદા—( ઉત્તર ) **मान–सर–वर.** ( એકજ પદમાં સર્વ પ્રશ્નોનો જવાબ છે )

( 'માન' સદ્‌ગુણમાં આગળ વધવા દેતો નથી, 'સર' એટલે બાણ તે તરતજ પ્રાણ લે છે, 'વર' સ્ત્રીને પ્રિય હોય છે તેમજ દેવતાઓ પણ પ્રસન્ન થવાથી 'વર' એટલે વરદાન આપે છે અને મોતીનો ચારો ચરનાર હંસો 'માન–સર–વર' નામના સરોવરે રહે છે. )

નર્મદા—(પ્રશ્ન.)

શું સજ્જનનું પથ્ય? ભ્રમર ગણ કયાં ગણગણતો ?
શું દાતાનું પથ્ય ? કોણ ત્રણ લોક નચવતો ?
વર્ણ ગણી લ્યો ત્રણ્ય, નહિ છે કાનો માત્રા,
દ્યો ઉત્તર પદ એક, કરે સૌ જેની યાત્રા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મહેશ્વર-(ઉત્તર) मद+न ('મદન' એ એકજ પદમાં બધા જવાબો છે)

(સજ્જન પુરૂષો 'મદ' એટલે ગર્વ કરતા નથી અર્થાત તેનું પથ્ય-પરહેજી પાળે છે. તેમજ ભમરાઓનો સમૂહ 'મદ' કે જે હાથીના ગણ્ડસ્થળથી ઝરે છે ત્યાં ગણગણે છે. દાતા પૂરૂષો 'ન' કારનું પથ્ય પાળે છે અર્થાત્ તેઓ કોઇને 'ના' કહેતાજ નથી અને 'મદન' એટલે કામદેવ ત્રણ જગતને વિવિધ પ્રકારની ચેષ્ટાથી નચાવી રહ્યો છે. કાનો માત્રા વગરના ત્રણ વર્ણવાળો 'મદન' શબ્દ છે.)

મહેશ્વર-(પ્રશ્ન)

કઇ ગતિ છે શ્રેષ્ઠ? સિદ્ધને શું નહિ હોય?
પુદ્‌ગલ નામક દ્રવ્ય, કહો તે કેવું હોય?
શોષે કોણ શરીર! કઇ જડ વસ્તુ પ્રકાશે?
ઇંદ્ર નમંતો પાય, યાચતો શું જિન પાસે?

નર્મદા-(ઉત્તર) (આવા પ્રશ્નોથી હર્ષિત થઈ બોલી)

**मनुष्य-भव-रुपी-चिंता-मणि.**

(મનુષ્યની ગતિ ઉત્તમ છે, મોક્ષ પામેલા સિદ્ધ ભગવાનને 'ભવ' એટલે સંસાર કિંવા ફરીને જન્મ હોય નહિ, ષડ્ દ્રવ્યમાંનું પુદ્‌ગલ દ્રવ્ય 'રૂપી' છે, શરીરનું શોષણ 'ચિંતા' કરે છે, 'મણિ' રત્ન જડ છતાં પ્રકાશ આપે છે, અને ઇંદ્ર પણ મનુષ્ય ભવ રૂપી ચિંતામણિની પ્રાર્થના કરે છે.)

નર્મદા-(પ્રશ્ન.)-દેહ તણી મિત્રાઇ, ત્રુટતી જેના જન્મે,
સ્વજન તણો પણ સ્નેહ, સદંતર [1]લયને પામે;

---

૧ નાશ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ્ઞાન–હૃદય શિર ધર્મ, પુરૂષના પગને સ્થાને,
ડગલે ડગલે અધિક, પ્રયાણે મુક્તિ પામે.

મહેશ્વર–(ઉત્તર)—**વૈરાગ્ય.** (મોક્ષ પથિક પુરૂષને વૈરાગ્ય પગને ઠેકાણે છે. જ્ઞાન હૃદયને સ્થાને અને ધર્મ મસ્તકને સ્થાને છે.)

મહેશ્વર–(પ્રશ્ન)–વાહે જળને કોણ? [1]તરૂવરનું શું સારૂં?
[2]અવલોકે [3]કૃષિકાર [4]મયૂરોને શું પ્યારૂં?
એક સરીખા વર્ણ ઉભય વચ્ચો વચ્ચ મળતા,
થાય સફળ એ ડોળ જગત સંતાપો ટળતા.

નર્મદા–(ઉત્તર)–**મેઘ–ઘટા.** મેઘઘટા.

નર્મદા–(પ્રશ્ન)–એક [5]વારનું નામ, કોણ ક્ષય કર્મ કરે છે?
ગ્રીષ્મ તણું શું તીવ્ર શું વિરહિણી સ્મરે છે?
મસ્તક પ્રાતિહાર્ય, જિનેશ્વરને શ્યો શોભે?
ઘો ઉત્તર પદ એક, નાથ! મમ મનડું લોભે.

મહેશ્વર–( ઉત્તર )–**આતપત્ર.**

(આતવાર એક વારનું નામ છે. તપથી કર્મ ક્ષય થાય છે. ગ્રીષ્મ ઋતુ ( ઉન્હાળા ) નો તપ (તડકો) તીવ્ર હોય છે. અને જિનેશ્વર ભગવાનના આઠ પ્રાતિહાર્યમાં મસ્તક–પ્રાતિહાર્યનું નામ આતપત્ર છે. )

મહેશ્વર–(પ્રશ્ન)–'આ' લાગે ઉપસર્ગ, અર્થ ભોજન સમજાયે,
'વિ' લાગે ઉપસર્ગ, અર્થ તો ફરવું થાયે,

---

૧ ઝાડ. ૨ જુએ. ૩ ખેડૂત. ૪ મોર. ૫ સાત વારમાંનો કોઇ એક.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

'નિ' લાગે ઉપસર્ગ, દેહ ચિંતા સૌ ટાળે,
મનહર વિણ ઉપસર્ગ, જીનવર હૃદયે ભાળે.

નર્મદા-(ઉત્તર) **हार.** હાર. (શબ્દની પહેલાં જે શબ્દ આવી અર્થ વિશેષ સ્પષ્ટ કરે કે ફેરવી નાખે તે ઉપસર્ગ. આ+હાર =ભોજન, વિ+હાર=ફરવું, નિ+હાર=વડીશંકા, વગર ઉપસર્ગે માત્ર 'હાર' પુષ્પનો અથવા સુવર્ણ રત્નાદિકનો હાર જીનેશ્વર ભગવાનના હૃદયને વિષે મનોહર લાગે છે.)

નર્મદા-(પ્રશ્ન)-આવે જો શિર લોક, અતિશય શોર કરે છે,
ગતિ તણું પણ નામ, નહિ રોકાયો રહે છે;
**उत्** લાગે ઉપસર્ગ, માનસિક વ્યાધિ એ તો,
**सम्** લાગે ઉપસર્ગ, દ્રવ્ય મુનિવરનું એ તો.

મહેશ્વર-(ઉત્તર) **वेग.** વેગ ( માથામાં વેગ આવવાથી લોક ખૂબ શોર કરે છે. વેગ એટલે ગતિ પણ અર્થ થાય છે. વેગ રોકાયો રહે નહિ. ઉદ્વેગ (ઉત્+વેગ) મનને વિહ્વલ કરે છે. અને સંવેગ (સમ્+વેગ) એટલે વૈરાગ્ય એ ખાસ મુનિજનોનું ધન છે. )

મહેશ્વર-( પ્રશ્ન ) " મનુષ્ય-ભવ દુર્લભ તેથી " એની પાદપૂર્તિ કરો.

નર્મદા--કયો મોક્ષનો માર્ગ, પ્રાણીને જ્ઞાન જણાવે,
ક્રિયા રૂપ પ્રયાણ, હોય એ નક્કી પાવે;
**ज्ञानक्रियाभ्यां मोक्षः** સૂત્રની સદ્દહણાથી,
ઉભય[1] ન સાથે કયાંય, 'મનુષ્ય-ભવ દુર્લભ તેથી.'

---

૧ જ્ઞાન તથા ક્રિયા એ બન્ને મનુષ્ય ભવ શિવાય બીજે સાથે હોતાં નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જોયું આંખે ઇષ્ટ, ચરણ નહિ લેવા જાવે,
જાણ્યું તેનું વ્યર્થ, જાય અજાણ ન પાવે;
નરકે કેવળ દુઃખ, ધર્મ શું સાધે તેથી,
સધાય છે આ લોક, 'મનુષ્ય-ભવ દુર્લભ તેથી.'
દેવગતિમાં જીવ, પડે છે વિષયાનંદે,
પરાધીન તિર્યંચ, બિચારૂં ભયના ફંદે;
મનુષ્ય ભવ છે માત્ર, [1]સાધ્યનું સાધન તેથી,
નક્કી નક્કી વાત, 'મનુષ્ય-ભવ દુર્લભ તેથી.'
કીધું ના ભવ તેહ, જીવનું સાર્થક કાંઇ,
બીજે ભવ ના લભ્ય, તેહ શું કરશે ભાઇ;
વાવે જેવું જેહ, લણે તે તેવું તેથી,
ગયો મળે નહિ જન્મ, 'મનુષ્ય-ભવ દુર્લભ તેથી,'
અનંત રાશી થાય, પુણ્યની ભેગી જ્યારે,
પમાય છે નરલોક, જાય ના દળદર ત્યારે;
વ્યર્થ ભૂમિને ભાર, શાસ્ત્ર ફરમાવે તેથી,
સાધ્ય સાધ્ય આરાધ્ય, 'મનુષ્ય-ભવ દુર્લભ તેથી.'
આર્ય દેશ ને કુળ, ઇંદ્રિયો પાંચે સારી,
બળ આરોગ્ય સહિત, હોય આવરદા સારી;
સુદેવ સુગુરૂ સુધર્મ, સ્વજન અનુકુલતા એથી,
સાધ્ય સાધ્ય આરાધ્ય, 'મનુષ્ય-ભવ દુર્લભ તેથી.'
[2]પ્રવચન શ્રદ્ધા હોય, શ્રવણ સિદ્ધાંત કરાયે,
તત્ત્વો કેરૂં જ્ઞાન, સુવ્રત જીજ્ઞાસા થાયે;

૧ સાધવા યોગ્ય. ૨ શાસ્ત્ર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અધિક અધિક દુર્લભ્ય, મળેલું ગુમાવવાથી,
ફરી મળે કયમ ભાઈ, 'મનુષ્ય-ભવ દુર્લભ તેથી.'
મોક્ષ વગર નહિ સુખ, મોક્ષનાં સાધન સૌ આ,
મળે મનુષ્ય-ભવ માંહિ, ખોઇને લાગે રોવા;
છાંડી પંચ[1] પ્રમાદ, ધર્મના આરાધનથી,
એક મોક્ષ[2] આ લોક, 'મનુષ્ય ભવ દુર્લભ તેથી.'

નર્મદા-( પ્રશ્ન ) ચોપાઇ.

અસારમાંથી શોધી સાર, કરશે તે તરશે ભવપાર;

મહેશ્વર-( ઉત્તર )

અઢાર દોષ રહિત અરિહંત, [3]અશરીરી શ્રી સિદ્ધ [4]ભદંત;
છત્રીશ ગુણ યુત શ્રી આચાર્ય, પાળે પળાવે [5]પંચાચાર.
ઉપાધ્યાય કરાવે પાઠ, ઉચ્ચાર તણો ઠીક શીખવે ઠાઠ;
સાધે સાધુ સ્વ-પર ઉપકાર, દર્શન[6] ધર્મ તણો આધાર.
જ્ઞાન જણાવે [7]સારાસાર, [8]ચરણ નક્કી પહોંચાડે પાર;
ઘોર કર્મ તપથી ક્ષય થાય, વંદુ તે ભગવતના પાય.
આ નવપદ શેવા સુખકાર, શાસ્ત્ર કહે સંસાર અસાર;
**અસારમાંથી શોધી સાર, (જે) કરશે તે તરશે ભવપાર**
વિનોદ પુરો થયો.

---

૧ મદ્ય, વિષય, કષાય, નિદ્રા, વિકથા. ૨ માત્ર આ મનુષ્ય ભવમાંજ મોક્ષ મળે છે. ૩ અરૂપી. ૪ ભગવાન. ૫ જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર. ૬ શ્રદ્ધા, સમ્યકત્વ. ૭ સાર તથા અસાર. ૮ ચારિત્ર. પ્રવજ્યા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૧૮ મું.

### સંકટ—પ્રસ્થાન.

સમુદ્ર શાંત છે. સમીર (વાયુ) શાંત છે. જળની લહરીઓ યોગીઓની વૃત્તિની જેમ ઉપશાંત છે. રજની શાંત છે. આકાશ શાંત છે. ચંદ્ર શાંત છે. તારાઓ શાંત છે. નૌકા (વહાણ) પણ શાંત પણેજ ગતિ કરે છે. દંપતિ પણ આ સમસ્ત શાંતિનું શાંતિથીજ નિરીક્ષણ કરે છે. અશાંત માત્ર કુદાકુદ કરતાં જલચરો તથા આ સતી નર્મદાની ભવિતવ્યતા.

તારાના પ્રતિબિંબોથી જાણે અંદર રહેલા રત્નોને પ્રકાશતો હોય તેમ જણાતો સમુદ્ર ઉજ્જવલ છે. તેના મોજાંઓ પણ ઉજ્જવલ છે. આશ્વિન માસના શુકલ પક્ષની આજની રાત્રી પણ ઉજ્જવલ છે. બરોબર મથાળે આવેલો શીતરશ્મિ ચંદ્ર પણ ઉજ્જવલ છે. ચાંદની પણ ઉજ્જવલ છે. તારાઓ ઉજ્જવલ છે. પ્રવહણનો વર્ણ પણ ઉજ્જવલ છે. ધવલ શઢો અને ધ્વજાઓ પણ ઉજ્જવલ છે. જલચરો પણ ઉજ્જવલ જણાય છે. દંપતિ પણ ઉજ્જવલ છે. તેમના વસ્ત્રો ઉજ્જવલ છે. તેમજ તેમનું હ્રદય પણ ઉજ્જવલ છે અર્થાત્ આ સમસ્ત ઉજ્જવલતાનું ઉજ્જવલતાથીજ તેઓ અવલોકન કરે છે. અનુજ્જ્વલ (શ્યામ) માત્ર સંકટ–પ્રસ્થાન કરનારી સતીની ભવિતવ્યતા.

એકઠી થયેલી આ શાંતતા તથા ઉજ્જવલતા કૌતુક રસ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માં લુબ્ધ તે દંપતિ સમુદ્ર તથા આકાશની જુદા જુદા પ્રકારે તુલના કરે છે. જલચરો તરફ પણ મહેશ્વરનું લક્ષ્ય દોરાય છે. નર્મદા સુંદરી પણ તેમજ પ્રેરાય તેમાં શું આશ્ચર્ય ? કેમકે પત્ની એ પતિનીજ છાયા છે. છાયાની જેમ વર્તનાર સ્ત્રીનેજ પત્ની (ભાર્યા)નું બિરૂદ ઘટે છે. અર્દ્ધાંગના તેનેજ કહી શકાય છે. પતિથી વિરૂદ્ધ વર્તનારી, વસ્ત્રાલંકારાદિક માટે પતિથી વારંવાર કલેશ કરનારી અને પતિને પોતાની ઇચ્છા મુજબ વર્તાવવાને-વશ કરવાને વશીકરણ વિગેરે દરેક પ્રયત્નો તથા કલેશો કરનારી શંખણી સ્ત્રીઓ તો પત્નીને બહાને વળગેલી જીવતી ચુડેલો સમજવી. ગાયના દૂધથી ભરેલા આંચળોએ રહ્યા છતાં પણ જેમ ઇતરડીઓ માત્ર લોહીનેજ ચૂસે છે તેમજ આવી ડાકણ-સ્વરૂપ સ્ત્રીઓ પોતાના પતિથી કાંઈ પણ સુખ પ્રાપ્ત કરી શકતી નથી.

જલ-કુતૂહલ જોવામાં દંપતિ લીન હતાં તેવામાં સંકટ રૂપ નાટકના મંગલાચરણ રૂપ વીણાનો મધુર ધ્વનિ (અવાજ-આલાપ ) સંભળાયો. સંકટ પાઠનું પાત્ર આ સતીનું તે આલાપે ( રાગે ) ધ્યાન ખેંચ્યું. પાસેના બીજા પ્રવહણમાંથી તે ધ્વનિ આવતો હતો. નિમિત્ત રૂપે સૂત્રધાર થયેલો ગાનારો સંગીત-કળામાં પ્રવીણ હોવાથી મારૂ, કેદાર, ભૈરવ, મલ્હાર, આશાવરી, દાદર વિગેરે અનેક-પ્રકારના રાગને-આલાપને છોડતો હતો. ખરેખર, તેણે ઉપરોક્ત શાંતિનોજ લાભ લીધો હતો. તેના તે વીણાના આલાપો ખરેખર અમૃત-બિંદુઓજ વર્ષતા હતા. અનુક્રમે કોઈ એક રાગણી એવી તો સરસ તે વીણામાં તેણે ઉતારી કે વ્હાણો પણ તેને યથાસ્થિત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તાલ આપવા લાગ્યાં. અને તેમાં બેઠેલા મનુષ્યો તમામ તલ્લીન બની ગયા. ખરે ! નાદકળા–સંગીતકળા તેવીજ છે, તેના ભેદોને જાણનાર તો વિરલા છે પરંતુ યથાર્થ રીતે વાગતા સંગીત શ્રવણથી સ્તબ્ધ તો હરકોઇ થાય છેજ. જુઓ કેઃ–

દોહરા.

વિષધર નાદે ડોલતા, મૃગલાં આપે પ્રાણ;
આવે વૃષ્ટિ નાદથી, સ્થંભે દેવ વિમાન.
મંત્ર શક્તિ પણ નાદમાં, નાદે શત્રુ નાશ;
મહિલા નાદે મોહતી, વેદ પાંચમો ખાસ.

સર્વ પ્રવાસીઓ ચિત્રવત્ બની ગયા. સતીનું પણ તે રાગણીએ ખાસ વિશેષતઃ ધ્યાન ખેંચ્યું. મહેશ્વરનું લક્ષ્ય દોરાયું તો હતું પણ જલચરો તરફ સ્થિત દ્રષ્ટિથી કરેલા અનુમાને સતી પતિનું ધ્યાન ખેંચવા બોલી. “હે સ્વામી ! સાંભળો, સાંભળો, કોઈ ચતુર પુરૂષ અનુપમ રીતે વીણા વગાડે છે. ઘણી પ્રાર્થના અને ઘણા દ્રવ્ય–વ્યયથી પણ આવા તમામ અનુકૂળ સંયોગો સહિત જે શ્રવણ પ્રાપ્ત ન થાય તે સંગીત આપણને વગર પૈસે પ્રાપ્ત થયું છે તો સાંભળવામાં શું જાય છે વારૂ !” મહેશ્વર પણ તે લક્ષ્યપૂર્વક સાંભળવા લાગ્યો. ખરેખર ! આ વખતનો દેખાવ તો તેના અનુભવનારાજ જાણી શકે. ગમે તેવો ચિત્રકાર પણ તે ચિતરવાને સમર્થ થાય નહિ. અરે, પ્રથમ તો તે પોતે પણ તે શ્રવણની અસરથી બચવા કેમ પામે ?

અફસોસ ! લખતાં કલમ પાછી પડે છે પરંતુ અપૂર્ણતાનો દોષ નડે છે. પૂર્ણતા કર્યા વગર સારા ભવિષ્યથી કેમ જ્ઞાત થવાય ?

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભવિતવ્યતાએ લક્ષણ-વિજ્ઞાન જાણનારી નર્મદાને પ્રસંગાનુસાર સ્વર-લક્ષણથી પોતાનું ચાતુર્ય દર્શાવવા પ્રેરણા કરી.

નર્મદા સવિનય હાથ જોડી મહેશ્વર ભણી " હે પ્રભો ! આજ્ઞા હોય તો આ ગાનારને જોયા વગર પણ તેના રૂપ, રંગ વિગેરે કહી સંભળાવું."

મહેશ્વરે ઇચ્છા દર્શાવતાં તે સતીએ તરતજ જણાવ્યું કે, " તે તરૂણ[1] બત્રીશ વર્ષનો છે. સંગીતમાં આસકત તે કૂબ્જ (કૂબડા)ના નેત્રો રક્ત ( રાતાં ) છે. તેના હસ્ત, પાદ (પગ), અને કેશ સ્થૂલ (જાડા) છે. વર્ણશ્યામ છે. તે મહા સત્વવંત છે. ગુદાઓ મશક સરખી છે, છાતી વિશાળ છે. વક્ષઃસ્થલને વિષે લાંછન છે તથા ગુહ્ય સ્થાન ઉપર મસ છે. આ પ્રમાણે ચિહ્નોવાળો તે પુરૂષ અવશ્ય છે."

હા ! ઇતિ ખેદે ! આ પરીક્ષણ વિદ્યાનેજ વિધિએ વૈરનું નિમિત્ત કરી. નર્મદાની આ પરીક્ષાએ મહેશ્વરના હૃદયમાં તેના સતીપણા માટે તર્ક ( શંકા ) ઉત્પન્ન કર્યો. મેનકા જેમ વિશ્વામિત્રથી લુબ્ધ છે તેમજ આ સ્ત્રી આ ગાનારાથી લુબ્ધ હોવી જોઇએ એમ વધતી જતી શંકાએ વિરૂદ્ધ નિર્ણયને સુદ્રઢ કર્યો. મહેશ્વરનું ચિત્ત ચિંતાયુક્ત થઇ ગયું. તેના હૃદયમાં ક્રોધાગ્નિ પ્રકટ થયો. નર્મદા પ્રત્યે મહેશ્વરના વિચારો ક્ષણ વારમાંજ બદલાઇ ગયા. ખરેખર, દૈવ તેમ કરવાને સમર્થ છે.

---

૧ રાસ તથા ભરતેશ્વર બાહુબલી વૃત્તિમાં ૩૨ લખે છે. શીલોપદેશ માળામાં ૨૨ લખે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૧૯ મું.

### મહેશ્વરની માઠી પ્રવૃત્તિ.

"હા! નક્કી નક્કી, ઉજળું એટલું દૂધ નજ હોય. નારી માત્ર સારી નજ હોય. અરે ભૂલ્યો! દૂધનું દ્રષ્ટાંતજ ક્યાં ઘટે છે! છાશમાં ખટાશનો સ્વભાવજ છે તેમ નારીઓ નઠારીજ હોય તેમાં શું આશ્ચર્ય! આ અનુભવે વધારે સ્પષ્ટ કર્યું કે:–

#### ગીતી.

નારી મોહ અટારી, જાણો નઠારી ઝેર ભરી ઝારી;
વિષમ ગુપ્ત કટારી, હૃદય ધરતા મૂર્ખ અવિચારી.

હા! જાણ્યું હતું સોનું પણ નિવડ્યું કથીર, જાણ્યું હતું મોતી પણ નીકળ્યું ઝાકળ નીર. નક્કી, નક્કી તે પાપણી તે ગાનારાથી લુબ્ધ છે. જરૂર તેણે તેનો સંયોગ કર્યો છે. જો એમ ન હોય તો આ સર્વ તે કેમ કહી શકે? વિષ્ટાની રૂચિ એ વિષ્ટાના કીડાનો સ્વભાવજ છે. પરનરની યારી કરવી એ પણ સ્ત્રીઓનો સ્વભાવજ છે. અરે પાપણી! તને કૂબ્જથી પણ પ્રીતિ કરવી કેમ ગમી! ખરૂં છે, નદીના જળની જેમ સ્ત્રીઓની ગતિ નીચી છે.

લાખ જતનથી જાળવો, જાતિ સ્વભાવ ન જાય;
ધોઇએ દૂધે કાગડી, તે નાવ હંસી થાય.

(રાસમાંથી)

સાકર સીંચવાથી પણ લિંબડો મીઠો નજ થાય. ગમે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેટલું કેળવવાથી પણ વાનરનું અપલક્ષણ નજ જાય. શિલાથી દબાવી રાખેલી કૂતરાની પૂછડી લાંબે કાળે પણ સીધી નજ થાય. મખમલની શય્યામાં (પથારી) સુવાડવાથી કાંઇ શૂની (કૂતરી) તે સૂરી (દેવી–દેવકન્યા) નજ થાય.

આ તો વખાણી ખીચડી દાંતે વળગી. જેને મહા સતી જાણી તેનીજ આવી સ્થિતિ છતી થઇ. અહો ! એનું કપટ તો જુઓ. એનું ચાતુર્ય તો જુઓ. કોણ જાણે ક્યારે તેણે તેનાથી પ્રીતિ કરી. ક્યારે તેણે મારી દ્રષ્ટિ ચોરી. ખરેખર, તેણે મને તણખલા જેવો ગણ્યો. નારીની નાગણ સાથે સરખામણી વાસ્તવિકજ છે. કેમકે નાગણની માફક નારીઓ ગૂઢ પગે ચાલનારી છે અર્થાત્ નાગણના પગ જણાતા નથી તેમ તેમની ગતિ જણાતી નથી. ગહન છે. નાગણને દૂધ પાવું તે માત્ર ઝેર વધારવા માટેજ છે તેમજ નારીઓનું પોષણ પણ તેવુંજ સમજવું.

આહા ! શું કરૂં ! શું તેને આ ખારા દરિયામાંજ ફેંકી દઉં ! શું તેને ખડ્ગ પ્રહારે હણી નાંખું ! અથવા તેમ કરવા કરતાં પ્રસંગે તેનો ત્યાગ કરૂં એજ ઠીક છે.

તે સોનું શું કામનું, જેથી ત્રુટે કાન;
તજે ન કાણું વ્હાણ તો, ડૂબે તે નાદાન.

હાલ તો બાંધી મુઠીજ ઠીક છે. પ્રસંગે જરૂર તેનો ત્યાગ કરીશ. આવા માઠા વિચારોની શ્રેણીએ ચડેલા મહેશ્વરે નિર્દોષ સતી નર્મદાનો ત્યાગ કરવાનો ગુપ્ત નિર્ણય કર્યો. બિચારી નર્મદા તો આ બધું જાણેજ ક્યાંથી !

P. P. Ac. Gunratnasuri M.S.　　　　Jin Gun Aaradhak Trust

અનુક્રમે મુસાફરી દરમ્યાન રાક્ષસદ્વીપ આવ્યો, ત્યારે વ્હાણના માલમીએ જણાવ્યું "રાક્ષસદ્વીપ આવ્યો છે, માટે આંહિંજ નાંગર નાંખી સઢ સંકેલી વ્હાણો ઉભાં રાખો. જલ, સમીધ (કાષ્ઠ) વિગેરેનો સર્વ કોઇ સંગ્રહ કરી લ્યો." તરતજ નિર્યામકોએ (હાંકનારાઓએ) વ્હાણ તે દ્વીપ તટે ઉભાં રાખ્યાં. સર્વ કોઈ તટે ઉતર્યાં. અન્ય સર્વ લોકો જળ કાષ્ટાદિક ત્વરિતપણે લાવી પ્રવહણમાં ભરી તૈયાર થયા. ત્યારબાદ તે સ્થળે સર્વ કોઈ રસોઈ કરવા લાગ્યા. મહેશ્વરે આ લાગ સારો જોઇ તે વખતે નર્મદાને કહ્યું. "પ્રિયા! જ્યાં સુધી ભોજન તૈયાર થાય ત્યાં સુધી ચાલો આ વનમાં ફરીએ. વિવિધ વૃક્ષોની હરિયાળી નિહાળીયે. જીવ્યાથી જોયું ભલું. ફરી ફરીને આ જોવાનું કયાંથી મળશે ? આ છળને જાણતી ન હોવાથી સતીએ પતિના વચનને સ્નેહ-પૂર્વક માન્ય કર્યું. અને મહેશ્વરની સાથે તે વન નિરખવાને ચાલી.

ફણસ, દાડમ, નારંગી, અંજીર, શ્રીફળ, આમ્રફળ, જામફળ, સીતાફળ, પપૈયા, તડબૂચ, મતીરાં, કેળાં વિગેરે અનેક પ્રકારનાં ફળવાળાં તથા ખજૂરી, ખારેક, સોપારી, લવિંગ, ઇલાયચી, તજ, બદામ વિગેરે બીજા પણ અનેક પ્રકારનાં વૃક્ષોની ઘાડી ઘટાવાળા આ વનમાં તે દંપતી ફરવા લાગ્યાં. જાઈ, જુઇ, કેતકી, ગુલદાઉદી, ચંપો, ચંબેલી, મોગરો, ગુલાબ, તથા પરભોગી કેવડો વિગેરે જાતજાતના પુષ્પોના ફેલાયલા મકરંદથી ઘ્રાણેંદ્રિયને (નાસિકા) તૃપ્ત કરતાં, તે દંપતી દ્રષ્ટિને વિસ્મત કરતા હતા. ફરક એટલોજ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કે એકનું હૃદય સદોષ અને એકનું હૃદય નિર્દોષ, તાંડવનૃત્ય કરતા મોર, ચકોર, મધુર સ્વરવાળી કોકિલા, વાયસો, ઘૂવડ વિગેરે પક્ષીઓના શબ્દરવો જાણે સતીના ભાવી સંકટના અપશુકનના પોકારો હોય તેમ જણાય છે.

" પ્રિયા, જુઓ આ તરૂવરો કેવાં ઉંચાં છે. આ ખજૂરના વૃક્ષની ઉંચાઈ જોતાંજ બ્હીવરાવનારી છે. આ ખજૂર મેળવવી એ કેટલું વિકટ કામ છે. કહ્યું છે કે–

ભગવતનું ઘર દૂર છે રે, જેવી દૂર ખજૂર;
ચઢે તો ચાખે પ્રેમ રસ ભાઇ, પડે તો થાય ચકચૂર.
( ભજન. )

જુઓ ધર્મને અહિંસાની જેમ આ વેલી આ વૃક્ષને કેવી વીંટાયેલી છે. જુઓ આ વાસ વગરના કેસુડાના પુષ્પોની વ્યર્થ રમ્યતા સદાચાર વગરના રૂપાળા મનુષ્યોનું યથાતથ્ય ભાન[1] કરાવે છે. જુઓ આ કદી પણ ન ફળનારી કેતકી. ચતુર પુરૂષની વાતમાં જેમ વાત અને સ્ત્રીના કપટમાં જેમ કપટ તેમજ જેના પાંદડામાં પાંદડાં રહેલાં છે તેવું આ કેળનું વૃક્ષ, જુઓ આ મયૂરનું નૃત્ય, તેનો કલાકલાપ કેવો છે. આ કોકિલા કેવું મધુર ગાય છે. આહા ! ! વાયુ કેવો મંદ મંદ વાય છે. અહો ! આ કદલી વનમાં તો વળી અધિક પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. બહુ ચાલ્યા. શ્રમ લાગ્યો હશે. પણ હવે અહિંજ વિશ્રામ લઇશું. જુઓ આ વળી સરોવર કે જ્યાં પંખીઓનો સમૂહ ભેગો થયેલો છે. "

---

૧. પોતે નર્મદાને મેણું મારવા રૂપે બોલે છે, મર્મયુક્ત બોલે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કપટી મહેશ્વર ભોળી નર્મદાને પ્રપંચ યુકત મિષ્ટ વાણીથી વૃક્ષાદિક સર્વ આંગળીઓ વડે બતાવતો અનુક્રમે સરોવર પાસે લાવ્યો. ધૂર્ત્તની ધૂર્ત્તતા (સારી રીતે યોજાયેલી હોય તો) બ્રહ્મા પણ જાણી શકતા નથી. પછી સરોવરની પાળે (કિનારે) તેઓ બેઠાં.

સરોવરનો શીતળ વાયુજ શ્રમ હરવાને સમર્થ (પૂરતો) હતો.

વિધિ બળવત્તર છે. ભવિતવ્યતા ગમે તેવાને પણ ગમે તેમ કરીને પણ ભૂલાવે છે. સતીએ પતિને વિશ્રામ માટે જરાક આડે પડખે થવા કહ્યું. મહેશ્વરે કહ્યું. "પ્રિયે ! મારે વિશ્રામની જરૂર નથી. વિશ્રામ તો તમે કરો. તમે સુકોમલ છો. તમે જરાક નિદ્રા લ્યો. હજી ભોજનને વાર છે. હું અત્રે તમારી રક્ષા કરૂં છું."

અફસોસ ! વિધિવશાત્ વલ્લભના વિશ્વાસે વનિતા જરા સૂતી. નિદ્રા આવી. ખરૂં છે કે નિદ્રાજ પાકી વેરણ છે. પવનને લીધે નિદ્રા ગાઢ થઈ. ધૂર્ત્તના પુત્ર ધૂર્ત્ત મહેશ્વરને દાવ મળ્યો. ફાવટ થઇ. નાસવા વિચાર કર્યો. તે પાપી વિચાર પાછો ન ફર્યો. જેનાથી પોતાને સમ્યકત્વ ધર્મનો લાભ થયો હતો તે પણ તે ભૂલી ગયો. જે અતિશય સ્નેહ ધરાવતો હતો તે બધું હવે વિસરી ગયો. પાછું જોયા વગર બાંધી મૂઠીએ તે નાઠો. ભૂજંગાદિક ભયમાં સ્રીને તજતાં કરૂણા પણ ન લાવ્યો. ઘૃત (ઘી)માં પડેલી માખીની જેમ પોતાની સ્રીની પોતેજ ઉપેક્ષા કરી. દોડતો દોડતો તટે (કિનારે) આવી પહોંચ્યો. રસોઇ તૈયાર કરી ભોજન માટે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મહેશ્વરની વાટ જોતા બેઠેલા લોકો પ્રત્યે તે હાંફળો ફાંફળો થઈ શ્વાસે ભરાઇ ધ્રૂજવા પડવાનો ડોળ કરી બોલી ઉઠયો કે, "દોડો દોડો, શું જોઇ રહ્યા છો. ઝટ વ્હાણમાં આવો. ભોજન વ્હાણમાં થશે. ઢીલ ન કરો. અરે! એક ભયાનક રાક્ષસ અહિં રહે છે. હું તેનાથી ન્હાસી છુટયો છું. મારી પ્રિયાને તો તે પાપીએ ખંડખંડ કરી મારી નાંખી." આટલું કહેતાં તે ધૂર્તે રોવા જેવું મોઢું કરી નાંખ્યું. વળી રોતે રોતે બોલ્યો. "તેના હોઠ તથા દાંત લાંબા છે, હાથમાં ભયંકર અગ્નિના તણખા વર્ષાવનારા શસ્ત્રો છે, કેશ છૂટા અને બિહામણા છે, તે જરૂર પાછળ આવે છે. જુઓ પેલી ધૂળ ઉડે છે તે તેનાજ પગલાની છે. પૃથ્વીને પણ ડોલાવતો તે પાણીના પૂરની જેમ દોડયો આવે છે."

આ વાત સાંભળીને ડરી ગયેલા લોકો તરતજ પ્રવહણમાં બેસી ગયા. રાક્ષસનું નામ સાંભળતાંજ કેટલાકોએ તો પૂરી વાત પણ ન સાંભળી અને વ્હાણમાં બેસી ગયા. ખરે, પ્રાણી માત્રને જીવિતવ્યનો ભય સૌથી વધારે હોય છે. જીવિતવ્ય કોને વ્હાલું નથી? તે કપટી પણ રોતો રોતો સર્વની સાથે બેઠો અને તરતજ વ્હાણને હંકારવામાં આવ્યાં.

ચાલતા વ્હાણમાં કપટી મહેશ્વરે આક્રંદથી સમુદ્રને પણ ગજાવી મૂકયો. "અરે પ્રિયા, કયાં ગઇ! તું એકલી કેમ ગઇ! અરે રે! મારી જરા પણ દયા ન આવી! સ્નેહને એકદમ વિસરી જ ગઇ! અરે વિધિ! તેં આ શું કર્યું! મારૂં અમૂલ્ય પ્રાણ-રત્ન તેં શા માટે અપહર્યું! હવે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મારે આ બધા સુખ વડે સર્યું હાય. !" એમ અનેક પ્રકારે તે કૃત્રિમ રૂદન કરવા લાગ્યો. તેના કપટથી અજાણ બીજા લોકોએ તેને સમજાવવા માંડયો.

"ભાઇ ! સમજીને શોક શું કરો છો ! મરવું સર્વને છે. ચક્રવર્તિઓ પણ તેને શરણ થયા છે. કાળ કોઇની શરમ ધરતો નથી તેમ તે કોઇથી ડરતો પણ નથી. હવે શોકથી સર્યું. શીર સલામત તો પાઘડીનો શ્યો ટોટો છે? હવે શોકને નિવારો."

એવાજ ઉખાણા અને એવાજ દિલાસાની તે ડોળઘાલુને જરૂર હતી. હવે તે નિશ્ચિંત થયો. કોઇએ તેનું કપટ જાણ્યું નથી એમ તેને નક્કી થયું. કપટી પુરૂષો સર્વત્ર ભયનેજ ભાળે છે. તે ભયને નિવારવા પ્રથમથીજ તેને અનેક પાખંડો કરવાં પડે છે.

વિશ્વાસઘાતીના જીવનને ધિક્કાર છે.

અનુક્રમે તે કપટી મહેશ્વર તથા બીજાઓ યવન દ્વીપે આવી પહોંચ્યા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૨૦ મું.

---

## સંકટમાં પણ સતીનો ધર્મ—પ્રેમ.

### ઈંદ્રવિજય છંદ.

સ્વપ્ન વિષે નહિ સંભવતો વનવાસ સીતાપતિએ પણ વેઠયો,
મારી ગઇ મતિ દ્યૂત રમ્યા નળ પાંડવ જ્યાં સુખનો દીન રૂઠયો;
લંકપતિ મદ વ્યર્થ ગયો જીતનાર સદા પળમાંહિ જીતાયો,
ભાવિ થનાર થયા કરશે, ફરશે ન, કરો કદી ક્રોડ ઉપાયો.

**हारिणापि हरेणापि ब्रह्मणापि सुरैरपि ।**
**ललाट लिखिता रेखा परिमार्ष्टुं न शक्यते ॥**

**અર્થઃ**—હરિ (વિષ્ણુ), હર (શંકર), બ્રહ્મા તથા દેવતાઓ પણ લલાટે લખાયેલી (અંકાયેલી) રેખા (ભાગ્ય—દશા) ભૂંસવાને સમર્થ નથી.

**સુજ્ઞ** વાંચનાર! આજે સતીના સંકટ પ્રદેશમાં આપણે વિચરવાનું છે. વિશ્વાસઘાતનો ભોગ થયેલી, વલ્લભથી વિખૂટી, વન વગડામાં (દરીઆ વચ્ચે) એકલી જુઓ પણ સુતેલી છે. અહા! કેવી નિર્દોષ મુદ્રા! નિર્દોષતાનું કેવું અદ્વિતીય તેજ!

આ બનાવ જોઈને વૃક્ષો પણ સ્તબ્ધ થઈ ગયાં છે. શોકથી ડાળીઓ પણ નીચી નમેલી છે. જવાબ દેવો પડશે એમ ધારી પવન પણ પલાયન થઈ ગયો છે. સમુદ્ર ગંભીર વિચારમાં પડી ગયો છે. સરોવર સ્થિરજ થઈ ગયું છે. પ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ક્ષીઓ પણ શબ્દોમાં કરૂણા દર્શાવે છે. ભયભીત ભુજંગો તો દરમાંજ લપાઈ રહ્યા છે. નર્મદાસુંદરીની નિશ્ચિંત નિદ્રાના શ્વાસોચ્છ્વાસમાં પણ નિશ્ચિન્તતા (મન્દતા) છે. સવિતનારાયણે (સૂર્યે) પણ કીરણોની તીવ્રતા મંદ કરી છે તો પણ રક્ષણાર્થે વૃક્ષોએ પોતાની છાયા કાયમ રાખી છે.

પ્રેમાળ પ્રેમદાએ ધીમેથી પોતાનું પાસું ફેરવ્યું. હળવેથી નયનો ઉઘાડયાં. સ્વસ્થ થઇ બેઠી થઇ. પાસે પતિને ન જોવાથી 'આટલામાંજ હશે' એમ ધારી વસ્ત્ર સજ્જ કરી સાદ કરવા લાગી. પડઘા શિવાય કોઈ બોલ્યું નહિ. 'નાથની હાંસી કરવાની ટેવ છે, છુપાયા હશે, મારી ચેષ્ટા જોતા હશે,' વિગેરે તર્કો કરી રમતની માફક તે પતિને શોધવા લાગી. પોતાની છાયામાંજ ભરમાઇ 'આ-રહ્યા, ઓ છૂપાયા, ન લપાઓ,' એમ તે ભોળી ભામીની બોલવા લાગી. 'આવો, આવો, વગર વખતે રમત ન હોય, અબળાના ધૈર્યનું શું પારખું જુઓ છો! અ-બલામાં ધૈર્ય-બલ ક્યાંથી હોય!" એમ વિવિધ રીતે શોધતાં શૂન્ય પરિણામથી અર્થાત્ પતિનો પત્તો ન લાગવાથી સતી વિષાદ પામી. ભ્રમ તે આખર ભ્રમ સમજાયો. તોપણ તેણે શોધવા માંડયું. આવી રીતે પોતાનો પતિ પોતાને તજે એ તેને સ્વપ્નામાં પણ ખ્યાલ નહતો. તેણે દરેક વન, દરેક ગુફા તથા દરેક ઘટાને જોયાં, પણ પતિ છતે ત્યાં હોય તો મળે ને!

'નક્કી મને દગો દીધો' એવો નિર્ણય થયો. ચિંતા અને શ્રમથી વ્યાકુળ એવી તે સતીએ ધીમે ધીમે દરેક સ્થળે શોધ કરી પણ વ્યર્થ. ઘડીક રોતી તો ઘડીકમાં ભણકારાથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તે તરફ આશાએ આશાએ જોતી તે સતીએ પાંચ દિવસ વ્યતીત કર્યા. છેવટે તે સાગર-તટ સુધી વિહ્‌વલ હૃદય, છાતીફાટ રૂદન, સજળ ચક્ષુઓ, પડતું આખડતું શરીર અને ભારે પગથી આવી પહોંચી. એક પણ નૌકાને ન જોતાં કંથનું કપટ જાણ્યું. મુનિનું વચન (શ્રાપ) યાદ આવ્યું. નિઃશ્વાસથી વનને રૂદનમય કરતી તે આક્રંદ કરવા લાગી. તેના રૂદનથી સમુદ્ર પણ ખળભળ્યો.

"હે સ્વામી! મેં ક્યો અપરાધ કર્યો હતો? મેં તમારી આજ્ઞા કઈ ઉત્થાપી હતી? સજ્જન પુરૂષો એક વખત તો જરૂર ગુન્હો ક્ષમા કરે છે. તો આપે આ દાસીને તેના અપરાધથી જ્ઞાત તો કરવી હતી! કેવો કારમો નેહ! કેવી વજ્ર જેવી છાતી! ધૂર્તતાનો કેવા અબલ પાત્ર (અબલા) પર પ્રયોગ! અરેરે, શું આટલા માટેજ સાથે લાવ્યા હતા! પ્રથમથીજ જો હું જાણતી હત તો ઘેર રહી જગત-પ્રભુ જિનેશ્વરનીજ પૂજા કરત. હા! વિધિ! આવા નિઃસ્નેહી પ્રાણીઓને ઘડવાથીજ તું ઓછી કળાવાળી થઇ છે. અહો! હું ભૂલું છું. તેમનો શું દોષ? તે તો નિમિત્ત માત્ર. ખરેખર! કર્મ સત્તા બળવાન છે. મુનિવરનું વચન આજ સત્ય થયું. મને પાંખ પણ નથી નહિ તો જરૂર ઊડી હું નાથની પાસે જઈ મારો ગુન્હો પૂછત. અરે! આ સમુદ્ર છતાં પણ મને વિરહ-પયોધિમાં કેમ નાખી. આ સર્વ દોષ મારાં કર્મનોજ છે. સંયોગ તથા વિયોગ કર્માધીન છે."

એમ અનેક પ્રકારે તે વિરહ-ઘેલી નર્મદા ધ્રુસકે ધ્રુસકે રડતી બોલવા લાગી. ખરેખર! વિરહ તેવોજ છે. જળના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિરહથી પૃથ્વી પણ શતખંડ (સેંકડો ચીરાવાળી) નથી થતી શું? દુઃસહ વિરહ શત્રુને પણ ન હોજો. દાવાનળ થયે છતે જેમ અંકુર ન હોય તેમ વિરહાનળ પ્રજળવાથી નરનારીનું નૂર રહેતું નથી. વિરહીણી ચક્રવાકીના જેવી આ સતીની સ્થિતિ થઇ. વરસાદના કરાની જેમ નયનયુગલમાંથી વર્ષતા આંસુના બિંદુઓથી પૃથ્વીને સિંચતી આ સતી મૃગ વિખૂટી મૃગલીની જેમ વ્યાકુળતાથી ભમવા લાગી. વિરહ ત્યાં ધૈર્ય હોતું નથી. પ્રીતિની ગતિ એવીજ કારમી છે. રાગ એજ સંકટનું કારણ છે. તેમાં પણ એક પખી પ્રીતિ તો અવશ્ય કષ્ટકારી છે. પતંગ પોતાના જીવિતને ઝંપલાવે છે અને દીપકને તે હિસાબમાં પણ નથી એ એક પખી પ્રીતિનુંજ પરિણામ છે. પ્રીતિ કરીને અંત પર્યંત નિભાવનાર તો જગતમાં કોઈ વિરલોજ કે જેના પગ ધોઇ પીવાય.

અહો! જે નર્મદા સખી વગર રહેતી નહોતી, જે સતીને માટે ક્ષણે ક્ષણે લક્ષ્ય આપવામાં આવતું હતું, જે વિવિધ ભોજન લેતી હતી, ગંગા તરંગ જેવી ઉજ્જવલ અને સુખદ સ્પર્શવાળી શય્યામાં જે સૂતી હતી, વીણાદિક વાજીંત્રોનો આનંદ જે નિત્ય નાથ સાથે અનુભવતી હતી, જે સતી સ્વામીના સ્નેહ—સરોવરમાં સારસડી સમાન માત્ર સુખ અને હર્ષનાજ હિંડોળે હીંચતી હતી, ઉભય—પક્ષમાં (પીયર તથા સાસરૂં) આજ પર્યંત પણ જેણે પ્રતિકૂલતાનો અંશ પણ જોયો નહતો અર્થાત્ જન્મથી માંડીને આજ સુધી તેણે નિર્દોષ આનંદજ અનુભવ્યો હતો તેજ મહાસતી નર્મદા આજે ચારે બાજુ જળથી વિંટલાયલા આ રાક્ષસ—દ્વીપમાં છાતીફાટ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રૂદન કરતી હોય એકલીજ! અરેરે, દિલાસો દેનાર પણ કોઇ નહિ. અરે! વક્ર (વાંકી) વિધિની ગતિ તેવીજ વિષમ છે. થોડા સમય (દિવસ) પહેલાં જે મહાસતી સંપૂર્ણ સુખી હતી તે અહો દુઃખના દરોડાથી દબાયેલી છે. અહો! જે ખુશાલીમાં હતી તે ખેદની ખડકે ખડકાયલી છે.

"અરેરે! મારા જેવી નિર્ભાગિણીને હે વિધિ, તેં કેમ સરજી! પૃથ્વી! તું પણ કેમ મને માર્ગ નથી આપતી! હૃદય! તું પણ કેમ કણ કણ વિશીર્ણ થતું નથી! પ્રાણો! તમે પણ કેમ નીકળતા નથી! અરે નાડીઓ! તમે પણ કેમ ત્રુટતી નથી. અરેરે! આ વનવગડામાં મારે કોનો આધાર! પીયર પણ હજારો ગાઉ વેગળું! હા નીચ નિદ્રા, તુંજ મારી વેરણ થઈ. ઉંઘતાથી જાગતા ભલા એ ખરૂંજ છે. પતિનો વિયોગ કરાવવાથી તેં શોકયનું કામ સાર્યું. આજે હું જરૂર ઘેલી થઇ છું. નાહક શાને બીજાને દોષ દઉં છું. મારાં પૂર્વ જન્મનાં પાપોજ સાક્ષાત્ પગટયાં છે. મારૂં કર્યું મારે ભોગવવુંજ જોઇએ.

### શુકદેવ કહેરે ઉપાય—એ રાગ.

કરી હિંસા હશે મેં અનેક, કેર કાળો કર્યો હશે છેક;<br>હશે દીધા મેં કોઈને શ્રાપ, આજે પ્રગટયા આપોઆપ. ૧<br>મેર–લુચ્ચા–લબાડ–પાપિષ્ટ, ઘણું બોલ્યું હશે અનિષ્ટ;<br>તને ડંશજો કાળો સાપ, બોલી બાંધ્યું હશે બહુ પાપ. ૨<br>તારા ભાગ્યા શું હાથને પાય, તારા ઘરમાં લાગજો લાહ્ય;<br>તારાં પુટી ગયાં શું નેત્ર, તારા વંશનો થાજો છેદ. ૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રેડયું શીશું શું તારા કાન, તે સાંભળતો નથી [1]વાણ;
તને થાજો કોગળીઆનો રોગ, તારો દેજો શીકોતરને ભોગ. ૪
રાંડ તું તો વ્યભિચારી નાર, તારા પુરૂષ તેટલા યાર;
એવું બોલી અનિષ્ટ અપાર, બાંધ્યું પાપ હશે પારાવાર.
હશે દીધા કૂડા આરોપ, કર્યો હશે મહા કોપાટોપ;
દીધા હશે મેં વગડે દાહ, મૃગ માર્યા હશે ફંદમાંહ. ૬
તોડી હશે તળાવની પાળ, હશે કોઈની ઉતારી ખાળ;
કંદમૂળ અભક્ષ્ય અનેક, ખાધાં હશે બેશુમાર છેક. ૭
પીધું વાવર્યું અણગલ નીર, હશે પોષ્યું ઘણું આ શરીર;
હશે છોડયાં ઘણાં છુટાં તીર, ઉશ્કેર્યા હશે યુદ્ધ વીર. ૮
હશે વેચ્યાં આયુધો લોહ,[2] કર્યો હશે અતિશય મોહ;
કર્યા બાળક માત વિછોહ,[3] કર્યો સંત સાધુપર કોહ[4]. ૯
કર્યું ભોજન રાત્રે રોજ, પીડી હશે પશુઓની ફોજ;
ઝાલી ઘાલ્યા પંજર [5]કીર, રંગ્યાં હશે રાતાં હીર. ૧૦
કર્માદાનના ધંધા કીધ, કામોત્પાદક ઔષધિ પીધ;
અનામતો ઉચાપત કીધ, હશે દગો વ્યાપારે કીધ. ૧૧
ઘંટી, ખાંડણી, પાપ ઓજાર, વેચ્યા આપ્યા હશે નિરધાર;
હણ્યા ગરભ હશે ઝાઝેરા, દીધી એવી દવાઓ હજારો. ૧૨
કીધો હોંશે હશે મેં શીકાર, સુરા[6] માંસથી કીધો પ્યાર;
રમી રમાડયું હશે જુગાર, હશે કીધી ચોરી અપાર. ૧૩
સેવી વેશ્યા અને પરનાર, સપ્ત વ્યસન તેહથી પ્યાર;
ગૌ કન્યા જમીન [7]અલીક, બોલી તેહનું ફળ નજીક. ૧૪

---

૧ વાણી. ૨ લોઢું. ૩ વિયોગ. ૪ ક્રોધ. ૫ પોપટ. ૬ દારૂ.
૭ જૂઠું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પામી સત્તા સતાવીઆ રાંક, જુઠી સાક્ષીનો કીધો વાંક;
દીધી ચોર ઉલ્લંઠને સ્હાય, કીધો વિશ્વાસઘાતજ હોય. ૧૫
કીધો દગા તણો વ્યાપાર, રાખ્યાં કાટલાં કૂડાં અપાર;
એક બતાવી બીજો માલ, આપ્યો આ ફળ છે તત્કાળ. ૧૬
લીધા નિયમોનો કીધો ભંગ, તીથી દિને સેવ્યો આરંભ;
કર્યો મિથ્યાવાદીનો પ્રસંગ, રૂચ્યો કુમતિ કુટીલ કુસંગ. ૧૭
જિનમતથી કર્યો વિષવાદ, ગાયા ગુરૂ તણા દોષનાદ;
ધર્મકાર્યમાં કીધ અંતરાય, તેથી આ દશા પામી હોય. ૧૮
નહિ સેવ્યું હશે સમ્યકત્વ, નક્કી સેવ્યું હશે મિથ્યાત્વ;
કર્યા કર્મો અનેક પ્રચંડ, જેનો પામી હું પાપણી દંડ. ૧૯
ગણું કયા કયા ગણું નહિ, પણ કર્મ કીધાં એતો સહી;
નહિ પાળી મેં પ્રવચન માત, કીધી હશે ધરમ કેરી ઘાત. ૨૦
હશે પ્રરૂપ્યું શાસ્ત્ર વિરૂદ્ધ, અભિમાનમાં થઈને લુબ્ધ;
હશે જિનવર આજ્ઞા ઉત્થાપી, આજે ભોગવું ફળ હું પાપી. ૨૧
કયાં કર્મ નડયાં હશે આજ, તે તો જાણે જ્ઞાની મહારાજ;
મુનિ વાકય થયું આજ સિદ્ધ, કર્મસત્તા પ્રબળ-પ્રસિદ્ધ. ૨૨
વિધિ! દુઃખ દીધું મને છોય, મારા નાથને કુશળ હોય;
વિનવું દીન હું દુઃખી બાલા, ધ્યાન ધરજે એ કાલાવાલા. ૨૩
જેમ તજી તમે મને નાથ, તજશો નહિ ધર્મનો સાથ;
જિનધર્મનો રૂડો જે સંગ, છાંડી કરશો નહિ કુપ્રસંગ. ૨૪

આહા! શું સતીનું સતીત્વ. આવી દશામાં પણ પોતાના પતિની તે કેટલી હિતબુદ્ધિ રાખે છે. સમ્યક્ધર્મને રખે પતિ છાંડે તો દુઃખી થાય. દુઃખદાઇ અધર્મનું ભાજન થાય તે ન

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખનો એવું ઈચ્છનારી આ મહાસતીના સતીપણાની કેટલી વિશુદ્ધિ !

આવી રીતે પોતાના પુરાતન કર્મની આત્મ–સાક્ષીએ નિંદા કરતી અને અગ્નિમાં પડેલા હેમ (સોનું) ની સ્વચ્છતાની જેમ આ દુઃખમાં શ્રીજિનવરધર્મમાં તે વધારે દ્રઢતા કરતી આમ તેમ ફરવા લાગી. શું કરે ? માથે પડ્યું કોણ નથી ભોગવતું ? આદિત્ય (સૂર્ય) અસ્ત પામ્યો. દુર્જનના હૃદય જેવી શ્યામ રાત્રિનો પ્રસાર થયો. પક્ષીઓએ વિશ્રામ કર્યો. નિશાચરોને તો તે પ્રભાત રૂપ હતી. શીતરશ્મિ પરંતુ સતી પ્રત્યે ઉષ્ણ રશ્મિ માટેજ દોષાકર (ચંદ્ર) ઉદય પામ્યો (ઊગ્યો). લતાના ગુચ્છ મધ્યે નર્મદાએ નિવાસ કર્યો. નિદ્રા પણ ન આવી. ખરે, દુઃખમાં મનુષ્યનો કોણ ત્યાગ નથી કરતું ? જંતુઓનો તીણો અને ઘણો ભયાનક અવાજ સંભળાવા લાગ્યો. નિશાચરોનો ભક્ષ્ય સમય મધ્ય રાત્રિ થઈ.

જળવગરના મત્સ્યની જેમ પતિ વિરહથી તલપતી સતી નર્મદાને જોઇ મલપતી વિધિ (કર્મ) નું સત્યાનાશ જાઓ.

વિરહના પ્રબળ વેગની પ્રેરણાથી ચંદ્ર પ્રત્યે જોઇ નર્મદાથી રહેવાયું નહિ. તે બોલવા લાગી.

‘રે ! રે ! ચંદ કલંકીયા, લાજ ન આવે તુજ;
અબલા જાણી એકલી, શું સંતાપે મુજ. (રાસમાંથી)
વલ્લભને જો મેળવે, માનું તારો પાડ;
નવલ [1]નવલ શુભ સ્તોત્રથી, નિત્ય લડાવું લાડ.

---

૧ નવા નવા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અરેરે ! લોકો તારામાં અમૃતની ફોકટ કલ્પના કરે છે. અગ્નિ સિવાય તારામાંથી બીજું ઝરે છેજ ક્યાં ? પણ એમાં નવાઇ નથી કેમકે તું વડવાનળની જાતિ છે. તું કાંઇ સાગર-પુત્ર નથી. શંકરે તને મસ્તક ઉપર ધારણ કર્યો તેથી તું જરા પણ ફૂલાતો ના, કેમકે તેજ શંકરે અમૃતને તજી વિષ ગ્રહણ કરવાની ભૂલ ક્યાં નથી કરી ! માટેજ લોકો તેને ભોળો કહે છે. તારૂં તો દોષાકર નામજ સત્ય છે. હે ધતારડા ! મહાસતી સીતા જેવીને પણ પતિ વિયોગ કરાવનાર મૃગલાને આશ્રય આપનાર ચોરના ભાઈ ઘંટીચોર ! તારા કોઇ સદ્‌ભાગ્યથીજ રાહુને પેટ નથી નહિ તો તને આખો ને આખોજ ગળી જાત અને ત્યારેજ તું પાધરો થાત. જો તું એવો જોરાવર છે તો સૂર્યની સામે જ્યારે તારૂં અસ્તિત્વ હોય છે ત્યારે તારૂં તેજ ક્યાં જાય છે ? તારૂં પુરૂષાર્થ તે વખતે તું ક્યાં ઘરાણે મૂકે છે ? તારી શીતળતા ક્યાં ગઇ ? ભૂંડા ! કાંઇક તો સંભારણું કર. આકાશમાં સંચરનાર એવા તને મારા પતિને શોધીને તેને ઉપાલંભ દેતાં શી વાર લાગવાની હતી વારૂ !

અહો હું ભૂલી ! તારાજ ક્યાં સર્વ સરખા દિવસો છે. તું પોતેજ ક્ષય રોગથી ક્યાં બચવા પામ્યો છે. મહિનામાં એક દિવસ તું પૂર્ણ ( આખો ) ઉગે છે તે પ્રમાણે બાર માસે બાર દિવસ તો તને સુખના મળવા જોઇએ તે પણ તારા ભાગ્યમાં ક્યાં છે ! તેમાં પણ રાહુ આડો આવી ગ્રહણ કરી તારા બાર દિવસ પુરા થવા દેતો નથી, તું પણ કર્મનેજ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આધિન છે. તારાથી સુખની આશા કેમ રખાય ?" એમ વિવિધ પ્રકારે વિલાપ કરતાં તે રાત્રિ વીતી.

સતીને વિલાપથી પાછી વાળવા દર્શનના મિષેજ હોયની તેમ રવિ ઉદય પામ્યો. સતી લતા-ગુચ્છમાંથી બહાર નીકળી. વિશાળ-સાગરને જોતાં ફરીને વધારે વધારે રોવા લાગી.

ખરે ! જેને સંકટનો પ્રથમ અનુભવ-પ્રસંગ પ્રાપ્ત થયો હોય તેને વારંવાર રડવું આવે તેમાં કાંઈ આશ્ચર્ય નથી. વળી રૂદન થયા પછીજ સંકટ હલકું પડે છે. રૂદન એજ દુઃખીને શાંતિનું કારણ થાય છે.

તેણે વિચાર કર્યો કે "રોવાથી શું વળે તેમ છે ? ક્ષણ વિયોગ અને ક્ષણ યોગ એ તો આ સંસાર ચક્રની ગતિજ છે હવે તો પોતાનું કર્મફળ પોતે ભોગવીજ લેવું. ભાવે કે કભાવે પણ માથે પડી કોણ નથી ભોગવતું પરન્તુ તે ભોગવવામાં સહન-શીલતા (સમતા) ધારણ કરનારનીજ બલીહારી છે."

ખરૂં છે. એક નાટ્ય સાક્ષર કથે છે કેઃ-

સદા સંસારમાં સુખ દુઃખ સરખાં માની લઇએ,
રાખે જેવી રીતે રામ રંગે તેવી રીતે રહીએ;
નહિ જેવીને તેવી નિત્ય કોઇની નભતી જોઇએ;
દશાના ઢંગ રૂતુના રંગ જેવા માની લઇએ.

કોઈ દિન મહેલા માળીઆ, કોઇ દિન છપ્પર ખાટ;
કોઇ દિન એવો આવશે, ભૂખ્યા નહિ મળે ભાત.

વીણા-વેલી નાટક.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉદય તથા અસ્ત ઉભય સમયે સમાન રક્તતા ધારણ કરનારો સૂર્ય પણ તેજ શિક્ષણ આપે છે.

સતી હવે સ્વસ્થતાથી વિચારવા લાગી. “ પત્થર ખણવાથી કમળની ઉત્પત્તિની જેમ આ વનવગડામાં રૂદન વ્યર્થ છે. પવિત્ર શીયલ અને વ્હાલો ધર્મ એજ હવે આધાર છે. વીતરાગ છતાં પણ એક શ્રી જિનેશ્વર ભગવાનજ દીનદુઃખીનો બેલી છે. ”

વનમાં રહેવું એ તેને ભય ભરેલું લાગ્યું. ફરતાં ફરતાં ગિરિકંદરી (ગુફા) શોધી તેને સાફ કરી તેમાં નિવાસ કર્યો. નિર્મલ જળથી મુખ પખાળી ભગ્નપોત[1] વણિકની જેમ એક ધ્વજા તેણે તે ગુફા ઉપર બાંધી. ત્યાર બાદ તે ધર્મ નિષ્ઠ મહાસતીને જો જિનબિંબ પ્રાપ્ત થાય તો પૂજા કરવાનો ઉત્સાહ થયો. વનમાં તપાસ કરતાં તેને તે ઇષ્ટ પ્રાપ્ત થયું નહિ. તેણે નિર્મળ જળ અને પવિત્ર માટી હાથમાં લઇ જગત્ પ્રભુ જિનેશ્વરની મૂર્તિ રચી. નાનકડો પ્રાસાદ પણ બનાવ્યો. પ્રભુને પધરાવ્યા. ધન્ય છે આવા પ્રસંગે આવા પ્રબળ ઉત્સાહને ! આવી શ્રેષ્ઠ વૃત્તિને !

સહર્ષ યુગાદિ ભગવાન નાભિનંદન–આદિનાથનું નામ તે પ્રતિમાજીને વિષે સ્થાપન કર્યું. રોમ રોમ હર્ષ હર્ષ વ્યાપી ગયો. શોક નષ્ટ થયો. નિર્મળ જળથી ભગવાનને પ્રક્ષાલન

---

૧ જેનું વહાણ ભાગી ગયું છે તે વ્યાપારી. પૂર્વે જે દરીઆઇ સફર કરનારા વ્યાપારીઓનું વ્હાણ ડુબી જતું અને સુદૈવથી આવા કોઇ દ્વીપ તટે તેઓ પહોંચતા તો ત્યાં રહી ફળાહાર કરતા અને મદદ માટે ધ્વજા બાંધતા કે જેથી કોઇ મુસાફરો તે જોઇ ત્યાં આવે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરી સ્વચ્છ ફળફૂલ ધોઈ શુદ્ધ કરી તે મહાસતીએ પ્રભુની પ્રથમ દ્રવ્ય–પૂજા કરી. ભૂખ્યાને ઘેબર, તરસ્યાને ઉદક અને દરિયામાં ડુબતાને જેમ ફલક ( પાટીઉં ) મળે તેમ વનમાં પ્રભુ પૂજનના અચિંત્ય લાભથી થયેલા–ઉદ્ભવેલા તેના હર્ષે સકળ વન–પ્રદેશને પણ હર્ષિત કર્યું. જે નયને પ્રથમ શોકાશ્રુઓથી ભરેલાં હતાં તેજ નયનો અત્યારે હર્ષાશ્રુઓનું ઝરણું ઝરે છે. શોકાશ્રુઓથી ખરડાયેલ કપોલ ભાગને હર્ષાશ્રુઓ પવિત્ર કરે છે. જાણે ભક્તિના પ્રભાવથીજ હોય તેમ શુભોદયે કેટલાક પક્ષીઓ પણ તેનું અનુકરણ કરી ભગવાનને કંઠ પ્રદેશ નમાવી નમન કરતા હતા.

વિધિપૂર્વક પૂજન કર્યા બાદ તે ભાવ સ્તવ કરતી બોલી.

મીઠી કુઈ કર ચઢી, ખારા દરિયા મઝ;
એ વેળાએ તું મળ્યો, પરમ સનેહી મુઝ.
માતા પિતા બાંધવ સ્વસા, સસરો સાસુ કંત;
દુ:ખમાંહિ હોય વેગળાં, એક તું સખાઈ ભગવંત.
તું કરૂણા નિધિ તું વિબુધ, તુજ ગુણ અપરંપાર;
ભવસાગરમાં ડુબતાં, તુજ પદ [1]પદ્મ આધાર.

( રાસમાંથી )

## ગીતિ.

વ્હાલી વધુને [2]જોવા, પ્રથમ માતને મોકલીયાં આપે;
સકળ કુટુંબને તાર્યું, હજીય તારતા જે હૃદયે સ્થાપે.

---

૧ કમલ. ૨ મુક્તિરૂપી વ્હાલી સ્ત્રીને જોવા માતા મરૂદેવીને પ્રથમ મોકલ્યાં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## દ્રુત-વિલંબિત છંદ.

નયન દિવ્ય સુધારસને ઝરે,
વદન ભવ્ય નિહાળીભવિ ઠરે;
સુર અસુર પતિશીર નામતા,
પરમ વાચ્છિત ભક્તિથી પામતા. ૧

જગત દીપક ! ધર્મ પ્રકાશતા,
તિમિર નાશક ! ભવ્ય વિકાશતા;
વિલખતા રિપુ લાગ તકાસતા,
દપટ દોટ દઈ ઝટ ન્હાસતા. ૨

અતિશયો યુત ! વાણી નયે ભરી,
ભય ભરી ભવભીતિજ સંહરી;
પરમ મોક્ષ લહ્યો જસ આદરે,
ભવિક જીવ અનેકજ ધન્યરે. ૩

વન વિષે શુભ ભાગ્યથી પામીઆ,
દરિસણે અતિ શ્રેષ્ઠ પ્રસન્નતા;
દહન દાહ થયો તવ દર્શથી,
શીતળ શાંતિ પ્રકાશી સુહર્ષથી. ૪

**ते जन्मभाजःखलु जीवलोके, येषां मनोध्यायति वीतरागं ।**
**वाणी गुणान् स्तौति कथां श्रृणोति, श्रोत्रद्वयंते भवमुत्तरान्ति॥**

**અર્થઃ**—જેઓનું મન વીતરાગ ભગવાન્નું ધ્યાન ધરે છે (કરે છે), જેની વાણી તેમના ગુણોનું સ્તવન કરે છે અને જેના બે કાન તેમની કથા સાંભળે છે તેમનોજ, ખરેખર આ જીવલોકમાં લીધેલો જન્મ સાર્થક છે અને તેઓજ સંસારને ઉતરી જશે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવી રીતે પ્રભુની પૂજા કરી બાદ તપાસ કરી પકવ અને ભક્ષ્ય ફળોને વીણી શુદ્ધ કરી તેનો આહાર કર્યો. વનમાં ક્ષુધિત સ્થિતિમાં પણ ભક્ષ્યાભક્ષ્યનો તેનો વિવેક ક્યાં અને આજના શ્રાવકોનો આંખો મીંચીને લૌલુપ્યાંધ થવાનો વિવેક (કહો કે અવિવેક) ક્યાં ?

મધુપાન ( દારૂ ) તે પણ હાલ શ્રાવકમાં પ્રચલિત તો પછી રાત્રિભોજન કંદમૂળ વિગેરેની તો વાતજ શી કરવી. ગંદકીના ભંડાર રૂપ હૉટલોમાં જનારા પણ મોટા ભાગે શ્રાવકો ત્યાં પછી જયણાની તો વાતજ શી કરવી. વિલાયતી દવાઓ જેવી કે કોડલીવર ઑઇલ (માછલીનું તેલ), બોવરીલ (ગાયની ચરબી) વિગેરે વિગેરે તમામ પણ શ્રાવક બંધુઓજ વાપરે છે. બળદના લોહીથી ધોવાતી, હાડકાંથી મિશ્રિત અને કેટલીક તો મનુષ્યના પેશાબથી પણ ધોવાતી વિલાયતી ખાંડના ખાનારા પણ શ્રાવકોજ ! અફસોસ, આભ ફાટે ક્યાં થીગડાં દેવાં. જાગતા મૂતરનારને શું કહેવું. આંખ આડા કાન કરનારને માટે શો ઈલાજ !

વન વગડામાં પણ ભક્ષ્યાભક્ષ્યનો વિવેક રાખી માત્ર ભક્ષ્ય ફલોનોજ આહાર કરનારી આ મહા સતીને ધન્ય છે.

હવે તે મહાસતી સંકટ સમુદ્રથી તો શું પણ યાવત્ સંસાર–સમુદ્રથી તારનાર એકજ પરમ સાધન શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર મંત્રનું ધ્યાન ધરવા લાગી. અહો ! જેના નવલક્ષ જાપની શક્તિ નર્કનું પણ નિવારણ કરે છે તે શ્રી નમસ્કાર મંત્રનો મહિમા જગત્ પ્રસિદ્ધ છે. તે ચૌદ પૂર્વનો સાર અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દીન દુઃખીનો તો ખાસ આધાર છે. તેના આરાધનથી કોનાં કષ્ટો નથી ટળ્યાં !

ભીલ તથા ભીલડી તેજ નમસ્કાર મંત્રના પ્રભાવથી રાજસિંહ-રત્નવતી નામે રાજા રાણી થયાં. ફરીને તેજ મંત્રનું આરાધન કરી દેવલોક ગયા અને મુક્તિ પામશે. તેજ મંત્રના પ્રતાપે સર્પ તે પુષ્પમાલા થયેલ છે. તેજ મંત્રાધિરાજથી શ્રીપાલ નરપતિનો તથા બીજા સાતસેં કુષ્ટિઓનો કોઢ વ્યાધિ સદંતર નષ્ટ થયો. શિવકુમારે તેજ મોટામાં મોટી શક્તિથી આફતમાંથી પોતાનો પ્રાણ બચાવ્યો. શેઠ જિનદાસે પણ તે મંત્રથી પ્રાણહારક વનમાંથી બીજ પૂરક ફળ [1]મેળવ્યું. સિવાય અનેક પ્રાણીઓ કષ્ટમુક્ત થઇ મુક્તિ (સર્વથા મોક્ષ) પામ્યા છે. અનાદિકાળથી માત્ર તે એકજ પરમ ઇષ્ટ આરાધન છે. સર્વ તીર્થંકરોની તે મંત્રાધિરાજનેજ આરાધવાની આજ્ઞા છે. એવું કોઈ પણ હિત બાકી રહેતું નથી કે જે આ મંત્રથી ન પમાય. કષ્ટને ટાળી ઇચ્છિત આપી જન્મ જરા મરણને નિવારનાર માત્ર આ એકજ મંત્રાધિરાજ છે. શ્રદ્ધાના ઢંગધડા વગર તે આરાધનથી અલબત્ત અલ્પ ફળ મળે તેમાં શું નવાઇ ? ખરેખર, હાલ તો તેવીજ સ્થિતિ છે.

તેજ મંત્રાધિરાજના પ્રતાપથી સતી નર્મદાનું પણ કેવી રીતે સંકટ ટળે છે તે હવે લક્ષ્યપૂર્વક વિચારો.

---

૧ આ સર્વ દ્રષ્ટાંતો માટે તે મંત્રાધિરાજનો પ્રભાવ દર્શાવવા માટેજ લખાયેલ 'રાજસિંહ-રત્નવતી' પુસ્તક વાંચો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૨૧ મું.

## મહેશ્વરનું શું થયું?

વ્હાલા વાંચનાર, 'મહેશ્વરનું શું થયું?' એ જાણવા તારૂં હૃદય જીજ્ઞાસુ હશેજ. તે જાણવા માટેજ આ પ્રકરણ છે. ઉગ્ર પુણ્ય અને ઉગ્ર પાપનું ફળ તરતજ મળે એમાં શું આશ્ચર્ય?

ફોતરાથી ઢંકાયેલ ચોખાના ઢગલાને જેમ ભ્રમથી પોપટ ત્યાગ કરે તથા આંધળો જેમ સર્પની ભ્રાંતિથી પુષ્પમાલાનો ત્યાગ કરે તેમ આ સતીનો ત્યાગ કરી આગળ ચાલેલો માયાવી મહેશ્વર સાથેના માણસો સહિત યવન દ્વીપે આવી પહોંચ્યો છે એમ તો તારા જાણવામાંજ છે.

ત્યાંના મહીપતિને ભેટણાથી રીઝવી વ્યવસાય (વ્યાપાર)નો આદેશ પામી તેણે પોતાનાં વસાણાને સારા ભાવે વેચી સારાં નાણાં પ્રાપ્ત કર્યાં. સાથેના બીજાઓએ પણ પોતપોતાના વ્યાપરથી ત્વરાથી ધન સંગ્રહ કર્યો. ધન પ્રાપ્ત કરવામાં ત્વરા (ઉતાવળ) કોનામાં નથી દેખાતી?

કાર્યાકાર્ય પરખવાની કેવળ ઉપેક્ષા કરનાર મહેશ્વરે નાણા પરખવામાં તો સારી પ્રવીણતા વાપરી હતી. કેટલા એક દિવસ બાદ પોતાના નગરે જવાને તેણે વ્હાણો સજ્જ કર્યાં. સર્વ સાથીઓને તૈયાર કરી વ્હાણો હંકારી મૂકયા. જે વિધિએ મહેશ્વરને નિમિત્ત કરી સતીને સંકટમાં નાખી હતી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેજ વિધિ–વાદળ આ ભાઈસાહેબ ઉપર પણ ફરી વળ્યું છે. ભરદરીએ પવન અતિશય વાવા (ફૂંકવા) લાગ્યો અને તે વ્હાણો કુંડલગિરિના ઘેરાવામાં જઈને ફસાણા. પવન મંદ પડયો, પાણી ઓછું થયું અને સર્વ પ્રવહણો પર્વતની માફક સ્થિર થઇ રૂંધાઈ ગયાં. માત્ર તેની પચરંગી ધ્વજાઓ ધીમે ધીમે ફરફરતી હતી, હવે વ્હાણો ચાલવાની આશા રહી નહિ. નાવિકો ઝાંખી મુદ્રાવાળા થયા. ચિંતાનું એક છત્ર રાજ્ય થયું

મહેશ્વર પોતે એકલો વ્હાણથી ઉતરી ગિરિ ઉપર ચઢયો, ત્યાં તેણે ઉંચી ધ્વજાવાળું એક દેરૂં જોયું. તે દેરાની આગળ બે મોટાં નગારાં પડેલાં દીઠાં તરતજ ગેડી ઉપાડી તેણે તે વગાડયાં. તેના તે જબરા અવાજથી ભારંડ પક્ષી એકદમ ઉડી ચાલ્યા. તેમની પાંખના પ્રબળ પવનથી હીલોળે ચડેલા સાગરે જળને ઉછાળી વ્હાણોને ગિરિથી બહાર કાઢયાં. પવનનું પ્રબળપણું એટલું બધું કે તે વ્હાણો સીધી દિશાએ ચાલવા જ લાગ્યાં અને ઘણે દૂર નીકળી ગયાં. બીજા પ્રવાસીઓએ હવે પાછું ફરવું વ્યર્થ વિચાર્યું તથા તેના માબાપને શું જવાબ દઇશું એ પણ તેમને મોટો વિચાર થઈ પડયો. છેવટે તે સર્વ ચંદ્રપુરે આવી પહોંચ્યા. રૂદ્રદત્ત તથા રૂષિદત્તાએ મહેશ્વર ન આવ્યો એમ જાણી તથા તે ગિરિ ઉપર ફસાઇ ગયો એમ સાંભળી અતીવ દુઃખી થયાં. બીજાઓ તો પોત પોતાને ઉદ્યમે પણ લાગી ગયા.

મહેશ્વર તે ગિરિથી નીચે ઉતર્યો. એક પણ વ્હાણ ન જોવાથી તે અતિ દિલગીર થયો. 'હવે હું શું કરીશ? હાય કયાં જઈશ? શું થશે? કયાં નગર? કયાં ઘર? કયાં માતા?

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ક્યાં પિતા? એમ તે પોકાર કરવા લાગ્યો. પણ કરે શું! માથે પડી ભોગવ્યા સિવાય કોનો છૂટકો છે?

ભૂખ્યો તરશ્યો અને એકલો એવો તે આખા વનમાં વેખલાની જેમ ભમવા લાગ્યો. પોકારે પોકાર કરવા લાગ્યો પણ વ્યર્થ. આખરે તે વનફળ શોધવા લાગ્યો પણ દુર્દૈવથી તે પણ તેને પ્રાપ્ત થયું નહિ. સૂર્યાસ્ત થયો. છેવટે ભૂખ્યાં ભૂખ્યાંજ તે એક ઝાડના કોટરમાં સૂતો. હવે તે વિચારવા લાગ્યો—"અહો! આવું સંકટ કોઇને પણ પ્રાપ્ત થશો નહિ. દુશ્મન પણ આ દિવસ દેખશો નહિ. મારી પ્રિયાને મેં જાણીનેજ આવા સંકટમાં મૂકી હતી. અરેરે, તેનું શું થયું હશે? જરૂર તેના [1]તે કહેવાથી તે શીયળ ભ્રષ્ટ તો હશેજ તો પણ આખર અબળા તે અબળાજ! તેને વનમાં મૂકી એ મેં ઠીક ન કર્યું જરૂર તેનું મૃત્યુજ થયુ હશે. શું મારી આ સ્થિતિ તે કર્મનેજ આભારી હશે? ગમે તેમ હો પણ તે ભ્રષ્ટા તો જરૂર તે સજાને યોગ્ય હતી." એમ વિચાર કરતાં કરતાં તેને ઉંઘ આવી ગઇ.

જે ઉંઘ સતી નર્મદાના સંકટનું કારણ થઇ હતી તેજ ઉંઘ મહેશ્વરના પણ સંકટનું કારણ થાય છે.

તે તરૂ (ઝાડ) ઉપર એક કિન્નર દેવ યુગલ (પતિ-પત્નીનું જોડલું) કંચનદ્વીપે કોઇએક કૌતુક જોવા જવાની વાતો કરતું હતું. ઉભયની ઇચ્છા થવાથી વૃક્ષ સહિત તેઓ આકાશમાં ઉડયાં. નીચે દરીયો, ઉપર આકાશ તથા વચ્ચે

---

૧. અંગ લક્ષણો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચાલ્યું (ઉડયું) જતું વૃક્ષ છે કે જેની ઉપર દેવયુગલ તથા જેના કોટરમાં ઉંઘતો મહેશ્વર છે.

ભરદરિયે મહેશ્વર જાગ્યો અને આળસ મરડવા લાગ્યો. બગાસું ખાતાં આળસ મરડતાં તરતજ તે સમુદ્રમાં પડયો. જેવો તે જળથી અફળાયો તેવોજ તેને મગરમચ્છે ગળ્યો. આહા ! જુઓ વિધિની કૃતિ !

તે મત્સ્ય ઊછળીને ચંદ્રપુરે આવતાં તેને કોઈ ધીવરે (માછીમારે) જોયો. માછીમારે તેને પકડયો. તેનું પેટ ચીરતાં અંદરથી અતિ દુર્દશાને પામેલો મહેશ્વર નીકળ્યો. આશ્ચર્ય પામી તે ધીવરે ત્યાંના રાજાને તે વાત જણાવી. રાજા પાસે મહેશ્વરને લાવવામાં આવ્યો. સર્વ કોઇએ તેને ત્યાં ઓળખ્યો. સારવારથી તે દૈવયોગે સારો થયો અને પોતાના કુટુંબને હર્ષના કારણભૂત એવો તે પોતાના ઘેર [1]આવ્યો.

ઘેર આવી સર્વને, નર્મદાને રાક્ષસ ભક્ષણ કરી ગયો છે એમ જણાવ્યું. પુત્રાગમનથી હર્ષ અને આ સમાચારથી શોકગ્રસ્ત થયેલા તના માબાપોએ તેનું ઉત્તર કાર્ય કર્યું. પછી મહેશ્વરને બીજી સ્ત્રી પરણાવી.

---

૧. ભરતેશ્વર બાહુબલિ વૃત્તિમાં તથા શીલોપદેશ માળામાં મહેશ્વરના આ કષ્ટની જરા પણ વાત નથી. "યવનદ્વીપથી ઘેર આવી માતાપિતાને નર્મદાના મરણના સમાચાર આપી બીજી સ્ત્રી પરણે છે" એટલુંજ માત્ર તેમાં છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૨૨ મું.

---

### પિતા પુત્રીનો અનાયાસ મેળાપ.

ગુફાની અંદરથી ઝીણોઝીણો ધ્વનિ બહાર સંભળાય છે. ગુફાની બહાર સંકોચાઇને ઉભા રહેલા એક પુરૂષને, “ કોઇ ભૂલા પડેલા મનુષ્યનો અત્ર આવાસ છે ” એમ નિર્ણય થાય છે, પણ પર આવાસમાં જણાવ્યા વગર કેમ પગ મૂકાય એમ ધારી તે બહારજ ઉભો રહેલ છે. “ આ તે નર છે કે નારી, ” તે જાણવા તે ઉત્સૂક પુરૂષ ખાસ કાન દઇને સાંભળે છે. હળવે હળવે સાંભળતાં સાંભળતાં તે આશ્ચર્ય પામે છે.

“ અહો ! આતો નર્મદા જેવો સાદ સંભળાય છે. બોલવાની ઢબ પણ તેના જેવીજ છે પણ તે અહિં કયાંથી હોય !” એમ વિચારવમળમાં પડેલો તે પુરૂષ ધૈર્ય ન રાખી શકવાથી ગુફાની અંદર ધસી ગયો. “ નક્કી, નક્કી, નર્મદાજ—નર્મદાજ.” નર્મદાને જોતાંજ તે પુરૂષ હર્ષ અને આશ્ચર્યથી તેમ બોલી ઉઠયો.

ધારાધરને દેખી જેમ મયૂર તાંડવ નૃત્ય કરવા સુધીના આવેશમાં આવી જાય તેમજ આ પુરૂષને જોતાંજ નર્મદા પણ અતિ હર્ષિત થઈ. ઘડીકવાર તો તે વિચારમાંજ સ્તબ્ધ થઇ ગઈ “ અરે, આતે સ્વપ્ન છે કે સાચું છે ! શું કોઈ વન દેવતા તો આ રૂપે પ્રગટ નથી થયેલ ! દેખવામાં તો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખરેખર પિતાજ દેખાય છે, પણ નિર્ણય શ્યો ? નિર્ણય વગર પ્રણામ પણ કેમ થાય !"

એ પ્રમાણે વિચાર કરતી નર્મદા પ્રત્યે [1]સહદેવ બોલી ઉઠયો-"મારી વ્હાલી પુત્રી નર્મદા ! તું શું જોઈ રહી છે? શું મને નથી ઓળખતી ? હું તારો પિતા સહદેવ છું. આવ, આવ મ્હારી પાસે આવ. હું તારો સાદ ઓળખીનેજ અંદર ધસી આવ્યો છું."

નર્મદાને નિશ્ચય થયો કે તે તેનો પિતાજ છે. પિતા પુત્રી સજળ ચક્ષુએ ભેટી પડયાં. નર્મદાના હર્ષનું ભાન, ત્રુટેલા મોતીના હારની જેમ આંસુધારાથી થાય છે; કંઠ ગદ્ગદ્ થઇ ગયો છે; બોલી પણ શકાતું નથી. વનમાં અને તે પણ આવા દુઃખમાં વ્હાલાંનો મેળાપ કોને હર્ષ ઘેલાં ન કરે ? કહ્યું છે કે. **अमृतं प्रियदर्शनं.** પ્રિય દર્શન સામાન્યતઃ પણ અમૃત સમાન છે તો પછી આવા પ્રસંગે તો પૂછવુંજ શું ? સાગરની ટાઢી લહરીથી પણ તે હર્ષ-લહરી અધિક પ્રભાવશાળી છે. તે હર્ષનું સુખ તે પિતાપુત્રી અને જિનેશ્વર ભગવાનજ માત્ર જાણે.

" પુત્રી ! પુત્રી ! તું અહિં કયાંથી ? કહે, કહે, મારૂં હૃદય ક્ષોભ પામ્યું છે. તારા પતિથી, સાહેલીઓથી, સ્વજનથી, નગરથી, ઘરથી સુખથી-અરે સર્વથી વિખુટી અહીં એકલી કેમ ? "

---

૧ ભરતેશ્વર બાહુબલિ વૃત્તિ તથા શીલોપદેશ માળામાં વીરદાસ જણાવે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નર્મદા પ્રણામ કરી વિનય પૂર્વક ધીમે ધીમે બોલી, "પૂજ્ય પિતાશ્રી ! પ્રથમ આ જગત્ કૃપાળુ જિનેશ્વર ભગવાનને જુહારો કે જેના પ્રતાપે પ્રાણીમાત્ર દુઃખ દરિયાને નિમેષ માત્રમાં તરી જાય છે. પરતંત્ર તે સ્વતંત્ર થાય છે."

સહદેવે આશ્ચર્ય પામી પૂછ્યું "અહો ! કરૂણાસાગર વીતરાગ દેવ અહીં કયાંથી ?" નર્મદાએ પ્રતિમાજી તથા પ્રાસાદની ટુંકમાં વાત કરી ઇંગુલી તેલનો દીવો કરી દર્શન-જીજ્ઞાસુ પિતાને ભગવાનનાં દર્શન કરાવ્યાં. સહદેવ શેઠે પ્રસન્ન ચિત્તથી વંદન તથા ચૈત્યવંદન કર્યું હર્ષભર હૃદયથી તે સ્તુતિ કરવા લાગ્યો.

### વસંત તિલકા.

રૂડાં દયા રસ ભર્યાં નયનો નિહાળ્યાં,
કૂડાં જરા મરણ જન્મજ નર્ક્કો ટાળ્યાં;
ત્રૈલોકય–નાથ ! વનમાં પણ દર્શ દીધાં.
માનું સુભાગ્ય ઉદયે અમીં હર્ષ પીધાં. ૧
યુગાદિનાથ જગ, મુક્તિ યુગાદિ નાથ,
છે ધન્ય નાભિ નૃપને મરૂદેવી માત;
શ્રેયાંસરાય તમ પૌત્રનું ઇક્ષુદાન,
દાતા, સુપાત્ર ધન તે, ધન શુદ્ધ દાન. ૨

પ્રભુને સ્તવી તે નર્મદાને વૃત્તાન્ત પૂછવા લાગ્યો. નર્મદાએ આગ્રહ પૂર્વક માતા તથા સ્વજનાદિકનું કુશળ તથા પિતાનું અહીં શાથી આવવું થયું તે પૂછ્યું. સહદેવે જણાવ્યું, "તારી માતા વિગેરે સર્વ શ્રીજિનધર્મના પસાયથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કુશળ છે. વ્યવસાય નિમિત્તે કરીઆણાંથી વ્હાણો ભરી હું સિંહલદ્વીપ તરફ જતો હતો. રસ્તામાં આ નિશાચર (રાક્ષસ) દ્વીપ આવતાં જલઇંધન વિગેરે લેવા માટે વ્હાણો અહીં ઉભાં રાખ્યાં. સર્વ માણસો ઉતર્યા. હું પણ કિનારા ઉપર આમ તેમ ફરતો હતો, તેવામાં કદલીવન તરફ નજર જવાથી મારૂં મન તે જોવાને લલચાયું. હું તે તરફ આવ્યો ત્યાં મનુષ્યનાં પગલાં દીઠાં. "નક્કી આટલામાં કોઈ રહે છે ખરૂં," એમ ધારી ઉતાવળે પગે ચાલતાં તે વનને મૂકયા બાદ આ ગુફા ઉપર બાંધેલી ધ્વજા મારા જોવામાં આવી; હું આ તરફ આવ્યો, કાંઇક બોલવાનો અવાજ સંભળાયો, પર–આવાસમાં એકદમ ન પેસાય તેથી બહાર ઉભો રહ્યો અને વધારે લક્ષપૂર્વક સાંભળતાં સાદ ઓળખવાથી અંદર ધસી આવ્યો. કહે, કહે, હવે તું અહીં કયાંથી તે યથાર્થ કહે."

નર્મદાએ પોતાનું વૃત્તાંત જણાવ્યું. પરણવાથી માંડીને પતિનો આદર, મુનિશ્રાપ, વિદેશગમને જતાં પતિની સાથે પોતે પણ જવું તે, રાક્ષસદ્વીપે ઉતરવું, અને ત્યાં (અહીં) પતિએ પોતાને ઉંઘતીજ મેલી કરેલો ત્યાગ, એ સર્વ તેણે કહી સંભળાવ્યું. દોષ માત્ર પોતાના કર્મનોજ દાખવ્યો પણ પતિનો લેશ માત્ર પણ નહિ. ધન્ય છે મહાસતી ધન્ય છે!

"અરેરે, મારી લાડકી તનયા આ વનમાં કેવાં દુઃખ ભોગવે છે. એવા કપટીને પરણાવવામાં મારી મૂર્ખાઇજ થયેલી છે. અરે! પણ તેનાથી તેનો સંયોગ વિયોગ નક્કી લખેલોજ હશે નહિ તો જાણી બૂઝીને કાગડાની કોટે મોતીની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માળા આરોપવાની વિપરીત બુદ્ધિ મને કયાંથી સૂઝે !" એમ વિચાર કરતા સહદેવ શેઠ પોતાની અંગજા (પુત્રી) પ્રત્યે બોલ્યા–" નર્મદા ! તું લેશ પણ ફીકર કરીશ નહિ. જો તેને તારા ઉપર પ્રીતિ નથી તો તેનો મોહ તારે રાખવો વ્યર્થ છે. તું જિનેશ્વર ભગવાને કથેલા તત્વોને યથાર્થ જાણનારી છે એટલે તને વધારે શું કહેવું ? ચાલ, તું મારી સાથે ચાલ. અહિંથી સિંહલદ્વીપ થઇ પછી આપણે ઘેર જઇશું. ત્યાં તું સુખે કરીને શીયળ–ધર્મનો નિર્વાહ કરજે. જો મળવું લખ્યું હશે તો તારો કંથ મળશે નહિ તો ભગવંતનું ભજન કરવું એજ શ્રેષ્ઠ છે."

નર્મદા તૈયાર થઇ. પિતાની સાથે તટે આવી. સાથેનાં સર્વ કોઇ નર્મદાને જોઇ આશ્ચર્ય પામ્યા તથા તેનો ઇતિહાસ જાણવા જીજ્ઞાસુ બન્યાં. સહદેવ શેઠે અથઇતિ કહી સંભળાવ્યું. મહેશ્વર ઉપર સર્વને તિરસ્કાર છૂટયો. નર્મદાને પિતાએ સ્નાન કરાવી ઉત્તમ વસ્ત્રો પહેરાવ્યાં. વિવિધ પ્રકારનું ભોજન તૈયાર કરવામાં આવ્યું. તાતના આગ્રહથી આજે સતીએ સારી રીતે ભોજન કર્યું. પછી સર્વ કોઇ વ્હાણમાં બેઠાં. વ્હાણ ચાલ્યાં. પવનની પ્રતિકૂળતાથી તે વ્હાણો સિંહલદ્વીપને બદલે બબ્બરકૂલ બંદરે જઇ પહોંચ્યા. પવનની પ્રતિકૂળતા એ સતી નર્મદાસુંદરીની ભવિતવ્યતાનીજ અપૂર્ણ વિષમતાની પૂર્ણતાના કારણભૂત હતી.

સાગરતટે વિવિધરંગી ઉત્તમ અને ઉંચાં ડેરાઓ (તંબૂ) તાણવામાં આવ્યા. સર્વ કોઇએ તેમાં વાસ કર્યો. સહદેવ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શેઠનો નિવાસ પુત્રી સહિત ખાસ એક જુદા અતિ શોભનીક તંબૂમાં હતો. ભોજન કરી સહજ વિશ્રાંતિ લીધા બાદ બબ્બરરાય (મકરધ્વજ)ને ભેટવા તથા રોજગારનું સ્વરૂપ જાણવાની જીજ્ઞાસાથી તે શેઠે નગરમાં જવાનો વિચાર કર્યો. પુત્રીને 'હું તરતજ આવું છું' એમ કહી અમૂલ્ય ભેટણું લઈ સારાં વસ્ત્રો પહેરી શેઠ નગરની શોભા જોતા જોતા રાજદરબારમાં આવી પહોંચ્યા. બત્રીશ રાજકુલી વચ્ચે શોભતા મકરધ્વજ રાજાને શેઠજીએ નજરાણું (ભેટણું) કર્યું. ભૂપતિએ પણ શેઠનો પરદેશી વ્યાપારી તરીકે તાંબૂલાદિકથી સારો સત્કાર કર્યો. પરસ્પર કુશલાલાપ થયા પછી શેઠે વ્યવસાય (વ્યાપાર)ની આજ્ઞા માગી. રાજાએ હર્ષથી હા કહી. ત્યાંથી શેઠ મુકામે આવી પુત્રી નર્મદાને ભેટયા.

બીજા દિવસથી શેઠજીએ વસાણા વેચવા માંડયા. તેમાં તેમને સારો પૈસો પ્રાપ્ત થયો. નગરમાં પણ તે શેઠની કીર્તિ સારી પ્રસરી, નાગરવેલના પાનની જેમ ગુણવાન્ પુરૂષ સર્વત્ર માન પામે છે. કસ્તુરી કાળી છતાં પણ તેની વિખ્યાતિ તેના સુગંધ ગુણને આભારી છે.

શેઠજી રોજ દરબારમાં જાય આવે છે. નગરમાં સુખે વ્યાપાર વિગેરે કરે છે. સતી નર્મદા પણ ડેરામાં પિતાના રક્ષણ તળે રહી પતિસ્મરણપૂર્વક ધર્મ ક્રિયાથી દિવસો ગાળે છે. પંચપરમેષ્ઠિ નમસ્કાર મંત્રનું તે ખાસ આરાધન (સ્મરણ) કરે છે. પુણ્યવાન પ્રાણી સુખમાં પણ ધર્મને જરા પણ વિસારતા નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૨૩ મું.

## શેઠ અને દૂતી.

પોતાના તંબૂમાં સ્વસ્થ ચિત્તે સહદેવ શેઠ બેઠા છે. આ વખતે તેમની પાસે બીજું કોઇ નથી, અર્થાત્ એકલાજ છે. નર્મદા પણ હાજર નથી. તે વખતે કોઇ એક સ્ત્રી અચાનક આવી પ્રણામ કરી ઉભી રહી. યથાર્થ શ્રાવક ધર્મના જાણ સહદેવ શેઠ, પરસ્ત્રીના એકાંતને અનેક અનર્થનું બીજ જાણતા હોવાથી અને તેમાં પણ આ સ્ત્રીતો આકૃતિથીજ અકુલિનતાનું ભાન કરાવનારી ભાસતી હોવાથી ચમકયા. વીજળીના ઝબકારાની માફક પોતના તંબૂમાં દાખલ થયેલી તેને જોઇને બાળકની માફક (જેમ વીજળી જોવાથી બાળક ક્ષોભ પામે છે તેમ ) તેમનું ચિત્ત અતિ ક્ષોભ પામ્યું. શેઠ તેને કાંઇ પણ પૂછે તે પહેલાંજ ટાપટીપ કરીને ખુબસૂરત બનેલી સ્ત્રી બોલી ઉઠી.

" હે સાર્થવાહજી ! મારી બાઈ હારિણીએ મને તમારી પાસે મોકલી છે. જ્યારથી તમને અત્રે આવ્યા સાંભળ્યા છે ત્યારથીજ મારી બાઇનું મન તમને મળવા ઘણુંજ તલસે છે મારી સ્વામિની સ્નેહપૂર્વક આપના દર્શનની અભિલાષિણી છે. શેઠજી ! સજ્જન પુરૂષો સર્વનું દાક્ષિણ્ય એક સરખી રીતે રાખે છે માટે કૃપા કરી મંદિરે પધારો, મારી બાઈના ગૃહાંગણની શોભાને વધારો અને તેના તલસતા હૃદયને આ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લિંગનાનંદ રૂપ શીતળ–સ્રોતથી ઠારો. યથેચ્છ સુખનો અનુભવ કરો.”

ઉષ્ણ સીસાના રસ સમાન આ સર્વ કર્ણેદ્રિયને અથડાતાં ઉદ્‌ભવેલી અંતર–પ્રદેશની ધ્રૂજરી બહાર પણ સાક્ષાત્ જણાઈ. શેઠજી તે દૂતી પ્રત્યે બોલી ઉઠ્યા.

“ રે અધમે ! રે કુબુદ્ધિની માસીરૂપ સાક્ષાત્ કૂડ કપટની ફાંસી, કહે, કહે, તું કોની દુષ્ટ દાસી છે, હાંસીથી પણ ડરનારા અમે વાણીઆ આકૃતિથીજ અવિશ્વાસી એવી તારા જેવી દૂતી સાથે વાત પણ કેમ કરીએ ! રે ધૂતારી, હત્યારી, ઘોઝારી, જા, જા, અનેક પુરૂષ પતંગીયાઓને ઝપલાવનારી તારી તે સ્વામિની પણ કોઇ તેવીજ હશે. પરધનને પત્થર તથા પરદારાને હળાહળ ઝેર માનનાર, અહર્નિશ શુદ્ધ બ્રહ્મચર્યના ભાવિક અમે શ્રાવક તારી બાઇની સ્વાર્થ યુક્ત તુચ્છ પ્રાર્થનારૂપ પાવકમાં ( અગ્નિમાં ) કેમ પગલાં ભરીએ ! પરરામાના જેને ભામા છે તેતો માતાના ઉદરને ફોકટ ભારે મારી નકામાજ જન્મ્યા છે. પોતાના માવિત્રનું ગુપ્ત વ્યભિચાર કર્મ વ્યભિચારી પુરૂષોજ પ્રકટ કરે છે. શું તું નથી જાણતી કે,

દાનવરાય અટંકા વંકા, શૂર પણ ધરતા શંકા;
દાશરથિયે દેઇ ડંકા, લંકા કીધી પંકા.
પદમોત્તર જસ અવિચલ ઉત્તર, સાયર દુત્તર આડો,
તેહ નિરૂત્તર કીધો મુકુંદે, પરત્રિય અયસ અખાડો,”

( રાસમાંથી )

પ્રપંચની પેટીરૂપ તે છટેલી દાસીએ હવે કુયુક્તિનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રયોગ કર્યો “ શેઠજી ! મારી બાઇ મોહ પામ્યા છે તે વાસ્તવિકજ છે કેમકે તમારી વાણીમાં નિપુણતા સારી છે. પરદેશ પ્રવાસનું એ તો પરિણામજ છે. વળી પરદેશ ગમનની જેમ વારાંગના–દ્વાર પણ અધિક નિપુણતા પ્રાપ્ત કરવાનું ખરૂં અને સારૂં સાધન છે. પરદારાગમનનો તમારો નિષેધ ઠીક છે પણ હે વિચારશીલ પ્રવાસી ! સમજુ થઇને શું ભૂલો છો, વિચારો તો ખરા કે મારી બાઈ કયાં પરદારા છે. એ કોઇની પણ સ્ત્રી નથી. પોતે સ્વતંત્ર છે. આપ જેવા ભાગ્યવાન પુરૂષોજ, નાગકુમારીઓને પણ લજ્જાથી પાતાલમાં પ્રવેશ કરાવનાર મારી બાઇના દીવ્ય દેહનો યથેચ્છ ઉપભોગ કરી શકે છે.”

શેઠે ચોખ્ખે ચોખ્ખો જવાબ સંભળાવ્યો કે, “ રે દુષ્ટા ! જ્યાં ત્યાં રઝળતા દેહને દીવ્ય ન કહેવાય. ઠાર ઠાર કચરાયેલા કુસુમનો કયો બુદ્ધિમાન્ ઉપયોગ કરે ! તારી બાઈ કોઈ એકની સ્ત્રી તો નથી કિન્તુ આખા જગતની સ્ત્રી હોઇ જગરંડા (જગવધૂ) તો કહેવાય છે ને ! જેની ખાટ આખા વિશ્વ ( ખલક ) થી ખુંદાય છે તે શ્વાનની ( કૂતરાની ) ચાટ તુલ્ય તારી બાઇના દેહ સામે પણ શ્વાનના જેવા હડકાયા વગર બીજું કોણ જુએ !”

‘ ઓછું પાત્રને અદકું ભણ્યો, વઢકણી વહુએ દીકરો જણ્યો’ એ કહેવત અનુસાર, હારિણીના માનથી મત્ત થયેલી આ દાસી મનમાં વિચારવા લાગી. “ અરેરે ! હું મારી માના પેટે ફોકટજ જન્મી કે આજે આ વાણીઆને પણ હું નિરૂત્તર કરી શકતી નથી.” એમ વિચારી તે શેઠને ભયપૂર્વક દમામવડે સમજાવવા લાગી. “અરે શેઠ ! જરા વિચાર તો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરો. તમે આ વાતને ઉવખોડી નાખોછો પણ મારી બાઈની હોડમાં ઉભી રહેનાર જો બીજી એક પણ ગોરડી (ગોરી) હોત તો તે રાજાની માનીતીજ કેમ થઇ શકત ? તેના અવયવોની યથાસ્થિત રચના કરનાર તે ધાતા (બ્રહ્મા) ની પણ બલિહારી છે. મકરધ્વજરાયની તે આજ્ઞા શું તમે નથી જાણતા કે દરેક પરદેશી વ્યાપારી મારી બાઇને મંદિર આવી યથેચ્છ સુખ ભોગવી એક હજારને આઠ સુવર્ણ મુદ્રા આપે તે પછીજ જઈ શકે. જો તેમ તે ન વર્તે તો તેનાથી જઈ પણ શકાય નહિ."

શેઠે તેને અદીઠ કરવા છેવટનો ઉત્તર વાળ્યો કે, "સો વાતની એક વાત અને ઘીખીચડીના તેજ બે અક્ષર તારી બાઇને જઇને કહેજે કે રાજાની આજ્ઞાથી સુવર્ણ દીનારોનો કર જોઇએ તો લેતી પરવાર બાકી તારી બીજી પ્રાર્થના તો વ્યર્થજ જાણવી."

હાથ ખંખેરીને દાસી પાછી પોતાની, શેઠ સહિત આવવાની વાટ જોતી બાઇ પાસે આવી. તેને એકલીજ નિરખી નિરાશ થયેલી ગુણિકાએ વૃત્તાંત પૂછતાં દાસી બોલી, "એ તો કોઇ દાસ જેવો ગમાર લાગે છે. તમારા જેવા પાત્રને પણ ભેટવા તે ઈચ્છતો નથી. માત્ર દીનારનો કર આપવાની હા કહે છે. બાઇ ! તે દ્રવ્ય કબજે કરો, તેના જેવા અનંગ કેલીથી અજાણ મૂઢને અહિં લાવવા વડે સર્યું." ગુણિકા બોલી, 'રે મૂઢ દાસી ! તે મૂઢ નથી પણ વિષયના ગૂઢ પરિણામને જાણનાર હોવાથી નથી આવતો. તે પરમ શ્રાવક છે. એવાનેજ લાવવાનું તારૂં કર્તવ્ય છે તારી સર્વ કળાઓ આ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વખતે કયાં ગઇ? આવાને જો તું ફોસલાવી ન શકે તો તારૂં દૂતીપણું પણ શા કામનું? કામીજનો તો તારા વગર કહ્યે પણ કયાં નથી આવતા વારૂ!"

દાસી તો બન્ને બાજુથી હડધુત થઇ. તેને બહુ લાગી ગયું. હવે શેઠને કોઇ પણ પ્રકારે તેડી લાવવાનો નિશ્ચય કરી ફરીને તે શેઠ પાસે આવી ઉભી રહી.

શેઠે પૂછયું, "કેમ દીનાર લેવા આવી છે કે?"

દાસી બોલી, "શેઠ સાહેબ, માફ કરો, મારી બાઇ કાંઇ માત્ર દ્રવ્યની ભૂખી નથી તેમજ તેની પ્રીતિ ઘી વગરના અન્નની જેમ કાંઈ લૂખી પણ નથી. જો તમે ઘેર ન આવો તો તેનાથી દ્રવ્ય પણ કેમ લેવાય? તમારા જેવા ભાગ્યવાનોને પોતાના ઘેર પગલાં કરાવવા દ્રવ્ય તો એક બહાના રૂપ છે. મારી બાઇ તમારા ઉપર ગાઢ સ્નેહવાળી થઈ છે. તે આલિંગન અગર છેવટ નયન કે વચન સરખો પણ મેળાપ ન કરે એ કેમ બને? કૃપા કરી મંદિર સુધી તો જરૂર પધારો. આપનું મન માને તો ત્યાં રહેજો નહિતો પ્રીત કયાં પરાણે થાય છે? બાંધે કણબીએ કયાં ગામ વસે છે? નાની જીભે હું વધારે શું કહું. જો તમે નહિજ આવો તો રાજા તમને ચાલવા પણ નહિ દે."

સમયને ઓળખનાર શેઠે વિચાર્યું કે આ તુચ્છ ગુણિકા જાતિ તેમજ રાજાની માનિતી છે. નારીનું ગાયું ગાનાર જેમ મૂઢ છે તેમજ તેનાથી અતિ હઠ કરનાર પણ મૂઢ છે. સ્રીના ગહન ચરિત્રનો કોણ પાર પામી શકે? અને તેમાં પણ આ તો તુચ્છ ગુણિકા જાતિ. હવે ગયા વગર છૂટકો નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જો હૈયું હાથ છે તો તે શું કરનાર છે?" એમ વિચારી શેઠ તો દીનાર લઈ દાસી સાથે ચાલ્યા. હવે બળી રહેલી દાસીના હૃદયમાં શેરડો પડ્યો. અને ગાલ ઉપર આનંદની લાલી છવાઇ. જતાં જતાં છેટેથી બીજા ડેરા (તંબૂ) માં ઉભેલી નર્મદાને તેણે જોઇ. નર્મદાનું સ્વરૂપ જોઈ તે એવી તો વિસ્મિત થઇ કે રસ્તામાં પણ તે અદ્ભુત સ્વરૂપ સંબંધી મનમાં વિચાર કરતી હતી.

## પ્રકરણ ૨૪ મું.

### નર્મદાનું હરણ.

વિશ્વમાં વિષય- પ્રસારિણી હારિણી સહદેવ સહિત દાસીની આવવાની વાટ જોતી બેઠી છે. ચાનક મારવાથી દાસી હવે તો શેઠને કોઈ પણ પ્રકારે જરૂર લાવશેજ એમ તેની ખાત્રી હતી. "આ આવ્યા," દાસી સહિત સહદેવને આવતા જોઈ બોલી ઉભી થઇ સામી જઈ શેઠને પોતાના મંદિરમાં ઘણાજ આદર સહિત લાવી. "સ્વામી! ભલે આ મહોલે પધાર્યા. તમારા જેવાના પગલાંથીજ મને કિરતારે મોટી કરી છે. નાહક તાણાતાણ કરી મને કેમ કનડતા હતા. વલ્લભ! નરપતિની આજ્ઞા અને મારી ચાહના છે તો પછી તમને શી લાજ આવે છે?" એમ અનેક પ્રકારે વચન કુસુમોથી હસતી હસતી તે શેઠને વધાવતી–સાકર ઘોળતી તેમની આસન વિગેરેથી ઘણી ઘણી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મનુહાર કરતી હતી, પણ એ બધું ફોકટજ. સુદ્રઢ ચિત્તવાળા શેઠ તો નિચી દ્રષ્ટિએ ચિત્રવત્ થઇ બેઠા હતા. ખરેખર નવવાડો રૂપ અવયવોથી બનેલું જેનું શીયળરૂપી બખ્તર ઉત્તમ હોય, તેને કુસુમાયુધ (કામદેવ) પણ ગમે તેટલું ખેંચેલું બાણ મારીને પણ શું કરી શકે? કાંઇજ નહિ. હાવભાવથી ક્ષણુવાર વિશ્રાંત થયેલી તે ગુણિકાને શેઠે જણાવ્યું કે તું બીજી બધી ખટપટ જવા દે. તું તારા દીનાર ગણી લે. બીજા કોઇ પણ જાતના તારા આદરની જરૂર નથી, કેમકે અમે પોતેજ પરદારાનો નિરાદર કરનારા છીયે."

દાસીના ગુપ્ત ઈસારાથી પાનબીડું કરવાના મિષે હારિણી અંદરના ઓરડામાં ગઇ અને શેઠ તો રખે તે કાંઇ આફત ઉભી કરે તેમ જાણી શંકાવા લાગ્યા. નીચ સ્થાનમાં દુર્જનો પણ કયાં નથી શંકાતા? ભાવિ આફત આ શંકાને અંતે સાચીજ કરશે.

ઓરડામાં આવેલી ગુણિકા પ્રત્યે હાથ જોડી દાસી બોલી, "સ્વામિની! આ શેઠના તંબૂએ એક મનમોહક નવયૌવના કુકુંમવર્ણના દેહવાળી જોઈ હું તો આભીજ બની ગઇ છું. ખરે તે હરિણાક્ષી આખીએ ઇંદુ (ચંદ્ર)ના અમૃતથી નીકળેલી છે. તેને બનાવતાંજ બ્રહ્માએ પોતાની આંખ્યો ખોયેલી હોવાથીજ હવે તેવી બીજી બનાવી શકતો નથી એ નિશ્ચય વાત છે. તે આ શેઠની સ્ત્રી, પુત્રી કે બેહેન ગમે તે હોય પણ એ કલ્પલતાતુલ્ય નારીને આપણે જરૂર પ્રાપ્ત કરવી જોઇએ. બાઇ! આ શેઠથી હવે લમણાફોડ રહેવા દઇ તે ન જાણે તેમ જલદીથી તે સ્ત્રીનું ત્યાંથી હરણ કરી અહીં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લાવવી ઘટે છે. જો દ્રવ્ય અને કીર્તિ ( પ્રખ્યાતિ ) ઉભયની ઈચ્છા હોય તો આ કામમાં જરા પણ વિલંબ કરશો નહિ. ફરી ફરીને આવી તક ( લાગ ) મળશે નહિ. હારિણી તે વાતથી પ્રસન્ન થઈ. યુક્તિ રચી તેને સમજાવી પોતે પાન લઇ બહાર આવી. પાન શેઠને આપતાં શેઠે તેનો નિષેધ કર્યો. પાનની સાથે માનનો પણ નિષેધ જ થયો.

સંશય ન ઉત્પન્ન થાય તેવી રીતે ગુણિકાએ વાતનો આરંભ કર્યો. " હે શેઠ ! જો તમારે સર્વની દાક્ષિણ્યતા જાળવવાની ઇચ્છા નથી તો સર્વના મનોરાજ્યને ક્ષોભ પમાડવા નાહક કાં પૃથ્વીમાં અટન કરો છો. " શેઠે તેનું ખંડન કરતાં જણાવ્યું, " અરે ભોળી ! બજારમાં આવેલી પાકેલી આંબલી ભાળી કોઈના દાંત ખટાય તેમાં શું આંબલીનો દોષ ગણાય કે ? નહિજ " ગુણિકા પણ તે ઉત્તરથી ખુશી જ થઇ.

પોતાનો પ્રચંચ સાધવા ધીમે ધીમે તે વાત ફેરવવા લાગી. " અહો ધન્ય છે શેઠ તમને ! તમે ધર્મમાં સારી દ્રઢતા ધરાવો છો. આપ જેવા ટેકવાળા પુરૂષો જગમાં વિરલા છે. કહો, કહો, તમારૂં કયું નગર છે ?" એમ બીજી વાતે વાળી શેઠની વીંટી તરફ નજર ફેરવી તે બોલી. " અહો ! આ તમારી મુદ્રિકા કોણે ઘડી છે ? જેવું ઉત્તમ કંચન છે તેવોજ તેનો ઘડનાર પણ ઉત્તમ કારીગર છે. અહિંતો એવી કોઇ ખરે નજ ઘડી શકે. જરા કૃપા કરી અહિંના કારીગરને દેખાડવા કાઢી આપો તો દાસી મારફતે પૂછાવું અને જો કરી આપે તો ઘડાવું, હમણાજ તમને પાછી આપું છું. "

શેઠે ભોળાભાવે વીંટી કાઢી આપી. તેણે તે દાસીને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આપી અને ઇસારાથી પ્રથમના સંકેતમાં ભૂલ ન થવા જ-ણાવ્યું. દાસીના ગયા પછી ગુણિકાએ શેઠ પાસેથી દીનાર ગણવા માંડયા.

કપટ–આગારરૂપ તે દાસી વીંટી લઈ તરતજ શેઠના મુકામે નર્મદા પાસે આવી ઉભી રહી. તેણે નર્મદાને પૂછયું કે સાર્થવાહ તમારે શું થાય છે? સતીએ ભદ્રકતાથી કહ્યું, તે મારા પિતાશ્રી થાય છે. દૂતી બોલી, “ ખરેખર તમનેજ તેડવા તમારા પિતાએ મને મોકલી છે. તે અમારા ઘેર બે-ઠેલા છે. મારી બાઇની પુત્રીના ડહાપણની તમારી સાથે તુ-લના કરવાની છે માટે ચાલો, જુઓ આ વીંટી પણ તેમણે નિશાનીમાં આપી છે. ”

વીંટી ઓળખી નર્મદા તરતજ તેની સાથે ગઇ. દાસીએ તેને લાવીને સંકેત મુજબ એક ગુપ્ત ઓરડામાં બેસાડી. ‘મારી બાઈની આજ્ઞા લઇ તમને અંદર લઇ જાઉં અથવા તેમને અહિં લાવું,’ એમ કહી તે ધુતારી ત્યાંથી પોતાની બાઇ પાસે આવી. વીંટી બાઇને આપતાં તેણે કહ્યું કે આ-પણો કારીગર તો આવી વીંટી ઘડી શકશે નહિ. હારિણીએ તે વીંટી શેઠને આપી. વીંટી સાથે શેઠને જવાની રજા પણ આદરપૂર્વક આપી.

કેદખાનામાંથી કેદીની જેમ શેઠ પણ તે વીંટી લઇ ત-રતજ ત્યાંથી ઊઠી પોતાના મુકામ તરફ ચાલ્યા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૨૫ મું.

## નર્મદાની તપાસ.

સહદેવ શેઠ ડેરે આવ્યા. નર્મદાને દીઠી નહિ. આસપાસ તપાસ કરી પણ નિરાશ. ચોરીથી હરાયેલી સતી નર્મદા કયાં દેખાય? નોકરોને આપેલો ઉપાલંભ પણ વ્યર્થ. કેમકે જે વખતે પેલી કૂલટા સતીને ભોળવી લઈ ગઇ હતી તે વખતે વિધિવશાત્ આ નોકરો પણ આડાઅવળા હોઈ ત્યાં હાજર નહોતા. આખા ગામમાં પુત્રીની શોધ કરાવી પણ વ્યર્થ. પાપણીના ફંદમાં ફસાયેલી તે કયાંથી મળે? શેઠને તો પાકું દુઃખ થયું. પતિથી ત્યજાયેલી પોતાની પુત્રીને વનમાંથી લાવ્યા છતાં પણ હું જાળવી ન શકયો એમ વિચારી તે વારંવાર ખેદ કરવા લાગ્યા. છેવટે હારિણી ઉપર સંશય આવ્યો પરંતુ તે રાજાની અતિ માનીતી હતી એટલે કાંઇપણ પ્રયત્ન કરવો તે વ્યર્થ હતું. વેશ્યાને ગળે પડવાથી રખે ચોર કોટવાળને દંડે એ ન્યાય થવાનો ભય પૂરેપૂરો હતો. શેઠે વિચાર કર્યો કે 'હું અહિં હોઇશ ત્યાં સૂધી મારી પુત્રીને તે વધારે સાવચેતીથી કબજે રાખશે માટે મારે તો જવુંજ યોગ્ય છે. બીજા કોઇ સ્નેહીને તપાસ માટે મોકલવો એ ઠીક છે.' એમ નક્કી કરી વહાણો તૈયાર કરી પ્રયાણ કર્યું. અનુક્રમે ભરૂચ બંદર આવી સહધર્મી ભાઇ જિનદાસ કે જે પરમસ્નેહી હતો તેને ત્યાં ઉતારો કર્યો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જિનદાસે શેઠની સારી રીતે મહેમાનગતિ કરી. શેઠે જિનદાસને એકાંતમાં પોતાનું વીતક જણાવ્યું તથા પુત્રી નર્મદાને શોધવા જવાનું કાર્ય પણ તેનેજ ભળાવ્યું. ગુણિકા ઉપર પોતાનો પકકો સંશય છે તે પણ જણાવ્યું. જિનદાસે તે કબૂલ કર્યું.

શેઠ તેની રજા લઇ ત્યાંથી પોતાને નગર આવ્યા. સર્વ કુટુંબને નર્મદાની અથઇતિ વાત કહી. કુટુંબે ખેદ પામી શેઠને દીલાસો દીધો કે,

સુખ દુઃખ સૌને સાંપડે, સમય સદા બળવાન;
ધીરજ રાખે માનવી, તેજ સમયનો જાણ.
સ્વામીએ છાંડી હતી, અણચિંત્યો મેળાપ;
વનમાં કેમ થયો કહો, તેમજ મળશે આપ.

* * *

જિનદાસ પણ અવકાશ મેળવી નર્મદાની તપાસ માટે બબ્બરકૂલ બંદરે જવા વ્હાણ તૈયાર કરી નીકળી ચુકયો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૨૬ મું.

## શીયલનો જાગતો પ્રભાવ.

વ્હાલા વાંચનાર ! આજે પ્રથમ સતીના સંકટને અવલોકી આપણે શીયલ ધર્મનો જગતમાં જીવતો જાગતો પ્રભાવ ( મહિમા ) સાક્ષાત જોઈશું. જુઓ આ તે જગરંડાનું અસુંદર મંદિર, જુઓ આ સામેના ઓરડાને બહારથી તાળું વાસેલું છે. તે તેજ ઓરડો છે કે જેમાં સતીને બેસાડેલી ( પૂરેલી ) છે. આવો આપણે અદ્રશ્ય ઉભા રહીયે. તે ઓરડામાંથી જરૂર કાંઇક સંભળાશે.

" હે પ્રભુ ! હે વીતરાગ ? હે જિનેશ્વર ! મેં પાપીણીએ એવાં તે શું કર્મો કર્યાં હશે કે હજી મારા દુઃખનો અંત આવતો નથી. કોણ જાણે અહિં વળી કઇ આપદામાં આવી ફસાણી છું. તે સ્ત્રી કોણ હતી કે જેણે મને છેતરીને અહિં આણી. પિતાને બોલાવવાનું કહી ઉલટું તેણે દ્વાર પણ વાસી લીધું. હવે તે ધૂતારી ભોજન તથા જળફળાદિક મુંગે મોઢે મૂકી જાય છે, બોલાવી બોલતી પણ નથી અને પાછી દ્વાર વાસીને પસાર થાય છે. હું આ ભોજનને શું કરૂં ? તે કયાં જાણે છે કે મારે તો ભોજન વડે સર્યું. કોણ જાણે આમ મને પૂરી રાખવામાં તેનો શું ઉદ્દેશ હશે ? તે મને કયાં સુધી પુરી રાખશે ? અસ્તુ, બનનાર હોય છે તે બને જાય છે. બહુ ઋણીને ઋણ શું અને બહુ દુઃખીને દુઃખ શું ? માત્ર નમસ્કાર મંત્રનું સ્મરણ એ એકજ ઈષ્ટા-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાધન સર્વ અનિષ્ટનો સંહાર કરનાર છે.”

આ કરૂણશબ્દો આપણી વાર્તાની નાયિકા મહાસતી નર્મદાના છે. આટલું બોલી વળી તે મંત્રાધિરાજને સ્મરવા લાગી. હવે તેણે આ સઘળું કપટ છે એમ જાણ્યું છે, અને ભોજન વિગેરેનો ત્યાગ કર્યો છે. ગુણિકા શેઠના ગામથી જવાની વાટ જોતી હતી. શેઠ તો તે નગરથી ચાલી નીકળ્યા છે. શેઠ તરતજ જવાથી હારિણી અતિ હર્ષિત થઇ છે. નર્મદા ખાતીપીતી ન હોવાથી આજે તેને સમજાવવા તેણે વિચાર રાખ્યો છે. જુઓ આ તેજ દુષ્ટા દ્વાર ઉઘાડવા આવે છે.

દ્વાર ખોલી તેણે અંદર પ્રવેશ કર્યો. પ્રવેશતાંજ સખ્ત ઠેશ વાગી. માઠા ભાવિનું આ એક મહાન અપશુકનજ હતું. મ્લાનમુખી નર્મદાને નીચી નજરે કાંઇક ધ્યાનમાં લીન તેણે જોઈ.

‘આ વળી કોણ છે’ એમ ધારી સતીએ પણ તેના સામું જોયું. ‘લાવ તેને કાંઇક પૂછું’ એમ વિચારી તે ઉભી થઈ પૂછવાનું કરતી હતી તેટલામાંજ હારિણી તેના તરફ કૃત્રિમ પ્રેમ–દર્શક હાસ્ય કરી બોલી, “બેટા! ગભરા ના. દીલગીર થા મા. અહિં તને કોઇ જાતનું દુઃખ નથી. તું ભયંકર સંકટમાંથી છુટી થઈ છે. તારા જેવી મદભરી માનિનિ માટે તો આ સ્થાન જ ઉચિત છે. જો તું બીજે વેચાઇ હોત તો અરેરે તારી શી દશા થાત. તારા યૌવનની આ મંદિર વગર બીજે કયાં કદર થાત?”

“કહો, કહો, તમે કોણ છો? મને કોણે વેચી? કેવી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રીતે વેચી? તમારૂં પાછળનું બોલવું મને આ સ્થાન માટે અતિશય શંકા ઉત્પન્ન કરે છે." સતીએ પોતાનું વેચાણ થવાનું સાંભળી ભયયુક્ત ગાઢ સંશયવાળી થવાથી પૂછ્યું.

ચંડાળણી ગુણકા ગભરાયેલી સતીને સમજાવવા લાગી, "પુત્રી! ધીરીથા ધીરીથા, આ સ્થાન માટે જરા પણ શંકા કરતી ના. જરાપણ હૃદયમાં ડર (ભય) ધરતી ના. અહિંતો દેવ વિમાન જેવું સુખ છે. આ મંદિરમાં કશી વાતની મણા નથી. 'તને કોણે વેચી' એ જાણવાથી તને મહાખેદ થશે. અરે ભોળી! પોતાના બાલકના રક્ષણ માટે સિંહ સામે પણ ફાળ ભરનાર હરણથી પણ નપાવટ તારા પિતાએ તને અહિં વેચી છે. અરેરે, સ્વાર્થને માટે લોકો શું શું નથી કરતા?" જાણે પરમાર્થનીજ પૂજારણ હોયની તેમ આ દુષ્ટ સ્વાર્થવાળી અવળું સમજાવતી બોલી, "અમે તો તેને ઘણુંએ કહ્યું પરંતુ તેણે ન માન્યું. કોણ જાણે એવો તે કેવો નાણાનો ખપ પડયો હતો કે પોતાનાજ પેટને વેચતાં તારા પિતાના પગ પાછા ન પડયા. છેવટે તેનો તને વેચવાનો જ્યારે અમે પાકો વિચાર જાણ્યો ત્યારે બીજે વેચાવાથી તું દુઃખી થઈશ એમ દયા લાવી મોં માગ્યું ધન આપી અમે તને ખરીદી છે. મારે ત્યાં તને કોઇ પણ પ્રકારનું દુઃખ નથી. યૌવનામૃતથી ભરેલો આ તારો દેહકુંભ અન્યત્ર વ્યર્થ અથડાઇ નાશ પામત. અહિં તો તેનો વિવેકપૂર્વક તું ઉપભોગ કરી શકીશ. હું તારી માતા તું મારી પુત્રી. મારે તારા શિવાય બીજું શું ઇષ્ટ છે? આ સર્વ દ્રવ્યની ઠકુરાણી તુંજ છે. પ્રાણથી પણ હું તને અધિક રાખીશ. પાણી માગતાં સાકર મિશ્રિત દૂધ પાઇશ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સર્વ દાસીઓ તારી સર્વ આજ્ઞાઓ માન્ય કરશે. પ્રતિપળ તારી ખીજમતમાંજ તેઓ રહેશે. હવે દિલગીરીને દેશવટો દઈ મન ગમતાં ભોજન કર. તારા સુંદર તથા સ્નિગ્ધ શરીરને અનુકૂળ અને શોભતાં આછાં આછાં રંગબેરંગી વસ્ત્રો ધારણ કર. સારા સુગંધી દ્રવ્યોનો ઉપભોગ કર. તેલ, ફૂલેલ, અત્તરથી ગરકાવ રહે. રથમાં બેશી લોકોથી જોવાતી એવી તું હર્ષ પામતી શહેરમાં બાગ બગીચા વિગેરેના લીલાનું અવલોકન કરવા ફરતી રહે. તારા સદ્‌ભાગ્યે સાંપડેલા અચળ સૌભાગ્યવાળા આ મંદિરમાં લેશ પણ દુઃખની શંકા ન રાખતાં યથેચ્છ ક્રીડા કર. ”

વજ્રઘાત જેવાં આ વાકયોને સાંભળવાથી આ કોઈ નીચ વેશ્યાનું ઘર છે અને તેજ પાપણીએ મને કોઇપણ રીતે ફસાવી છે અને વળી મારા પિતાએ મને વેચી છે એમ ઉલટું સમજાવી મને તેના નીચ કૂળાચારમાં પ્રવર્તાવવા આજે તે વ્યર્થ મથેછે એમ નિર્ણય કરી આ મહાસતી બોલી, “ મારા વેચાણના કારણમાં જેમ હોય તેમ ખરૂં, પરંતુ તમે કોઇ વેશ્યા છો અને હું કુલીન–તનયા છું. માટે આ સર્વ ફોકટ ખટપટ લટપટ જવા દો. હાથીએ ચડનારા કદી ગર્દભની સ્વારી કરતા સાંભળ્યા છે કે ? ”

“ ગાંડી, વિચાર તો કર કે આવી ચંપકવરણી દેહ ફરી ફરીને તું કયાં પામીશ ? શું તું નથી જાણતી કે પ્રાહુણાની જેમ યૌવન એ ચાર દિવસનું ચાંદરણું છે, જેના પ્રતાપે રાજાઓ પણ યુવતીઓના ગુલામ બને છે. સ્ત્રી અને તેમાં પણ ગુણિકાનો અવતાર તો અઢળક પુણ્યાઇનું ફળ છે કે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ્યાં મનગમતાં ભોજનો મળે, સુંદર વસ્ત્રાલંકારો સહેજે પ્રાપ્ત થાય. કોઇની પરતંત્રતા પણ નહિ તથા ભૂમિપતિ ભૂપતિઓ પણ નમે. જુદા જુદા ચતુર શીરોમણી પુરૂષોનો સમાગમ કરવાનું સદૈવ શોભન સૌભાગ્ય ગુણિકા વગર બીજા કોના ભાગ્યમાં હોય ? વળી તું ના કહીશ તેથી કેમ છૂટી શકીશ ? અમે તને શું કરવા ખરીદી છે વારૂ ? તારા ઉપર તો અમારી મેરૂ જેટલી આશા છે. એ આશાને નિરાશ કરતાં તુંજ હ-તાશ થઈશ કેમકે જે જેની વાંસે લાગે તે તેને કેમ છોડશે ? જરાક વિચારીને જવાબ આપ. હઠ કરવાથી વળશે નહિ કાંઈ અને ફોકટ હઠીલી કહેવાઇશ. ” હારિણી જરાક જુદા રૂપમાં આવી આ પ્રમાણે બોલી.

અરે વિધિ, તારા પોતામાં આવી ક્રૂરતા કોણે પેદા કરી છે ? અર્થાત્ તારી વિધિ વળી બીજી કોણ છે ? કે સ્વભા-ભાવથીજ તું ક્રૂર છે. પતિથી તજાયેલી પિતાને મળી શકી ત્યાંથી પણ તે સતીને તેં આવા પારાવાર અને કલંક–ભય-યુક્ત સંકટમાં સપડાવી. પતિની માનીતી એવી તે સતીની પ્રથમ કલ્પલતા સમાન સ્થિતિને કરનાર પણ તુંજ અને આજ આવી કંથેરી જેવી તેની દશા કરનાર પણ તુંજ.

જે કાર્ય મનોરથથી અગમ્ય અને અગોચર છે, જેને કવીશ્વરો વાણીથી પણ સ્પર્શ કરી શકતા નથી અને જે સ્વપ્નવૃત્તિને પણ દૂર્લભ છે તે કાર્યને વિધિ એક નિમેષ મા-ત્રમાં કરે છે.

ક્યાં સમ્યકત્વ કુલની બાલિકા સતી નર્મદા અને ક્યાં આ અસુંદર ( તુચ્છ ) મંદિરનો તેનો સંકટકારક સંયોગ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિધિને વિંધનારા ( કર્મને નાશ કરનારા )ઓને નમસ્કાર. મહા સતી નર્મદાએ જવાબ આપ્યો, " પાપણી, ચૂપ રહે, કાનમાંથી કીડા ખરી પડે તેવું તારૂં આ અશ્રાવ્ય બોલવું બંધ કર. તુચ્છ વ્યભિચારના ખાડામાં તું એકલીજ પડી પડી સબડ. માંસ, રૂધિરાદિ અશુચિથી ભરેલા દેહને દીવ્ય માનનારી તથા મનાવનારી ગમાર ! ખબરદાર ! દૂર રહેજે. શીયળરૂપ મણિને સાટે વિષયરૂપ ચણાની બદલીની ક્રીડા બાલકના જેવા ગમાર શિવાય બીજું કોણ કરે ? કામી-જનોને મૂત્ર પાત્રથી કદર્થનારી ભામટી-વધારે બોલીશ પણ ના અને બોલાવીશ પણ ના."

પ્રચંડ રંડા-સ્વચ્છંદ રંડા તાડુકી બોલી, " અહોહોહો ! મોટી ડાહીની દીકરી ! નાની જીભે આટલું બોલતાં કયાંથી શીખી ? રે મૂઢ ! તું રતિ-સુખ તો રતિ માત્ર પણ જાણતી નથી, અને તારા હિતાર્થે હું તે કહું છું તે પણ તું માનતી નથી. આ તારી હેવાનીયત નહિ તો બીજું શું ? ખરેખર,

### મનહર છંદ.

કણેર જોનાર કયાંથી ગુલાબની ગતિ જાણે
ખીસકોલી ખાખરની સાકર ન માનશે
કૂવાનું દેડકું કયાંથી સાગરની લ્હેર જાણે
બધીર પુરૂષ ક્યાંથી સંગીત પીછાણશે.
નગરની લીલા રૂડી, કયાંથી વનવાસી જાણે;
ઉંહું ઉંહું કરનારો કણબી ન માનશે.

સતી નર્મદા—ખરૂં છે તેમજ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સતીનું શીયલતણું ઉત્તમ અનૂપ રૂપ;
તારા જેવી છોકટી ન કદીય પીછાણશે.

વેશ્યા હારિણી–હજી નથી માનવું કે? તાણી ઝાલવું છે? જરા વિચાર તો કર.

દોહરો.

રહેવું પળભર રોશમાં, અતિ ન કરીએ જોર;
વાત વચકતી જાણતાં, ખેંચી લઇએ દોર.

મહાસતી નર્મદા—એ તો તારે માટેજ મુબારક, સાંભળ.

મનહર.

ફણીધરમણિ ધન કૃપણનું જીવતાંજ;
લેવાય સિંહની મૂછ કદી દૈવયોગથી.
પલટે અમૃત સ્વાદ ગર્દભનો શુભ નાદ;
મીઠું ઉદધિનું જળ થાય કો પ્રયોગથી.
વરસે અંગાર શશી ઉષ્ણતા ન રવિ કશી;
નખ માંહિ મહી વસી ઇંદ્રજાલ યોગથી.
અમૂલ શીયલ રત્ન કરોને કોટિ પ્રયત્ન;
સતીઓ ન છાંડશે એ, દેહતણા ભોગથી.

સદા સતીઓનું શીયલ એજ પ્રાણ–રત્ન છે. સતી નારીઓનું તેજ જીવન છે. શીયલ વગરનું નર કિંવા નારીનું યૌવન વાસ વગરના પુષ્પ જેવું છે. શીયલ વગરના મનુષ્યો જીવતાંજ મડદાં જેવાં દુર્ગંધી છે.

વેશ્યા—'વગર બોલાવ્યું બોલે એ તણખલાને તોલે' એ તું નથી જાણતી કે? મારે તારા ઉપદેશની જરૂર નથી સમજી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સતી નર્મદા–હા ! ભેંસ આગળ ભાગવત ન જ હોય. બહેરા કને સીતારના તાર તથા અંધા કને કિનખાબના થાન ઉકેલવાના નજ હોય !

વેશ્યા–હા ! હા ! (હસીને) હવે તું કહે છે શું ? ( ક્રોધથી )

હરિગીત છંદ,

નર્મદા સુંદરી—

તું બોલના બોલાવ્યના એક શીયલ મારૂં રત્ન છે,
જેના પ્રતાપે દેવ પણ નમતા અહો તે ધન્ય છે;
અનલ[1] જલમાં પલટતો ફૂલમાળ[2] અહિધર થાય છે,
પ્રાણ યાવત્ જાય સતીઓથી ન શીલ તજાય છે.
તું પાપણી તું શાકણી તું ડાકણી ચંડાળણી,
આ કપટ તારૂં સર્વ મેં જાણ્યું અહો હત્યારિણી.
ના લેશ આશા રાખજે ના લેશ મુજને છેડજે,
વ્યભિચારનાં[3] ફળ ચાખતાં, હા ! શી દશા તારી થશે !

સતી હવે મૌનજ રહી. પંચપરમેષ્ઠિ મંત્રનો જાપ તો તે મનથી ગણતીજ હતી.

હૃદયની ફૂટેલી કૂલટાનું પણ હવે આવી બન્યું હોવાથી તેણે વિચાર્યું કે “ ભય વગર પ્રીતિ થાયજ નહિ. તલને પીલ્યા વગર તેલ ન પમાય. સીધી આંગળીએ ગાય ન દોહવા દે. ચૌદમા રત્ન વગર આ છોકરી પાંસરી થવાનીજ નથી, વળી અહિં કોણ એની વ્હાર કરનાર છે. ” એમ વિ-

---

૧ અગ્નિ. ૨ સર્પ પણ ફૂલની માળા થાય છે.

૩ વ્યભિચાર કર્મનાં ફળ જ્યારે તારે ભોગવવાં પડશે ત્યારે તારી શી દશા થશે ?

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચારી તે બોલી. “ હા ! હા ! મેં જાણ્યું. હાથે કરીનેજ તને મારનું મન થયું છે. જોઉં છું હવે તારો કયો દેવ અહિં તારી વ્હારે આવે છે, કાબરની માફક ક્યારની શીલ-શીલ-શીલ કરી રહી છે પણ આ કોટડીમાં ઘાલી ચાબકે ચાબકે કૂટયાથીજ તું પાંસરી થઈશ. ”

એમ બોલી ખીંટીએ વળગાડેલો ચામડાનો કોરડો (ચાબકો) તે લેવા ગઈ. અચાનક તેજ ખીંટી તેની કૂણીએ વાગી. વાગવાથી પોતે ચમકવાથી પાછું જોવાથી તેજ ખીંટી કપાલના ખૂણે વાગી. એ રીતે ભાવિ આફતનું ફરીને આ બેવાર અપશુકન થયું, પણ વિનાશકાળે સમજુ પુરૂષો પણ શુકન અપશુકનને ગણતા નથી તો આ વેશ્યાની તો વાત જ શી ?

તે કોરડો જેવો લઈને તે ઉગામે છે કે તરતજ છીંક આવી. નાશ સમીપમાં હોય તો જરૂર ઉપરા ઉપર અપશુકન થાય છે. તેને કયાં ખબર હતી કે પોતાનો કોરડો પોતાનેજ મારશે.

જડ ( લોઢું ) જેમ ચિંતામણીને મારે તેમ તે પાપણી મહાસતી નર્મદાને વધારે વધારે મારવા લાગી. ખીંટી વાગ્યાની દાઝ પણ ત્યાંજ કાઢવા લાગી. આ વખતે વેશ્યા કેવળ ક્રોધ મૂર્તિ હતી. મારતાં મારતાં જીભથી પણ અનિષ્ટ શબ્દોથી તે લ્હાવો લેતી હતી. મહાસતીતો એ સ્થિતિમાં પણ ઈષ્ટ મંત્રાધિરાજનોજ જાપ જપતી હતી.

“ તેં પેટ ચોળીનેજ શૂ........ળ ઉપજાવી છે. લે લેતી જા. ” એ ત્રણ કોરડાની સાથે આ વાકય પૂરૂં થયું અને શુકનથી શબ્દ આગળા એ ન્યાયે તે વેશ્યાનેજ ભયંકર શૂળ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉત્પન્ન થયું. તરતજ તેણે ત્યાં પ્રાણત્યાગ કર્યો.

અહો ! શીયળ ધર્મનો જુઓ પ્રત્યક્ષ મહિમા !

સંકટ કસોટીએ પણ શુદ્ધ સ્વરૂપે રહેનારાઓજ તે મહિમાને પ્રત્યક્ષ અનુભવી શકે છે.

મહાસતીની તો તાઢા પાણીએજ ખસ ગઇ. તે સતી વિચારવા લાગી, “ આ જે આટલું બધું જોર કરતી હતી તે આટલાજ જીવન માટે કે ? અરે, સંસારમાં પ્રાણીઓનો મદ વ્યર્થ છે કેમકે પુદ્‌ગલની બાજી માત્ર ક્ષણિક છે.”

તે મહાસતી ફરી નમસ્કાર મંત્રને સ્મરવા લાગી.

હારિણીના પડવાના અવાજથી પેલી દુષ્ટ દાસી દોડી આવી. તેણે પોતાની બાઇને મરેલી જોઈ, સતીના શીયળનો પ્રભાવ તેના પણ લક્ષ્યમાં આવવાથી તે પણ ધ્રુજતી ધ્રુજતી નાસી ગઇ. થોડીક વારમાં ગુણકાના મૃત્યુનો સંદેશો રાજાને પહોંચ્યો. રાજા મકરધ્વજે તેનો સર્વ માલ કબજે કરવા તરતજ અનુચરોને મોકલ્યા. તેઓ આવી મંદિરમાં દાખલ થયા. સતી નર્મદાને જોઇ અંજાઇ તેઓ સ્થિર થઇ ગયા. સતીને તેઓએ ઘણું ઘણું પૂછવા માંડયું તો એક પણ ઉત્તર મળ્યો નહિ. એક અનુચર ( સીપાઇ ) ત્યાં બેઠો અને બીજાઓ રાજાને તે સમાચાર આપવા ગયા. રાજાએ તે વાત જાણી વિષયાંધપણાથી તરતજ સચિવને પાલખી સહિત જઇ તે સ્ત્રીને બોલાવી લાવવા હુકમ કર્યો.

અનુચરો સહિત તે સચિવ ( મંત્રી ) પણ તરતજ ત્યાં આવી પહોંચ્યો કે જ્યાં નર્મદા મંત્રજાપે લીન બની છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૨૭ મું.

### શીયલ સંકટનો બીજો પ્રસંગ-શીયલ રક્ષણનો અદ્‌ભુત પ્રયોગ.

ત્રાસમાં ત્રાસ તથા દુષ્કાળમાં અધિક માસ એ ન્યાયમાં મહાસતીની સ્થિતિ છે. ઇષ્ટ જાપ જપતી તે જ્યાં બેઠી છે ત્યાં આવીને સચિવે કહ્યું, “ હે સુભાગી સ્ત્રી ! તું રાજાનું પ્રીતિ પાત્ર થઈ છે તો ઉઠ, ઉઠ, વિલંબ કેમ કરે છે. આ પાલખીમાં બેસી મારી સાથે ચાલ. મહારાજાનું મન સંતુષ્ટ કરી સર્વ ઇચ્છિતને પામ. ”

ઊલમાંથી ચૂલ જેવો આ બીજો પ્રસંગ જોઇ સતી અતિ ચિંતાતુર થઇ. “ હવે હું મારૂં મનુષ્યાવતારના શ્રૃંગાર ( લ્હાવ ) રૂપ શીયળ નૂર કેમ જાળવી શકીશ ? હા ! હા ! પંચપરમેષ્ટિને જરૂર મારી ફિકર ભાળવી શકીશ. યાવત્ પ્રાણત્યાગ થાય તો ભલે પરન્તુ તે ઉત્તમ જીવન કાયમ રહો. ”

એમ વિચારતી તે સતીએ મૌન્ય જ ધારણ કર્યું. માત્ર મંત્રાધિરાજને ગણવામાં જ ચિત્ત રોકયું.

તેને બોલાવવામાં મંત્રીના તમામ પ્રયત્નો વ્યર્થ થવાથી તેણે તેને ઉપાડીને પાલખીમાં બેસાડી. સતી પરવશ પડી. પાલખી ચાલી. શીયળ રક્ષણાર્થે છલને શોધનારી તે સતીએ જ્યારે નગરની ખાળ આવી ત્યારે એકદમ તેમાં ભૂસકો માર્યો. અહો ! ધન્ય છે તે હિંમત ભર્યા સાહસને !

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સર્વ લોકની સમક્ષ કાદવને મલયાગર ચંદન સમજી તેનાથી પોતાનું શરીર લેપવા લાગી. જાણે શીલ રક્ષણાર્થે લોહનું કવચ ન ધારતી હોય તેમ તે કાદવને સર્વાંગે ચોપડવા લાગી. જાણે કોઈ યક્ષ વળગ્યો હોય તેમ તે ઘેલી થઈ ગઇ. તેણે ઘેલાં કાઢવા માંડયાં. મંત્રવાદીની પેઠે શીલવ્રત રૂપ જીવિતને નાશ કરનારા ( કરવાને પ્રયત્ન કરનારા ) રાજપુરૂષો રૂપ સર્પોને ત્રાસ પમાડવા માટે તે તેમની સામે ધૂલ ઉડાડવા લાગી. મંત્રવાદી જેમ નાળીએર ઉછાળે તેમ તે મોટા મોટા પથરાઓ ફેંકવા લાગી. ભયંકર ચીચીઆરો કરવા લાગી. પોતાના ચીર કંચુકીને પણ ખંડોખંડ ફાડવા લાગી. જીભ કાઢીને વિફરેલા વાનરની જેમ ડોળા ઘૂરકાવવા લાગી. હે–હા–હો–હૂ–હુ–હાં–હૂં–ગલ–ગલૂ–ગલ વિગેરે ચિત્ર વિચિત્ર ધ્વનિઓ તે મોટેથી ઠેકડા મારતી કરવા લાગી. આક્રંદ કરવા લાગી. ક્ષણ હસતી ક્ષણ રોતી છૂટા કેશવાળી તે ભયંકર દેખાવા લાગી. અતિ સંકટમાં ટેકવાન એવા નિર્બલોને પણ શૌર્ય ઉપજે છે તો આ મહાસતીની શી વાત કરવી ? એક બે પથરા વાગતાંજ કોઇની નાસિકા ફૂટી તો કોઇની આંખને ઇજા થઈ. સર્વ કોઇ ત્રાસ પામી નાસી ગયા. મંત્રી પણ પોબારા ગણી ગયો. બીજા લોકો પણ તેનાથી બ્હીવા (ડરવા) લાગ્યા. ઘેલછાના સંપૂર્ણ ડોળથી જુસ્સા ભેરજ તે સતી રસ્તા ઉપર યથેચ્છ ફરવા લાગી.

ધન્ય છે મહા સતી ધન્ય છે ! ધન્ય છે સ્ત્રીઓને અનુકરણીય તારા પવિત્ર જીવનને ! ધન્ય છે તારી શીયળ રૂપ આત્મ–ધર્મ જાળવવાની તીવ્ર લાગણીને ! ધન્ય છે તારા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધૈર્યને ! ધન્ય છે તારા આ શૌર્ય ભર્યા કાર્યને ! તારા જેવી પવિત્ર અને પૂજનીક સ્ત્રીઓના ચરણાર્વિંદમાં અમારા વારંવાર નમસ્કાર હો ! શીયળવાન પુરૂષો તથા નારી–વૃંદમાં તારા જેવી મહા સતીઓથી જ આ પૃથ્વી રત્નવતી કહેવાય છે.

મંત્રીએ જઇને રાજાને કહ્યું, "તે તો ઘેલી થયેલી છે. અતીવ સ્વરૂપ અને સૌંદર્ય છતાં પણ તે પરવશ છે. તેને કોઇ ઝોડ વિગેરેનો વળગાડ છે. જો તે સાજી થાય તો તો આપની ઇચ્છા સફળ થાય."

રાજાના હુકમથી તરતજ ગામમાં ઢંઢેરો પીટાયો કે જે કોઇ આ સ્ત્રીને સાજી કરશે તેને લાખ દીનાર મળશે.

એક કોઇ મંત્રવાદી બ્રાહ્મણે તે ઢંઢેરાને છબી (સ્પર્શ કરી) પોતે તેને સાજી કરવાનું કબૂલ કર્યું. અનુચરો તે બ્રાહ્મણને રાજા પાસે લઇ ગયા. બ્રાહ્મણના કહેવાથી તરતજ અનુચરો ઘેલી રૂપે ફરતી સતીને પકડી લાવવા ગયા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૨૮ મું.

### મંત્રવાદી અને સતી.

શીયળ-રક્ષણના હેતુથી ખાળમાં પડી ઘેલછાનું પાખંડ કરી તે નિર્વાહનારી મહા સતી નર્મદાસુંદરી ખરેખર ભૂત વળગેલ ઘેલી ગલુડીની જેમ રસ્તા ઉપર ફરે છે. કોઈવાર પથરા ઉચકે છે તો કોઇ વાર આડા અવળા ઘા પણ કરે છે. લોકો તેની આવી ચેષ્ટાથી ડરતા રહે છે. તે પણ ગમે તેટલું તોફાન કરવા છતાં માત્ર ડરાવવા સિવાય કોઇને ઈજા કરતી નથી. કોઇ વખત ભોંય પડેલા તણખલાં ભેગાં કરે છે તો કોઈ વખત ભૂમિ ઉપર આળોટવા મંડી પડે છે. કોઈ વખત પોક મૂકીને રૂએ છે તો કોઈ વખત ખી–ખી–ખી–ખી વિગેરે સ્વરવાળું ભયંકર અટ્ટહાસ્ય કરે છે. ટુંકામાં ગલી ગાંડીનો પરેપૂરો પાઠ તે ભજવે છે. મોઢેથી યદ્વાતદ્વા તો નથીજ બોલતી. લોક સમક્ષ તો તે બોલતી જ નથી તોપણ કવચિત કવચિત ઉચિત સ્થળે ઉચિત સમયે જિનેશ્વરના ગુણો ગાતી રહે છે. મનમાં તો ઇષ્ટ જાપ કાયમ જ છે.

રાજાના છૂટેલા ( પકડવા ) અનુચરોએ તેને દીઠી. તેમાંનો દરેક જણ તેની પાસે જતાં પણ ડરવા લાગ્યો. જેમ ચોરને પકડવામાં હાલના સિપાઇઓ, 'તુમ પકડ લાવ પીછે મેં જકડુંગા' એવું ફારસ કરે છે તેમ તે વખતે પણ તે અનુચરોમાં તેમજ થયું. અંતે સૌએ સામટી હિંમતથી તેને

પકડી, તેને લઈ ચાલ્યા. એક ખાસ ઓરડીમાં મંત્રવાદી બ્રાહ્મણ પાસે લઈ જઈ તેઓએ તેને ત્યાં મૂકી. ત્યાં તો તે વધારે વધારે ધૂણવા લાગી.

ભેદથી અજાણ એવો તે બિચારો ભોળો બ્રાહ્મણ મંત્રવાદી, સતી નર્મદા પાસે ધૂપ ઉખેવવા લાગ્યો, ધૂણી દેવા દેવા લાગ્યો, મંત્ર ભણી ભણીને હોઠથી ફૂ-ફૂ કરવા લાગ્યો, ઉંજણી નાખવા લાગ્યો અને તમામ પ્રયત્ન કરી ચુકયો પણ સર્વ વ્યર્થ. ભૂત પ્રેત હોય તો અસર થાયને ? મંત્રવાદી ભૂત છે કે નહિ તે પણ પારખી શકયો નહિ. પ્રથમ તો સતીએ બ્રાહ્મણની મૂંઢતા વિચારી તે સર્વ સહન કર્યું પણ **काली-महाकाली**નો ઉપાસક કલીં-કલાં-કલુંની જક્ક નહિજ મૂકે એમ જ્યારે તેણે જાણ્યું ત્યારે તે વધારે ધૂણતી ધૂણતી જીભ કાઢી ડોળા ધૂરકાવતી દાંત દેખાડતી તેના ઉપર દોડી. ભય પામેલો મંત્રવાદી તો જીવ લઇને નાઠો. **काली-महाकाली**ને પડતી મૂકી શિવ શિવ કરવા લાગ્યો.

અતિ દુઃખમાં ખરેખર કોઇ નૂતન જ ( નવી ) શક્તિ ઉદ્ભવે છે.

આગળ મંત્રવાદી ને પાછળ સતી. જીવના ભયથી વ્યાકુળ એવો તે દ્વિજ તો પોકારેપોકાર કરવા લાગ્યો. લોકોએ તેને હાંસીપૂર્વક ઘરમાં છુપાવ્યો. સતી ત્યાંથી નાસતી નાસતી આગળ ગઇ અને શહેરમાં નિર્ભયપણે ફરવા લાગી.

હરનિશ તે જિનાલય પાસે જઇ નમનાદિ કરતી હતી અને ગાંડી ગાંડી ચેષ્ટામાં પણ સ્તવનાદિ ગાઈ ભગવાનને સ્તવતી હતી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક દિવસ તે જિનેશ્વરના ગુણ ગાતી ગાતી જિનાલયની પાસે ફરતી હતી તેવામાં કોઇ એક પુરૂષે તેને દીઠી. તેના મુખમાંથી ઉચ્ચારાતાં જિનગુણ સાંભળી તે તેને ટીકી ટીકી જોવા લાગ્યો. કાંઇક અનુમાને તેને ઓળખાણનો સંશય પડવાથી તેણે તેને પૂછયું, "હે રૂડી બાલા ! હે શ્રાવિકા ! જિનેશ્વરના ગુણ ગાવાથી મેં તને ઓળખી છે. તું જરૂર કોઈ શ્રાવક તનયા છે. કહે, કહે તું કોણ છે. ડરીશ મા. હું પણ તારો સહધર્મી એટલે જિન ભકત છું."

નર્મદાને કાંઇક વિશ્વાસ આવવાથી તે ધીમેથી બોલી કે જો તું જિન ભક્ત હો તો સમય કેમ ઓળખતો નથી? આ વખત પૂછવાનો નથી. રખે કોઇ ભેદ જાણે, બીજો કોઇ એકાંત અવસર સાધી એકાંત સ્થળે મળજે.

આટલું બોલી વળી તે ઘેલછા કરવા લાગી ગઇ.

એક દિવસ કૌમુદી મહોત્સવ આવ્યો. સર્વ નગરજનો હમેશની રીત મુજબ ઉત્સવાર્થે વનમાં ગયા હતા. આવા પ્રસંગે પણ ધર્માનુરાગીઓએ તો પૌષધ વ્રતજ કર્યું હતું. ધન્ય છે સમયની કિંમત જાણી પ્રમાદને હિંમતપૂર્વક છાંડી તે સમયનો સદુપયોગ કરનારાઓને !

તે દિવસે આ સતી જિનેશ્વર ભગવાનના દેરાસરે ઉભી ઉભી ભગવાનને સ્તવતી હતી. તેની તપાસમાંજ રહેતો પેલો પુરૂષ પણ ત્યાં આવી પહોંચ્યો. તે પુરૂષે ફરી પાછું તેને પૂછવા માંડયું. આઘું પાછું જોઇ કોઈ ન હોવાથી તે મહાસતી બોલી, "મહાનુભાવ ! હું મારી હકીકત કહું છું તે સાંભળો. હું વર્ધમાનપુર અથવા નર્મદાપુર નગરના નિવાસી

સહદેવ શેઠની પુત્રી છું. મને પરણીને મારા પતિ મહેશ્વરે મને વનમાં તજી હતી. ત્યાં અનાયાસ ધર્મપસાયથી તાતનો મેળાપ થયો. પિતા પુત્રી સિંહલદ્વીપ જતાં દૈવયોગે પવનની પ્રતિકૂલતાથી અહિં આવ્યાં. ગણિકાએ મારૂં કપટથી હરણ કર્યું. મારા ઉપર જૂલમ ગુજારતાં તે તો પોતેજ તેના પાપનો ભોગ થઈ. ખરે, પંચપરમેષ્ઠિ મંત્રાધિરાજનો પ્રભાવ પ્રત્યક્ષજ છે. અનાયાસ ઉદ્ભવેલી વ્યાધિથી તે મરણ પામી. બાદ વિષયાંધ રાજાએ મને તેડવા પાલખી મોકલી. શીયલ રક્ષણાર્થે ખાળમાં પડતું મૂકી મેં આ યુક્તિ કાયમ રાખી છે. કહો તમે કોણ છો અને શા પ્રયોજનથી મને પૂછો છો ?"

જિનદાસ હાથ જોડી પ્રણામ કરી બોલ્યો, "ધન્ય છે મહા સતી ધન્ય છે! વૃષભસેન શેઠના કુટુંબની સંતતિમાં આ સત્વ હોય તેમાં શું નવાઇ ! પુષ્કરાવર્ત મેઘના જલની ઉત્તમતા વિષે પૂછવુંજ શું ! પુત્રી ! તું મારાથી લેશ પણ ભય પામતી ના. હું તારા તાતનો પરમ સ્નેહિ છું, તારી તપાસ માટેજ મને તારા તાતે ભરૂચથી મોકલ્યો છે, મારો પ્રયાસ સફળ થવાથી આજે હું કૃતાર્થ થયો. હવે તું જો કે લોકો તારાથી કંટાળેલા છે તદપિ વધૂ કંટાળે તેમ વધૂ તોફાન કરવા લાગજે. હું કોઇ પણ યુક્તિ કરી તને લઇ જઇશ. તું આટલામાંજ ફરતી રહેજે."

બન્ને જણ જુદાં પડયાં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૨૯ મું.

## સતીનો સહજમાં છૂટકારો.

તમામ નાગરિકો આ ઘેલીથી કંટાળેલા હતા અને રાજાએ પણ તેના માટે તમામ ઉપાયો કરાવ્યા હતા તે વ્યર્થ ગયા હતા તેથી રાજા પોતે પણ કંટાળ્યો હતો.

ઘેલી હવે વધારે તોફાન કરી લોકોને વધારે નુકશાન કરવા લાગી. પ્રજાનો અતિ પોકાર થયો. છેવટે મંત્રિઓએ નિર્ણય કરી તેને નગરથી દૂર કરવાનો વિચાર રાજાને કહી સંભળાવ્યો. રાજાએ સમ્મતિ આપવાથી તરતજ જિનદાસ વેપારીને બોલાવવામાં આવ્યો. જિનદાસ આવીને વિનયપૂર્વક હાજર થયો. મંત્રિઓએ જિનદાસને કહ્યું.

“હે શેઠ ! જ્યારે તમે વ્હાણુ સજ્જ કરી અત્રેથી જાઓ ત્યારે અમારા નગરની આ બલા રૂપ ઘેલીને જરૂર લઇ જજો. જેમ તમને યોગ્ય લાગે તેમ તેનું કરજો અર્થાત્ ટુંકામાં બીજે ગમે ત્યાં તેને મૂકજો પણ અહિંથી તો ઉપાડી જાઓ.”

જિનદાસે તે તરતજ કબૂલ કર્યું.

જિનદાસ તરતજ ઘેલી પાસે આવ્યો. ઘેલી વધારે તોફાન કરવા લાગી કારણ કે ઘેલછાનો ડોળ તો રાખવો જ જોઇએ. છેવટે તેને સાંકળથી બાંધી જિનદાસ પોતાના વ્હાણમાં લઈ ગયો. ભયના સ્થાનમાંથી જલદી નાસવું એમ ધારી જિનદાસે વ્હાણોને તરત જ હંકાર્યાં. શેઠે સતીને હવે સ્નાન કરાવ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રયત્નથી કચરો ધોવાયા પછી ઝળહળતા રત્નની જેમ સતીના સ્વરૂપે સમુદ્રને પણ સૌંદર્યવાન્ કર્યો. કાકા જિનદાસે તેને ઉત્તમ વસ્ત્રોથી શણગારી. આગ્રહપૂર્વક સારી રીતે ભોજન કરાવ્યું. અવકાશ પ્રસંગે પંચપરમેષ્ઠિના જાપને તે જરા પણ વિસરતી નહોતી.

અનુક્રમે વ્હાણો નર્મદાપુર નગરે આવી પહોંચ્યાં.

સહન કરનારાઓ (સંકટમાં ધર્મથી નહિ ચૂકનારાઓ) જરૂર સુખની ઘડી જોઇ શકે છે.

## પ્રકરણ ૩૦ મું.

## નર્મદાપુરમાં મહોત્સવ.

જિનદાસે બંદર ઉપર વ્હાણોને ઉભાં રાખી એક માણસ મોકલી સતી નર્મદાના આગમનના સમાચાર સહદેવ શેઠને પહોંચાડયા. તે સમાચાર સાંભળતાં જ સકળ કુટુંબ અમૃતપાનની જેમ હર્ષ પામ્યું. સહદેવ શેઠે ઠાઠમાઠથી સતીનું સામૈયું કર્યું. બંદર ઉપર કુટુંબ સહિત પોતાના પિતાને જોઇ સતીને હર્ષનાં આંસુડાં આવ્યાં. સહદેવ શેઠ તથા સકળ કુટુંબને તેમજ સાથે આવેલા બીજાઓને પણ તેમજ થયું. સર્વ કોઈ તેનું વિતક વિગેરે જાણવા જીજ્ઞાસુ બન્યાં. જિનદાસે તે સર્વ કહી સંભળાવ્યું તથા શીયળ રક્ષણના શૌર્યભર્યા તેના પ્રયત્નની અતીવ પ્રશંસા કરી. બીજાઓએ પણ અનુમોદન વડે તે પ્રશંસાને વધાવી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લીધી એટલે 'ધન્ય, ધન્ય' શબ્દનુંજ વાતાવરણ ફેલાયું. સર્વ કોઇ શીયળ ધર્મની પ્રશંસા કરવા લાગ્યા.

સતી ઠાઠમાઠથી પિતૃગૃહે આવી. આજનો દિવસ શેઠના કુટુંબમાં અપૂર્વ સૂર્યોદય રૂપ થયો. જાણે સતીનો આજે નવો જ જન્મ હોયની તેમ શેઠે ઉત્સવો કરવા માંડયા. પૂજા, પ્રભાવના, સાધર્મીવાત્સલ્ય વિગેરે અભિનવ ઉત્સવો હરનિશ શેઠ કરવા લાગ્યા. દીનજનોને દાન સારી રીતે આપવા લાગ્યા.

શેઠે જિનદાસનો અતિ અતિ આભાર માન્યો અને તેનું ઘણુંજ વાત્સલ્ય કર્યું. જિનદાસે જવાની રજા માગી. 'આગ્રહ પર્વક કેટલાક દિવસ તેને રાખવામાં આવ્યો. છેવટે તે રજા લઇ પોતાના ભરૂચ બંદર ગયો.

શેઠે પુત્રીને માટે એક ઉમદા અને જોતાં જ સમ્યકત્વ ભાવને ઉત્પન્ન કરનારૂં જિનેશ્વર ભગવાનનું દેવાલય કરાવ્યું. મહાસતી નિરંતર ભક્તિભાવથી પૂજા કરે છે તથા ભાવવૃદ્ધિકારક અનોપમ આંગી રચે છે.

સતી સ્વાધ્યાય કરે છે. બીજાઓને કરાવે છે. વિવિધ પ્રકારના તપ તે સખીઓ સાથે ભાવપર્વક કરે છે, શાસ્ત્રશ્રવણ કરી સારી ભાવનાઓ ભાવે છે, સુપાત્રેદાન આપે છે અને ટુંકામાં ધર્મમાંજ તલ્લીન બની તે પોતાના શીયળનો સુખે સુખે સારી રીતે નિર્વાહ કરે છે. પંચપરમેષ્ઠિનો જાપ એ તો તેના રૂધિરની ગતિજ છે. સુખ પ્રાપ્ત થયા પછી પણ ધર્મને વળગી રહેનારાઓની બલીહારી છે. ખરેખર સુખ ધર્મથીજ પ્રાપ્ત થાય છે એ નિશ્ચય જો જાણીએ છીયે તો પછી આપણી જે સુખી અવસ્થા જેટલે અંશે છે તે તેટલા અંશે ધર્મનો-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ પ્રતાપ છે એમ સમજવું. જે ધર્મથી માનવભવ, આર્ય દેશ, આર્યકુળ, આરોગ્યતા, દીર્ઘાયુષ્ય, અનુકૂળ સંયોગો, સુદેવ સુગુરૂ સુધર્મનો યોગ, શાસ્ત્રશ્રવણ સંયોગ, સત્સમાગમ, શ્રદ્ધા તથા વિરતિપણું અને છેવટે સ્વર્ગાપવર્ગનાં સુખ મળે છે તે ધર્મને કેમ વિસરાય ! ઉપર ગણાવેલ પદાર્થોમાંથી જેટલું ધર્મના પ્રતાપથી મળ્યું તેટલાનો સદુપયોગ ન કરતાં દુરૂપયોગ કરી ધર્મની ઉપેક્ષા કરનારા ખરેખર કૃતઘ્ની જ કહેવાય.

એક દિવસ શેઠે મહેશ્વરને બોલાવવા માટે પુત્રીની ઇચ્છા જાણવા તેને પૂછી જોયું. પતિ ગુણ સંભારતી સતીએ કાંઈ પણ ઉત્તર ન આપ્યો. શેઠે મૌન્યનું અનુમાન એવું કર્યું કે જરૂર તેની ઈચ્છા નથી. ભલે ત્યારે તે સુખે સુખે ધર્મ સાધતી અહિં એકલીજ રહે. તે કપટી વળી બીજી કંઇ ઉપાધિ ઉભી કરે તો ફરી પસ્તાવાનું થાય.

મહા સતી પોતાના ઉત્તમ ચરિત્ર (વર્તન)થી બીજી અનેક સ્ત્રીઓને અનુકરણ રૂપ થતી ધર્મ વડે પોતાના દિવસો વ્યતીત કરે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૩૧ મું.

## ધર્માચાર્ય આર્ય સુહસ્તિસૂરિ.

પાંચ ઇંદ્રિયોને સંવરનારા (કબજે રાખનારા), નવ પ્રકારે બ્રહ્મચર્ય રક્ષણ (ગુપ્તિ) ને ધારણ કરનારા, ચાર પ્રકારના કષાયો (ક્રોધ, માન, માયા તથા લોભ)થી મુક્ત, પંચ મહાવ્રતને પાળનારા, પાંચ પ્રકારના આચાર (જ્ઞાનાચાર વિગેરે) પાળવા પળાવવામાં સમર્થ, પાંચ સમીતિ તથા ત્રણ ગુપ્તિ (મન–વચન–કાયા એ ત્રણને માઠા કાર્યથી રોકવાં તે) વડે યુક્ત શ્રી આચાર્ય ભગવાન્‌ને નમસ્કાર હો! સ્વમત અને પરમતને જાણી મિથ્યાત્વના ખંડન પૂર્વક સ્યાદ્વાદ ધર્મનું મંડન કરનાર શ્રી આચાર્ય ભગવાન્‌ને નમસ્કાર હો!

ઉક્ત ગુણોથી યુક્ત ઘણા સાધુઓના પરિવારવાળા ક્ષમાંયુક્ત તપમૂર્તિ શ્રી આચાર્ય ભગવાન્ શ્રી આર્ય સુહસ્તિસૂરીશ્વર સમોસર્યા છે. અમૃતધારા જેવી પ્રવચન વાણીથી તે સૂરિ ભગવાન ભવ્યજન રૂપ કુમુદવનનું સિંચન કરે છે. દેશના અપાય છે. તેત્રીશ આશાતનાને ટાળીને શ્રોતાઓ લક્ષ્યપૂર્વક ધર્મ શ્રવણ કરે છે. શ્રોતાવર્ગના કાન એકતાનથી તલ્લીન છે. ખરેખર વ્યાખ્યાન સાંભળવું તે શ્રુત સામાયિક છે. તેમાં મનની વ્યગ્રતા લેશ પણ કરવી ઉચિત નથી. વક્તાના ગુણે યુક્ત વક્તા અને શ્રોતાના ગુણે યુક્ત શ્રોતા હોય ત્યાંજ રસ અને અસરનું દર્શન થાય છે. અન્યત્ર તો માત્ર ગુરૂ મહારા-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જના કંઠનું શોષણ થાય છે, જો કે તેઓ તો પરોપકારી હોવાથી ઉપદેશ ધર્મમાં પશ્ચાત્ પડતાજ નથી. અભિગમનને સાચવીને શ્રોતાઓ બેસે છે. શ્રોતૃસમૂહમાં નર્મદા સહિત શેઠ સહદેવ પણ સકળ કુટુંબને ગાજતે વાજતે લઇને ગુરૂચરણારવિંદ વંદનાર્થે આવ્યા છે. "ધર્મલાભ" એ ઉત્તમ આશીષ પામીને સર્વ જીજ્ઞાસુ શ્રોતાઓ યોગ્ય પંક્તિએ બેઠા છે. સાધુ સાધ્વિનો સમૂહ પણ પર્ષદાના અગ્ર ભાગમાં બેઠેલો છે. આ વખતે ગુરૂ મહારાજ ( આચાર્ય ભગવાન ) મેઘ જેવા દેખાય છે. તેમની પ્રવચન માતાના પ્રતાપ રૂપેજ શ્રોતાઓમાં મન ગુપ્તિનો નિવાસ છે. નિઃસ્પૃહી આચાર્ય ભગવાન્ ગંભીર ગિરાથી નયયુક્ત અને પ્રાણી માત્રને એકાંત હિતકારક ધર્મોપદેશ આપે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૩૨ મું.

### ધર્મોપદેશ.

"હે ભવ્ય જીવો! દુર્લભ એવો મનુષ્ય ભવ તથા અધિક અધિક દુર્લભ એવી બીજી સામગ્રીઓ પામીને પ્રમાદવશાત્ તે સર્વ વ્યર્થ કેમ ગુમાવો છો? જેનાથી આ સર્વ સંપાદન થયું છે તે ધર્મને કેમ સ્મરતા નથી? ધર્મ સિવાય આ અસાર સંસારમાં પ્રાણીને બીજું કાંઇ પણ સારભૂત નથી. જીવ આ સઘળું મારૂં મારૂં કરે છે પણ તે પામર જાણતો નથી કે તેમાં રતિ માત્ર તારૂં નથી. માબાપ, પુત્રો, સ્ત્રી, વલ્લભ, મિત્રાદિ અન્ય સ્વજનો અને ધન વિગેરે ઐશ્વર્ય એ સર્વ અનિત્ય છે. તેમ જ તેમાંથી કોઇ પણ પ્રાણીને કાળના સપાટામાંથી બચાવવા સમર્થ નથી. માત્ર જિનેશ્વર ભગવાને પ્રરૂપેલો ધર્મજ જન્મ જરામરણના ભયંકર સંકટથી સદાને માટે બચાવી નિત્ય સુખ આપે છે. સૌંદર્યયુકત આ દેહ પણ અશુચિથી ભરેલો છે કે જેના સંગથી ઉત્તમ ક્ષીર પણ વિષ્ટાપણાને પામે છે તથા ધવલ વસ્ત્રો પણ મલિન થાય છે. વળી તે દેહ પણ ક્ષણભંગુર છે. પૌદ્ગલિક વસ્તુ માત્ર ક્ષણિક છે છતાં પણ અજ્ઞાનવશાત્ જીવ તેને નિત્યપણાની બુદ્ધિથી સેવે છે. ખરેખર, એ સર્વ ઇંદ્રિયોના વિષયરસોનો પ્રતાપ છે. યતઃ

કાચી કાચ ઘટી સમ કાયા, કૂડી શી તસ માયા;
પંથીપરે વિસામો જગમાં, કુણ દુર્બલ કુણ રાયા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે સંસાર વિચારી જોતાં, બાજીગરની બાજી;
ક્ષણભંગુર અનિત્ય પદારથ, તો પણ હોવે રાજી.
જેમ વંધ્યાએ સુહણે દીઠો, જાણે સુત મુજ આયો;
દીધું નામ વિશ્વંભર તેહનું, હાલરૂએ હુલરાયો.
જવ સા જાગી રોવા લાગી, કિહાં ગયો મેં દીઠો;
તે જેમ ખોટું તેમ જગ ખોટો, પણ વિષયારસ મીઠો.
( રાસમાંથી )

૭ ખંડના અધિપતિ ચક્રવર્તિઓને પણ એક દિવસ કાળને શરણ થવું પડે છે તો અન્ય પામર મનુષ્યોની શી ગણત્રી! કાળ સર્વને શીર ભટકે છે. તે કયારે પોતાની ઝાપટ મારશે તે કાંઇ ખબર નથી તો એક ક્ષણ પણ પ્રમાદ કરવો ઉચિત નથી. મૃત્યુને માટે દરેક પ્રાણીએ તૈયાર રહેવું જોઇએ એટલે પોતાના માનવજીવનનું કર્તવ્ય કરી લેવું જોઇએ. મનુષ્ય માત્ર શાશ્વત સુખ (મોક્ષ)ને ઇચ્છે છે. તે પરમ સુખ માનવગતિ વગર અન્યત્ર કયાંઇ પણ લભ્ય નથી.

વળી કોઇ પણ સ્થાન, જાતિ, કુળ, વિગેરે એવું નથી કે જ્યાં આ જીવ અનેક વખત ન જન્મ્યો હોય તથા ન મર્યો હોય. કોઇ પણ જીવ એવો નથી કે જેની સાથે આ જીવે શત્રુ મિત્રપણાની અનેક પ્રકારની સગાઇઓ અનેક વખત ન કરી હોય. પૌદ્ગલિક સુખ માત્ર આ જીવે અનેક વખત ભોગવ્યું છે. ગર્ભ, જન્મ, જરા, વ્યાધિ, અને મૃત્યુ આ સાંકળબંધ સંકટોમાંથી છોડાવનાર માત્ર એક ધર્મજ છે. જે મોક્ષ આ માનવગતિમાં મળે છે તે માત્ર ધર્મના આરાધનથીજ. પુદગલ પદાર્થોની તૃષ્ણાથી આ જીવ ધર્મ આરાધી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શકતો નથી પણ તે તૃષ્ણા તો દાદરની ખરજ જેવી છે કે ખણવાથી વધૂ વધૂ ચળ આવી પરિણામે બળતરજ વેઠવી પડે. તૃષ્ણાને તો સંવરવીજ જોઇએ.

વિષય–તૃષ્ણાના સદંતર વિનાશ માટે અમોઘ બાણરૂપ ધર્મ ભગવાને બે પ્રકારનો કહ્યો છે. મોક્ષના જામીનરૂપ પ્રથમ શ્રી યતિધર્મ અને બીજો ગૃહસ્થ ધર્મ. પંચ મહાવ્રતરૂપ યતિધર્મને આરાધનારાઓ સર્વથા દયા ધર્મને આરાધે છે અને શુદ્ધ તપધર્મથી કર્મનો ક્ષય કરી નિશ્ચય મુક્તિ પામે છે. જ્યારે ત્યારે પણ મુક્તિ ચારિત્રથીજ છે તો તે ધર્મ ગ્રહણ કરવામાં વિલંબ કરવો લેશ પણ ઉચિત નથી. જેણે સંયમ આદર્યો છે તેણે સર્વ જીવોને અભયદાન દીધું છે. જગતને અભય આપનારો જરૂર પોતે અભય થાય છે. માટેજ સંયમી આત્માનું અભય–સ્વરૂપ (આત્મસ્વરૂપ) પ્રકટ થાય છે. કર્મવશાત્ સંયમ આદરવાને અસમર્થ પ્રાણીઓ પણ જરૂર બાર વ્રતને ગ્રહણ કરે છે. યથાશક્ત દાન, શીયલ, તપ તથા ભાવ ધર્મથી પોતાનું કલ્યાણ સાધે છે. સમ્યકત્વ યુક્ત શ્રી જિનના પ્રરૂપેલા ધર્મને જે કોઈ સાંભળશે તથા આરાધશે તે જરૂર કષ્ટની શ્રેણીને નિવારી મોક્ષની અપૂર્વ સંપદા પામશે.

દેશના પૂરી થઇ. પર્ષદા હર્ષવડે રોમાંચિત થઈ. સૌએ પોતપોતાની શક્તિ મુજબ વ્રતાદિ ગ્રહણ કર્યા. વરસેલો મેઘ જરૂર ફળને આપે છે.

સહદેવ શેઠે હાથ જોડી વિનયપૂર્વક સૂરિભગવાનને પૂછયું “હે ભગવન્! મારી પુત્રી કયા કર્મના યોગે વિયોગિણી થઇ હતી તથા શા કર્મથી તેના ઉપર આટલું વીતક વીત્યું.”

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આચાર્ય ભગવાને મધુર વાણીથી ઉત્તર આપ્યો, "હે દેવાનુપ્રિય ! તારી પુત્રી મહા સતી છે. તે અનંત ગુણનું ભાજન છે, પણ કરેલાં કર્મ ભોગવ્યા વગર કોનો છૂટકો થયો છે ? અર્થાત્ સર્વ કોઇને કૃતકર્મ ભોગવવાંજ પડે છે. તારી પુત્રીનો પૂર્વભવ આ પ્રમાણે છે.

## પ્રકરણ ૩૩ મું.

## પૂર્વભવ તથા જાતિ-સ્મરણ જ્ઞાન.

વૈતાઢ્યગિરિના શિખરથી નીકળી સમુદ્રને મળતી વિમલકમલોથી શોભતી નર્મદા નદીની નર્મદા નામની એક મિથ્યાત્વિની દેવી અધિષ્ટાત્રી હતી. એક દિવસ તે નદીને કાંઠે ધર્મરૂચિ મુનિરાજ નિર્મલ મનથી કાયોત્સર્ગ ધ્યાને ઉભા રહ્યા હતા. તીવ્ર તાપથી પરસેવાથી તરબોળ છતાં જરા પણ ખેદ ન પામતાં ઉપશમ રસ મગ્ન તે મુનિરાજ નાસિકાના અગ્રભાગે નજર રાખી અડગ ધ્યાને પરમાત્મ-સ્વરૂપને ચિંતવતા ઉભા હતા. તે મુનિશ્રીને દેખી નર્મદા દેવી રોષવાન્ થઈ વિચારવા લાગી, " અહો ! મારા તટે આ કોણ કુત્સિત છે કે જે મલીન કપડાથી તથા મલીન કાયાથી મારી નદીને મલીન કરે છે. " એમ વિચારી તે મુનિને ક્ષોભ કરવા વિકાળ વાઘ, સિંહ, સર્પ, હાથી વિગેરેના સ્વરૂપ કરી તે દેવી તેમની સામે ફાળો ભરી કદર્થવા લાગી. શૂંઢાદંડથી મુનિને ઉંચે ઉછાળવાથી તથા બીજા પરિષહોથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ મુનિને મેરૂની માફક અચળ ભાળી દેવી ચિંતવવા લાગી, "અહો ! આ કંપતો પણ નથી તેનું કારણ શું ? વળી આટલો પરાભવ થવા છતાં એક કટુ અક્ષર સરખો પણ તે શાથી નથી ઉચ્ચારતો ? ધન્ય છે તેના ધૈર્યને." એમ વિચારી તેણે મુનિને પૂછ્યું. "હે સ્વામી ! તમે કોણ છો ? અહિં કેમ ઉભા છો ?"

મુનિએ ઉત્તર આપ્યો, "અમે જિન ભગવાનના પંચમહાવ્રત ધારી સાધુ છીયે. આ સારી ભૂમિકા જોઇ હું અહિં ધ્યાન મગ્ન ઉભો છું. દેવી બોલી, "અહો ! સાધુ શિરોમણી ! મારો અપરાધ ક્ષમા કરજો." મુનિ બોલ્યા, "અમને ક્રોધ હોયજ નહિ. અમે તો ક્ષમાનાજ અભ્યાસી છીયે. સ્નેહી અને શત્રુ ઉભયમાં અમે સમભાવવાળા છીયે. જે જેવું કરશે તે તેવું પામશે તેમાં અમારે કોપનું શું પ્રયોજન છે ?"

એમ કહી દયામય ધર્મનો મુનિશ્રીએ ઉપદેશ આપ્યો. દેવીને સમ્યકત્વ વાસિત કરી.

હે સહદેવ શેઠ ! તે દેવી ત્યાંથી ચ્યવી આ તારી પુત્રી નર્મદા થઈ. સાધુની દુગંછા તથા તેમને સંકટ કરવાથી તેને આ સર્વ સહન કરવું પડયું છે."

આ વાત સાંભળી સતી મૂર્છા પામી. તેને જાતિ સ્મરણ જ્ઞાન થયું. તાદૃશ્ય પૂર્વ ભવ દીઠો. મૂર્છા વળી. સતી બોલી, "હે ભગવન્ ! આપે કહ્યું તેમજ યથાર્થ મેં મારો ભવ જોયો."

સૌ કોઈ વિસ્મય પામ્યા. સભા વિખેરાઈ. સહદેવ શેઠ તથા નર્મદા પણ સૂરીશ્વરને નમી ઘેર આવ્યાં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૩૪ મું.

### દીક્ષા.

ઘેર આવી પ્રબળ વૈરાગ્યના વેગથી ( શુદ્ધ સંવેગથી ) સતી વિચારવા લાગી, "અહો ! ધન્ય છે તે ગુરૂ મહારાજાને કે જેમણે મને યથાર્થ સ્વરૂપથી જ્ઞાત કરી છે. જેમણે મારી ગાઢ નિદ્રા ( મોહની ) ઉડાડી છે. ખરેખર, આ સર્વ પૌદ્‌ગલિક સંબંધ જુઠો છે. સૌ કોઈ સ્વાર્થનું જ છે. પ્રત્યક્ષ અનુભવ કે જો મારો વલ્લભજ જો મારો ન થયો તો બીજું કોણ મારૂં થાય ? ટુંકામાં દુઃખની ખાણરૂપ સંસારમાં સુખ માનવું તેજ મિથ્યાત્વ છે. પ્રજળતા દાવાનળથી અળગો રહેનારો જ ઉગરનારો છે. બીજાને તો બચવાનો એકે આરો નથી. બળતા ઘરમાંથી જે મેળવ્યું તેજ પોતાનું. જે મનુષ્યોએ ભગવંતે કહેલા સંયમને આદર્યો તેનાંજ દેહ અને ઇંદ્રિયો કૃતાર્થ છે."

રગ રગ વૈરાગ્ય રંગે રંગાયેલી તે મહા સતી પિતાને કહેવા લાગી, " હે તાત ! હું સંસારના વિષયોથી તૃપ્ત થઇ છું. મને દીક્ષાની અનુજ્ઞા આપો."

સહદેવ શેઠ તેને સમજાવવા લાગ્યા, " હે બાળા ! તને આજે આ શું થયું છે ? અવસર વગરની દીક્ષાની યાચના તને ઘટતી નથી. મટક વૈરાગ્યથી સંયમ પાળી શકાતો નથી."

સતી બોલી, -તાત ! મનુષ્યભવ એજ રૂડો દીક્ષાનો અવસર છે. જેને મૃત્યુના અવસરની ખબર હોય તે ભલે અ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વસરની વાટ જુએ. ગમે તેવા મટક વૈરાગ્યને પણ યથાર્થ સ્વરૂપમાં ગુરૂ મહારાજ લાવવા સમર્થ છે માટે મને પ્રતિબંધ કરશો માં."

શેઠ બોલ્યા, "સંયમ કાંઇ સહેલો નથી. તે કાંઇ છોકરાંની રમત નથી. તે કાંઈ હાંસીનો ખેલ નથી. મણીધરથી રક્ષાતો ખજાનો લેવા જેવો તે છે. મીણના દાંતે લોઢાના ચણા ચાવવા જેવો તે છે. આભથી બાથ નજ ભરાય! વાસુકીનો મણિ નજ લેવાય! તેમજ સંયમનું સાહસ એકદમ ન થાય. સંયમ વેળુનો કોળીઓ છે. સંયમ ખડ્ગની ધારા છે. સિંહના મુખમાં હાથ ઘાલવા જેવો તે છે. નીરસ આહાર શું તને ભાવશે કે? ગ્રીષ્મ ઋતુના તીવ્ર તાપમાં ઉઘાડે પગે અને ખુલ્લે મસ્તકે શું તારાથી ફરાશે કે? આકરા બાવીસ પરિષહો સહન થશે કે? પંચ મહાવ્રત રૂપ પંચમેરૂનો ભાર નિર્વાહાશે કે? ગાંડી, એ ઇચ્છા જવા દે. સંયમથી લથડયાનું ફરી ઠેકાણું નથી. જો સંયમ સહેલો હોત તો સૌ કોઇ પાળત."

નર્મદા—તાત! સંયમ લેનારને વારવાનું કામ અતિ અધમ છે. લૌકિકમાં પણ કોઇના પેટ ઉપર લાત મારવી એ મહા પાપ છે. તેમજ સંયમ લેતાને વારવું તે અતીવ પાપ છે. તમે જે ભય બતાવો છો તેથી તો કાયરજ કંપે. સંસારના સંકટો આગળ તે નામના સંકટ કાંઇ હિસાબમાં નથી. વળી પુણ્ય યોગે આજ સુખી થઈ બેઠેલા જીવે ગત ભવોમાં નર્કમાં અને તિર્યંચમાં તેમજ અન્ય માનવ ભવોમાં પરાધીનપણે ક્યાં ઓછું દુઃખ ભોગવ્યું છે. તે સંકટને અજ્ઞાન-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વશાત્ વિસરી જઇએ છીયે પરંતુ તમે તો તત્વના જાણ-નારા છો માટે યાદ કરો. તે સંકટોને સંહારનાર સંયમને સંકટ કહેવું એ ઉત્સૂત્ર નહિ તો બીજું શું છે? પરબુદ્ધિએ ચાલનાર માટે તમારો ઉપદેશ કાયમ રાખો, હું તો સ્વાનુ-ભવથી વૈરાગ્ય–રસિક થઇ છું માટે મને કાંઇ પણ કહેશો નહિ. યતઃ—

**तत्त्वा तत्त्व विचाराय, स्वैवबुद्धिः क्षमा नृणां ।**
**परोपदेशो विंफलो यथाऽसौ धनदत्तवत् ॥**

તત્ત્વ તથા અતત્ત્વનો વિચાર થયા પછી મનુષ્યોને પો-તાની બુદ્ધિ જ સમર્થ ( ઉપયોગી ) છે. ધનદત્તની જેમ પર ઉપદેશ વિફલતાને માટે છે.

ધનદત્ત પ્રબંધના જીજ્ઞાસુએ રાસગ્રંથમાં જોવું. પરબુ-દ્ધિએ ચાલવાથી દુઃખી થયાના આ શિવાય બીજા પણ અનેક દ્રષ્ટાંતો છે. ચોથી ચોપડીમાં ભણવામાં આવ્યું છે કે પરબુ-દ્ધિએ બળદનો ઉપયોગ કરનાર બાપ દીકરે પરિણામે બળદ ગુમાવ્યો છે. ત્રણ ધૂતારાઓની યુક્તિથી પરબુદ્ધિવશ બ્રાહ્મણે બકરો ગુમાવ્યો છે.

સહદેવ શેઠે જુદી જુદી ઋતુના સુખોથી [1]લલચાવવા પ્રયત્ન કર્યો પણ વ્યર્થ. સતીએ સંયમના સુખોને દર્શાવી પોતાનો એકજ નિશ્ચય જાહેર કર્યો. તેનો દ્રઢ નિશ્ચય જાણ-

૧ આ પ્રસંગે રાસના કર્તા કવિએ તે સુખોને અધ્યાત્મ નયમાં બહુ સારી રીતે ઉતાર્યા છે. જીજ્ઞાસુએ રાસમાં જોવું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાથી હર્ષિત થએલા શેઠે તેને રજા આપી. ગામમાં અમારી પટહ ( હિંસા ન થાય તે ) વગડાવ્યો. અર્થીજનોને દાન દીધાં. નગર શણગાર્યું. અઠાઇ ઓચ્છવ કર્યો. અતિશય ઠાઠથી વરઘોડાપૂર્વક શુભ દિવસે સતી કુટુંબ સહિત ગુરૂમહારાજ પાસે આવી. શેઠે સૂરીશ્વરને કહ્યું, " ભગવન્ ! વૈરાગ્યવતી મારી પુત્રીને દીક્ષા આપો. " સૂરીશ્વર બોલ્યા, " જહા સુખં, પણ મોહવડે પ્રતિબંધ કરશો માં. "

સૂરીશ્વર ભગવાને તેને વિધિપૂર્વક દીક્ષા આપી. ચારિત્ર ધર્મની અનુમોદના થઇ. પિતાએ તે પ્રસંગે સાધર્મીવાત્સલ્યાદિક અનેક શુભ કાર્યોથી શાસન–શોભા વધારી. સૂરીશ્વરે યથોચિત્ત શિક્ષા આપી. નર્મદા સાધ્વીને આર્યા ( મોટી સાધ્વી )ને ભળાવી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૩૫ મું.

---

## સાધ્વી નર્મદાને અવધિજ્ઞાન.

નર્મદા સાધ્વી હવે યથાર્થ ચારિત્ર ધર્મને પાળે છે. હંસીની જેમ જયણા (પ્રવચન માતા) ગંગામાં અહર્નિશ ઝીલતાં તે સાધ્વી શ્રી પોતાના મન રૂપ કુમુદ વનને ચારિત્ર રૂપ ચંદ્રથી વિકસિત રાખે છે. પ્રમાદને છાંડી જ્ઞાનાધ્યયનમાંજ લીન રહે છે. પાંચે આચાર પ્રમાદ વગર પાળે છે, અને સંસારીઓ જ્યારે વિષય કષાયોથી અથવા તેની ચિંતાથી દેહને કૃશ કરે છે ત્યારે આ મહા સાધ્વી તપશ્ચર્યાથી પોતાનો દેહ કૃશ કરે છે.

અહો ! કર્મની નિબિડ ગ્રંથીને પણ ક્ષણવારમાં ભેદનાર તપધર્મને નમસ્કાર હો !

તેજ ભવે પોતાનો મોક્ષ છે એમ જાણનારા તીર્થંકર ભગવાન પણ કર્મક્ષયાર્થે જેને આદરે છે તે તપધર્મને નમસ્કાર હો !

બારે પ્રકારના તપને ક્ષમાપર્વક તથા વિધિપૂર્વક ખરેખર સંયમીઓ ( સાધુ—સાધ્વીઓ ) જ પાળી શકે છે.—આદરી શકે છે.

તીવ્ર તપશ્ચર્યા તપતી અહોનિશ શુભભાવ રૂપ પ્રશસ્ત ક્ષેત્રમાં રમતી આ મહા સાધ્વી નર્મદા અહો કોને પૂજનીય નથી ? પરિવારમાં સર્વને આશ્ચર્ય પમાડતી તે સાધ્વીને વા-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રંવાર વંદના ! ધ્યાન રૂપ ધૂપથી વિકલ્પ રૂપ અશુચિને દૂર કરી મનોરાજ્ય જેણે પ્રાપ્ત કર્યું છે તેને વચન અને કાય–પ્રદેશોનું આધિપત્ય કેમ ન હોય ?

ગુરૂ આજ્ઞાપૂર્વક સંયમનું આરાધન કરતાં અનુક્રમે તે મહા સાધ્વીશ્રીને અવધિજ્ઞાન પ્રગટ થયું. તે અવધિજ્ઞાન યુક્ત સાધ્વી પ્રતિબોધ વડે અનેક ભવ્ય જીવોનો ઉદ્ધાર કરવા માટેજ વિહાર કરે છે.

ગુરૂની આજ્ઞાપૂર્વક (ધન્ય છે આવી મર્યાદા પાળનારને) તે મહાસાધ્વી મહેશ્વરને પ્રતિબોધવા ચંદ્રપુર નગરે આવ્યાં. રૂદ્રદત્તના ઘર સમીપે મુકામની યાચના કરી. નગર લોકો ટોળાંબંધ વાંદવા આવ્યા. દેશના સાંભળવા પર્ષદા બેઠી.

મહેશ્વર પણ ત્યાં આવી બેઠો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૩૬ મું.

## પતિને પ્રતિબોધ.

"અહો! આ દુસ્તર સંસાર સમુદ્રથી તારનાર એકશ્રી જિનધર્મજ છે. ધર્મના આશ્રય વગરનો અનાશ્રય પ્રાણી કર્મરાજાના વિચિત્ર પાશથી છૂટી શકતો નથી. વિચિત્ર એટલા માટે કે પાશ છતાં પાશ રૂપે લાગે નહિ. જીવ માત્રને જે જે કદર્થના થાય છે તે તે પોતાના કરેલાં કર્મથીજ થાય છે. કર્મને લઈને શુદ્ધ સતીઓને પણ અપવાદ આવે છે. (આ પ્રસંગે ધનવતી પ્રબંધ છે. જીજ્ઞાસુએ રાસ ગ્રંથ જોવો) તાત્પર્ય કે કર્મનું સ્વરૂપ જરૂર જાણવું જોઈએ. આઠ પ્રકારના કર્મો તથા તેની પ્રકૃતિઓનું સ્વરૂપ પ્રવચનથીજ જણાય છે. (જિન ભગવાનની વાણીથી). જિન પ્રવચનનો અભ્યાસી નિમેષ માત્રમાં સંસારને તરવા સમર્થ થાય છે. કેમકે તે કર્મ સ્વરૂપને યથાર્થ જાણે છે. ચૌદરાજલોક, નિગોદ, નરક, મનુષ્ય, તિર્યંચ દેવગતિ વિગેરે ભેદોપૂર્વક માત્ર જિનપ્રવચનમાંજ યથાર્થ છે. જ્ઞાનીઓની દ્રષ્ટિની બહાર કાંઈ પણ હોતું નથી. સંગીત, સ્વરશાસ્ત્ર કે જેનાથી મનુષ્યના રૂપ રંગ અદૃશ્યપણે (તેને જોયા વગર) જણાય, વૈદક, જયોતિષ, ભૂગોળ, ખગોળ, વિગેરે વિગેરેનું જે સૂક્ષ્મજ્ઞાન જિન પ્રવચનમાં છે તે અન્યત્ર નથી. માત્રા ગમે તેટલી ઉત્તમ હોય તોપણ વૈદ્યની સલાહ વગર હાનિજ કરે છે તેમજ ગુરૂગમ વગર સ્વચ્છંદતાથી વિચારેલાં આ શાસ્ત્રો પણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શસ્ત્રરૂપજ થાય છે. રહસ્ય એ છે કે હિતના જીજ્ઞાસુએ ગુરૂ સત્સમાગમ કાયમ રાખવો ઘટે છે. વિનયપૂર્વક ગુરૂના આરાધનથી ધર્મને જાણી સુદેવ સુગુરૂ સુધર્મારાધનરૂપ સમ્યકત્વ પાળનારા પ્રાણીઓ જરૂર ઈષ્ટ સંપાદન કરશે.”

મહેશ્વરને આ સાંભળી પસ્તાવો થયો કે શું મારી સ્ત્રી સ્વરશાસ્ત્ર ભણી હશે? શું તેણે તેથીજ પેલા ગાનારાની પરિક્ષા કરી હશે? જો તેમ હોય તો તો મેં બહુ અધમ કર્યું. અરેરે! તેનું શું થયું હશે?

તરતજ મહેશ્વરે સાધ્વીશ્રીને યથાર્થ વાત કહી, તે નર્મદાનું શું થયું હશે તે પૂછ્યું. કરૂણાળુ સાધ્વીશ્રી બોલ્યાં, “તેજ નર્મદા હું છું. હે મહાશય! તમારે જરા પણ ખેદ કરવાનો નથી કેમકે તે મારા કર્મનુંજ પરિણામ હતું. વિચારવાનું એ છે કે જેમ તમે મને થોડીવારમાં ભૂલી ગયા તેમજ પૂર્વભવોમાં ભોગવેલાં સંકટોને તમે ભૂલી ગયા છો. વળી અનાદિકાળથી પુદ્ગલના અતિ સંગથી આત્મ-સ્વરૂપ ભૂલી ગયા છો. માટે આ મનુષ્યભવના લ્હાવરૂપ ધર્મને યથાર્થપણે આદરો.

મહેશ્વરે પોતાનો અપરાધ ખમાવી દીક્ષાની યાચના કરી. સાધ્વીશ્રીએ કહ્યું કે પુરૂષનું ગુરૂપણું પુરૂષનેજ હોય છે. મર્યાદા એ મુખ્ય ધર્મ છે. સૂરીશ્વર આર્યસુહસ્તિ સૂરિ પાસે જઈ ચારિત્ર ગ્રહણ કરો.

ઋષિદત્તા તથા મહેશ્વર સાધ્વી શ્રી નર્મદાના ઉપદેશથી વૈરાગ્ય પામી સૂરીશ્વર પાસે આવ્યાં. આચાર્ય ભગવાને તેમને દીક્ષા આપી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૩૭ મું.

## છેવટ.

**યથાર્થ ચારિત્ર ધર્મને પાળનારાઓને નમસ્કાર હો!**

જરા ગાત્ર આરાધવાથી પણ જે દેવગતિ આપે છે તે શ્રી ચારિત્ર ધર્મને નમસ્કાર હો!

ચારિત્ર પાળીને ઋષિદત્તા તથા મહેશ્વર દેવગાત પામ્યા.[1]

યથાર્થ ચારિત્ર પાળતાં અને પ્રતિબોધથી અનેક ભવ્ય જીવોનો ઉદ્ધાર કરતાં સાધ્વી શ્રી નર્મદા પોતાનું આયુષ્ય સમીપ જાણી કર્મની નિંદા, સત્કૃત્યની અનુમોદના, ચોરાશી લક્ષ જીવાયોનિથી ક્ષમાપના, ચાર આહારનો ત્યાગ વગેરે [2]વિધિપૂર્વક માસ સંલેષણા કરી સમભાવે કાળ કરી સ્વર્ગ-ગતિ પામ્યાં. શીયલ ધર્મના પ્રભાવે શું ઇષ્ટ પ્રાપ્ત નથી થતું? ચારિત્ર એ તો પરમ શીલ છે. અંતર તથા બાહ્ય ઉભય શીલ છે.

દેવગતિમાંથી નર્મદા સતી સાધ્વીશ્રીનો જીવ ચ્યવી મ-હાવિદેહ ક્ષેત્રમાં માનવભવે નૃપ (રાજા) થશે. સ્ત્રી પરણી વિષય સુખ ભોગવી ગુરૂ વાણીથી સંસારથી વિરક્ત થઇ દીક્ષા લઇ પરમ શીયલ વ્રત યોગે દુષ્કર તપથી અષ્ટ કર્મ ક્ષય કરી લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાન તથા કેવળદર્શન પામી મોક્ષનું અનંત સુખ પામશે!

તે મોક્ષ સુખને ભવિષ્યમાં પ્રાપ્ત કરનાર આ મહા સતીનું ચરિત્ર મારા કર્મક્ષયાર્થે થાઓ!

---

૧ ભરતેશ્વર બાહુબલિ વૃત્તિમાં મોક્ષે ગયા લખે છે, શીલો-પદેશ માલામાં દેવલોકે ગયા લખે છે. રાસમાં પણ દેવગતિ દર્શાવે છે.

૨ વધારે માટે અન્યત્ર જુઓ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ઉપસંહાર.

આ ચરિત્રમાંથી વાંચકવૃંદ યથામતિ સાર ગ્રહણ કરી યથાશક્તિ શીયળ ધર્મ આરાધશે એજ પોતાની કૃતિના પરિણામની આશા સફળ થાઓ !

આ મહાસતીને નમસ્કાર થાઓ !

આ ચરિત્રમાં પ્રસંગોપાત સાર ગ્રહણ કરવા પ્રાર્થના છે. સજ્જનો ગુણગ્રાહી હોય છે. તેઓ લેખ કે લેખકના દોષ ભણી દ્રષ્ટિ કરતા નથી. અલબત લેખનો આશય દૂષિત ન હોવો જોઇએ.

તપગચ્છે વિજયસેન સૂરીના શિષ્ય કીર્તિવિજય ઉપાધ્યાય તેમના શિષ્ય માનવિજય તેમના શિષ્ય કવિ કુલ વક્ષસ્થલરૂપવિજય પંડિત તેમના કૃપાપાત્ર શિષ્ય મોહનવિજયજીએ ૧૭૫૪ સતરસે ચોપનની સાલમાં ગુરૂ આજ્ઞાપૂર્વક જયસેન સૂરીના રાજ્યમાં પોસ વદ ૧૩ શનિવારે રચેલા તી નર્મદાના રાસના આધારે આ નૉવેલ રૂપે ચરિત્ર લખ્યું છે. તેમાં યથામતિ વધારાનો પ્રયાસ કર્યો છે. વાતનો આશય તો તેનો તેજ છે. ભરતેશ્વર બાહુબલિ વૃત્તિ તથા શીલોપદેશ માલામાં પણ આ મહા સતીની કથા છે. તેમાં કોઇ કોઇ વાતમાં જરા ફેર છે ત્યાં તેપ્રસંગે નીચલી નોટમાં જણાવ્યું છે.

જે કાંઈ સારા અલંકારો લાગે તે રાસકર્તા કવિશ્રીના જાણવા. બાલ ઉત્સાહની પ્રેરણાથી કરેલા આ પ્રયાસમાં હ્રસ્વ દીર્ઘની કે બીજી કોઈ તેવાજ પ્રકારની અગર મતિદોષથી કોઈ ઠેકાણે આશયનો ફેરફાર થયો હોય તે સર્વ ભૂલનો દોષ મિથ્યા થાઓ ! સજ્જનો પાસે ક્ષમા યાચના છે ! તેઓ મને જરૂર જણાવવા કૃપા કરશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ધનદત્ત-પ્રબંધ.

વિશાલા નગરીમાં ધનદત્ત યૌવન વયથી ઉન્મત્ત હતો. તેને અતુલ લક્ષ્મી હતી. તેના કૃપણ બાપે મરતી વખતે દ્રવ્યનો સદ્વ્યય કરવાની તેને ભલામણ કરી હતી કારણ કે તેણે જાણ્યું કે એક રાતી દમડી પણ સાથે આવનાર નથી. છેવટના તેવા શુભ વિચારથીજ મરીને તે દેવ થયો હતો.

ધનદત્ત સાતે ક્ષેત્રમાં લેશ પણ સંકોચ વગર ધન વાપરવા લાગ્યો. સજ્જનોથી અનુમોદાતી ધનદત્તની કીર્તિ દુર્જનો ખમી શકયા નહિ. એક મહોદય નામના ખળ વિપ્રે તેની મૈત્રી કરી તેને દાન આપતાં નિવાર્યો. સંગ બળવાન છે, દાની ધનદત્ત કૃપણ થયો. ભાગ્ય પણ કૃપણ થયું.

વ્યાપાર વિગેરેમાં ચોતરફ નુકસાન થવાથી તે દરિદ્રિ થઇ ગયો. ખળ મહોદયને લઈ તે પરદેશ ચાલી નિકળ્યો. વનમાં તરસ લાગવાથી મહોદયને પાણી લેવા મોકલ્યો. પાણી ન મળવાથી તે પાછો ન આવવાથી ધનદત્ત ભમતો ભમતો તેને શોધવા લાગ્યો. અચાનક તેને છીંક આવી. તેની છીંકથી મૃગ-લાંઓ નાસી જવાથી પારધીઓએ તેને ઝાડ સાથે બાંધ્યો. મહોદયે આવી તેને છોડયો અને તેની વાત સાંભળી કહ્યું કે એવે વખતે તો ગૂપચૂપ ચાલ્યા જઇએ. વળી આગળ તેઓ બન્ને જુદા પડયા. એક સરોવરે ધોબીઓ ધોતા હતા ત્યાં ગૂપચૂપ સંતાઇને ચાલતા ધનદત્તને જોઈ ચોરની શંકાએ તેઓએ તેને માર્યો; ત્યાંથી છુટી આગળ ચાલ્યા.

દેવ થયેલો તેનો પિતા અવધિજ્ઞાનથી પુત્રની આ સ્થિતિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જાણી તેને પ્રતિબોધવા એક દ્રહ વિકૂર્વિ તેના કાંઠે વ્યવહા-હારીના રૂપે રત્નની પોઠો પાસે રાખી ધનદત્તની વાટ જોતો બેઠો. તૃષાતુર ધનદત્ત ત્યાં આવી પાણી પીવા લાગ્યો. તેના દેખતાં દેવ વ્યવહારી મુઠી ભરી ભરી રત્નો સરોવરમાં નાખવા લાગ્યો. ધનદત્તે તેનું કારણ પૂછતાં દેવે કહ્યું કે, "એક મારા યો-ગીન્દ્ર મિત્રે કહ્યું છે કે આમ કરવાથી સરોવરમાં રત્નની ટેકરી ઉગે છે. માત્ર આ પ્રમાણે એક વર્ષ પર્યંત કરવું." તે મિત્રના કહેવાથી હું આ પ્રયત્ન કરૂં છું.

ધનદત્ત બોલ્યો "હે મૂર્ખ! દ્રહમાં તે રત્ન ઉગતાં સાંભળ્યાં છે? એવા મિત્રની સલાહે ચાલતાં નાહક ભીખ માગીશ."

દેવે કહ્યું "તું તારા પગ તળે બળતું કેમ જોતો નથી? વિપ્રના સંગથી તું કેમ વનમાં રડવડે છે? તારા તાતનાં વચન તને યાદ છે?" એમ કહી દેવે દીવ્ય સ્વરૂપ પ્રગટ કરી પોતાની ઓળખાણ આપી. ધનદત્ત સમજ્યો, ખળની મૈત્રી છાંડી દેવના વચનથી ઘેર આવ્યો. દેવ કૃપાથી ઘર અઢળક લક્ષ્મીથી ભરેલું જોઈ હર્ષ પામ્યો. કૃપણપણાનો ત્યાગ કરી પ્રથમથી અધિક દાની થયો.

## ધનવતી–પ્રબંધ.

શ્રાવસ્તી નગરીનો પુણ્યપાલ વ્યવહારી પોતાની સ્ત્રી ધનવતીની મિત્રને ભલામણ કરી એકલો પરદેશ ગયો. તે મિત્રે ધનવતીથી ભોગની પ્રાર્થના કરી, સતીએ તેને ધિક્કાર્યો, તેથી તે મિત્રે તે શાકીણી છે એમ નગરમાં સર્વને ઠસાવ્યું. તે અપવાદથી સતી પીયર ગઈ. ત્યાં એક વખત પોતાના ભાઇના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પુત્રને હુલરાવતી હતી. કર્મયોગે ત્યાં પણ ભાઈના ચાકરે ભોગની પ્રાર્થના કરી. સતીએ તેને ધિક્કારવાથી તેણે બાળકને મારી નાખી બૂમ પાડી આ શાકિણી છે એમ સર્વને કહ્યું. ત્યાંથી પણ સતી ચાલી નીકળી. વનમાં એક વડ તળે વિશ્રામ કર્યો. વડ ઉપર રહેલા પક્ષી યુગલની અરસપરસની વાતથી સતીએ વીટ ઔષધિનો પ્રભાવ જાણી ત્યાંજ પડેલી તે વીટનો સંગ્રહ કર્યો. ત્યાંથી કોઇ નગરમાં આવી વિચક્ષણ પરોપકારી વૈદનો વેશ ધારણ કરી ત્યાં રહેવા તથા વીટ ઔષધિથી કુષ્ટ રોગને ટાળવા લાગી.

એક વખત પુણ્યપાલ વ્યવહારી કોઇ બે દરદીને લઈ ત્યાં આવ્યો. પતિને જોઇ સતી હર્ષ પામી. બે દરદી તે પેલો ભોગેચ્છુ મિત્ર તથા દાસ હતા તે કુષ્ટિ થયા હતા. વૈદે કહ્યું કે રોગ થવાનું સત્ય કારણ કહેનારનેજ આ ઔષધિ ફાયદો આપે છે. એમ કહી પુણ્યપાલને તે વાત સાંભળી શકે એમ બેસાડી વારા ફરતી ઉભય દરદીને પડદામાં લઇ જઇ વાત પૂછી ઉભયને નિરોગી કર્યા.

પુણ્યપાલે ઉભયને ધિક્કાર્યા અને શાકિણી નહિ પણ તે સતી સ્ત્રી હવે કયાં મળે એમ તે વિલાપ કરવા લાગ્યો. સતીએ પોતાનો વેશ પ્રગટ કર્યો, સતી પતિને નમી. દરદી લજ્જા પામ્યા, અનુક્રમે શીલ-પ્રભાવે ધનવતી શિવપદ પામી.

સમાપ્ત.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# અગાઉથી ગ્રાહક થઈ આશ્રય આપનાર સદ્ગૃહસ્થોનાં મુબારક નામો.

| નકલ. | નામ. |
|---|---|
| | **ખંભાત.** |
| ૨૦૦ | શ્રી અમરચંદ પ્રેમચંદ જૈન લાયબ્રેરી. હા. શેઠ પરસોતમદાસ પોપટભાઇ અમરચંદ. |
| | **માંડલ.** |
| ૩ | રા. રા. લાલચંદ નાગજીભાઇ શાહ. |
| ૩ | રા. રા. વોરા ખુશાલદાસ પોપટલાલ. |
| ૨ | રા. રા. કેશવલાલ ઉકાભાઇ મણીઆર. |
| ૩ | રા. રા. ચીમનલાલ વાડીલાલ વોરા. |
| ૩ | રા. રા. જગજીવન ભીખાભાઇ વોરા. |
| ૩ | રા. રા. છોટાલાલ જયચંદભાઇ વોરા. |
| ૧ | રા. રા. પ્રેમચંદ શાંતીદાસ શાહ. |
| ૩ | રા. રા. સોમચંદ આશાભાઇ વોરા. |
| ૨ | રા. રા. શકરચંદ મગનલાલ શાહ. |
| ૧ | રા. રા. ઉજમશી દેવચંદ શાહ. |
| ૧ | રા. રા. ભુદરશી વખતચંદ શાહ. |

| નકલ. | નામ. |
|---|---|
| ૧ | રા. રા. દલસુખ ધારશી શાહ. |
| ૧ | રા. રા. જગજીવન ચુનીલાલ વોરા. |
| ૧ | રા. રા. બકોર ઓઘડભાઈ શાહ. |
| ૧ | રા. રા. મંગળદાસ વાડીલાલ વોરા. |
| ૧ | રા. રા. રાજપાલ મેઘજી શેઠ. |
| ૧ | રા. રા. છોટાલાલ વખતચંદ શાહ. |
| ૧ | રા. રા. વીરચંદ ધરમશી શાહ. |
| ૧ | રા. રા. સોમચંદ પુરૂષોતમ શાહ. |
| ૧ | રા. રા. જીવરાજ મગનલાલ શાહ. |
| ૧ | રા. રા. દોલતચંદ છગનલાલ શાહ. |
| | **અમદાવાદ.** |
| ૫ | રા. રા. ડાહ્યાભાઇ પુરૂષોતમદાસ શાહ. |
| ૩ | રા. રા. શોભાગચંદ ચુનીલાલ શાહ. |
| ૧ | રા. રા. ચીમનલાલ વાહાલચંદ શાહ. |
| ૧ | રા. રા. લલુભાઈ જેઠાલાલ ઘડીઆળી. |
| ૧ | રા. રા. ડાહ્યાભાઇ પ્રેમચંદ શાહ. |

P. P. Ac. Gunratnasuri M.S.
Jin Gun Aaradhak Trust

| નકલ. | નામ. |
|---|---|
| ૧ | રા. રા. પોપટલાલ સામળદાસ શાહ. |
| ૧ | રા. રા. ચીમનલાલ રતનચંદ શાહ. |
| ૧ | રા. રા. ભુરાભાઈ ઈચ્છાચંદ શાહ. |
| ૧ | રા. રા. સાંકળચંદ મોહકમચંદ શાહ. |
| ૧ | રા. રા. કેશવલાલ એચરદાસ બી. એ. |
| | **દસાડ.** |
| ૨ | રા. રા. મલીચંદ મોહનલાલ શાહ. |
| ૧ | રા. રા. દીપચંદ અમૃતલાલ શાહ. |
| ૧ | રા. રા. અમૃતલાલ મલુકચંદ શાહ |
| ૧ | રા. રા. દીપચંદ દોલતચંદ. |
| ૧ | રા. રા. જગજીવન જુઠાભાઇ શાહ. |
| ૧ | રા. રા. પરભુદાસ જેરામ. |
| ૧ | રા. રા. મગનલાલ ખેંગારભાઇ. |
| ૧ | રા. રા. ગીરધરલાલ ત્રીકમલાલ શાહ. |
| ૧ | રા. રા. હેમચંદ હઠીસંગ શાહ. |
| ૧ | રા. રા. ચુનીલાલ હઠીસંગ. |
| ૧ | રા. રા. ચતુર ઉજમશી શાહ. |

| નકલ. | નામ. |
|---|---|
| ૧ | બેન મોંઘી હરીચંદ. |
| ૧ | બ્હેન રૂપાળી વીઠલદાસ. |
| | **ઝીંઝવાડું.** |
| ૫ | રા. રા. માસ્તર સુખલાલભાઇ રવજીભાઈ શાહ. |
| ૨ | રા. રા. મણીલાલ દેવચંદ કપાસી. |
| ૨ | રા. રા. ડોસાભાઈ સુંદરજી શાહ. |
| ૧ | રા. રા. મોહનલાલ વખતશંદ શાહ. |
| | **સાણંદ.** |
| ૪ | રા. રા. માણેકલાલ નાથાલાલ. |
| | **આદરીઆણું.** |
| ૧ | રા. રા. મોહનલાલ ડાહ્યાભાઈ. |
| ૧ | રા. રા. નાથાલાલ ન્યાલચંદ સંઘવી. |
| | **છનીઆર.** |
| ૧ | રા. રા. ઉમેદરામ મોતીચંદ મહેતા. |
| | **વીરમગામ.** |
| ૧ | રા. રા. બાલચંદ ડાહ્યાભાઇ. |
| | **ધ્રાંગધ્રા.** |
| ૧ | રા. રા. લાલચંદ સુરચંદ દફતરી. |

P. P. Ac. Gunratnasuri M.S.
Jin Gun Aaradhak Trust